Acid.

નિબંધ.

પ્રકાશક.

ઘિ ગુજરાત ઑરિએન્ટલ બુકડીપો.

રતનપોળના નાકે. નં. ૩૭૬૦.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી.

કિમ્મત ૧૨ આના.

સન. ૧૯૦૭. સંવત. ૧૯૬૩.

અમદાવાદ—નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસ.

પ્રસ્તાવના.

આ નિબંધો ઇંગ્રેજી છઠ્ઠા તેમજ સાતમા ધોરણના વિદ્યાર્થીઓને તેમજ ટ્રેનિંગ કૉલેજના વિદ્યાર્થી અને મહેતાજીઓને ઉપયોગી થઇ પડશે, તેવી આશા રાખવામાં આવે છે. નિબંધની અંદર સંસ્કૃત અને ઇંગ્રેજી ઉપયોગી ઉતારા આપવામાં આવ્યા છે. આ ઉતારાનો ગુજરાતીમાં તરજુમો કરવામાં આવ્યો હોત તો પુસ્તકની ઉપયોગિતામાં નિઃશંક સંગીન વધારો થાત, અને ટીકાકારને કર્ત્તા તરફ એક બાણ ઓછું ફેંકવું પડત. માત્ર ગુજરાતી જાણનારને માટે નિબંધના વિષયોને લગતા કેટલાક ગુજરાતી ઉતારા ડ. વિભાગમાં જુદા આપવામાં આવ્યા છે. આ ઉતારાઓ જુદા આપવાથી બે લાભ થશે; એક તો તે વિષયો સંબંધે નર્મદાશંકર અને દલપતરામ જેવા કવિઓના કેવા વિચાર છે, તે વિદ્યાર્થીઓ જાણી શકશે, અને બીજો એ કે તે ઉતારા નિબંધમાં યોગ્ય સ્થાને દાખલ કરવામાં વિદ્યાર્થીઓની બુદ્ધિની કસોટી થશે.

નિબંધ વિષેના સામાન્ય વિવેચનની અંદર '**ગુજરાત શાળાપત્ર**' નો છુટથી ઉપયોગ કરવામાં આવ્યો છે. શરૂઆતના નિબંધો ઇંગ્રેજી અને સંસ્કૃત ઉતારા સાથે વિસ્તારપૂર્વક લખવામાં આવ્યા છે. બ. વિભાગમાં વિષયને લગતી મુખ્ય મુખ્ય બાબતોનું વિવેચન કરી, ઉતારાનો સમૂહ દરેક નિબંધને છેડે આપવામાં આવ્યો છે. આ ઉતારાઓને નિબંધમાં યોગ્ય સ્થળે ગોઠવવાનું કામ વિદ્યાર્થીઓ ઉપર રાખવામાં આવ્યું છે. ક. વિભાગમાં વિષયને લગતી અગત્યની બાબતો આપી, જુદાં જુદાં પુસ્તકો વાંચી, ઉપયોગી અને જરૂર પડતા ઉતારા પૂરા પાડવાનું કામ વિદ્યાર્થીના માથા ઉપર નાંખવામાં આવ્યું છે. ડ. વિભાગમાં ગુજરાતી ઉતારાઓનો સંગ્રહ આપેલો છે. આ ઉતારા મૂળ પ્રમાણે આપવામાં આવ્યા છે. માત્રાઓ પૂરી કરવા શબ્દોની જોડણી હ્રસ્વને બદલે દીર્ઘ અને દીર્ઘને બદલે હ્રસ્વ કરવામાં આવી છે, તો કવિતામાં આપેલા શબ્દો ધ્યાનપૂર્વક વાંચવા. ઇ. વિભાગમાં અરજી અને રિપૉર્ટના માત્ર થોડા નમુના આપવામાં આવ્યા છે.

આ પ્રથમાવૃત્તિ હોવાથી વિષય પરત્વે, અને છાપ પરત્વે તેમાં કેટલીક ખામીઓ રહી જાય, એ કેટલેક દરજ્જે અનિવાર્ય છે; છતાં પુસ્તકની અંદરની ખામીઓ સુધારવાની, તેમજ જે જે સૂચનાઓ કરવામાં આવશે તે ઉપકાર સાથે સ્વીકારી, તેનો અમલ કરવાની, ઈશ્વર કૃપા હશે, તો ભવિષ્યમાં આશા રાખું છું. છેવટે પુસ્તકની અપૂર્ણતાને માટે વિજ્ઞપ્તિ એટલીજ કે;—

સુગંધી ગુલાબે સજ્યાં પુષ્પ સારાં,
પુરાં પેખતાં વેંત લાગેજ પ્યારાં;
કિધા છોડવે કંટકો કષ્ટ ધારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી.

*　　　*　　　*

રચ્યો સિંધુ છે રત્ન ભંડાર રૂડો,
કહું રત્ન દાતા કહે કોણ કૂડો;
ખરેખાત પાણી પીતાં જીભ ખારી,
ગણો સદ્ગુણો દુર્ગુણો દૂર ધારી.

*　　　*　　　*

જુવો જેમ જ્યાં જ્યાં જડે દોષ જોતે,
પુરો સદ્ગુણી તો પ્રભૂ એક પોતે;
ઠરે દોષ તેમાં નહીં કોઇ ઠામે,
દિઠું એજ રીતેથિ દલપત્તરામે.

કર્ત્તા.

અનુક્રમણિકા.

નિબંધ.

વિભાગ. બ.

વિભાગ. ક.

૩ આળસુ અને રમતીઆળ વિદ્યાર્થીઓએ શું કરવું ?

૪ મુસાફરી અને લાંબી રજા.

૫૯. હાથી. ૧૭૯---૧૮૧.

૧. દેખાવ.

૨ અવયવો અને તેનો ઉપયોગ.

૩ હાથીને પકડવાની રીત.

૪ હાથી ક્યાં ક્યાં મળી આવે છે ?

૫ ઉપયોગ.

૬ ખોરાક, ખાસયત, વગેરે.

૬૦. ઘોડો. ૧૮૧—૧૮૩

૧ દેખાવ.

૨ ઘોડાની જાત.

૩ તેની કીંમત, ગતિ, ઉપયોગ.

૪ ખાસયત, ગુણ, વગેરે.

૬૧. ગાય ૧૮૩—

૧ ગાય ઘણું ગરીબ પ્રાણી છે.

૨ જીવતી ગાય બહુ ઉપયોગી છે.

૩ ગાય મરી ગયા પછી પણ ઉપયોગી છે.

૪ બોધ.

૬૨. કુતરો. ૧૯૪—૧૯૬

૧ કુતરાની જાતો; તેના અવયવ અને તેમાં જોવામાં આવતો તફાવત.

૨ ખાસયત.

૩ ઉપયોગ, ગુણ, વગેરે.

૪ જાત પ્રમાણે ઉપયોગ.

વિભાગ. ડ.

વિભાગ. ઈ.

નિબંધ.

" A boy who has not read much, & thought much, can no more write a good essay than a field, which has had no seed put in to it, can bear crops."

P. Peterson.

સામાન્ય વિવેચન.

કોઈ પણ બાબતનો નિબંધ લખીએ છીએ, ત્યારે તે બાબતપર આપણા જે જે વિચારો હોય છે, તે તે લખી બીજાને દર્શાવીએ છીએ. જ્યારે આપણા વિચારો બીજાને લખી જણાવવાના છે, ત્યારે તે વિચારો સમજી શકાય તેવી શુદ્ધ અને સરલ ભાષામાં દર્શાવવા જોઇએ તે દેખીતું જ છે. ભાષા આવી જોઇએ તેવી જોઇએ, વિચારો આવા જોઇએ કે તેની ગોઠવણ આ પ્રમાણે અને આ ક્રમને અનુસરીને કરવી જોઇએ તે બધું કહેવું તો સહેલું છે. જ્યાં સુધી માણસની બુદ્ધિ કેળવાયલી હોતી નથી, જ્યાં સુધી જાત જાતનાં ઉત્તમ પુસ્તકો વાંચવાનો તેને રસ લાગ્યો નથી, જ્યાં સુધી તેને જુદા જુદા વિદ્વાનોનો સમાગમ થઇ પાકો અનુભવ મળ્યો નથી, ત્યાં સુધી તે ઉત્તમ નિબંધ લખવા શક્તિમાન્ થતો નથી. નિબંધ લખવાની કળા છે, અને તે કળાને બીજી કળાની માફક કેળવી શકાય છે ખરી, પરન્તુ નિબંધના કે કવિતાના અત્યુત્તમ લેખક થવા માટે ઇશ્વરદત્ત અસાધારણ બુદ્ધિની પણ ખાસ જરૂર છે. ઉદ્યોગ, વાચન, અનુભવ અને ખંતથી સાધારણ બુદ્ધિનો માણસ ઘણું કરી શકે છે, એ વાત નિર્વિવાદ છે. કેટલીક વેળા એવું પણ બને છે કે સાધારણ બુદ્ધિવાળો ઉદ્યમી માણસ, સ્વાભાવિક તીવ્ર બુદ્ધિ ઉપરજ આધાર રાખી બેસી રહેનાર આળસુને હઠાવી દે છે.

આ ઉપરથી એતો સ્પષ્ટજ છે કે નિબંધ લખવાની સાધારણ કે અસાધારણ શક્તિ મેળવવા રાત દહાડો ખંતથી વાંચ્યા કરવાની, તેમજ બીજો અનુભવ મેળવવાની જરૂર છે. જેટલી વાંચવાની જરૂર છે, તેટલીજ વાંચ્યા પછી મનન કરવાની જરૂર છે. ખોરાક ખાઇને પચાવીએ તોજ ગુણકારી થાય છે.

નિબંધ લખવાની શરૂઆત કેવી રીતે કરવી?

"It is difficult to explain but the act of writing seems to set the mind working."
P. Peterson.

વર્ગની અંદર કે પરીક્ષા વખતે નિબંધ લખવાનો હોય છે, ત્યારે કેટલાએક વિદ્યાર્થી તે સંબંધે શું લખવું અને શું ન લખવું તેનો વિચાર કરવામાંજ ઘણો વખત કાઢી નાંખે છે. આ રીત સારી નથી. નિબંધનો વિષય શું છે, તેની બરાબરે ખાત્રી કરી તે સંબંધે જે જે વિચારો આવે તે તે વિચારોની એકદમ કાચી અને ટૂંકી નોંધ કરી લેવી. આ નોંધની અંદર દષ્ટાંત, અવતારિત લેખ, વગેરે જે કંઇ યાદ આવે તે લખી લેવું. તેને સારા રૂપમાં મૂકવાનું કામ પછીથી કરવું. કેટલીક વેળા હાથમાં કલમ ઝાલી વિચાર કરવા બેસી રહેવાથી સારો નિબંધ લખી શકાતો નથી, અને ગુંચવણ ઉત્પન્ન થાય છે. વિષયને લગતું જે કંઇ યાદ આવે તે એક વખત સંપૂર્ણ લખી જવાથી, અને પછીથી તે લખાણને સુધારી, પેટાંવાર ગોઠવી જવાથી સારો નિબંધ લખી શકાય છે. લખવાનું શરૂ કરવાથી મુંઝવણ ઓછી થાય છે, અને પરીક્ષામાં પાસ કે નાપાસ થવાની બીકથી કે વિષયની નવીનતાથી જે જ્ઞાનતંતુ ઉશ્કેરાયલી સ્થિતિમાં હોય છે, તે પણ શાંત થાય છે. એક પેટું ચોકસ લખી બીજું પેટું લખવાની ટેવ સારી નથી, કારણ કે તેથી કેટલીક વેળા નિબંધ અધૂરો રહે છે, અથવા જે અગત્યની બાબત પહેલી આવવી જોઇએ તે રહી જાય છે, અથવા છેલ્લે આવે છે.

સારો નિબંધ ક્યારે લખી શકાય?

ભાષા તેમજ વિચાર સુધારવા માટે સારા ગ્રંથકારોનાં ગદ્ય અને

પદ્ય વાંચવાની જરૂર છે. જેમ વાચન બહોળું તેમ નિબંધ લખવાની શૈલી સુંદર, રસિક છતાં સરલ બને છે, અને ભાષા સંસ્કારવાળી થાય છે. વાચનની અંદર માત્ર સાહિત્ય વાંચી બેસી રહેવું યોગ્ય નથી. ઇતિહાસ, વિદ્યા, અને ધર્મશાસ્ત્રોનાં પુસ્તકો વાંચવાની તેટલીજ જરૂર છે. આ પ્રકારના વાચન ઉપરાંત વર્તમાનપત્રો તેમજ માસિકો વાંચવાનું પણ ભૂલી જવાનું નથી, કારણ કે દુનીઆના જુદા જુદા ભાગમાંની નવીન ખબરોની આપણને માહિતી મળેછે. ચાલુ જમાનાની નવીન શોધો, લોકોના આચાર વિચાર, વગેરે અનેક બાબતોનું આ સાધનોદ્વારા આપણને ભાન થાય છે. આ ઉપરથી એટલું જ કહેવાનુ કે સારો નિબંધ લખવાને બહુશ્રુત થવાની જરૂર છે.

કેટલાક એમ કહેશે કે આટલાં બધાં પુસ્તકો અમે ક્યારે વાંચીએ? અને કદાચ વાંચીએ તો તે અમને કેવી રીતે યાદ રહે? આનો પ્રત્યુત્તર એટલોજ છે કે વિદ્યા સંપાદન કરવા માટે શ્રમની તો જરૂર છેજ, પણ યાદ રાખવાની બાબતમાં કંઇ પણ યોજના કરવામાં આવે તો તે બાબત જેટલી અઘરી દેખાય છે, તેટલી નથી. કોઇ પણ પુસ્તક વાંચતી વેળા તેની અંદર ચર્ચાયલા વિષયોની ટૂંક નોંધ લેવાની ટેવ રાખવી. ઉત્તમ કલ્પના અને વિચારોના નોંધપોથીમાં ઉતારા કરી લેવા, અને જુદા જુદા કવિના જુદા જુદા વિચારો ભવિષ્યમાં નિબંધમાં કે બીજી કોઇ જગ્યાએ ટાંકી બતાવવાની તક મળશે એવું ધારી તે મોંએ કરવા. એકજ વિષયને લગતા વધારે ફકરા યાદ રાખવા કરતાં ભિન્ન ભિન્ન વિષયોના થોડા શબ્દોમાં ઘણો અર્થ દર્શાવનારા, તાદૃશ ચિત્ર આપનારા, અથવા શૈલીની સરળતા કે માધુર્યને માટે પંકાયલા ફકરાઓ યાદ રાખવા એ વધારે ઉચિત છે—લાભજનક છે.

મનુષ્ય માત્રને નવું નવું જોવા જાણવાની ઇચ્છા થાય છે. આ જીજ્ઞાસાને 'એમાં કંઇ જાણવા કે જોવા જેવું નથી,' એમ બોલી ઘણા દબાવી દે છે. આ યોગ્ય નથી. જીજ્ઞાસાને સંતોષવાથીજ જ્ઞાન વધે છે,

અને બુદ્ધિ ખીલે છે. જીજ્ઞાસાને સંપૂર્ણ રીતે સંતોષવા બીજાને પૂછવાની તેમજ જાતે અવલોકન કરવાની ટેવ પાડવાની ઘણી જરૂર છે. પૂછપરછ કરવામાં અને અવલોકન કરવામાં ઈંગ્રેજ લોકો આપણા કરતાં કેટલા બધા ચઢીઆતા છે, તે સર્વે જાણે છે. કેટલીક વેળા એવું બને છે, કે આપણા પ્રાન્તમાં કે શહેરમાં બનતી વસ્તુની જેટલી માહિતી આપણને હોતી નથી, તે કરતાં તે લોકને ઘણી વધારે હોય છે. આ પૂછપરછ અને ધ્યાનપૂર્વક અવલોકનનુંજ પરિણામ છે. અમદાવાદમાં ઘણો વખત ગાળ્યા છતાં 'મીલ' નહિ જોઇ હશે એવા પણ કેટલાએક મળી આવશે, તો પછી તેવાને આ બધું કહેવું 'ભેંશ આગળ ભાગવત' જેવું થઇ પડશે એમ લાગે છે.

નિબંધ લખતી વેળા ભાષાના તેમજ બીજા દોષ કરવામાં આવે છે, તે ન કરવાની સંભાળ રાખવામાં આવે તો પણ નિબંધ લખનારને ઘણો ફાયદો થાય. આપણે પ્રથમ ભાષાના દોષ વિષે કેટલુંક વિવેચન કરીશું, અને ત્યાર પછી બીજા દોષો વિષે થોડું કહીશું.

બધા ઉત્તમ ભાષામાં નિબંધ લખી શકતા નથી, એ વાત ખરી, પણ બધા પ્રયાસથી શુદ્ધ ભાષામાં લખી શકે ખરા. ઉત્તમ વિચારોને ઉત્તમ ભાષામાં દર્શાવવા, ઉત્તમ પ્રકારની બુદ્ધિ, સંગીન જ્ઞાન અને પાકા અનુભવની જરૂર છે, તે આપણે કહી ગયા છીએ, પરન્તુ આ ઉપરથી સાધારણ બુદ્ધિવાળા માણસોએ નિરાશ થવાની જરૂર નથી. સાદાં અને સરળ વાકયો લખવામાં, શુદ્ધ જોડણી વાપરવામાં, યોગ્ય સ્થળે વિરામ ચિહ્નો મૂકવામાં, એકને એક વિચારનું પિષ્ટપેષણ નહિ કરવામાં, શબ્દોને અયોગ્ય રીતે છૂટા નહિ પાડી નાંખવામાં, કઠિન, કઠોર, અને મોટા શબ્દોનો ઉપયોગ નહિ કરવામાં, સાધારણ બુદ્ધિનુંજ કામ છે. ભાષા સંબંધે જે જાતના દોષ થાય છે, તે તેનાં પેટાં પાડી દાખલાઓ સાથે નીચે આપેલા છે. લખી જણાવવાનો ઉદ્દેશ એટલોજ છે કે તેવા દોષો ફરીથી થાય નહિ.

અક્ષર.

કેટલાકને ઘણાજ ઝીણા અક્ષર લખવાની ટેવ પડી ગઇ હોય છે. આવા ઝીણા અક્ષરો વાંચવામાં પરીક્ષકનો વધારે વખત જાય છે, એટલુંજ નહિ પણ તેને કંટાળો આવે છે, અને તેથી તેવા અક્ષરને માટે કેટલાક ગુણ કાપી લેવામાં આવે છે. મોટા અક્ષર લખવાની ટેવ પાડવાની જરૂર છે. લાંબા મહાવરા વિના પહેલેથી પડેલી કઢંગી ટેવ જતી નથી.

શબ્દ.

શબ્દો છૂટા છૂટા લખવાની ઘણી આવશ્યકતા છે. જે જે શબ્દો સાથે લખવાની જરૂર છે, તેને છૂટા પાડવા નહિ; જેમકે—માનસશાસ્ત્ર ને બદલે માનસ શાસ્ત્ર, ધ્યાનપૂર્વક ને બદલે ધ્યાન્ પૂર્વક, વગેરે. કેટલીક વેળા અનેના અર્થમાં 'ને' ને શબ્દની સાથેજ લખી દેવાથી તે બીજી વિભક્તિનો પ્રત્યય હોય તેમ વંચાય છે, અને તેથી વાક્ય અશુદ્ધ ને નઠારૂં દેખાય છે; જેમકે—આ પ્રમાણે લખીએ તો નિબંધ અશુદ્ધ ને નઠારો થઇ જાય; તેમ લખવાને બદલે 'આ પ્રમાણે લખીએ તો નિબંધ અશુદ્ધને નઠારો થઇ જાય' આ પ્રમાણે લખવામાં આવે છે. આ ભૂલ દેખી રીતેજ હાસજનક છે.

જોડણી.

સંસ્કૃત ભાષાના જેઓને બીલકુલ સંસ્કાર થયા નથી, તેઓ ઘણે ભાગે ગુજરાતી શબ્દોની જોડણીમાં ઘણી ભૂલો કરતા જણાય છે. સ્વર્ગવાસી સાક્ષર નવલરામભાઇ કહે છે કે "જોડણીની ઘણી ભૂલો હોય, તો તો ગમે તેવો સારો નિબંધ હોય તોપણ તે રદજ ગણવામાં આવે" ગુજરાતી ભાષામાં અમુક અમુક શબ્દો તો એવા છે કે જે બે કે તેથી પણ વધારે રીતે લખવામાં આવે છે. શુદ્ધ સંસ્કૃત કે પર્શ્યન શબ્દોની જોડણી સંબંધે બે મત છેજ નહિ, પરન્તુ કેટલાક રૂઢ અને અપભ્રષ્ટ શબ્દો વિષે મતભેદ છે ખરો.

હ્રસ્વ ઇ ને બદલે દીર્ઘ ઈ વાપરવામાં આવે છે. જે શબ્દોમાં આ જાતની ભૂલો થાય છે, તેનું સંપૂર્ણ શુદ્ધિપત્ર આપવાનું આ સ્થળ નથી, છતાં કેટલીક ઘણાજ સામાન્ય શબ્દોમાં આ જાતની ભૂલ થાય છે, તે ન થાય તેવા ઉદ્દેશથી નીચે થોડાએક શબ્દો આપેલા છે.

શુદ્ધ.	અશુદ્ધ.
ખ્યાતિ.	ખ્યાતી.
પ્રખ્યાતિ.	પ્રખ્યાતી.
સૃષ્ટિ	સૃષ્ટી
હિત	હીત
રાત્રિ	રાત્રી
કવિ, કવિતા,	કવી, કવીતા,
યુક્તિ	યુક્તી
સ્થિતિ,	સ્થિતી, સ્થીતિ, સ્થીતી,
નિયમિત.	નિયમીત, નીયમિત.
ક્રિયા	ક્રીયા
પ્રિય	પ્રીય
પતિ	પતી
રતિ	રતી
મતિ	મતી
યતિ	યતી
ધાર્મિક	ધાર્મીક
વાર્ષિક	વાર્ષીક
ઐતિહાસિક	ઐતિહાસીક, ઐતીહાસીક,
સ્વાભાવિક.	સ્વભાવિક. સ્વભાવીક, વગેરે.

ઇત, અને ઇક એ સંસ્કૃત પ્રત્યયો છે, અને તેની અંદર ઇ હ્રસ્વ છે. કેટલાક શબ્દોમાં દીર્ઘ ઈ ને બદલે હ્રસ્વ ઇ વાપરવામાં આવે છે.

શુદ્ધ.	અશુદ્ધ.
પરીક્ષા	પરિક્ષા
લક્ષ્મી	લક્ષ્મિ
કીર્તિ	કીર્તી
શરીર	શરિર
શારીરિક	શારિરિક, શારિરીક
પ્રાણી	પ્રાણિ
પ્રાણીજ	પ્રાણિજ
વનસ્પતિજ	વનસ્પતીજ
નીતિ	નિતિ, નિતી
પ્રીતિ,	પ્રિતી,

હ્રસ્વ ઉ ને બદલે દીર્ઘ ઊ વાપરવાથી થતી ભૂલો:—

શુદ્ધ.	અશુદ્ધ.
ઉદ્યોગ	ઊદ્યોગ
ઉત્પન્ન	ઊત્પન્ન, ઊતપન્ન ઊત્તપંન, વગેરે.
પ્રફુલ્લિત.	પ્રફૂલિત, પ્રફૂલીત, વગેરે.
ઉપસંહાર	ઊપસંહાર
ઉપપ્રમુખ	ઊપપ્રમુખ
ઉત્તેજન	ઊત્તેજન, ઊતેજન વગેરે.
દુર્ગુણ	દૂર્ગુણ, દૂરગુણ
દુર્દશા	દૂરદશા, વગેરે.

ઉત્, ઉપ, દુઃ, વગેરે સંસ્કૃત ઉપસર્ગ છે, અને તેની અંદર ઉ અને દુઃ હ્રસ્વ છે.

દીર્ઘ ઊ ને બદલે હ્રસ્વ ઉ પણ વાપરવામાં આવે છે; જેમકે—

શુદ્ધ.	અશુદ્ધ.
મૂળ	મુળ
અમૂલ્ય	અમુલ્ય
સંપૂર્ણ	સંપુર્ણ
મૂર્ખ	મુર્ખ, મુરખ.
મૂઢ	મુઢ
સ્થૂલ	સ્થુલ.
ક્રૂર	ક્રુર

શબ્દોની સંધિ નહિ જાણવાથી થતી ભૂલો;—

શુદ્ધ.	અશુદ્ધ.
ન્યાય+અધીશ=	ન્યાયધિશ,
ન્યાયાધીશ	ન્યાયધીશ.
અધિક+અધિક=અધિકાધિક	અધિકા અધિક.
સુત્+ગુણ સદ્ગુણ	સદગુણ
નિઃ+ઉદ્યમી	નિરઉદ્યમી,
નિરુદ્યમી	નીરઉદ્યમી.

'શ' કારને બદલે 'સ'કાર અને 'સ' કારને બદલે 'શ'કાર લખવાથી થતી ભૂલો;—

શુદ્ધ.	અશુદ્ધ.
આળસુ	આળશુ
આળસ	આળશ
શુભ	સુભ
શાન્ત	સાન્ત
શાન્તિ.	સાન્તિ.

અક્ષરને બરાબર જોડતાં નહિ આવડવાથી થતી ભૂલો;—

શુદ્ધ.	અશુદ્ધ.
બુદ્ધિ	બુદ્ધિ
શુદ્ધિ	શુધ્ધી, કે શુદ્ધિ
વિદ્વાન્	વિદ્યાન, વિદ્વાન.

શબ્દના ઉચ્ચાર ખોટા કરવાની ટેવને લીધે તે પ્રમાણે તે શબ્દો લખવાથી થતી ભૂલો.

શુદ્ધ.	અશુદ્ધ.
વાઘ	વાગ
શ્વાસોચ્છ્વાસ	શ્વાસોશ્વાસ
નમ્રતા,	નમ્રુતા,
સેવક	શેવક
સેવા,	શેવા
સાંભરે છે	સાંભળે છે
પૈસાવાળો.	પૈસાવારો.

ઘણા વિદ્યાર્થીઓ 'બંને' કે 'બન્ને' શબ્દની તેમજ 'તથા' શબ્દની વારંવાર ખોટી જોડણી કરે છે.

શુદ્ધ	અશુદ્ધ
બંને, બન્ને	બંન્ને બને
તથા	ત્થા.

ચિહ્નો મૂકવામાં થતી ભૂલો;—

ગુજરાતી નિબંધ લખનારા વિદ્યાર્થીઓમાં આ બાબતનું ઘણુંજ અજ્ઞાન જોવામાં આવેછે. યોગ્ય સ્થળે જોઇતાં ચિહ્નો મૂકવા ઘણી સંભાળ રાખવાની જરૂર છે. અલ્પવિરામ, પૂર્ણવિરામ, ઉદ્દગાર ચિહ્ન, અને આશ્ચર્ય ચિહ્ન, ક્યાં ક્યાં મૂકવાં એતો દરેક વિદ્યાર્થીએ અવશ્ય જાણવું જોઇએ.

અલ્પવિરામ મૂકવાના મુખ્ય નિયમ નીચે આપ્યા છે. બીજા નિયમો માટે ટેલરકૃત વ્યાકરણ જોવું.

બે કે તેથી વધારે શબ્દો કે વાક્યો ઉભયાન્વયીથી જોડાયલાં હોય તો; જેમકે—

રામ, લક્ષ્મણ, અને સીતા, જંગલમાં જવા તૈયાર થયાં.

હનુમાનજી લંકામાં જઇ પહોંચ્યા, અને સતી સીતાને મળ્યા.

રાવણને નીચ બુદ્ધિ ઉપજી, કારણ કે તેનું મોત નજીક હતું.

લક્ષ્મણે સીતાને ઘણું ઘણું સમજાવ્યું, પણ તે વખતે તેણે તેનું કહ્યું માન્યું નહિ.

સંબોધનાર્થ શબ્દની પછી; જેમકે—

હે પ્રભુ, અમારા દુશ્મનોનું પણ તું કલ્યાણ કરજે.

જો સંબોધનાર્થક શબ્દ વચમાં આવતો હોય, તો તે શબ્દની બંને તર્ફ અલ્પવિરામ મૂકવામાં આવે છે.

એવું કામ ન કરીએ, મારા લાડકા, એવું ન કરીએ.

આ જગ્યાએ એક અગત્યની સૂચના કરવાની જરૂર છે. કેટલાક વિદ્યાર્થી 'અને' 'તેથી' 'પણ' 'ત્યારે' 'કારણ કે', વગેરે સંબંધ દર્શક શબ્દોથી, વાક્યની શરૂઆત કરે છે. ઇંગ્રેજીમાં પણ આવા શબ્દોથી ઘણે ભાગે વાક્યની શરૂઆત થતી નથી. આ શબ્દો, શબ્દો કે વાક્યો વચ્ચે અમુક અમુક જાતનો સંબંધ બતાવે છે, તેથી તે શબ્દો વડે વાક્યની શરૂઆત કરવાથી તે સંબંધ તૂટી જાય છે, એટલુંજ નહિ, પરન્તુ તે શબ્દોથી શરૂ થતાં વાક્યોનો અર્થ પણ સમજી શકાતો નથી.

આશ્ચર્યકારક અને પ્રશ્નાર્થ ચિહ્નો:

આશ્ચર્યકારક ચિહ્નોને ઠેકાણે પૂર્ણવિરામ કે પ્રશ્નાર્થ ચિહ્નો, અને પ્રશ્નાર્થ ચિહ્નોને ઠેકાણે આશ્ચર્યકારક ચિહ્નો મૂકવાની ભૂલો વારંવાર થતી જોવામાં આવે છે. આવી ભૂલોના એક બે દાખલા નીચે આપેલાછે.

"તેમને ખાવાનું કોણ લાવી આપશે?" આ વાક્ય પછી પ્રશ્નાર્થ ચિહ્ન મૂકવું જોઇએ, કારણ કે 'કોણ' શબ્દ મૂકી તેમને ખાવાનું લાવી આપનાર માણસ વિષે આપણે પ્રશ્ન કરીએ છીએ. આ વાક્ય

પછી પૂર્ણવિરામ મૂકી શકાય જ નહિ. આજ વાક્યને છેડે પૂર્ણવિરામ મૂકવા તેને બીજી કોઇ રીતે ગોઠવવું જોઇએ; જેમકે—

તે તેમને ખાવાનું લાવી આપશે.

“ આપણો દેશ કેવો તાજો હતો ? ” આ વાક્યને છેડે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકેલું છે તે ખોટું છે, કારણ કે ‘ કેવો ’ શબ્દ વાપરી આપણે આશ્ચર્ય બતાવીએ છીએ. ‘ આપણો દેશ કેવો તાજો હતો ! ’ એ ખરૂં છે. આ વાક્યને પ્રશ્નાર્થ રૂપમાં મૂકવું હોય તો આ પ્રમાણે મૂકી શકાય. આપણો દેશ કોના વખતમાં તાજો હતો ?

ઉપર બતાવેલી બધી ભૂલો કલ્પિત નથી, પરન્તુ તેવી ભૂલો વિદ્યાર્થીઓના નિબંધમાં વારંવાર માલૂમ પડી આવેલી છે, અને તેવા દોષ થતા અટકાવવા માટે અત્રે તત્સંબંધે કેટલુંએક વિવેચન કરવામાં આવ્યું છે.

નિબંધ લખવામાં થતા બીજા થોડા દોષોનું વિવેચન, અને વિદ્યાર્થીઓને થોડી ઉપયોગી સૂચના.

૧. ઘણા વિદ્યાર્થીઓ એકના એક વિચાર જાણથી કે અજાણથી નિબંધની અંદર લખી જતા જણાય છે. નિબંધ લખી રહ્યા પછી ધ્યાનપૂર્વક તેને ફરીથી જોઇ જવાની કાળજી રાખવાની ઘણી જરૂર છે.

૨. કેટલીકવેળા એવું પણ લખાણ જોવામાં આવે છે કે જે લખાણને નિબંધના વિષયની સાથે કશો પણ સંબંધ હોતો નથી. માત્ર નિબંધની લંબાઇ વધારી પાનાં ભરવા, કે ડોળ મારવા ખાતરજ, આ પ્રમાણે કેટલીક વેળા કરવામાં આવે છે. આવા અસંબદ્ધ લખાણથી કેટલાક દોકડા ઓછા આપવામાં આવે છે, એ યાદ આપવાની જરૂર નથી.

૩. દૃષ્ટાંત આપવામાં પણ કેટલીક ભૂલો થતી જોવામાં આવે છે. જેની કીર્તિ જગજાહેર નથી, તેવા મનુષ્યના દૃષ્ટાંતો બને ત્યાં સુધી આપવા નહિ. એકાદ માણુસ કદાચ તમારા ગામમાં મોટો ગણાતો હશે

ખરો, પણ તેનો દૃષ્ટાંત જે તેને જાણતા નથી, તેને બોધક થઇ પડશે નહિ. ગુરૂ, પરીક્ષક કે પોતાના ઉપરી અધિકારીના ગુણ ગાવાથી સારા ગુણ મેળવી શકાશે, તેવું ધારી કેટલાક તેઓની નિબંધની અંદર પ્રશંસા કરે છે. આ જાતની ટેવ ઘણીજ નિંદ્ય છે, અને તેથી લાભ થવાને બદલે નુકસાન થાય છે.

૪. જેટલું લખો, તેટલું ચોકસ લખો, અને જે માગેલું હોય તેજ લખો.

લાંબા અને ભૂલથી ભરેલા નિબંધ કરતાં ટૂંકો અને ભૂલ વિનાનો નિબંધ પસંદ કરવા લાયક છે. પરીક્ષક નિબંધની લંબાઇ જોઇને કે નિબંધનાં પાનાં ગણીને કે જોખીને ગુણ આપતા નથી, પરન્તુ અમુક વિષય સંબંધે તમારા શા વિચાર છે, અને તે તમે કેવી ભાષામાં દર્શાવોછો તે જોઇને ગુણ આપે છે. આ પ્રકારની ભૂલ ન થાય માટે અમુક વિષય ઉપર આશરે ચાળીશ લીટીનો નિબંધ લખો તેવું છાપવામાં કે કહેવામાં આવે છે. આમ છતાં પણ કેટલાક વિદ્યાર્થી બેદરકારીથી કે વધારે ગુણ મળશે તેવી આશાથી સવાસો કે દોઢસો લીટી સુધી પહોંચી જાય છે. આ લીટીઓ લખવામાં ગુમાવેલો વખત નિબંધને ટૂંકો, સરળ, અને ભૂલ વિનાનો કરવામાં ગાળવામાં આવે, તો તે વિદ્યાર્થીને નાપાસ થવાનો કે થોડા ગુણ મળવાનો વખત આવે નહિ.

૫. નિબંધનાં જુદાં જુદાં પેટાં માટે જુદા જુદા વાક્યખંડ–પેરેગ્રાફ—પાડવા. આથી એક વિચાર ક્યાં પૂરો થાય છે, અને બીજો ક્યાં શરૂ થાય છે, તે સહેલથી સમજી શકાય છે, એટલું જ નહિ, પણ નિબંધની શોભામાં વધારો થાય છે.

૬. પારકી ભાષાના ઉતારા કરવા તે અક્ષરશઃ શુદ્ધ કરવા. અટકળીઉં કે પોપટીઉં જ્ઞાન તરત પકડાઇ આવે છે. શુદ્ધ રીતે ઉતારો કરતાં આવડતો ન હોય તો ઉત્તમ રસ્તો એ છે કે તેનો સાર ગુજરાતીમાં આપી જવો. સંસ્કૃત જ્ઞાનના અભાવે કેવી હાસ્યજનક ભૂલો થાય છે, તે નીચે આપેલા એક બે દાખલા ઉપરથી સમજાશે.

અશુદ્ધ ઉતારો.

नहिं मृतस्य सिः यस्य प्रविशन्ति सुखे मृगोः

શુદ્ધ

नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः

અશુદ્ધ

उद्योगीनं पुरुषसींह मुपैती लक्ष्मि.

શુદ્ધ

उद्योगीनं पुरुषसिंह मुपैति लक्ष्मीः

સંસ્કૃત ભાષા જાણનારને ઉપરની ભૂલો કેટલીબધી કંટાળો આપનારી થઇ પડે છે, તેનો વિચાર તે ભાષાથી અજ્ઞાત માણસને ભાગ્યેજ આવી શકે છે.

૭. નિબંધની અંદર ગ્રામ્ય કે પ્રાંતભેદના શબ્દો નહિ વાપરવા માટે ખાસ કાળજી રાખવી.

૮. નિબંધની શરૂઆતમાં '**श्री गणेशायनमः ॐ परमात्मने नमः**' ઇત્યાદિ લખવામાં આવે છે. કોઇ પણ કાર્ય આરંભ્યા પહેલાં ઈશ્વરનું સ્મરણ કરવું યોગ્ય છે, પરન્તુ તેવાં વાક્યો નિબંધને મથાળે લખવાની જરૂર નથી.

૯. નિબંધને છેડે કેટલાક પરીક્ષકને પ્રાર્થના કરે છે; જેમકે- 'હું ગરીબ છું, માટે મહેરબાની કરી મારા ઉપર દયા રાખશો, અને મને પાસ કરશો' 'હું બે ત્રણ વર્ષ થયાં નાપાસ થાઉંછું, તો મહેરબાની કરી મને આ વખતે પાસ કરશોજી,' ઇત્યાદિ. આ પ્રમાણે લખવાથી વિદ્યાર્થીઓ એક ગંભીર દોષ કરે છે, અને જાણી જોઇનેજ પોતાને નુકસાન કરે છે.

૧૦. ઘણા વિદ્યાર્થીઓ 'આ શબ્દનો કે કહેવતનો અર્થ એવો છે,' ઇત્યાદિ. વાક્યો લખી નિબંધ શરૂ કરે છે, અથવા નિબંધના વિષયની વ્યુત્પત્તિ આપી લખાણ શરૂ કરે છે. આ બંને લેખનપદ્ધતિ વખાણવા લાયક નથી.

વરસાદના દિવસો.

" જો ! જો ! જો ! આ ત્રુટી પડયો શો મેઘ જોરથી
નભ કટિપરથી, પ્રસારી લાંબા ધારાકરને
ધરતીને ઝટ બાઝી પડવા ! અહો ! પવન પણ
વચમાં આવી સુ સુ સુ સુ કરતો ઝટ ઝાપટી
ગભરાવી લઇ લેઇ બાથમાં ધારાપટને
શો આ દોડે હા હા હા કરીને હસતો
ઉચ્ચ સ્વરથી; " × × × × ×

ગોવર્દ્ધનરામ.

૧. વરસાદ વરસ્યા પહેલાંની સ્થિતિ. ૨ વરસાદ વરસતો હોય ત્યારની સ્થિતિ. ૩. વરસાદ વરસી રહ્યા પછીની સ્થિતિ.

વરસાદ વરસ્યા પહેલાંની સ્થિતિ.

વરસાદ વરસતા પહેલાં અત્યંત ઘામ થવાથી ઘણી મુંઝવણ ઉત્પન્ન થાય છે, અને કામ કરવું ગમતું નથી. બધું શાન્ત થઇ જાય છે તેથી, તેમજ ચારે તરફ અન્ધકાર છવાઇ રહ્યો હોય છે તેથી, ખિન્નતા ઉત્પન્ન થાય છે. મનુષ્ય, તેમજ પશુ પક્ષી વરસાદની આતુરતાથી રાહ જોતાં જણાય છે. કેટલાકતો વરસાદ નહિ આવશે તો દુષ્કાળ પડશે, અને તેથી આવી આવી વિપત્તિઓ પડશે, તેવી તેવી વાતો કરતા બેઠા હોય છે. શહેરના લોકો કરતાં ગામડાંના ખેડૂતો આ દિવસોમાં બહુ ઉદ્યમી જણાય છે, કારણ કે વરસાદ આવ્યા પહેલાં ખેતરને સાફ કરી, ખેડી, તૈયાર રાખવાની જરૂર છે. ક્રમે ક્રમે કાળાં વાદળાં એકઠાં થવા લાગે છે, અને પૃથ્વી ઉપર કાજળનો વરસાદ વરસતો હોય તેવું જણાય છે. તરતજ પવન ફૂંકવા લાગે છે, ગાજવીજ થવા લાગે છે, અને વરસાદનાં મોટાં ફોરાં છાપરાં, અને દિવાલો સાથે અથડાઇ તડતડાટ અવાજ કરી મૂકે છે.

૨. વરસાદ વરસતો હોય ત્યારની સ્થિતિ.

વરસાદ વરસતો હોય છે, ત્યારે રસ્તાઓ ઉપર કાદવ કાદવ થઇ રહે છે. શહેરના રસ્તા સારા અને બાંધેલા હોવાથી તેના ઉપર ઘણો કાદવ જમા થતો નથી, પરન્તુ ગામડાંમાં તદ્દન જુદીજ સ્થિતિ માલૂમ પડે છે. ત્યાં રસ્તા સાંકડા, અને બાંધેલા હોતા નથી, તેથી તે ઉપર કાદવ કીચડ એટલો બધો એકઠો થાય છે, કે કેટલીક વેળા તો તેના ઉપરથી પસાર થનારનાં ઢીંચણ પણ ઢંકાઇ જાય છે.

વરસાદ વરસતો હોય છે, ત્યારે શહેરના લોકો પણ ન ચાલેજ બહાર નીકળે છે; છતાં મોટા શહેરની અંદર વસ્તી વધારે હોવાથી, અને લોકોને કંઇ ને કંઇ કામ હોવાથી તેઓ છત્રી ઓઢી પગે ચાલતા, કે ગાડીમાં બેસી બહાર નીકળતા જણાય છે. ગામડાંમાં તદ્દન જુદોજ દેખાવ માલૂમ પડે છે. વરસતે વરસાદે ખેડૂતો ખેતરમાં કામ કરવા જતા નથી, તેથી તેઓ પણ ગામના બીજા લોકોની પેઠે નવરા હોય છે.

શહેરના લોકો ઘરમાં બેઠા બેઠા કંઈ ને કંઇ કર્યા કરે છે. કોઈ વાજીંત્ર વગાડતા હોય છે, તો કોઇ ગાતા હોય છે. કેટલાક તો વળી આનંદથી હીંચકા ખાતા દેખાય છે. ગામડાંના લોકોને શહેરીઓનાં જેવાં કે જેટલાં વખત ગાળવાનાં સાધન હોતાં નથી, અને તેથી તેઓ વર્ષ સારૂં પાકશે તેવી આશામાં વાતોના ગપ્પાં મારતા કે હુક્કો ગગડાવતા બેઠા હોય છે.

વરસાદ વરસતો હોય છે, ત્યારે ગરીબ લોકોને વધારે હેરાન થવું પડે છે, તેઓનાં ઘરનાં છાપરાંમાંથી ઘરમાં પાણી પડે છે, અને તેથી તેઓને ઘણી અગવડ ભોગવવી પડે છે; વળી તેઓની પાસે ગરમ કપડાં નહિ હોવાથી તેઓ ટાઢે પણ મરે છે.

જેવી રીતે મનુષ્યને કેટલીક નજીવી અગવડો ભોગવવી પડે છે, તેવીજ રીતે પશુ પક્ષીને પણ ભોગવવી પડે છે. પશુઓ વરસાદના દિવસોમાં પલળે છે, અને ટાઢે મરે છે. પક્ષીઓનો વાસ પણ ઝાડ ઉપર હોવાથી, તેઓને પણ પોતાના માળા છોડી બીજે કોઇ સ્થળે આશ્રય લેવો પડે છે.

આમ હોવા છતાં પણ મનુષ્ય, તેમજ પશુ પક્ષી આનંદમાં જણાય છે, કારણ કે વરસાદ એ બધાંનું જીવન છે, તેમ તેઓ સારી રીતે જાણે છે.

૩. વરસાદ વરસી રહ્યા પછીની સ્થિતિ.

જો સારો વરસાદ પડ્યો હોય છે, તો રસ્તા ઉપરથી કાદવ તણાઇ ગયો હોય છે, અને તેથી તે સાફ દેખાય છે. લોકો પણ બહાર નીકળી ઉદ્યમે વળગી જાય છે. તરસી વનસ્પતિ પણ પાણી પી તાજી અને લીલીછમ દેખાય છે, અને તે પણ જાણે આનંદને લીધે હસતી હોય નહિ તેવો ભાસ થાય છે. ઘર, વગેરે ઉપરથી ધૂળ ધોવાઇ જવાથી બધું સ્વચ્છ દેખાય છે. દુષ્કાળની બીક ઓછી થાય છે, અને એકાદ સારા વરસાદથી અનાજના ભાવમાં પણ થોડો ઘણો ઘટાડો થાય છે. છોકરાંઓ પણ હવે આનંદ કરવા બહાર નીકળી પડે છે. કાગળનાં નાનાં નાનાં હોડકાંને તેઓ પાણીમાં તરાવે છે, અને કેટલાંક તો ભીની મટોડીના જાત જાતના આકાર બનાવવા લાગી જાય છે. ગામડાંમાં ખેડૂતવર્ગ પોત પોતાના ખેતરોમાં પોતાનાં સગાં વ્હાલાં અને સોબતીઓને લઇ વાવણી કરવા નીકળી પડે છે; પશુ પક્ષી પણ ઉલ્લાસમાં આવી ગયલાં દેખાય છે.

વીજળી અને ગર્જના.

૧. વીજળી થવાનું કારણ. ૨. વીજળીનો પ્રકાશ. ૩. વીજળી પડવાથી થતાં નુકસાન. ૪. મકાનનો નાશ અટકાવવા માટે શું કરવામાં આવે છે? ૫. ગર્જના અને વીજળી સાથે થાય છે. ૬. ગર્જના વિષે કલ્પના.

૧. વીજળી થવાનું કારણ.

એકજ વાદળીમાં સમાયલા પાણીના કણુ સાથે અથડાવાથી, અથવા તો બે કે વધારે વાદળાંઓના સાથે ઘસાવાથી વીજળી ઉત્પન્ન થાય છે. સર્વ સ્થળે અને સર્વેમાં કુદરતના દેખાવમાં વિદ્યુતનો દેખાવ ઘણી અજાયબી ઉત્પન્ન કરે છે.

૨. વીજળીનો પ્રકાશ.

વીજળીનો પ્રકાશ વાતાવરણના નીચેના ભાગમાં સફેદ જણાય છે, પરન્તુ ઉપરના ભાગમાં વાતાવરણ પાતળું હોવાથી વિદ્યુતનું તેજ નીલલોહિત લાગે છે. વીજળીના ચમકારા એકથી પાંચેક માઇલ સુધી લાંબા હોય છે. તેની ગતિ આડીઅવળી થવાનું કારણ એવું છે કે વાતાવરણ તેની સામે જોર કરે છે.

વીજળીનો પ્રકાશ આકાશમાં પથરાઇ જવાથી કંઇ પણ આકાર વિનાનો જણાય છે. આ પ્રકાશ જુદાં જુદાં વાદળાંના ઘર્ષણથી ઉત્પન્ન થાય છે, એવું ધારવામાં આવે છે. કેટલીક વેળા વીજળીનો પ્રકાશ સર્પાકારે દેખાય છે. આ પ્રકાશ વાદળાંમાંહેની અને પૃથ્વીમાંહેની વિદ્યુત્‌ના સંયોગને લીધે થાય છે, એમ માનવામાં આવે છે. આ જાતની વીજળી ઘણીજ ભયંકર છે.

૩. વીજળી પડવાથી થતાં નુકસાન.

વાંદળાંમાંહેની વિદ્યુત્ તેમજ પૃથ્વીમાંહેની વિદ્યુત્ હવાના પ્રતિબંધને કોરે મૂકી, જોર કરી એકત્ર થાય છે. ઝાડ, ઉંચાં મકાન, અને ધાતુદ્વારા આ બંને વીજળીનો સંયોગ ત્વરાથી થાય છે.

આવા સંયોગને 'વીજળી પડી' તેમ આપણે કહીએ છીએ. ચોમાસાના દિવસમાં ઝાડ નીચે ઉભવું કે અગાસીમાં ઉભવું સહીસલામત નથી, એ આ ઉપરથી સમજાયું હશે.

વીજળી પડવાથી માણસ, ઢોર, વગેરે સજીવ પ્રાણીનો નાશ થાય છે, એટલું જ નહિ પણ મકાનો તૂટી પડે છે, ધાતુનો રસ થઇ જાય છે, અને રેતી, વગેરેનો પણ રસ થઇ જાય છે. લોઢા ઉપર વીજળી પડવાથી તેનામાં લોહચુંબકના ગુણ આવે છે. ઝાડ ઉપર વીજળી પડવાથી વીજળીના જોરના પ્રમાણમાં તેની જુદી જુદી સ્થિતિ થાય છે. કેટલીક વેળા ઝાડની છાલ ઉખડી જાય છે, તો કેટલીક વેળા ઝાડના ઝીણા

ઝીણા કટકા થઈ જાય છે, અને વખતે ઝાડ કાષ્ટતંતુનો ઢગલો બની જાય છે.

૩. વીજળીથી મકાનનો નાશ થતો અટકાવવા શું કરવામાં આવે છે? મકાનને બચાવી લેવા ખાતર ઉંચા મકાન ઉપર અણીવાળા ધાતુના સળીઆ રાખવામાં આવે છે, અને આ ધાતુના સળીઆ તાંબાના પાટા સાથે જોડી દીધેલા હોય છે. આ તાંબાના પાટા જમીનમાં ઊંડે ઉતારવામાં આવ્યા હોય છે. આથી કરી વીજળી મકાન ઉપર પડતી નથી, અથવા પડે છે તો નુકસાન કરતી નથી, કારણ કે ધાતુ વિદ્યુતને જમીનમાં ઉતારી દે છે.

૪. ગર્જના અને વીજળી સાથે થાય છે.

વરસાદના દિવસોમાં વિદ્યુતના પ્રકાશ પછી જે ભયંકર અવાજ સંભળાય છે, તેને આપણે ગર્જના કહીએ છીએ. વીજળી અને ગર્જના એકજ વખતે થાય છે, છતાં વિદ્યુતનો પ્રકાશ આપણે પહેલાં જોઇએ છીએ, અને ગર્જના પછી સાંભળીએ છીએ એમ કેમ?

આમ થવાનું કારણ એવું છે, કે અવાજની ગતિ પ્રકાશની ગતિ કરતાં ઘણી ઓછી હોય છે. જ્યારે જ્યારે વીજળી થાય છે, ત્યારે ગર્જના પણ થાય છેજ. આમ છે છતાં ઘણી વેળા આપણે વીજળીનો પ્રકાશ દેખીએ છીએ, અને અવાજ તો સાંભળતા નથી એ શાથી? આનો ખુલાસો એટલોજ છે કે જો વાદળાં આપણાથી ૧૫ માઇલથી વધારે દૂર હોય છે, તો ત્યાં થતો અવાજ નીચે પહોંચી શકતો નથી, તેથી એકલી વીજળી થતી દેખાય છે.

૬ ગર્જના વિષે કલ્પના.

એક કવિએ ગર્જનાને આકાશ માંહેના સૂર્ય, ચંદ્ર, તારા, વગેરેના રોવાના ધ્વનિ તરીકે કલ્પી છે. રોવાનું કારણ એવું બતાવેલું છે કે વાદળાં તેના કિરણને પોતાની અંદર ગળી જાય છે. જુઓ:—

चंद्रबिंब रविबिंब तारका मंडलानि घनमेघडम्बरैः ।
भक्षितानि जलदोदरेषु तद्रोदनध्वनिरिवैषगर्जितम् ॥

વરસાદના દિવસોમાં આગગાડીની મુસાફરી.

૧ સ્ટેશને પહોંચતાં સુધીની મુશ્કેલીઓ. ૨. સ્ટેશને પહોંચ્યા પછીની મુશ્કેલી. ૩. આગગાડીમાં બેઠા પછીનો ભય. ૪. કુદરતની લીલા.

૧. સ્ટેશને પહોંચતાં સુધીની મુશ્કેલીઓ.

મોટાં શહેરની અંદર ઢાંકેલી અને સારી ગાડીઓ ભાડે મળી શકે છે. શહેરોમાં આવી ગાડીની અંદર બેસી સ્ટેશને પહોંચતાં ઘણી મુશ્કેલી નડતી નથી. વરસાદની ઝાપટથી આવી સારી ગાડીઓમાં પણ આપણો સામાન થોડો ઘણો પલળે છે, અને આપણે પણ તદ્દન કોરા રહેતા નથી. હવે પગે ચાલી જતા અને માથે પોટકાં ઉપાડેલા ગરીબ માણસોનો વિચાર કરો. તેઓને વરસાદના દહાડામાં સ્ટેશને પહોંચતાં કેટલી બધી હેરાનગતિ ભોગવવી પડે છે ! તેઓ તેમજ તેઓનો સામાન પલળી જાય છે, અને કાદવકીચડની અંદર ચાલતાં તેઓને સ્ટેશને જવું પડે છે.

ગામડામાં રહેતા લોકોની સ્થિતિ આ કરતાં પણ વધારે ખરાબ છે. કેટલીક વેળા સ્ટેશન એટલું દૂર હોયછે, કે તેઓ ભારે વરસાદમાં સ્ટેશને જઇ શકતાજ નથી; કારણ કે રસ્તામાં બધે ઘણું પાણી ભરાઇ રહેલું હોય છે. આવા રસ્તામાં માણસને ચાલતા જતાં મુશ્કેલી પડે છે, તો પછી ગાડાં, વગેરે તો કેમજ જઇ શકે ?

૨. સ્ટેશને પહોંચ્યા પછીની મુશ્કેલીઓ.

મોટા સ્ટેશનમાં ઉતારૂઓને બેસવાની સગવડ કરેલી હોય છે, તેથી વરસાદના દિવસોમાં સ્ટેશનના પતરાનાં છાપરાં નીચે આશ્રય મળે છે. મોટા સ્ટેશન ઉપર ઘણા ઉતારૂઓ હોવાથી કેટલીક વેળા પૂરી બેસવાની જગ્યા પણ મળતી નથી, અને [illegible] ભીનું અને કાદવવાળું થયલું

હોવાથી સામાન તેમજ પહેરેલાં કપડાં બગડે છે. ભારે વરસાદને લીધે ગાડી ઘણી વખતે બે ચાર કલાક મોડી આવે છે, અને કોઇ વખત તો તેથી પણ મોડી આવે છે. દૂર ગામના ઉતારૂઓ ગાડીનો વખત ચૂકી ન જાય, માટે વખત પહેલાં સ્ટેશને આવી બેસે છે. જો દુર્ભાગ્યે ઘણા વરસાદને લીધે ગાડી મોડી આવે છે, તો તેઓને તેમજ તેઓની સાથેનાં નાનાં બાળકને ઘણું હેરાન થવું પડે છે.

૩. આગગાડીમાં બેઠા પછીનો ભય.

કેટલીક વેળા ભારે વરસાદથી આગગાડીની સડક ધોવાઇ જાય છે, અને તેની ઉપર પાણી ફરી વળે છે. આવે વખતે આગગાડીને અધવચ થોભવું પડે છે. મુસાફરોની સાથે પૂરૂં ખાવાનું હોતું નથી, તો તેઓને કેટલાક કલાક ભૂખે કાઢવા પડે છે. વરસાદના દિવસોમાં આગગાડીની સડક તપાસનારાઓ ઘણી સાવચેતીથી કામ કરે છે, અને કાંઇ ભય જેવું હોય તો ભયદર્શક લાલ વાવટો દેખાડી ગાડીને થોભાવે છે. મોટા પૂલ ઉપરથી ગાડીને ધીમે ધીમે લઇ જવામાં આવે છે, અને પૂલ ઉપરથી પસાર થવું દરેક રીતે સહીસલામત છે, તેની સંપૂર્ણ ખાત્રી થયા પછીજ ગાડીને આગળ ચલાવવામાં આવે છે, છતાં જ્યારે નદીમાં પૂર આવેલું હોય છે, અને ગાડી પૂલ ઉપરથી પસાર થતી હોય છે, ત્યારે પૂલ તૂટી અંદર પડી જવાનો ભય મુસાફરોને રહેછે.

૪. કુદરતની લીલા.

બધી ઋતુ કરતાં ચોમાસાની મુસાફરી અનેક રીતે લાભકારક થઇ પડે છે. કુદરતની રમણીયતાનું ભાન આજ વખતે થાય છે. આગગાડીમાં મુસાફરી કરતી વેળા ચિત્રવિચિત્ર દેખાવો નજરે પડે છે. ખેતરમાં બધે લીલુંછમ દેખાય છે, અને ચારે તરફ લીલું ઘાસ ઉગી નીકળવાથી પૃથ્વી માતાએ લીલી સાડી ધારણ કરેલી હોય તેવું જણાય છે. કેટલાક દેખાવો એવા સુન્દર હોયછે, કે ગાડી ત્યાં થોભે તો આંખને તૃપ્ત કરી શકાય; પણ ગાડી થોભતી નથી, અને તેથી મન જરા ખિન્ન થાય છે.

લીલોતરીથી ઢંકાયલા પર્વતોની હાર જોઇને, તેના ઉપરથી ખળખળ વહેતા પાણીના ધોધ જોઇને કોને આનંદ થતો નથી? કોને ઇશ્વરની અગાધ શક્તિનું ભાન થતું નથી? કોણ તેની અદ્‌ભુત રચનાથી વિસ્મય પામતું નથી? કોને તેના ગુણ ગાવાનું મન થતું નથી?

નદી.

૧. નદીઓનું માહાત્મ્ય. ૨. શાંત અને તોફાની નદીઓ; ધોધ. ૩. નદીના ઉપયોગ. ૪. બોધ.

૧. નદીઓનું માહાત્મ્ય.

ઘણા જૂના કાળથી નદીઓને આપણા લોકો પવિત્ર માનતા આવ્યા છે. ગ્રીસ અને રોમના લોકોની પણ તેવીજ માન્યતા હતી. નદી મનુષ્ય જાતિને તેમજ અધમ વર્ગનાં પ્રાણીઓને એટલીબધી ઉપયોગી છે, કે તેને મહાન્ પ્રજાઓ પવિત્ર માનતી આવી છે, એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી.

૨. જે નદીઓ પર્વતમાંથી નીકળી સપાટ મેદાન ઉપર વહે છે, તેનાં પાણી શાંત રીતે વહેછે, કારણ કે તે પાણીને રસ્તો કરતાં કોઇ અટકાવનાર હોતું નથી. જે પ્રવાહ ડુંગરી મુલકોમાંથી વહેછે, તે પ્રવાહો શાંત રીતે વહેતા નથી, કારણ કે તેવી નદીઓને ટેકરા ટેકરી સામે અથડાઇ પોતાનો રસ્તો કરવો પડે છે. આવી નદીઓનાં પાણી ઉછાળા મારતાં અને ઘોંઘાટ કરતાં આગળ વધે છે. નદીનાં પાણી ઉંચી જગ્યામાંથી નીચી જગ્યામાં વહેવાનું કરે છે. જો પ્રવાહને વહેવાની જગ્યા ક્રમે ક્રમે ઢળતી જતી હોય છે, તો નદીનાં પાણી ઢાળ પ્રમાણે આગળ વહેવા લાગે છે, પરન્તુ કોઇ કોઈ જગ્યા ઘણી ઉંચી હોય છે, અને ક્રમશઃ ઢોળાવવાળી હોતી નથી; એટલે પાણીને એકદમ ઉંચી જગ્યા ઉપરથી એકદમ નીચી જગ્યામાં વહેવું પડે છે. જ્યારે પાણી આવી રીતે વહે છે, ત્યારે ધોધ ઉત્પન્ન થાય છે.

૩. નદીના ઉપયોગ.

વરસાદના દિવસોમાં મોટી નદીઓ ભરપૂર હોય છે, અને બીજી ઋતુમાં પણ તેના પ્રવાહો ચાલુ રહે છે. માત્ર નાની નદીઓ ઉનાળામાં સુકાઇ જાય છે. જે દેશમાં વરસાદ પડતો નથી, અથવા નામનોજ પડે છે, તે દેશમાં નદીની કેટલી અગત્ય છે, તે હવે તપાસીએ. આપણા દેશમાં સિંધની અંદર ઘણોજ થોડો વરસાદ વરસે છે, પરન્તુ સિંધુ નદી જેવી ગંજાવર નદી ઘણે દૂરનું પાણી ખેંચી લાવી ત્યાંના લોકોને પીવાનું પાણી પૂરૂં પાડે છે, એટલુંજ નહિ પણ તેની નહેરો સિંધના જુદા જુદા ભાગને ફળદ્રુપ બનાવે છે. બીજો દાખલો મીસર કે ઇજીપ્તનો છે. નાઇલ નદીએ પણ સિંધુ નદીની પેઠે આખા દેશને ફળદ્રુપ બનાવી દીધો છે. નદીઓ બીજી અનેક રીતે ઉપયોગી છે. મોટી નદીઓમાં વહાણ આવજા કરે છે, અને તે દ્વારા દેશના એક ભાગનો માલ બીજા ભાગમાં લઇ જઇ શકાય છે, અને તેથી વ્યાપાર કરવાનું સુગમ પડે છે. લોકોને પીવાનું મીઠું પાણી નદીઓ પૂરૂં પાડે છે, એટલુંજ નહિ પણ ન્હાવાધોવા માટે જોઇતું પાણી તે દ્વારા પૂરૂં પડે છે. નદીના ધોધથી મોટાં કારખાનાંઓ ચલાવવામાં આવે છે, અને તેથી અનહદ લાભ થાય છે. કાવેરી નદીના ધોધના જોરને વ્યર્થ જવા ન દેતાં તેનો યંત્ર ચલાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. નદી આ પ્રમાણે અનેક રીતે હિતકર છે, એટલુંજ નહિ પણ તે સૃષ્ટિસૌન્દર્યમાં સંગીન વધારો કરે છે.

૪. બોધ.

નદીના પ્રવાહને વહેતો જોઇ આ દુનીઆમાં બધું અસ્થિર છે, તેવું લાગે છે: વળી નદીને જોવાથી તેના પરોપકાર વિષે પણ કંઇ વિચાર આવે છે. પોતે અસ્વચ્છ થઇ બીજાને સ્વચ્છ કરવાનો મોટો ગુણ તેનામાં હોવાથી તે આશ્ચર્ય સાથે માનની લાગણી પેદા કરે છે.

અજવાળી રાત્રિ.

૧. આપણા દેશની અને ઠંડા દેશની રાત્રિ. ૨. કુદરતી દેખાવો. ૩. કવિની કલ્પના.

૧. આપણા દેશની અજવાળી રાત્રિ.

ઠંડા દેશમાં ચંદ્ર વાદળાંથી ઢંકાયલો રહે છે, અને સંપૂર્ણ પ્રકાશથી ક્વચિતજ પ્રકાશે છે. આ કારણથી તેમજ અત્યંત ઠંડીને લીધે તેવા દેશમાં રાત્રે ફરવા જવાની મજા પડતી નથી. આપણા દેશમાં અજવાળી રાત્રિ વિશેષ આહ્‌લાદક લાગે છે, કારણ રાત્રે અતિશય ટાઢ પડતી નથી, અને ચંદ્ર પોતાના સ્વચ્છ અને ધવલ પ્રકાશથી પૃથ્વીને શણગારે છે, તેમજ દિવસે કામ કરી કંટાળી ગયલા મનુષ્યનાં ચિત્તને શાંતિ તેમજ આનંદ આપે છે. મનુષ્યને તો શું, પરન્તુ પર્વત, વનસ્પતિ, વગેરે જે દિવસે તપેલાં હોય છે, તેને પણ ચંદ્રની જ્યોત્સ્ના શાંતિ આપે છે. તત્સંબંધે સાંભળો એક આધુનિક કવિના ઉદ્‌ગારઃ—

શાંતિ શીતળ વરસીને સુખમાં સુવાડું રાત્રિયે,
જે નદી, સરવર, અદ્રિ, તરવર, દિવસ તપિયાં તેમને;

રા. રા. નરસિંહરાવ.

૨. કુદરતના દેખાવો.

કેટલાંક જીર્ણ મકાનો, અને નાનાં નાનાં ઝુપડાંઓ દિવસે જોવાં ગમતાં નથી, તે ચંદ્રના તેજથી ઢંકાય છે, ત્યારે કંઇક વિચિત્રજ દેખાવ આપે છે. ચંદ્રના ધવલ તેજથી ધોળાયલાં ભવ્ય મકાનો આપણા ચિત્તને આકર્ષે છે, અને તે વખતે હર્ષ સાથે ભયની લાગણી ઉત્પન્ન કરતાં જણાય છે. આગ્રાનો તાજમહાલ, વડોદરાનો લક્ષ્મીવિલાસ કે ત્યાં આવેલી ભવ્ય પાઠશાળાનો ગંજાવર ઘુમટ અજવાળી રાત્રિએ ખરેખર મોહક થઇ પડે છે. વૃક્ષની ઘટામાંથી પસાર થતો ચંદ્ર થોડીવાર દેખાતો વળી અદૃશ્ય થઇ જતો, કોણે નહિ જોયો હોય ? આ સમયે પૃથ્વી નાનાં મોટાં

ચાંદરડાંથી છવાઈ ગયલી જણાય છે, અને જાણે તેના ઉપર રૂપેરી બુટ્ટાદાર શતરંજ પાથરી હોય નહિ તેવું લાગે છે: તેજ આધુનિક કવિએ કહ્યું છે કે;—

કો સમે વળી મધ્ય નભમાં રહું ઊભી ઝઝૂમતી,
નીચે સુતાં જે ઝાડઝુંડો ત્યાં નજર મુજ ઘૂમતી;
મુજ કરે રૂપેરી બુટ્ટાદાર શતરંજી ગુંથી,
ત્યાં પડી તે જોવા હું નાંખુ દૃષ્ટિ ઝીણી મથીમથી.

ચંદ્રના કિરણ દરીઆની સપાટી ઉપર પડવાથી જે દેખાવ ઉત્પન્ન થાય છે, તે તો ખરે અનિર્વર્ણનીય છે. કહ્યું છે કે,—

પૂર્ણ પામી વિકાસ મુખ મુજ હાસ કરતું પ્રેમથી,
તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે સામો હસી,
ને કરંતો મંદ મંદ ઘુઘાટ ભર આનંદ શું,
ફેંકી તરંગો મુજભણી ધીમે ધીમે નાચંત શું !

૩. કવિકલ્પના.

ચંદ્રને આકાશમાં ફરતો જોઇ, અને તેના કિરણને ગોખમાં પડતા જોઈ એક કવિ કહે છે કે;—

वीथीषु वीथीषु विलासिनीनां मुखानि संविक्ष्य शुचिस्मितानि ।
जालेषु जालेषु करंप्रसार्य लावण्यभिक्षा मटतीव चन्द्रः ॥

પૃથ્વી તેમજ આકાશને શુચિ પ્રકાશથી અલંકૃત જોઇ એક કવિએ કહ્યું છે કે:—

कर्पूरैः किमपूरि किं मलय जैरालेपि किं पारदैरक्षालि
स्फटिकोपलैः किमघटि द्यावापृथिव्योर्वपुः

પર્વત.

૧. હિન્દુસ્તાનના પર્વતોની પ્રખ્યાતિ. ૨. પર્વતનો દૂરથી દેખાવ. ૩. પર્વત ઉપર ગયા પછીનો દેખાવ. ૪. તેની ઉપયોગિતા. ૫. પહાડી લોકો.

૧. હિન્દુસ્તાનના પર્વતોની પ્રખ્યાતિ.

દુનીઆમાંના બધા પર્વતો કરતાં આપણા હિન્દુસ્તાનનો હિમાલય પર્વત ઉંચામાં ઉંચો છે. હિન્દુઓનાં ઘણાંજ પવિત્ર યાત્રાનાં સ્થાનો હિન્દુસ્તાનના જુદા જુદા નાના મોટા પર્વતોપર આવેલાં છે. પર્વત ઉપર આવાં સ્થાનો આવેલાં હોવાથી યાત્રાળુઓને તો 'એક પંથ ને દો કાજ' થાય છે. યાત્રાનો લાભ મળવા ઉપરાંત સૃષ્ટિસૌન્દર્ય નિહાળવાની પણ ઉમદા તક મળે છે. હિમાલય ઉપરના કૈલાસમાં સાક્ષાત્ શંકરનો વાસ છે. આબુ પર્વત ઉપર અંબાજી માતાનું સ્થાનક છે. પાવાગઢ ઉપર મહાકાલી વિ- રાજે છે. શેત્રુંજા ઉપર શ્રાવક લોકોનાં પવિત્ર, સુંદર અને પ્રખ્યાત દેહેરાં આવેલાં છે. ગિરનાર એ પણ મોટું યાત્રાનું સ્થળ ગણાય છે. પશ્ચિમઘાટ ઉપર હિન્દુઓનાં દેવસ્થાન અને બૌદ્ધધર્મની હેરત પમાડે તેવી ગુફાઓ છે.

આ માંહેના ઘણા ખરા પર્વતો પવિત્ર સ્થાનને લીધેજ પસિદ્ધ છે, એવું કંઇ નથી. તેઓ ઐતિહાસિક સ્થળ તરીકે પણ વિખ્યાત છે. એક પશ્ચિમઘાટનોજ દાખલો લઇએ. પશ્ચિમઘાટનાં શિખર અને તેના ઉ- પર બાંધેલા કિલ્લા જોતાંજ મહાન્ શિવાજીનું કોને સ્મરણ થતું નથી ?

૨. પર્વતનો દૂરથી દેખાવ.

બીજી ઋતુ કરતાં ચોમાસામાં પર્વતનો દેખાવ જોવા જેવો થઇ રહે છે. તેઓ લીલોતરીથી આચ્છાદિત થયલા હોવાથી, અને નાના મોટા ધો- ધના વહેવાથી અતિ રમણીય લાગે છે. ઘણે દૂરથી જોતાં તેનાં શિખરો આકાશની સાથે વાતો કરતાં હોય તેમ, અને તેની ઉપર વાદળાંનો ઘુમટ થઇ રહ્યો હોય તેમ જણાય છે.

૩. પર્વત ઉપર ગયા પછીનો દેખાવ.

પર્વત ઉપર ગયા પછી નવીનજ દેખાવ નજરે પડે છે. વૃક્ષના ઝુંડો, સરોવર, નાની મોટી ગુફાઓ, અને રમતાં રમતાં વહેતાં ઝરણાંઓ દેખાય છે. કેટલાક મોટા પત્થરો છૂટા પડી રહેલા હોય છે, અને એક કોરે આવી રહેલા હોવાથી નીચેની ખીણમાં પડું પડું થઇ રહ્યા હોયછે. નીચે નજર કરતાં તળેટીમાં વસેલાં ગામડાંઓનો દેખાવ ઘણોજ રમ્ય હોવાથી મનને હર્ષિત કરે છે.

૪. પર્વતોની ઉપયોગિતા.

પર્વતો એ કુદરતી કિલ્લા છે. હિમાલય એ ઉત્તર દિશામાં એક ન ભેદી શકાય તેવો સ્વાભાવિક કિલ્લો છે. પર્વતો ઉપર અનેક પ્રકારની ઔષધિ ઉગેલી હોય છે, તેથી જનસમૂહને તે ઘણા ઉપયોગી છે: વળી તેના પેટની અંદર પણ અનેક ઉપયોગી પદાર્થો સમાયલા હોય છે. પર્વતની અંદરથી ખનિજ પદાર્થો મળી આવે છે. હિમાલય પર્વતમાંથી તાંબુ. આબુ પર્વતમાંથી આરસપહાણ, અને પાવાગઢમાંથી મેંગેનીઝ નામની ધાતુ મળી આવે છે. યોગિઓને ધ્યાન ધરવા એકાંત વાસ તરીકે, બાહોશ ચિત્રકારને ચિત્રના ઉત્તમ આદર્શ તરીકે, અને કવિની કલ્પનાને ઉચ્ચ ઉડ્ડયન આપવાને માટે પર્વતો અચ્છાં સાધન છે. નદીઓનાં મૂળ અને ઘણાં સરોવરનાં ઘર પણ પર્વતોમાંજ હોય છે. પર્વત ઉપરની હવા સ્વચ્છ અને શીતળ હોવાથી તે ઘણી સુખદ અને પુષ્ટિકારક છે.

૫. પહાડી લોકો.

પર્વત ઉપર કે તેની આસપાસ રહેનારા લોકો ઘણાજ મજબુત, ઉત્સાહી, લડાયક અને હીંમતવાળા હોય છે. ગુરખાલોકો નેપાળના ડુંગરી પ્રદેશમાં રહે છે, અને તેઓ હાલ ઇંગ્રેજી લશ્કરના શણગાર રૂપેછે. અફઘાનિસ્તાનના અફઘાનો પણ કદાવર, અને હીંમતવાળા હોય છે, અને તેઓ પોતાની સ્વતંત્રતા આજ સુધી જાળવી રહ્યા છે, તેનું મુખ્ય કારણ

સ્વાભાવિક અનુકૂળતા છે. મરાઠાઓએ ડુંગરાઓમાં રહીનેજ પોતાની વિ-જયપતાકા ફરકાવી હતી, અને બ્રિટિશ સરકાર પણ હાલમાં જીબ્રાલ્ટરના કિલ્લામાં તોપો ગોઠવી, ભૂમધ્યસમુદ્ર ઉપરની અને પેશાવર, વગેરેના કિલ્લાઓમાં તોપો ગોઠવી હિન્દુસ્તાન ઉપરની સત્તા જાળવી રાખે છે.

સાગર.

૧. શોધ ખોળ સંબંધી ટૂંક હકીકત. ૨. ઊંડાઈ. ૩. ઉષ્ણતા. દબાણ. ૪. તળીઉં. ૫. સાગરનાં પ્રાણી અને તેમાંહેની વનસ્પતિ. ૬. સૂર્યનો પ્રકાશ કેટલે સુધી પહોંચી શકે છે તે વિષે. ૭. ઉપયોગિતા.

૧. શોધખોળ વિષે.

દરીઆનાં તળીઆં, પ્રવાહ, વગેરેની શોધ કરવા માટે ગ્રેટબ્રિટને ઇ. સ. ૧૮૭૨ માં ' ચેલેંજર ' નામની મનવાર જુદા જુદા વિભાગોમાં મોકલી હતી. આ મનવાર સાથે કેટલાક વિદ્વાનો પણ ગયા હતા, અને તેમાં ડબલ્યુ થોંપસન મુખ્ય હતો. આ મનવાર ઍટલૅન્ટિક અને પૅસિફિક મહાસાગરમાં શોધખોળ કરી ઇ. સ. ૧૮૭૬ ના મે માસમાં ઈંગ્લંડ પાછી ફરી. આ સફર દરમ્યાન દરીઆને લગતી જે જે હકીકત એકઠી કરવામાં આવી હતી, તેને છપાવી જાહેરમાં મૂકતાં પૂરાં ૨૦ વર્ષ ગયાં, એટલે એ સઘળી હકીકતનું છેલ્લું પુસ્તક ઇ. સ. ૧૮૯૫ માં બહાર પડ્યું હતું.

૨. ઊંડાઈ.

અત્યાર સુધીમાં જે શોધ ખોળ થઇ છે, તે ઉપરથી ઍટલેન્ટિક મ-હાસાગરની ઊંડાઇ ૨૩૨૫૦ ફીટ અને પૅસિફિકની ઊંડાઇ ૪૬૪૩ ફૅધમ (૧ ફૅધમ=૬ ફીટ) એટલે લગભગ પાંચ માઇલ જેટલી માલૂમ પડી છે.

૩. ઉષ્ણતા.

સાગરમાં જુદી જુદી ઊંડાઇએ ઉષ્ણતામાં ફેર પડતો દેખાય છે. જેમ જેમ વધારે ઊંડાઇએ જતા જઇએ છીએ, તેમ તેમ ઉષ્ણતા ઘટ-

તી જાય છે. જમીનમાં જેમ જેમ ઊંડા ઉતરતા જઇએ છીએ, તેમ તેમ ઉષ્ણતા વધતી જાય છે.

૪. જેમ ઊંડાઇ વધતી જાય છે, તેમ પાણીનું ઉપરથી નીચે થતું દબાણ પણ વધતું જાય છે, અને તે દબાણ ૨૦૦૦ ફૅધમની ઊંડાઇએ એટલું બધું વધી પડે છે, કે તેટલી ઊંડાઇએ ઘણા ખરા પદાર્થોનો ભૂકો જ થઇ જાય છે.

૫. તળીઉં.

૧૦૦ ફૅધમ કે ૬૦૦ ફીટની નીચે આવેલા ભાગ ઉપર જુદી જુદી જાતના રંગનો કાદવ મળી આવે છે. આ કાદવ લાલ, લીલો કે જાંબુડીઆ રંગનો હોય છે. ૧૦૦ ફૅધમથી ઓછી ઊંડાઇએ રેતી, કાદવ, અને નાના નાના પત્થર મળી આવે છે.

૬. દરીઆઇ વનસ્પતિ અને પ્રાણી.

૩૦૦ ફીટની ઊંડાઇ સુધી પ્રાણી તેમજ વનસ્પતિ મળી આવે છે. ૩૦૦ ફીટથી નીચેના ભાગમાં વનસ્પતિ હોતી નથી, પરન્તુ ત્યાં અગણિત સૂક્ષ્મ જંતુઓ વસે છે.

૭. પ્રકાશ.

સૂર્યના કિરણ ૭૦૦ ફીટ ઊંડે પેસી શકે છે, ૭૦૦ ફીટ પછી દરીઆમાં અંધકાર વ્યાપી રહ્યો હોય છે. ઊંડા પાણીમાં રહેતાં દરીઆઇ પ્રાણી પોતાના શરીરમાંથી પોતાની આસપાસ પ્રકાશ પાડી શકે છે. કેટલાંક પ્રાણીઓને આંખ હોતી નથી, તો બીજાં કેટલાંકની આંખો ઘણીજ મોટી અને પ્રકાશ આપી શકે તેવી હોય છે.

૮. ઉપયોગિતા.

સાગર ઘણો ઉપયોગી છે. બધી નદીઓનાં પાણીને તે પોતાની અંદર સમાવી દેછે. આથી કરીને મોટા મનવાળા અને ગંભીર માણસને સાગરની ઉપમા આપવામાં આવે છે. સાગરને એક કુદરતી મહાન્ ભઠ્ઠી

કહીએ તો કાંઇ ખોટું નથી. પૃથ્વી ઉપરના ક્ષાર તેની અંદર તણાઇ આવેલા હોવાથી, તેનું પાણી ખારૂં થઇ ગયલું હોય છે. સૂર્યના તાપથી અને પવનથી પાણી વરાળ રૂપે ઉપર ચઢી જાય છે, અને તેનાં આકાશમાં વાદળાં બંધાય છે, અને ક્ષાર ક્ષાર નીચે પડ્યો રહે છે. આમ છતાં પણ તરસ્યા માણસની તૃષા તે છીપાવી શકતો નથી, અને તેથી એક કવિએ યોગ્યજ કહ્યું છે કે;—

आस्तां तावदहो समुद्रमहिमा दूरेऽपि कर्णप्रियस्तीरे यस्य पिपासयैव मरणं प्राप्नोति शीघ्रं जनः ।

तस्मादंबुनिधेर्वरं लघुसरः कूपोऽथवा वापिका यत्र स्वीय करद्वयेन सलिलं पेपीयते स्वेच्छया ॥ .

સાગરમાં આ મોટો દોષ હોવા છતાં તેનામાં એટલા બધા ગુણ છે, કે તે દોષ આપણે ભૂલી જઇએ છીએ. તેના પાણીમાંથી આખી આલમને મીઠું પૂરૂં પડે છે, અને તેનાજ પાણીમાંથી માંસાહારી લોકોને પુષ્કળ માછલાં પૂરાં પડે છે. જાત જાતની દરીઆઇ માછલીઓનાં તેલ અનેક રીતે ઉપયોગી થઇ પડે છે. મોતી જેવી અમૂલ્ય વસ્તુ, વાદળી, પરવાળાં, તેમજ બીજી અનેક ઉપયોગી ચીજોનું સાગર ઘર છે. વહાણ અને આગબોટદ્વારા હજારો માઇલથી ભિન્ન ભિન્ન વસ્તુઓ ઘણા સરતા ભાવથી લાવી શકાય છે, અને આ રીતે સાગર એ વ્યાપારની વૃદ્ધિ કરવામાં સહાયભૂત થઇ પડે છે.

સૂર્ય.

Risen in Majestic blaze,
Lo ! the Universe's eye,
Vast and wondrous host of rays,
Shineth brightly in the Sky.

Soul of all that moveth not,
Soul of all that moves below,
Lighteth he earth's gloomiest spot,
And the heavans are all a glow.

૧. દેખાવ, ગતિ, વગેરે. ૨. તે પ્રાણી અને વનસ્પતિનું જીવન છે. ૩. સૂર્યોદય.

૧. દેખાવ, ગતિ, વગેરે.

ઘણે દૂરના પદાર્થને માત્ર નરી આંખે જોવાથી, અગર તેનો સ્પર્શ કર્યા વિના તેના ગુણનું યથાર્થ ભાન થતું નથી. આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા, વગેરેનું જે કદ દેખાય છે, તેના કરતાં તે અસંખ્યગણા મોટા છે, તેમ ખગોળવિદ્યાના સંસ્કાર વિના કોણ માને? આપણે એટલું તો જાણીએ છીએ, કે જેમ જેમ પદાર્થ અને આપણી વચ્ચે અંતર વધતું જાય છે, તેમ તેમ તે નાના દેખાય છે. ખગોળશાસ્ત્રીઓએ સૂર્ય આપણી પૃથ્વીથી ૯ ક્રોડ માઇલ દૂર છે, તેવી ગણતરી કરી છે, તો પછી તે કેટલો મોટો હોવો જોઇએ તેનો સહજ ખ્યાલ કરો! સૂર્ય સંબંધે એક તેવીજ મોટી ભૂલ થતી જોવામાં આવે છે. સૂર્ય પૂર્વમાં ઉગે છે, અને પશ્ચિમમાં આથમે છે, તેથી તે પૂર્વથી પશ્ચિમ દિશામાં જતો જણાય છે, અને પૃથ્વી સ્થિર જણાય છે. આગગાડી ચાલતી હોય છે, ત્યારે ઝાડ આપણી સામે દોડતાં આવતાં જણાય છે. ખરૂં જોતાં આગગાડીની વિરૂદ્ધ દિશામાં ગતિને લીધે આવો ભ્રમ થાય છે. પૃથ્વી પશ્ચિમથી પૂર્વ ફરે છે, તેથી સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ જાય છે, એવો ભૂલમાં નાંખનારો દેખાવ નજરે પડે છે.

સૂર્ય અગણિત વર્ષ થયાં હંમેશાં પોતાની ગરમી આસપાસના ગ્રહો અને ઉપગ્રહોને આપતો આવ્યો છે, તો તે ઉપરથી તમે વિચાર કરો કે તે કેટલો બધો ગરમ હશે!

૨. સૂર્ય, પ્રાણી અને વનસ્પતિનું જીવન છે.

સૂર્યનાં તાપને લીધે વનસ્પતિ માત્ર પાકે છે. તે વિના બધી વનસ્પતિ નાશ [illegible] પ્રાણીઓનો આધાર વનસ્પતિ [illegible] છે, અને વનસ્પ-

તિનો નાશ થાય તો પ્રાણીઓનો નાશ પણ અવશ્ય થાય. સૂર્યના પ્રકાશ વિના કેટલી બધી ખિન્નતા ઉત્પન્ન થાય છે, અને બધું શોકસાગરની અંદર ડૂબેલું લાગે છે ! અંધારામાં રહેવાથી વનસ્પતિ તેમજ પ્રાણીઓ ફીક્કાં અને નિર્માલ્ય થઇ જાય છે, અને અંતે મરી પણ જાય છે. સૂર્ય વિના ચૈતન્ય નથી, અને તેની ઉપયોગિતા કેટલી બધી છે, તે જ્યારથી પૃથ્વી ઉપર મનુષ્યનો વાસ થયો છે, ત્યારથીજ જાણવામાં છે. આજ કારણથી હિન્દુઓ તેને દેવ તરીકે પૂજે છે, આજ કારણથી વેદમાં મહર્ષિઓએ તેની સ્તુતિ કરેલી છે, અને આજ કારણથી આખા જગતને તે વંદ્ય છે.

૩. સૂર્યોદય.

જ્યાં સુધી ચંદ્ર પ્રકાશતો નથી, ત્યાં સુધી તારાગણના પ્રકાશની કીંમત છે, અને જ્યાં સુધી સૂર્ય પ્રકાશતો નથી, ત્યાં સુધી ચંદ્રના તેજની કીંમત છે. એક કવિએ યોગ્યજ કહ્યું છે કે;—

खद्योतो द्योतते तावद्यावन्नोदयते शशी
उदिते तु सहस्रांशौ न खद्योतो न चंद्रमाः

રાત્રિના ભયંકર અંધકારને છેદીને સૂર્ય પોતાના સોનેરી કિરણો ચારે તરફ ફેંકે છે. આ વખતે આખું જગત્ સોનેરી રસથી તેણે જાણે રસી દીધું ન હોય તેવું જણાય છે. સૂર્યોદય થતી વેળા સૂર્યના કિરણ વાદળાં ઉપર પડે છે, અને તેથી તે વિવિધ રંગ ધારણ કરે છે. આ વખતે વાદળાંઓ પોતાના આંગણાંમાં રંગબેરંગી સાથીઆ પૂરી સૂર્યને વધાવતાં ન હોય તેવો દેખાવ નજરે પડે છે. પક્ષીઓ પોતાના મધુર સ્વરથી, અને પવન પોતાની મીઠી મીઠી, અને મંદ મંદ લહરીઓથી સૂર્યને વધાવી લેતાં જણાય છે. ચંદ્ર પણ શરમાઇને છૂપાઇ જવા લાગે છે.

સૂર્યોદય થતાં લોકો ઉદ્યમે વળગી જાય છે, અને બધે આનંદ મંગલ છવાઇ રહે છે.

—:o:—

ઉદ્યાન—બાગ.

God Almighty first planted a Garden. And indeed it is the purest of human pleasures. It is the greatest refreshment to the spirits of man; without which buildings and palaces are but gross handy works:— Bacon.

૧. સ્વાભાવિક અને કૃત્રિમ બગીચા. ૨. શહેરમાં બગીચા હોવાની આવશ્યકતા. ૩. આપણા દેશના લોકો અને ઇંગ્રેજો વચ્ચે બગીચાના શોખ સંબંધે તફાવત. ૪. બગીચાથી શા શા લાભ છે?

સ્વાભાવિક અને કૃત્રિમ બગીચા.

અમુક અમુક દેશના કેટલાક વિભાગોમાં પર્વત અને વનની રચના એવી હોય છે, કે તે આખો વિભાગ એક કુદરતી બગીચો બને છે. આપણા હિન્દુસ્તાનમાં આવા કુદરતી અને વિશાળ બગીચા ઘણા છે, તોપણ આખા કાસ્મીર દેશ જેવો સુન્દર બગીચો હિન્દુસ્તાનમાં કે બીજા કોઇ દેશમાં ભાગ્યેજ હશે.

આવા બગીચામાં ફરી આનંદ લેવાને માટે બધા માણસો પાસે પૂરતાં સાધન હોતાં નથી; તેથી પોતાની રસજ્ઞતા સંતોષવા માટે મનુષ્યો નાના મોટા બગીચા બનાવે છે. આ કૃત્રિમ બગીચા, સ્વાભાવિક બગીચા આગળ કંઇ હિસાબમાં નથી, કારણ કે સ્વાભાવિક બગીચા વિશાળ હોય છે, અને કૃત્રિમ સંકુચિત હોય છે; વળી સ્વાભાવિક બગીચાની અંદર જે જાતના ભિન્ન ભિન્ન દેખાવો નજરે પડે છે, તેવા અને તેટલા દેખાવો કૃત્રિમ બગીચામાં નજરે પડવા અશક્ય છે; તોપણ ઉત્તમ કૃત્રિમ બગીચાઓ જેમ બને તેમ વિશાળ રાખવામાં આવેલા હોય છે, અને તેની અંદર વનસ્પતિ, પર્વત, ઝરણાં, વગેરેની ગોઠવણ કુદરતને અનુસરીને કરવામાં આવેલી હોયછે.

ગરીબ તેમજ તવંગરમાં એવો કોણ હશે કે જેને બગીચામાં ફરવાથી આનંદ નહિ થતો હોય? સ્વાભાવિક કે કૃત્રિમ બગીચાઓથી મોહ

પામી જુદા જુદા દેશના કવિઓએ તેનાં ઉત્તમ વર્ણનો આપેલાં છે. આપણા દેશના કાલીદાસ કવિનાં વનશ્રીવર્ણન ઉત્તમ પ્રતિનાં છે, અને અમુક અમુક સ્થળોનો બારીક અને તાદ્દશ ચિતાર આપણી પાસે તે ખડો કરે છે. ઇંગ્રેજી કવિ મિલ્ટને ઇડનના ઉદ્યાનમાં ઍડમ અને ઇવને સુખી જીંદગી ગાળતાં વર્ણવ્યાં છે. કવિ વર્ડ્ઝવર્થે, અને સ્કોટે સ્વાભાવિક ઉદ્યાનનાં તાદ્દશ અને રસિક ચિત્રો આપણી સમક્ષ ખડાં કર્યાં છે. કાઉપર કવિ તો પોતાનો નવરાશનો વખત પોતાના બગીચાની સંભાળ લેવામાંજ ગાળતો.

૨. શહેરમાં બગીચાની આવશ્યકતા.

શહેરમાં અને ગામડામાં બગીચાની કેટલી જરૂર છે, તે હવે આપણે તપાસીએ. શહેરના લોકો આખા દિવસના કામથી કંટાળી ગયેલા હોય છે, તેથી તેઓને સ્વચ્છ હવાની જરૂર છે; વળી શહેરના ઘોંઘાટથી મુક્ત થઇ તેઓ સાંજે શાંત જગ્યામાં થોડો વખત કાઢવાનું વધારે પસંદ કરે છે. માલથી ભરેલી દુકાનો, અને માણસોની ઠઠ્ઠ આખો દિવસ જોવાથી કંઇ નવીન અને મનહર જોવાની ઇચ્છા તેઓનામાં સહજ ઉત્પન્ન થાય છે. આ ઉપરથી શહેરમાં વિશાળ અને સાર્વજનિક એકાદ બગીચો પણ હોવાની કેટલી જરૂર છે, તે તરત સમજી શકાય છે.

શહેરમાં ખુલ્લી જમીન થોડી હોવાથી તેમજ મોંઘી હોવાથી તવંગર લોકોજ ખાનગી બગીચો બનાવી શકે છે. મોટા શહેરમાં સાધારણ વર્ગ, અને મજુર વર્ગની સંખ્યા મોટી હોય છે, અને તેઓના પાસે ખાનગી બગીચો બનાવવાનાં સાધન હોતાં નથી; તેથી વધારે નહિ તો એક પણ સાર્વજનિક બગીચાની મોટા શહેરમાં ઘણી જરૂર છે. સરકાર તેમજ બીજા દેશી રાજાઓ આવા બગીચાની જરૂરીઆત સમજે છે, અને તેથી મોટાં મોટાં શહેરોમાં સાર્વજનિક બગીચાઓ બનાવવામાં આવ્યા છે, અને આવે છે.

૩. આપણા દેશના લોકો અને ઇંગ્રેજો વચ્ચે બગીચાના શોખનો તફાવત.

ઇંગ્રેજો બગીચાના ઘણા શોખીન હોય છે. દરેક ઇંગ્રેજ બની શકે

તો પોતાનો ખાનગી બગીચો બનાવે છે, અને તેને ઉત્તમ પ્રકારનો બનાવવા માટે પૈસા અને વખતનો વ્યય કરે છે. ઉત્તમ બગીચો રાખનાર પોતાને ત્યાં સરસ બગીચો છે, એમ ધારી મગરૂબી ધરાવે છે, એટલુંજ નહિ પણ બીજાઓ પણ તેના ઉત્સાહ અને શોખને માટે તેના વખાણ કરે છે. ઘણાખરા શહેરીઓ ખાનગી બગીચો રાખવા સમર્થ હોતા નથી, તોપણ તેઓ બારીઓમાં જાત જાતનાં સુશોભિત કુંડાઓ લટકાવવા ચૂકતા નથી. ગામડામાં રહેતા ઇંગ્રેજો પોતાના ઘર આગળ એક સુન્દર બગીચો બનાવે છે, અને પોતાના ઘર આગળ કમાન વાળી તે ઉપર એકાદ સુશોભિત વેલ ચઢાવી દેછે. હવે આપણા તવંગર, મધ્યમ વર્ગના અને ગામડામાં રહેનારા લોકોની ખાસયત તરફ નજર કરો. અમુક શહેર અને અમુક વર્ગને બાદ કરીએ તો આપણા લોકોને બગીચાનો બીલકુલ શોખ હોતો નથી, તેમ કહેવું કંઇ ખોટું નથી. થોડાએક તવંગર લોકો દેખાદેખીથી ખાનગી બગીચા બનાવવા લાગ્યા છે, એટલું પણ સારૂં છે. શહેરમાં રહેતા મધ્યમ વર્ગના લોકો અને કેટલેક અંશે ગરીબ વર્ગના લોકો નાના કે મોટા ખાનગી બગીચા બનાવતા નથી, પણ સદ્‌ભાગ્યે તેઓ સાર્વજનિક બગીચામાં ફરવા જવાના લાભ સમજતા થયા છે, અને તેથી જવા પણ લાગ્યા છે, એ શુભ ચિહ્નો છે. આ પ્રમાણે સારા બગીચાઓમાં ફરવા જવાની ટેવથી તેઓનામાં રસજ્ઞતા કેળવાશે, અને ભવિષ્યમાં તેઓને પણ ઘરની કે ઝુંપડીની આસપાસ બગીચા કરવાનું મન થશે.

આપણા દેશનાં ગામડામાં રહેતા લોકોને ઘરની આસપાસ જમીનની છૂટ હોય છે, અને બગીચો બનાવવા માટે બીજાં પણ સાધન હોય છે, છતાં સામાન્ય રીતે તેઓનામાં પણ આ જાતનો શોખ જોવામાં આવતો નથી. બેશક તેઓને સ્વચ્છ હવાની ખોટ નથી, પરન્તુ બગીચો રાખવાના બીજા પણ અનેક લાભ છે.

૪. બગીચાથી શાશા લાભ છે?

નાના કે મોટા પરંતુ સ્વચ્છ અને સારી રચનાવાળા બગીચાથી

રસિકતા કેળવાય છે અને વનસ્પતિ કેવી રીતે ઉગે છે, તેનો અનુભવ થાય છે. વિધવિધ પ્રકારનાં પુષ્પોના રંગથી ચક્ષુને અને મીઠી સુગંધીથી ઘ્રાણેન્દ્રિયને સુખ થાય છે. સવારે કે સાંજે બગીચામાં બેસવાથી જ્ઞાનતંતુઓ શાંત થાય છે, અને તેથી મગજને પણ પુષ્ટિ મળે છે. બગીચામાંથી પૂજન માટે, શરીરને શણગારવા માટે, તેમજ મેજ ઉપર પુષ્પપાત્ર ફ્લૉવર–પૉટની અંદર રંગબેરંગી પુષ્પની રચના કરવા માટે મન ગમતાં કુસુમો વીણી લઇ શકીએ છીએ. બજારમાંથી પુષ્પ, પત્ર, ફળાદિ વેચાતાં મળી શકે છે ખરાં, પરન્તુ પોતાની જાત મહેનતથી, ઉછેરેલા છોડમાંથી જે પુષ્પ પત્ર કે ફળ મળે છે, તેથી કંઇક જુદીજ તરેહનો આનંદ પ્રાપ્ત થાય છે.

વૃક્ષો.

૧. વૃક્ષોની પ્રશંસા ૨. વૃક્ષોથી સારો વરસાદ થાય છે. ૩. લીલાં વૃક્ષો પ્રાણીમાત્રને ઉપયોગી છે. ૪ સુકાં વૃક્ષો પણ ઉપયોગી છે. ૫. ગેરફાયદા.

વૃક્ષોની પ્રશંસા.

વૃક્ષો કુદરતમાં એટલાં બધાં ઉપયોગી છે, કે તેની ઉપયોગિતાનું વિવેચન કરતાં પાર આવે નહિ. તેની ઉપયોગિતા એટલી બધી છે કે એક વૃક્ષને દશ પુત્રના જેટલું ઉપયોગી ગણવામાં આવ્યું છે. જુઓ;—

दशकूपसमावापी दश वापी समो ह्रदः ।
दश ह्रद समः पुत्रो दशपुत्रसमो द्रुमः ॥

પ્રાણી માત્ર ઉપર વૃક્ષો એટલો બધો ઉપકાર કરે છે કે તેને સત્પુરૂષોની ઉપમા આપવામાં આવી છે. જુઓ;—

छाया मन्यस्य कुर्वन्ति तिष्ठन्ति स्त्रयमातपे ।
फलान्यपि परार्थाय वृक्षाः सत्पुरुषाइव ॥

વૃક્ષોને પુત્રો અને સત્પુરૂષના જેવાં ગણવામાં આવ્યાં છે તે યથાર્થ છે.

૨ વૃક્ષોથી સારો વરસાદ થાય છે.

જ્યાં જ્યાં વૃક્ષોનાં જંગલ હોય છે, ત્યાં પુષ્કળ વરસાદ પડે છે. ઇંગ્રેજ સરકારે વૃક્ષોનું રક્ષણ કરવા ખાતર જંગલખાતું કાઢયું છે, અને દેશની આબાદીને માટે તે ખાતું જંગલોની સંભાળ રાખે છે, અને નવાં વૃક્ષો ઉગાડે છે.

૩. લીલાં વૃક્ષો મનુષ્ય તેમજ બીજાં પ્રાણીઓને બહુ કામનાં છે.

મનુષ્યોને લીલાં તેમજ સુકાયલાં વૃક્ષો અનેક રીતે કામમાં આવે છે. તેનાં મૂળીઆં દવા તરીકે વપરાય છે. થડના જુદા જુદા ભાગમાંથી ઘણા-જ ઉપયોગી પદાર્થો મળી આવે છે. બુચ એ બુચના ઝાડની છાલ છે. બાવળ, વગેરેની છાલ રંગવાના કામમાં આવે છે. તજ એ પણ તજના ઝાડની છાલ છે. થડની અંદરનો ગર્ભ પણ ખોરાક તરીકે ઘણોજ લાભ કારક છે. સાબુચોખા એ સાબુચોખાના ઝાડનો ગર્ભ છે. થડમાંથી નીક-ળતા રસ પણ અનહદ ઉપયોગી છે. ગુંદર એ બાવળ, લીમડા, વગેરે વૃક્ષોનો રસ છે. ટર્પેન્ટાઇન એ ફર નામના ઝાડનો રસ છે, અને રબર એ પણ રબરના ઝાડનો રસ છે.

હવે પાંદડાં કેટલાં બધાં ઉપયોગી છે, તે આપણે જોઇએ. પાંદડાં હવાને સ્વચ્છ કરે છે. પ્રાણીમાત્ર કાર્બોનિક ઍસિડ નામનો વાયુ, શ્વાસ બહાર કાઢતી વેળા બહાર કાઢે છે, તે વાયુ, પાંદડાં પોતાનાં છિદ્રદ્વારા શો-પી લેછે. કાર્બોનિક ઍસિડ ગૅસની અંદરથી પોતાને ઉપયોગનું કાર્બનતત્ત્વ રાખી, વનસ્પતિ આપણને ઉપયોગી એવો ઑક્સિજન વાયુ બહાર કાઢે છે. આ પ્રમાણે પાંદડાં કુદરતમાં એક ઘણુંજ અગત્યનું કાર્ય કરે છે. અધમ વર્ગનાં પ્રાણીઓનો તે ખોરાક છે, અને પીપળાનાં, લીમડાનાં, અને તેવાં અનેક વૃક્ષોનાં પાંદડાં મનુષ્યને અનેક રીતે ઉપયોગમાં આવે છે. પાંદડાંથી વૃક્ષો છાંયો આપી શકે છે, અને પક્ષીઓ, વગેરેનો વૃક્ષ ઉપરનો વાસ ઢંકાયલો રહે છે.

કેટલાંક વૃક્ષોનાં ફળ ઘણાં સ્વાદિષ્ટ હોય છે, અને તે મનુષ્ય તેમજ બીજાં પ્રાણીઓ ખાય છે. જંગલમાં રહેનારા કેટલાક લોકો તેમજ બીજાં પ્રાણીઓ તો ફળ ઉપરજ ગુજરાન ચલાવે છે.

ફળની છાલ, તેનો ગર્ભ, કે તેનો રસ દવા તરીકે વપરાય છેઃ ફળની છાલમાંથી–લીંબું, નારંગી, વગેરેની–જાત જાતનાં ઉપયોગી અને સુગંધી તેલ મળી આવે છે.

૪. સુકાયલાં વૃક્ષો બહુ કામનાં છે.

વૃક્ષો સુકાઇ જાય છે, ત્યારે તેના થડમાંથી પાટીઆં, વગેરે વેરવામાં આવે છે. સાગ, સીસમ, આંબા, આંબલી, બાવળ, વગેરેનાં થડ ઇમારતી લાકડું પૂરૂં પાડે છે; વળી થડ અને ડાળીઓ બળતણ તરીકે વપરાય છે, અથવા તેના કોલસા પાડવામાં આવે છે.

વૃક્ષો જ્યારે આટલાં બધાં ઉપયોગી છે, ત્યારે આપણે કહેવુંજ પડશે કે,—

अहो एषां वरं जन्म सर्व प्राण्युपजीवनम् ।
धन्या महीरुहा येभ्यो निराशा यान्ति नार्थिनः ॥

૫. ગેરફાયદા.

જ્યાં ઘણાં વૃક્ષોનો સમૂહ હોય છે, એટલે જ્યાં જંગલ હોય છે, ત્યાંની હવા તંદુરસ્તીને બગાડનારી છે. અત્યંત શરદ હવાને લીધે અનેક જાતના રોગ ઉત્પન્ન થાય છે, અને ખાસ કરી મેલેરીઆ નામનો તાવ લાગુ પડે છે, જંગલની અંદર હિંસક પ્રાણીઓ છૂપાઇ જાય છે, અને વૃક્ષોની બખોલમાં ભયંકર સર્પાદિ ભરાઇ રહે છે.

' ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. '

૧. કહેવતની દાખલા સાથે સમજુતી. ૨. ખંતથી ઉદ્યોગ કરવો એ સ્વાભાવિક જણાય છે. મધમાખી કીડી, વગેરેના દૃષ્ટાંતો. ૩. ખંત અને ઉદ્યોગથી ફત્તેહમંદ થયલા માણસોનાં થોડાં દૃષ્ટાંતો. ૪. દૃઢ અને અસ્થિર નિશ્ચયવાળા માણસો. ૫. બોધ: ઈશ્વરકૃપા.

૧. કહેવતની દાખલા સાથે સમજુતી.

જેવી રીતે સરોવર ક્રમે ક્રમે તેની અંદર પાણી પડવાથી, ભરાઇ જાય છે, અને જેવી રીતે એક મોટું મકાન એક ઉપર એક એમ પત્થર કે ઇંટ મૂકી પૂરૂં કરી શકાય છે, તેમ શ્રમ અને ખંતથી દરેક કામ -ભલે પછી તે મહાભારત હોય—તોપણ પાર પાડી શકાય છે. ઉદ્યોગ અને ખંતથી શું નથી થઇ શકતું ? જળ ત્યાં સ્થળ બનાવાય છે, અને સ્થળને ઠેકાણે જળ લાવી શકાય છે, મુંબઇના દરીઆ કિનારાનો કેટલોક ભાગ શાથી પૂરાયો ? સુએજની નહેર શાથી ખોદાઇ ? આ બધું સતત શ્રમને લીધેજ પાર પાડી શકાયું છે. યોગ્ય૦ કહ્યુંછે કે,—

योजनानां सहस्त्रं तु शनैर्गच्छेत्पिपीलिका ।
अगच्छन्वैनतेयोऽपि पदमेकं न गच्छति ॥

૨. ઉદ્યમ કરવો, અને તે ખંત રાખી કરવો, એ પણ સ્વાભાવિક લાગે છે. જુઓ, મધમાખી એક એક પુષ્પમાંથી મધ બનાવવા માટે મીઠો રસ એકઠો કરે છે અને કીડીઓ પણ અવિરત પ્રયાસથી એક એક કણ લાવી સંગ્રહ કરી રાખે છે. પક્ષી પણ એક એક તણખલુ લાવી માળો બાંધે છે, તો પછી બુદ્ધિશાળી મનુષ્યે ખંતથી ઉદ્યોગ ન કરવો એ કેટલું બધું અસ્વાભાવિક છે ! કેટલુંબધું શરમ ભરેલું છે !

પ્રસિદ્ધ વક્તા ડીમૉસ્થિનીઝ ખોડથી ભરેલો હતો, એટલે તે શુદ્ધ ઉચ્ચાર કરી શકતો નહોતો, બુલંદ અવાજ કાઢી શકતો નહોતો, અને

દમલેલ હોવાથી લાંબો વખત બોલી શકતો પણ નહોતો. પોતાના મોંમાં કાંકરા રાખી, દરીઆ કિનારે બૂમો પાડી, અને ટેકરી ઉપર દોડી આ બધી ખામીઓ તેણે દૂર કરી, અને દુનીઆમાં એક મહાન્ વક્તા ગણાયો. આ બધું શાથી થયું ? પોતાનો ઉદ્દેશ પાર પાડવા તે મથ્યો–ખંત અને ધૈર્યથી મથ્યો–અને અંતે જય પામ્યો. પ્રખ્યાત જૉન રસ્કિન કહેછે કે;—

" Patience is at the root of all pleasures as well as of all powers. " તેવીજ રીતે ખંતથી કામ કરવાથી સાધારણ બુદ્ધિનો માણસ પણ અસાધારણ કાર્ય કરવામાં ફત્તેહ મેળવે છે. એક વિદ્વાન્ કહે છે કે;—

With ordinary talents and extraordinary perseverance, all things are attainable. "

મીલો નામનો માણસ શરૂઆતમાં દરરોજ એક વાછરડું લઇ ટેકરી ઉપર ચઢતો અને ઉતરતો; અંતે તે એક બલવાન આખલા સાથે કુસ્તી કરવા સમર્થ થયો. સૅન્ડો નાની વયમાં ઘણોજ કોમળ અને નિર્બળ હતો. હંમેશાં નિયમિત કસરતથી હાલમાં તે એક સિંહની સાથે કુસ્તી કરવા અને ભારે વજન ઉંચકવા સમર્થ થયો છે. ખંત અને ઉદ્યોગથી એક હાથ વિનાનો છોકરો કેટલું કરી શક્યો તે નીચે આપેલા દૃષ્ટાંત ઉપરથી માલૂમ પડશે.

સીસાર ડ્યુકોર્નેટ નામનો ફ્રેંચ ચિત્રકાર હાથ વિના જન્મ્યો હતો. હાથને બદલે તેણે પગનાં આંગળાં વડે અથાગ શ્રમ લઇ ચિતરવાનો મહાવરો પાડયો. ચિત્રકળામાં તે એટલો બધો પ્રવીણ થયો, કે પારિસની રૉયલ ઍકેડેમિની અંદર ચિત્રકામ માટે ઉમેદવારો દાખલ કરવાના હતા, ત્યારે ૨૨૫ ઉમેદવારમાં તેનો બીજો નંબર આવ્યો. ફ્રાન્સનો રાજા આ વાત સાંભળી એટલોબધો પ્રસન્ન થયો કે તેણે તેને એક સારૂં પેન્શન બાંધી આપ્યું. આ પેન્શન મળ્યા પછી ડ્યુકોર્નેટે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો, અને તે એક ઉત્તમ ચિત્રકાર નીવડયો.

૪. દૃઢ અને અસ્થિર નિશ્ચયવાળા માણસો.

ગમે તેવું કઠિન કામહોયછે, તો દૃઢ નિશ્ચયવાળો માણસ વિચારીને તે કામ પાર પાડવા યોજના ઘડી કાઢે છે. અસ્થિર નિશ્ચયવાળો માણસ એક યોજના ઘડી કાઢે છે, અને થોડા વખતમાં તે યોજના છોડી દે છે. અસ્થિર નિશ્ચયવાળો અને ઉતાવળીઓ માણસ કામ મોટું કે કઠણ હોવાથી બી જાયછે, પરન્તુ દૃઢ નિશ્ચયવાળો અને ધીરો માણસ હીંમત રાખી કટકે કટકે તે કામ પાર પાડે છે. ઉતાવળીઓ માણસ ગભરાઇ અયોગ્ય કાળે અને અયોગ્ય સ્થળે નિરૂપયોગી સાધનો કામે લગાડે છે, પરન્તુ ધીરો અને દૃઢ નિશ્ચયવાળો માણસ યોગ્ય કાળે અને યોગ્ય સ્થળે જોઇએ તેવાં અને જોઇએ તેટલાં ઉપયોગી સાધનો કામે લગાડે છે.

૫. બોધ; ઇશ્વરકૃપા.

મનુષ્યનો ધર્મ ખંતથી ઉદ્યોગ કરવો એ છે. મહાભારત કે કઠિન કામથી ડરવું એ મનુષ્યજાતિને છાજતું નથી. વળી એટલું પણ યાદ રાખવું, કે મનુષ્ય પ્રયત્ન કરેછે, પણ કાર્યની સિદ્ધિ ઇશ્વરની કૃપા વડેજ થાયછે. ઈંગ્રેજીમાં એક કહેવત એવોજ અર્થ સુચવે છે. "Man proposes & God disposes."

એટલું પણ ખરૂં છે કે ઇશ્વર મહેનતુને સાહાય્ય કરે છે. હરક્યુલીસ અને ગાડીવાનની કથા આ સત્યની સાક્ષી પૂરે છે. વળી કહ્યુંછે કે,—

उद्यमं साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः ।
षडेते यत्र वर्त्तन्ते तत्रदेवः सहायकृत् ॥

———(०)———

'ઉજળું એટલું દૂધ નહિ.'

Who knows himself a braggart
Let him fear this; for it will come to pass
That every braggart shall be found an ass.

Shakespeare.

૧. દૃષ્ટાંત સાથે સમજુતી. ૨. ભૂલ શાથી થાય છે ? ૩. રૂપથી નહિ પણ ગુણથી મોહવું. ૪. બોધ.

૧. દૃષ્ટાંત સાથે સમજુતી.

જે ઉજળું દેખાય છે, તે બધું દૂધ હોતું નથી. આકડાનું દૂધ દૂધ જેવુંજ દેખાય છે, પણ તે પીવાથી મૃત્યુ નીપજે છે. કેટલાંક વૃક્ષોનાં ફળ ઘણાંજ દેખાવડાં અને ચિત્તાકર્ષક હોય છે, પરન્તુ તે ખાવાથી અનિષ્ટ પરિણામ આવે છે. આજ પ્રમાણે ઢોળ ચઢાવેલો તાંબાનો સીક્કો રૂપા કે સોનાના સીક્કા જેવો દેખાય છે, પરન્તુ તે રૂપાનો કે સોનાનો ખરો સીક્કો નથી. પિત્તળ પણ સોના જેવું ચળકે છે, પણ તે સોનું નથી. ઇંગ્રેજીમાં એક કહેવત છે કે ' All that glitters is not gold ' તે આપણા દૃષ્ટાંતોને ટેકો આપે છે.

જેવી રીતે વસ્તુના માત્ર ઉપરના દેખાવથી આપણે કેટલીક વેળા છેતરાઇએ છીએ, તેવી રીતે દંભ કરનારા માણસોથી પણ છેતરાઇએ છીએ. બધાં માણસો લુચ્ચાં હોતાં નથી, પરન્તુ સારાં કયાં અને ખોટાં કયાં એ બરાબર જાણવા વખત અને અનુભવની જરૂર છે. દુષ્ટ માણસો ધારે છે કાંઈ, બોલે છે કાંઇ અને કરે છે કાંઈ. દુર્જનોની જીભ ઘણી મીઠી હોય છે, પરન્તુ, તેઓના અંતઃકરણમાં કપટ હોય છે. પોતાનું કામ સાધી લેવા તેઓ પોતાનાં છટાદાર ભાષણથી આપણને આંજી નાંખવા પ્રયત્ન કરે છે, અને જે બાબતની અંદર તેઓ કંઇ પણ જાણતા હોતા નથી, તે બાબતનું તેઓ અચ્છું જ્ઞાન ધરાવવાનો ડોળ ઘાલે છે. તેઓના સંબંધમાં યોગ્ય જ કહેવામાં આવ્યું છે કે:—

दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥
दुर्जनः प्रियवादी च नैतद्विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदि हालाहालं विषम् ॥

૨. ભૂલ શાથી થાય છે?

માણુસ ફસાય છે, તેનાં મુખ્ય ત્રણ કારણ છે; ૧. ઉપરનો ભપકો ૨. અજ્ઞાન. અને ૩. વિશ્વાસ.

વકતૃત્વ શક્તિથી માણસ ઘણીવાર લોભાઈ આડે રસ્તે દોરાઇ જાય છે. પ્રખ્યાત સિસરો પણ કહે છે, કે જ્યારે સુવક્તા પાસે સંગીન દલીલો હોતી નથી, ત્યારે તે છટાદાર અને જુસ્સાવાળા ભાષણથી લોકોને મોહ પમાડી પોતાનું કાર્ય સાધી લે છે. પોશાકના ભપકાથી ભૂલ ખાઇ માણુસ અવળે રસ્તે દોરાઈ જાય છે. યુરોપ ખંડના જુદા જુદા દેશોમાં બનાવટી વસ્તુઓનો એટલો બધો ઉપયોગ કરવામાં આવે છે, કે એક જુવાનને એક ઘરડી ડોસીએ છેતર્યાનો એક રમુજી દાખલો આપવામાં આવે છે. આ ડોસી કૃત્રિમ દાંતથી, બનાવટી પગથી, અને કૃત્રિમ વાળ અને મો ઉપર લગાડવાના રંગથી જુવાન અને ખુબસુરત સ્ત્રી જેવી દેખાતી હતી. બાહ્ય દેખાવથીજ અને રૂપનેજ મોહનારો એક જુવાન તેની સાથે પ્રેમમાં પડયો, અને તેની સાથે લગ્ન પણ કર્યાં. લગ્ન કર્યા પછી તે ડોસીએ તે જુવાન પાસે પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકટ કર્યું. રૂપ અને ભપકાથી મોહ પામનાર જુવાનની કેવી ફજેતી! ઘણા માણુસો રૂપથી મોહે છે, પરન્તુ તેમાં તેઓની મોટી ભૂલ થાય છે, કારણ કે સ્વાભાવિક સૌન્દર્ય અને યુવાવસ્થાનો કાળ જતાં નાશ થાય છે; માત્ર ગુણજ હંમેશાં એક સરખી રીતે આનંદપ્રદ થઇ પડે છે, અને એકની એક અવસ્થા જાળવી રાખે છે. સૉક્રેટિસ વિરૂપ હતો, છતાં તેના ગુણને લીધેજ તેનું નામ અમરછે.

માણુસ અજ્ઞાનથી પણ ભૂલ ખાય છે. રણમાં મુસાફરી કરનારા ઝાંઝવાના જળને પાણી માની તેના તરફ આતુરતાથી જાય છે. કિરણના વક્રીભવનના નિયમથી અજ્ઞાત માણુસ પાણી બહુ ઊંડું નથી, તેમ ધારી તેમાં પડે છે, અને ઘણી વેળા પોતાનો જાન ખુએ છે.

દુનીઆમાં જાત જાતનાં માણુસો છે, અને તે બધાં સારાં હોતાં

નથી. માણસની કસોટી કરી તેનામાં વિશ્વાસ મૂકવાની સંભાળ રાખવી જોઇએ. દોંગા માણસો અમુક વખત સુધી–જ્યાં સુધી કામ કાઢી લેવું હોય ત્યાં સુધી–આપણો વિશ્વાસ મેળવે છે, અને કામ થઇ રહ્યા પછી આપણા સામું પણ જોતા નથી.

૩. બોધ.

આવા માણસોથી બહુ ચેતતા રહેવાની જરૂર છે. સિંહનું ચામડું પહેરેલો ગધેડો પોતાનું ખરૂં સ્વરૂપ ક્યાં સુધી છુપાવી શકશે? ખોટો માણસ એકાદ વખત છેતરી શકશે, પણ ખોટું અંતે પકડાયા વિના રહેશે નહિ, અને તે બેશરમ માણસનો કોઇ વિશ્વાસ રાખશે નહિ એટલું જ નહિ, પણ તે બધાના ધિક્કારને પાત્ર થશે. ટૂંકામાં એટલું જ કે વસ્તુને બરાબર તપાસ્યા વિના એટલે તેના ગુણ દોષનો સારો અનુભવ લીધા વિના તેનાથી મોહી જવું નહિ.

‘ સોબત તેવી અસર’

यादृशैः संनिविशते यादृशांश्चोप सेवते ।
यादृगिच्छेच्च भवितुं तादृग्भवति पूरुषः

૧. નાનપણમાં બાળકોના આચાર વિચારનો આધાર મા બાપ ઉપર; નિશાળે ગયા પછીના આચાર વિચારનો આધાર શિક્ષક અને નિશાળીઆ ઉપર. ૨. જુવાનીમાં મૈત્રી બાંધતાં ઘણી સંભાળ રાખવાની જરૂર છે; એકજ સ્વભાવનાં પ્રાણીઓ સાથે રહી શકે છે. ૩. છેવટ બોધ અને મહાત્માની વડાઇ.

૧. બાળકના આચાર વિચારનો ઘણો આધાર તેનાં માબાપના વર્તન ઉપર રાખે છે. નાનપણમાં તેઓના ઉપર જે છાપ પડે છે, તે મોટી વયે પણ ભુંસાતી નથી. બાળક નિશાળે જતાં થાય છે, ત્યારે શિક્ષકના વર્ત-

નની છાપ તેઓના ઉપર પડે છે. શિક્ષકનું વર્ત્તન ઉંચા પ્રકારનું હોય છે, તો દેખાદેખીથી બાળકોનું વર્ત્તન પણ ઘણું સુધરે છે. નિશાળનાં છોકરાંઓના વર્ત્તનની પણ તેઓના ઉપર અસર થાય છે. નાનપણમાં આપણાં છોકરાં સારાં છોકરાંની સોબત રાખે એવી ખાસ સંભાળ રાખવાની જરૂર છે. જે કુટેવો અને દુર્ગુણો ખરાબ છોકરાંની સોબતથી આપણાં બાળકોમાં આવે છે, તે સજડ મૂળ ઘાલી બેસે છે, અને તેથી મોટી વયે પણ તે કુટેવો અને દુર્ગુણોને દૂર કરવાનું કામ ઘણુંજ કઠિન થઇ પડે છે.

૨. જુવાનીઆઓએ મિત્રની પસંદગી કરવામાં ઘણીજ સંભાળ રાખવાની છે. આ વખતે જે જે આચાર વિચાર બંધાય છે, તે હંમેશાંને માટે બંધાય છે, તેમ નક્કી સમજવું. આળસુ છોકરાઓની સોબતથી આળસુ થવાય છે, અને જુગારી, તેમજ બીજા દુર્ગુણવાળા છોકરાઓની સોબતથી તેના જેવા થવાય છે. એક જાતના સ્વભાવ અને એક જાતની ટેવ કે ખાસયતવાળા છોકરાઓ વચ્ચે ગાઢ મૈત્રી થાય છે. આળસુ અને ઉદ્યોગીને બનતું નથી, તેમજ સાચા અને જુઠાને પણ બનતું નથી. ઘણા ખરાબ છોકરાની સંગતિથી એક સારો છોકરો બગડે છે, પણ ઘણા સદ્‌ગુણી છોકરાની સંગતિથી એક ખરાબ છોકરો સુધરે છે. જે જાતના મિત્રોની સાથે આપણે ફરીએ છીએ, તે પ્રમાણે લોકોમાં આપણી કીંમત થાય છે. હલકા લોકોની સાથે સોબત કરવાથી આપણી આબરૂ હલકી થાય છે, અને સારા માણસની સોબતથી આપણી આબરૂ વધે છે. બને ત્યાં સુધી કોઇ વખત પણ નઠારાની સાથે હરવું ફરવું નહિ, કારણ કે તેવા માણસની સાથે લોકો આપણને એકાદ વખત જુએ છે, તો પણ આપણા વિષે તેઓ હલકો વિચાર બાંધે છે. સદ્‌ગુણ કરતાં દુર્ગુણનો ચેપ જલદી ચોટી જાય તેવો છે. મોટી વયે મિત્રની પસંદગીનો આધાર પણ આપણા પોતાના ઉપરજ છે, તો પછી જે જાતના સોબતી આપણે પસંદ કરીએ છીએ, તેને માટે આપણે પોતેજ જવાબદાર છીએ. સજ્જન દુર્જનથી કેટલા દૂર રહે છે, તેનો એક જૂનો દૃષ્ટાંત ઘણો બોધક છે. એક વખતે

સાઇરાક્રુઝના જૂલમી રાજા ડાયોનીસીઅસે પ્લેટોને બોલાવવા માણસ મોકલ્યું. ડાયોનીસીઅસ કેવો હલકો છે, તે પ્લેટો સારી પેઠે જાણતો હતો. આથી તેણે પેલા માણસને કહ્યું, કે તમે તમારા રાજાને કહો કે જેવી રીતે દુર્ગુણ અને સદ્‌ગુણની ઐકયતા સંભવતી નથી, તેવી રીતે મારી અને તમારી ઐકયતા સંભવતી નથી, માટે હું તમારી પાસે આવવા માગતો નથી.

કુદરતમાં પણ એકજ સ્વભાવનાં પ્રાણીઓ એકઠાં રહી શકે છે. કહેવત છે કે 'Birds of a feather flock together.' ઉંદર અને બિલાડીનો, તેમજ સિંહ અને બકરીનો એક રાગ થશે? ના, નહિજ. તેજ પ્રમાણે મૂર્ખ અને પંડિત, દુર્ગુણી અને સદ્‌ગુણી, લોભી અને ઉદાર, જુઠા અને સાચા વચ્ચે એક રાગ થવો અશક્ય છે. સારા માણસો એક બીજાને મદદ કરે છે, અને દુઃખની વખતે તન, મન અને ધનથી મદદ આપે છે. દુષ્ટ લોકો એક બીજાનાં છિદ્રો ઉઘાડાં કરે છે, દુર્ગુણમાં રાચે છે, અને દુઃખની વખતે વેગળા રહે છે.

૩ સાધારણ મનુષ્યોએ તો દુર્ગુણીથી વેગળાજ રહેવું. મહાત્માઓ દુર્ગુણીને સુધારવા ખાતર તેઓની સાથે રહે છે, અને તેઓને સુધારે છે પણ ખરા. તેઓના ઉપર દુર્ગુણી કંઈ પણ અસર કરી શકતા જ નથી, કારણ કેઃ—

विकृतिं नैव गच्छन्ति सङ्गदोषेण साधवः ।
आवेष्टितं महासर्पैश्चन्दनं न विषायते ॥

'અતિ લોભ તે પાપનું મૂળ.'

૧. મનુષ્યની એક ફરજ. ૨. કરકસર, લોભ અને અતિલોભ. ૩. અતિલોભી સુખી નથી; તે બધા અનર્થનું મૂળ થઇ પડે છે.

૧ મનુષ્યની એક ફરજ.

મનુષ્ય જે કંઇ કમાય છે, તે બધાનો ઉપયોગ પોતાને માટેજ કરી

નાંખેછે એ ઠીક નથી. યથાશક્તિ દાન કરવું એ પણ મનુષ્ય તરીકેનું એક કર્તવ્ય છે. પોતાનું પેટ તો કૂતરાં બિલાડાં પણ ભરે છે, પરન્તુ પોતાની કમાણીનો થોડો ભાગ પરોપકારાર્થે વાપરવો એ મનુષ્યત્વનું એક લક્ષણ છે. નીચેના શ્લોકોમાં દાતાની જે પ્રશંસા કરી છે તે યોગ્યજ છે.

दानेन श्लाघ्यतां यान्ति पशुपाषाणपादपाः ।
दानमेव गुणःश्लाघ्यः किमन्यैर्गुणकोटिभिः ।
शतेषु जायते शूरः सहस्रेषु च पंडितः ।
वक्तादशसहस्रेषु दाता भवति वा न वा ॥

૨. કરકસર, લોભ અને અતિલોભ.

કરકસર કરવી આવશ્યક છે. કરકસરથી માણસ પોતે સુખી થાય છે, અને બીજાને સુખી કરી શકે છે. કરકસર કરવાથી લાખો રૂપિઆ પરોપકાર કરવામાં વાપરી શકાય છે. એક લક્ષાધિપતિ વિષે કહેવાય છે, કે જ્યારે કેટલાક માણુસો તેની પાસે પરોપકારના કામમાં અમુક રકમનો ફાળો ભરાવવા આવ્યા, ત્યારે તે ધનાઢ્ય વેપારી એક નજીવા નુકસાન માટે પોતાના નોકરને ધમકાવતો હતો. નજીવા નુકસાનમાં આટલી ધમકી આપે છે, તે માણસનો જીવ કેટલોબધો લોભીઓ હશે, તેવું અનુમાન બાંધી તેઓ ત્યાંથી ચાલ્યા જવાનો વિચાર કરતા હતા; પરન્તુ સદ્દભાગ્યે તેઓએ તે વિચાર માંડી વાળ્યો, અને તેની પાસે ફાળો લઇ ગયા. તે વેપારીએ એક સારી રકમ તે ફાળામાં ભરી આપી. ફાળો ભરાવનારાઓએ પોતાનો ચાલ્યા જવાનો વિચાર તે વેપારીને કહી બતાવ્યો, ત્યારે તે ધ-નાઢ્ય વેપારીએ જવાબ આપ્યો, કે નાની નાની બાબતોમાં કરકસર કરી હું પૈસા બચાવી શકયો છું, અને તેથીજ આવડી મોટી રકમ હું તમને આપી શકુંછું'. બેકનનું કહેવું ખરૂં છે કે 'Riches are for spending and spending for honour and good actions.

કેટલાક માણુસો એવા થાય છે, કે તે પોતાનો શોખ પૂરો પાડવા કે ખાવા પીવામાં છૂટથી પૈસા વાપરે છે, અને બીજા પૈસા સંગ્રહી રાખે છે. બીજા કોઇને આપવાની વાત આવે છે, ત્યારે તેઓ કંઈ આપવાની આનાકાની કરેછે, અથવા જ્યારે કંઈ આપે છે, ત્યારે તેની શક્તિના પ્રમાણુમાં ઘણુંજ થોડું આપે છે. આ કરતાં પણ ઉતરતી પંક્તિના લોકો હોય છે. તેઓ પોતે ખાતા નથી, અને બીજાને ખાવા પણુ દેતા નથી. તેઓ માત્ર પૈસો એકઠો કરી તેના રક્ષક તરીકેનું કામ કરે છે. પહેલા પ્રકારના માણુસોને આપણે લોભીના વર્ગમાં મૂકીશું, અને બીજા પ્રકારના માણુસોને કૃપણુ અથવા તો અતિલોભી કહીશું. અતિલોભી પોતાનું ધન પોતે વાપરતા નથી, કે બીજાને વાપરવા આપતા નથી, તેથી અંતે તેનો નાશ થાય છે. કહ્યું છે કે;—

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

કૃપણુ અને દાતા વચ્ચે કેટલો બધો ફેર છે! કૃપણુ પૈસાને પોતાના માંસની પેઠે જાળવી રાખે છે, ત્યારે દાતા શરીરના મેલની પેઠે તેને કાઢતો જાય છે. જુઓ;—

रक्षन्ति कृपणाः पाणौ द्रव्यं क्रव्यमिवात्मनः ।
तदेव सन्तः सततमुत्सृजन्ति यथा मलम् ॥

૩. અતિલોભી પુરૂષ સુખી નથી; તે અનર્થનું મૂળ થઇ પડે છે.

પૈસો મેળવવાની અને તેને જાળવી રાખવાની ચિન્તાને લીધે અતિલોભીને સુખ થતું નથી. અતિલોભીને જેમ વધારે પૈસો મળતો જાય છે, તેમ તેમ તેથી પણુ વધારે મેળવવાની તેની ઇચ્છા થાય છે. આ પ્રમાણે હોવાથી તેને કોઈ દિવસ સંતોષ કે શાન્તિ હોયજ કયાંથી? અતિ લોભી

પૈસા સિવાય દુનીઆમાં બીજું કંઈ દેખતો જ નથી. પૈસોજ તેનો પરમેશ્વર છે. એક વિદ્વાને કહ્યુ છે કે,—Avarice knows no God but gold, no happiness but gain no fear but loss of wealth, and no friendship that hath not a profit in it. પ્રખ્યાત ઇંગ્રેજી કવિ શેકસપીઅરે પૈસાનીજ તૃષ્ણાથી મનુષ્ય એક પશુ કરતાં પણ હલકું બની જાય છે, તેનો ચિતાર શાયલૉકના પાત્રવડે આપ્યો છે. પૈસાને લીધે તે એક દેણદારનો જીવ લેવા ઉભો થાય છે! શેકસપીઅરે પોતેજ ધનતૃષ્ણા માણસને કેવી રીતે ખરાબ કરે છે, તેના ઉત્તમ નમુના પોતાના જુદા જુદા નાટકોમાં આપેલા છે. તે એક સ્થળે કહે છે કેઃ—

How quickly nature falls in to revolt,
When gold becomes her object.

લૉર્ડ બેકને પણ યોગ્યજ કહ્યુ છે;—

Riches are the baggage of virtue, which always hindereth the march.

આ બધા ગેરફાયદા છતાં અતિલોભી તે તો અતિલોભીજ રહે છે, અને અંતે મફત નાળીએર મેળવવાની તૃષ્ણા રાખનાર અતિલોભી બ્રાહ્મણની પેઠે કમોતે મરે છે.

‘ કરે તેવું પામે. ’

The noblest reward of virtue is virtue itself.

૧. જન્મથી કર્મ કરવાં એ સ્વાભાવિક છે. ૨. મન, વાચા અને કાયાનો કર્મ સાથેનો સંબંધ. ૩. સારાં કૃત્ય શા માટે કરવાં? સારાં કર્મનો સારો બદલો. ૪ નઠારાં કામ કરવાથી શી દશા થાય છે? ખોદે તે પડે છે; નઠારાં કર્મનો નઠારો બદલો.

૧ જન્મથીજ કર્મ કરવાં એ સ્વાભાવિક છે.

પ્રાણીમાત્ર જન્મેછે, ત્યારથીજ કર્મ કરવાનું શરૂ કરે છે. છોકરૂં જન્મેછે કે રડવા લાગે છે, અને હાથ પગ હલાવવા લાગે છે. ભૂખ લાગે

છે, ત્યારે તે ધાવવાનું કરે છે, અને સુખ થાયછે તો હસે છે, અને દુઃખ થાય છે તો રડે છે. આ બધાં કર્મ બાળકની ઇચ્છાનુસાર થતાં નથી, પરન્તુ તે પ્રેરણાથી થાય છે. બાળકની બુદ્ધિ ખીલે છે, અને જ્યારે તેઓ સાચું ખોટું સમજતાં થાય છે, ત્યારે તેઓ જે કર્મ કરે છે, તે બુદ્ધિપૂર્વક કરે છે.

૨. મન, વાચા, અને કાયાથી થતાં કર્મ.

માણસજાત કોઈ પણ જાતનો મનમાં વિચાર કરે છે, એ પણ એક પ્રકારનું કર્મ છે. મનમાં સારા તેમજ નઠારા વિચાર બાંધી શકાય છે. સારા વિચાર કરવાથી સારાં કર્મ કરવા તરફ વૃત્તિ થાય છે, અને નઠારા વિચાર કરવાથી નઠારાં કર્મ કરવા તરફ વૃત્તિ થાય છે. ખરાબ વિચાર કરવા એ પણ એક જાતનું પાપ ગણાય છે, માટે વિચાર પણ સારાજ કરવા. જીભથી સારૂં તેમજ ખોટું બોલી શકાયછે. સારૂં બોલાય ત્યાં સુધી ખોટું બોલવું નહિ. સત્ય કે અસત્ય પણ જીભ વડેજ બોલાય છે, તો હંમેશાં સાચું બોલવા પ્રયત્ન કરવો. સત્યની સાથે મર્યાદાથી પ્રિય વચન બોલવાંની ટેવ કેળવવાની બહુ જરૂર છે. બીભત્સ શબ્દો વાપરવા નહિ, કે અસત્ય બોલવું નહિ. આ સર્વે વાચાનાં પાપ ગણાય છે. જે કંઇ કર્મ શરીરવડે કરીએ છીએ, તે કાયાથી થતાં કર્મ છે. કોઇને દાન આપવું, કોઇ પાસેથી કંઇ ઝૂટી લેવું, કોઇને મારવું કે મારી નાંખવું, એ કર્મ કાયાથી થાય છે. આ ઉપરથી સહજ સમજાયું હશે કે ઉપર ગણાવેલાં ત્રણે સાધનોદ્વારા સારાં કે માઠાં કર્મ કરી શકાય છે.

૩. સારાં કર્મ શા માટે કરવાં ? સારાં કર્મનો સારો બદલો.

સારાં કર્મ કરવાં એ દરેક મનુષ્યની ફરજ છે. સારાં કર્મ કરવાથી મન આનંદમાં રહે છે, એટલુંજ નહિ પણ સારાં કર્મ કરવાના વિચાર માત્રથી મન આનંદમાં રહે છે, અને તેથી શરીરને પણ લાભ થાય છે. સારાં કામ કરવાથી ઈશ્વર રાજી રહે છે, અને તેનો યોગ્ય બદલો મળે છે. ઉત્તમ પ્રકારનાં માણસો બદલાની આશાથી સારાં કામ કરતા નથી, એ

ખરૂં, છતાં સારાં કામનો સારો બદલો તેઓને ઇશ્વર આપે છે. કેટલાક એમ કહે છે કે ફલાણો માણસ ઘણાં સારાં કર્મો કરે છે, છતાં તે દુઃખી છે, અને ફલાણો કાળાં કર્મ કરે છે, છતાં તે સુખી છે. હા, કેટલીક વેળા ઉપરથી આમ દેખાય છે ખરૂં, પરન્તુ સારાં કર્મ કરનારો માણસ ખરે ખરો સુખી છે, કારણ કે તેને પોતાનાં સારાં કામને લીધે હીંમત કે ટેકો મળે છે. કદાચ લોકો તરફથી કદર નહિ થાય તો ઇશ્વર તરફથી થશે એવો તેને તે પવિત્ર પિતાના ન્યાયમાં દૃઢ અને સંપૂર્ણ વિશ્વાસ છે. સારાં કે નઠારાં કર્મ ઢાંક્યાં રહેતાં નથી, અને અંતે લોકો પણ તેવાં સારાં કામની કદર કરે છે. લોકોમાં તેની આબરૂ વધે છે, અને કદાચ આ લોકમાં તે સત્કર્મનાં મીઠાં ફળ ભોગવતો નથી, તો ન્યાયી ઈશ્વર તે કર્મનાં સારાં ફળ વહેલાં મોડાં તેને અવશ્ય આપે છે. સારાં કૃત્ય કરનારો માણસ બીજા-ઓને માટે એક ઉત્તમ આદર્શ થઇ પડે છે, અને આ પ્રમાણે તે પોતાનું અને જનસમૂહનું ભલું કરે છે. આવાં માણસો વિષે યોગ્યજ કહેવામાં આવ્યું છે કે;—

> "Only the actions of the just,
> Smell sweet & blossom in the dust."

સજ્જન અને મહાપુરૂષો અપકારને બદલે ઉપકાર કરે છે. સાધારણ માણસો ઉપકારને બદલે ઉપકાર અને અપકારને બદલે અપકાર કરે છે. તેથી હલકી પંક્તિનાં માણસો ઉપકારને બદલે અપકાર કરે છે. પશુઓ પણ ઉપકારને બદલે ઉપકાર કરવાનું ભૂલતાં નથી. સિંહે ગુલામનો, ઉંદરે સિંહનો, અને કીડીએ કબુતરનો જીવ બચાવ્યો હતો.

૪. નઠારાં કર્મ કરવાથી શી દશા? ખોદે તે પડે. નઠારાં કર્મનાં નઠારાં ફળ.

જે નઠારાં કર્મ કરે છે, તે પણ સારાં કર્મનાં વખાણ કરે છે, એજ બતાવી આપે છે કે નઠારાં કર્મ કરવાં એ કેટલું બધું અધમ છે! નઠારાં કર્મ કરનારાને કર્યા પછી બીલકુલ સુખ પડતું નથી. રે! નઠારાં કર્મ કર્યા

પહેલાં પણ તેઓ પકડાઇ જવાની બીકમાં ને બીકમાં હોય છે. દુષ્ટ કર્મ કર્યા કરી પણ પકડાઇ જવાની ચિન્તા થયાં કરે છે. લોકોથી તેવા દુષ્ટો બીતા ફરે છે, સંતાતા ફરે છે. મહાન્ કવિ શેકસપીઅરે યોગ્યજ કહ્યું છે કે,

'The thief doth fear each bush an officer.'

દુષ્ટ કર્મનો તાપ તેઓ સહન કરી શકતા નથી, અને તેજ કારણને લીધે ખુન કરનારા લોકો પોતેજ પોલીસને સ્વાધીન થાય છે. તેઓને સુખે નિદ્રા આવતી નથી, ભયંકર સ્વપ્નાં આવે છે, અને હૃદયને કંઇ કરડી ખાતું હોય તેવું દુઃખ થયાં કરે છે. તેઓ માથું પછાડી ઘણી વેળા પોતાનાં દુષ્ટ કર્મ માટે પશ્ચાત્તાપ કરે છે, અને કહે છે કે અમારૂં શું થશે ? આવા માણસોની સ્થિતિનો તાદશ ચિતાર .શેકસપીઅરેજ આપેલો છે. તે કહે છે કે,—

O Coward Concience, how dost thou afflict me !
Cold fearful drops stand on my trembling flesh.
What do I fear ?—myself ?

કેટલીક વેળા બીજાને છેતરી પોતાને છેતરાવાનો પ્રસંગ આવે છે. જમવા નોતરીને લોંકડીએ બગલાને છેતર્યું તો બગલાએ લોંકડીને છેતરી. એમ પણ બને છે કે બીજાને છેતરવા જતાં પોતેજ છેતરાય છે. લાકડાંફાડનારના સોનાની કુહાડી લેવા જનાર ઠગારા મિત્રને જળદેવીએ કેવો છેતર્યો ! બીજાનું ભુંડું કરતાં પોતાનુંજ ભુંડું થાય છે. ઘેટાનું ચામડું પહેરી, ઘેટાના ટોળામાં છૂપાઇ, તેને મારી નાંખવાની યુક્તિ રચનાર વરૂના પોતાનાજ પ્રાણ ગયા. દુષ્ટ કર્મ કરનારનો અંતે તો નાશજ થાય છે. જુઓ, ચાર ચોરો એક બીજાના પ્રાણ લેવામાં કેવા સહાયભૂત થયા !

‘ ભેંશ આગળ ભાગવત. ’

૧. કહેવતનો અર્થ. ૨. પાત્ર અને કુપાત્ર જોવાની જરૂર. ૩. બોધ.

૧. કહેવતનો અર્થ.

ભેંશ આગળ ભાગવત વાંચવાથી તેને તો કંઇ લાભ નથી, પણ આપણો વખત અને શ્રમ વ્યર્થ જાય છે, અને આવા નિરર્થક પ્રયાસને માટે ડાહ્યા માણસોમાં આપણી નિન્દા થાય છે.

૨. પાત્ર અને કુપાત્ર જોવાની જરૂર.

કોઇને કંઇ કહેવું કે. દેવું તે પહેલાં તેમ કરવાથી તેના ઉપર કેવી અસર થશે તેનો બરાબર વિચાર કરવો. સુપાત્રને કંઇ શિખામણ દઇશું કે કંઇ આપીશું, તો તે આપણી કદર કરશે, અને તેથી તેને અને આપણને બંનેને લાભ થશે. કુપાત્રને કંઇ કહેવાથી કે દેવાથી તેને કંઇ લાભ થશે નહિં, કદાચ તેને ઉલટું નુકસાન થશે, અને આપણી હાંસી થશે. જેઓ કંઇ ભણેલા નથી, અથવા થોડું ઘણું ભણેલા છે, તેમની પાસે વિદ્વત્તા ભરેલાં ભાષણો આપવાથી શો લાભ ? જેઓને ભાષાનું પૂરૂં જ્ઞાન પણ થયલું હોતું નથી, તેની પાસે કાલીદાસ કે ભવભૂતિ અથવા શેકસપીઅર કે મિલ્ટનનાં કાવ્યો વાંચવાથી શું ? મૂર્ખને સલાહ આપવાથી શું ? તે આપણી સલાહ માનશે નહિ, એટલુંજ નહિ પણ તેનાથી તે વિરૂદ્ધ વર્ત્તન કરશે, અને આપણને ધિક્કારશે. કહ્યું છે કે:—

‘ Speak not in the ears of a fool for he will despise the wisdom of thy words. ’

શેકસપીઅરે પણ કહ્યું છે કે;—

‘ Cease thy counsel,
Which falls into my ears as profitless,
As water in a sieve. ’

ઇસ્પફૃત કલ્પિત વાર્તાની અંદર કૂકડા અને રત્નની વાત છે. કૂકડાને ઉકરડો ખોદતાં રત્ન જડયું. તે રત્ન કુપાત્રના હાથમાં આવ્યું તેથી તેને તેની શી કીંમત? તેને તો કૂકડીને માટે દાણાની જરૂર હતી. આ ઉપરથી સમજાય છે કે જેને જે વસ્તુની જરૂર નથી, કીંમત નથી–કદર નથી, તેને તે વસ્તુ–ભલે પછી તે અમૂલ્ય હોય તોપણ—આપવાથી કે મળવાથી કશો લાભ નથી.

૩. બોધ.

આ ઉપરથી સાર એટલોજ ગ્રહણ કરવાનો છે કે કોઇ પણ વસ્તુનો ઉપયોગ યોગ્ય પાત્ર જોઇનેજ કરવો.

‘ હીંમતે મર્દાં તો મદદે ખુદા ’

૧. અર્થ. ૨. હીંમતના બે પ્રકાર. સારાં કામમાં અને નઠારાં કામમાં હીંમત. ૩. હીંમતવાળો માણસ શાથી જય મેળવે છે ? ૪. શૂરવીર અને કાયર. ૫. બોધ.

૧ અર્થ.

કોઇ પણ કામ હીંમત રાખી કરીએ, તો તેમાં ઇશ્વર આપણને મદદ આપે છે. એક ગાડીવાનનું ગાડું કાદવમાં પેસી ગયું હતું, ત્યારે હરક્યુલીસ દેવને તેણે ગાડું બહાર કાઢવા વિનતિ કરી. હરક્યુલીસે આવી ગાડું બહાર કાઢયું નહિ, પણ કહ્યું કે તું હીંમત રાખી ગાડાને બહાર કાઢવા યત્નકર. ગાડીવાને તેમ કર્યું, એટલે હરક્યુલીસ દેવે મદદ આપી, અને ગાડું બહાર નીકળ્યું. ઇંગ્રેજીમાં કહેવત છે કે;—

‘ God helps those who help themselves. ’

૨. હીંમતના બે પ્રકાર. સારાં અને નઠારાં કામમાં હીંમત.

જેમ સારાં કામ કરવા માટે જે ઐકયતા કરવામાં આવે છે, તેનેજ ખરો સંપ કહી શકાય છે, તેમ સારાં કામ કરવામાં હીંમત

રાખવી તેજ ખરી હીંમત કહેવાય છે. નઠારાં કામમાં હીંમત રાખવાથી પોતાને તેમજ બીજાને નુકસાન થાય છે, અને તેથી તે પ્રકારની હીંમત ખરી હીંમત નથી, પણ બાયલાપણું છે. સારાં કામમાં હીંમત રાખનાર તેવાં કામ ઘણી હોંસથી પૂરાં કરી શકે છે. ઈશ્વર મદદ કરશે તેવી ખાત્રી હોવાથી તે કામો ઉમંગથી અને ત્વરાથી થાય છે. કહ્યું છે કે:—

'A good cause makes a stout heart.'

ચિતોડના પ્રતાપી રાણા પ્રતાપે, તેમજ મહાન્ શિવાજીએ મોગલદળ સામે ટક્કર ઝીલી તે શાને લીધે? લીઓનીડાસ ઝર્ક્ઝીઝના લાખો માણસો સાથે ફક્ત ૪૯૦ માણસોથી લડયો તે શાથી? હું મારા સ્વાતંત્ર્ય માટે, રાજ્ય માટે, ખરા હક માટે, લડું છું તેવી તેને ખાત્રી હતી. ઈશ્વર સત્યને સહાય કરશે તેવો તેનામાં દૃઢ વિશ્વાસ હતો. આપણે મરીશું તોપણ ફીકર નથી, નામ તો કાઢીશું, તેવા તેના અને તેના બહાદૂર લડવૈયાના દૃઢ સંકલ્પ હતા. શેકસપીઅરે યોગ્યજ કહ્યું છે કે;—

'Virtue is bold and goodness never fearful.'
'What stronger breastplate than a heart untainted?
Thrice is he armed that hath his quarrel just;
And he but naked though locked up in steel,
Whose conscience is with injustice corrupted.'

૩. હીંમતવાળો માણસ શાથી જય મેળવે છે?

જે સરદાર હાથમાં ખુલ્લી તરવાર લઇ આવો મારી પાછળ એમ કહી રણમાં યાહોમ કરી પડે છે, તેને ફત્તેહ કેમ ના મળે? એક શૂરવીર સરદાર હજારો બલ્કે લાખો સિપાઇઓને હીંમતવાળા બનાવે છે. હીંમતવાળો સરદાર અસાધારણ મુસ્કેલીઓથી પણ ડરતો નથી, અને ત્વરાથી, ચપળતાથી અને એકજ ફટકે તે મુસ્કેલીઓ દૂર કરવા માટે

અત્યંત શારીરિક અને માનસિક શ્રમ લે છે. તેની હીંમત જોઇ દુશ્મનો પણ નાહીંમત બની જાય છે, સામા પક્ષને લશ્કરની ગોઠવણ સરખી પણ કરવાનો તે વખત આપતો નથી, અને નક્કી ઠરાવેલ વખતે, નક્કી કરેલી જગ્યાએ તૂટી પડે છે, અને દુશ્મનોને હઠાવી, નસાડી, પોતાનો વિજય વાવટો ફરકાવે છે.

૪. શૂરવીરપ્રશંસા, કાયરનિન્દા.

આવા શૂરવીર, અને રણધીરની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી. લડાઇમાંજ હીંમત રાખવી તેને હીંમત કહે છે, તેવું કંઇ નથી. આગની વખતે ફસાઇ ગયલાંઓના પ્રાણ બચાવવા, કે ડૂબી જતા માણસોની મદદે જવામાં જે હીંમત બતાવવામાં આવે છે, તે પણ તેટલીજ સ્તુતિપાત્ર છે. કોઈ પણ જાતના દુઃખમાં હીંમત રાખી અડગ રહેવું, તેમાંજ માણસની ખૂબી છે. ભય કે મરણથી ડરતો નથી, તેજ ખરો શૂરવીર. જુઓ, કહ્યું છે કે, **शूरस्य मरणं तृणं** । વળી તેજ પ્રમાણે એક કવિ કાયરની નિન્દા કરતાં કહે છે કે:—

જનુની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી મત ગુમાવે નૂર.

વળી કહ્યું છે કે;—

एकेनापि हि शूरेण पदाक्रान्तं महीतलम् ।
क्रियते भास्करेणेव स्फारस्फुरिततेजसा ॥

૫. બોધ.

ઇશ્વર ઉપર દઢ વિશ્વાસ રાખી સારાં કામો પાર પાડવામાં હીંમત રાખવી. સારાં કામ કરતાં કદાચ જાન જશે, પણ માન–આબરૂ–નહિ જશે.

' પારકી આશ સદા નિરાશ '

૧. અર્થ. કેટલીક વેળા પારકા ઉપર આશા રાખવી પડેછે.

૨. પારકા ઉપર ભરોંસો રાખવાથી કામ કેમ થતું નથી? દૃષ્ટાંત.

૩. નાનપણથી જાત મહેનત ઉપર આધાર રાખવાની ટેવ પાડવી જોઇએ.

૪. જાત મહેનતથી મળેલી ફત્તેહ; દષ્ટાંત.

૧. પારકા ઉપર આધાર રાખવાથી આપણું કામ થતું નથી, અથવા તો બરાબર થતું નથી, અને તે કારણથી પારકા ઉપર આશા બાંધી બેસી રહેવાથી આપણું કામ બગડે છે, અને કેટલીક વેળા મોટી આફતમાં આવી પડીએ છીએ. જે કામ પોતાનાથી થઇ શકે તે બીજાને સોંપવું નહિ એવો આ કહેવતનો ઉદ્દેશ છે. આ જગત્માં મનુષ્યને એકજ વખતે એકથી વધારે કામ કરવાનો પ્રસંગ આવે છે. બધાં કામ તે જાતે કરી શકતો નથી. આવે વખતે તેને બીજા ઉપર આધાર રાખવાની જરૂર પડે છે. વળી કેટલાંક કામ એવાં ગુંચવણ ભરેલાં હોય છે, કે જેમાં ફત્તેહ મેળવવા એક કરતાં વધારે માણસની જરૂર પડે છે. લશ્કરનો સરદાર પોતાનાં માણસો ઉપર આધાર રાખતો નથી ? લશ્કરનાં માણસો પોતાના સરદાર ઉપર આધાર રાખતાં નથી? વૉટરલૂની લડાઈમાં વેલિંગટને જર્મન સેનાધિપતિની મદદ ઉપર આધાર રાખ્યો ન હોત તો તે યુદ્ધમાં તેને જયની આશા ક્યાં હતી ? નેપોલીઅન જેવાએ પણ પોતાના શૂરા સરદારો ઉપર આધાર નહોતો રાખ્યો ?

૨. સામાન્ય રીતે પારકા ઉપર આધાર રાખવાથી આપણું કામ બગડે છે, અથવા થતું નથી; કારણ કે આપણું કામ બરાબર કરવામાં પારકા માણસને આપણા જેટલી કાળજી હોતી નથી. જે મુશ્કેલીઓ

ઘણી મહેનત લઇ આપણે દૂર કરીએ છીએ, તે દૂર કરવાની બીજાને પરવા રહેતી નથી. ધારેલું કામ વખતસર થતું નથી, તો તેમાં પારકાને નુકસાન ભોગવવાનું હોતું નથી. જાત મહેનતથી કામ ચોકસ, અને વખતસર થાય છે. જેમ જેમ નવી નવી મુસ્કેલીઓ નડતી જાય છે, તેમ તેમ આપણે આપણી બધી માનસિકશક્તિઓને તે દૂર કરવા તરફ લગાડીએ છીએ. કામ પૂરૂં થયા પછી પણ આપણને ઘણો આનંદ થાય છે. કહ્યું છે કે;—

The fruit of our labour is doubly sweet.

આડોશીપાડોશી ઉપર આધાર રાખવાથી ખેડુતનું કામ થયું નહિ, પણ જ્યારે તે જાતેજ ગયો ત્યારે તે થયું, એ લાવરી અને તેનાં બચ્ચાંના પાઠમાં સુંદર રીતે કથવામાં આવ્યું છે. ઈંગ્લંડની અંદર એક જમીનદારને કેટલીક જમીન હતી. ખેતરની ઉપજ બરાબર નહિ આવવાથી, તે જમીનદારને કેટલુંક દેણું થયું. તે દેણું પતાવવા તેને પોતાની અર્ધી જમીન વહેંચી નાંખવી પડી. બાકીની અર્ધી તેણે ૨૧ વર્ષને પટે તેના એક ખેડુતને ભાડે આપી. તેટલો વખત પૂરો થયો નહોતો, તે પહેલાં તે ખેડુતે તે જમીનદારને તે ભાગ વહેંચાતો આપવા વિનતિ કરી. આ કરતાં બમણી જમીન હતી, છતાં મારે દેણું થયું હતું, અને ભાડું આપવા છતાં આટલા ભાગમાંથી તું કેવી રીતે પૈસા કમાયો કે મારી જમીન વેચાતી માગે છે, એ પ્રમાણે તે જમીનદારે ખેડુતને આશ્ચર્ય પામીને કહ્યું. ખેડુતે જવાબ આપ્યો કે તમે તમારા માણસોને ‘ જાઓ ’ એમ હુકમ કરતા હતા, અને હું મારા માણસોને ‘ ચાલો ’ એમ કહુંછું; ટૂંકામાં એટલુંજ કે તમે તમારા માણસ ઉપર આધાર રાખતા હતા, અને હું મારા માણસની સાથે જઇ તેની સાથે કામ કરૂંછું. આ ઉપરથી સાર લેવાનો તે એ કે પારકા માણસો આપણું કામ સારૂં કરવાની દરકાર કરતા નથી.

૩. નાનપણથીજ દરેક માણસે જાત મહેનત ઉપર આધાર રાખવાની જરૂર છે. જાત મહેનત વિના શરીર અને મન જોઇએ તેવાં કેળવાતાં

નથી. બીજા કસરત કરે તેમાં આપણું શરીર કસાતું નથી, તેમજ નિશાળમાં કોઇને પૂછીને પાઠ તૈયાર કરવામાં આવે છે તે સારા થતા નથી, પણ જાતે મહેનત કરી જે પાઠ તૈયાર કરવામાં આવે છે, તે ઘણા સંગીન થાય છે, અને તેથી લાંબા વખત સુધી તેની છાપ ભુંસાતી નથી.

૪. દેશ દેશના મહાન્ પુરૂષોનાં જીવનચરિત્ર વાંચવાથી માલૂમ પડે છે, કે ઘણાખરા મહાન્ પુરૂષોએ જાત મહેનતથીજ ફત્તેહ મેળવેલી છે. ગરીબ અને સાધારણ વર્ગના કે તદ્દન હલકા વર્ગના લોકોએ સ્વાશ્રયથી રાજ્યના ઉંચામાં ઉંચા હોદ્દાઓ ભોગવ્યા છે. ઇતિહાસ આવા અનેક દાખલાઓ પૂરા પાડે છે, પરન્તુ મી. કલાર્કનો દાખલો કંઇક રમુજ આપનારો તેનજ બોધક હોવાથી તે અહીંઆં આપવામાં આવ્યો છે.

મી. કલાર્ક એક સુતારનો છોકરો હતો. એક દિવસ તે ન્યાયાધીશને બેસવા માટેની એક બેઠક બનાવતો હતો. આ બેઠકને તે લીસી કરવા માટે ખૂબ ઘસતો હતો, તે જોઇ તેની કોઇએ મશ્કરી કરી. તેણે કહ્યું કે આ બેઠક ઉપર ભવિષ્યમાં મારે બેસવાનું છે, તેથી હું આટલી મહેનત લઉછું. તેણે જાત મહેનતથી, અને બીજા ઉત્તમ ગુણથી ન્યાયાધીશની પવિત્ર પદવી મેળવી, અને પોતાની નાની વયમાં બોલેલા શબ્દો ખરા પાડ્યા !

" ભલી ભાર્ત ભૂમિ વિષે રોજ રે'તો,
હશે કો બિચારો નથી જેહ કે'તો;
ભલો દેશ મારો ભલીભોમ મારી,
મને પ્રાણથી નિત્ય છે, એજ પ્યારી. "

૧. સ્વદેશાભિમાન મનુષ્યમાં સ્વાભાવિક છે. ૨. તે દર્શાવવાની રીત; સ્વદેશાભિમાની પુરૂષોનાં દૃષ્ટાંત. ૩. હિન્દુસ્તાનના લોકોનું સ્વદેશાભિમાન.

૧. સ્વદેશાભિમાન મનુષ્યમાં સ્વાભાવિક છે.

જંગલી માણસો પણ પોતાની જન્મભૂમિને માટે અને પોતાના દેશને માટે અભિમાન ધરાવે છે. જ્યારે ઇંગ્રેજો અમેરિકાખંડમાં જઇ વસ્યા, ત્યારે ત્યાંના મૂળવતનીઓ તેની સામા થયા તે શા માટે ? પોતાના દેશની દાઝ માટે જ. તેઓ હાર્યા, માર્યા ગયા, રખડી રઝળી મુઆ, ભલે તેઓનો પશુની પેઠે નાશ કરવામાં આવ્યો, છતાં તેઓએ પોતાની માતૃભૂમિને માટે બનતું કર્યું, અને જગતને બતાવી આપ્યું કે જે સ્વદેશાભિમાની નથી, તે પશુ કરતાં પણ હલકા છે.

૨. સ્વદેશાભિમાન દર્શાવવાની રીત, સ્વદેશાભિમાની પુરૂષોનાં દૃષ્ટાંત.

કોઇ દેશના દરેક જણને લડાઇમાં પોતાનું સ્વદેશાભિમાન બતાવવાનો પ્રસંગ મળતો નથી. લડાઈમાં પ્રાણ આપી સ્વદેશપ્રીતિ બતાવ્યા ઉપરાંત સ્વદેશભક્ત થવાના બીજા અનેક રસ્તા છે. માણસ તન, મન, અને ધનવડે પોતાનું સ્વદેશાભિમાન દર્શાવી શકે છે. જે માણસ ઉદ્યોગ કરીને અને નીતિથી ચાલીને દેશને જેટલો લાભ કરે છે, તેટલે દરજ્જે તે સ્વદેશાભિમાનીજ છે. બ્રહ્મચર્ય પાળી શરીરને તંદુરસ્ત રાખી અને ગૃહસ્થાશ્રમ માંડયા પછી દેશ સેવા કરી શકે તેવા તંદુરસ્ત બાળકોની જેઓ દેશને ભેટ આપે છે, તેઓને પણ સ્વદેશાભિમાની જાણવા. જેઓ પોતે નિર્માલ્ય છે, અને જેઓની પ્રજા પણ નિર્બળ છે, તેઓ કોઇ પણ રીતે દેશ સેવા બજાવવા કેવી રીતે સમર્થ થઈ શકે ?

વેપાર કરી દેશની સમૃદ્ધિ વધારવી, પરદેશ ફરી નવા નવા હુનરો શીખીલાવી દેશમાં દાખલ કરવા, અને ધન, વગેરેથી દેશની કીર્તિ વધારવી એ પણ સ્વદેશાભિમાનજ છે.

જેઓ દેશજનને ઉત્તમ બોધથી, ઉત્તમ શિક્ષણથી, નીતિને પંથે દોરે છે, તેઓ પણ સ્વદેશભક્તજ છે. જેઓએ રણની અંદર પોતાના

દેશને માટે પ્રાણ આપ્યા છે, એવા દરેક દેશની અંદર મહાપુરૂષો થઇ ગયા છે. હિન્દુસ્તાનમાં પ્રતાપ રાણાએ અને મહાન્ શિવાજીએ દેશને માટે શું નથી કર્યું ? સ્કૉટલેન્ડમાં વૉલેસે, ઇંગ્લંડમાં નેલ્સને, અને ઇટાલીમાં ગૅરિબૉલ્ડીએ શું ઓછું કર્યું છે ? તાજેજ દાખલો લઇએ તો જાપાનીઝ પ્રજાએ પોતાના દેશને માટે ઓછો ભોગ આપ્યો છે ? શું ! ટાગો, કયુરોકી, વગેરેએ પોતાનાં અમર નામ દુનીઆમાં ચારે તરફ નથી ગજાવી મૂકયાં ?

આપણા દેશમાં ઉદ્યોગ, હુનર, વધારી આપણને ઉચ્ચ સ્થિતિએ લાવનારનાં નામ પણ અમર છે. નસરવાનજી તાતા, પ્રેમચંદ રાયચંદ, અને રા. બા. રણછોડલાલ છોટાલાલે આપણી ઉન્નતિ કરવામાં કેટલા બધા રે ! ને કેવા ઉજ્જવલ પ્રયાસ કરેલા છે !

ઉત્તમ, બોધક અને સ્વદેશપ્રેમથી ઝળહળતાં ઉત્તમ પુસ્તકો લખી ઇંગ્લંડમાં જે ખ્યાતિ સ્કૉટ્સ અને બાયરને મેળવી છે, તેવીજ ખ્યાતિ આપણા દેશના કવીશ્વર નર્મદાશંકરે શું નથી મેળવી? તેમજ સાક્ષર કવિ નવલરામે અને લોકપ્રિય કવિ દલપતરામે દેશીઓમાં સ્વદેશ પ્રેમ રેડવા જે મહાન્ પ્રયાસો કર્યા છે, તે કોના જાણવામાં નથી ?

ટૂંકામાં એટલુંજ કે દેશમાં સમૃદ્ધિ વધે, સુખ વધે, દેશની આબરૂ વધે, તેવા જેઓ ઉચ્ચ વિચારો રાખે છે, અને તે વિચારોને તક મળે અમલમાં મૂકવા ચૂકતા નથી, તે બધાને ખરા સ્વદેશાભિમાની સમજવા.

૩. હિન્દુસ્તાનમાં સ્વદેશાભિમાન

હિન્દુસ્તાનમાં દયાળુ બ્રિટિશ સરકારનું રાજ્ય છે. તે પોતાની રૈયત સુખી થાય, બળવાન થાય, ઉદ્યોગી અને સમૃદ્ધિવાળી થાય તેવું ઇચ્છે છે. જે લોકો પ્રજાને આડે રસ્તે દોરી, અથવા તેનામાં અસંતોષ ફેલાવી, રાજ્યને નુકસાન કરવા માગે છે, તેઓ સ્વદેશાભિમાની નથી, કારણ કે તેઓ પોતાને હાથેજ પોતાના દેશને ખરાબ કરે છે. સ્વદેશાભિમાની પોતાના દેશને લાભ થાય તેવાજ ઉપાયો યોજે છે, અને તેવીજ રીતે વર્ત્તે છે. એક વિદ્વાન્ લેખક કહે છે કે;

"My country, right or wrong" may be a good cry on the battlefield but is an evil one in the council hall.

બ્રિટિશ પ્રજા એ સ્વતંત્ર પ્રજા છે. જેવું પોતાને સ્વદેશાભિમાન છે, તેવું બીજાને પણ હોય તેવું તે સમજે છે. આપણું ભલું કરવાની, આપણને વિશેષ લાયકાતવાળા બનાવવાની અને વિશેષ યોગ્યતા પ્રાપ્ત થયા પછી રાજ્યકાર્યભારમાં વધારે હિસ્સો આપવાની તેઓની અંતઃકરણની ઇચ્છા છે. તેજ વિદ્વાન્ કહે છે કે;—

"And be fully assured that England, the mother of free nations, will be neither slow nor reluctant when the time comes to invite the child she has adopted and reared to sit down, a grown man, by her side." P. Peterson.

છેવટ એટલુંજ કે હિન્દુસ્તાનના દરેક સ્વદેશાભિમાની વતનીએ, બ્રિટિશ રાજ્યને આપણું ભલું કરવાની યોજનાઓમાં તન, મન અને ધનથી ટેકો આપવો જોઇએ.

——:○:——

"રક્ષ દેવ તું મહારાજા,
બહુ જીવજો પ્રૌઢ રાજા;
રક્ષદેવ રાજા."

૧. આપણા દેશના લોકો મુળથીજ રાજભક્ત તરીકે પંકાયલા છે.
૨. આપણા તેમજ અન્ય દેશના રાજ્યભક્તનાં દૃષ્ટાંત.

૧. રાજ્ય તરફ વફાદાર રહેવાનો ગુણ આપણા દેશના લોકોમાં પ્રથમથીજ છે. આ ગુણ તેઓને શીખવવો પડે તેમ નથી. આપણે તો રાજાને ઇશ્વરનો અંશ માનતા આવ્યા છીએ, અને એક દેવ કરતાં પણ વધારે પૂજનીય ગણતા આવ્યા છીએ. જુઓઃ—

सर्व देवमयो राजा मनुना संप्रकीर्तितः
तस्मात्तमेव सेवेत न व्यलीकेन कर्हिचित् ॥
पर्जन्य इव भूतानामाधारः पृथ्वीपतिः ।
विकलेऽपि हि पर्जन्ये जीव्यते न तु भूपतौ ॥

બધા દેવ કરતાં રાજાને ઉચ્ચ સ્થળ આપવામાં આવ્યું છે. જુઓ.—

सर्व देवमयस्यापि विशेषो भूपतेरयम् ।
शुभाशुभ फलं सद्यो नृपाद्देवाद्भवान्तरे ॥

શ્રી રામચંદ્રજી જ્યારે વનવાસ જવા નીકળ્યા, ત્યારે આખી અયોધ્યા નગરીના નગરજન તેની સાથે જવાને તૈયાર થયા હતા, તે શા માટે? વળી તેઓના પર શ્રી રામચંદ્રજીનો પણ પ્રેમ કેવો? અકબરે રજપૂતોને પોતાના પક્ષના ગણ્યા, ત્યાર પછી તેઓએ તેને મદદ આપવામાં કશી કચાસ રાખી હતી? મહારાણી વિકટોરીઆ હિન્દુસ્તાનના વતનીઓનું શુભ કરવા ઘણી ચિન્તા રાખતાં હતાં, અને લોકોએ પણ તે મહારાણી તરફ જે રાજભક્તિ બતાવી હતી, તે ખરેખર અલૌકિક હતી. વળી જ્યારે હાલના મહારાજા એડવર્ડ—પ્રિન્સ ઓવ વેલ્સ તરીકે હિન્દમાં આવ્યા હતા, ત્યારે તેમજ તેમના પાટવી કુંવર હિન્દમાં આવ્યા હતા, ત્યારે પ્રજાએ તેમના તરફ જે ભક્તિભાવ બતાવ્યો હતો તે શું બતાવી આપે છે? હિન્દુ પ્રજા રાજ્યને હંમેશાં વફાદાર રહેતી આવી છે, અને હજુ પણ તેનામાં તે ગુણ તેવોને તેવોજ સતેજ છે.

રાજદ્રોહને આપણામાં મોટું પાપ ગણવામાં આવ્યું છે. રાજા સામુ થવું તે ઇશ્વરના સામા થવાની બરાબર છે. યુરોપખંડના કેટલાક દેશના લોકો કરતાં રાજભક્તિનો ગુણ આપણા લોકોમાં વિશેષ જોવામાં આવે છે. ઇંગ્લંડના લોકોએ પહેલા ચાર્લસને–તેનો વાંક હતો તોપણ શું—ફાંસીએ લટકાવ્યો! ફ્રેંચ લોકોએ પણ ફ્રેંચ રેવોલ્યુશન વખતે રાજા અને રાણી બંનેના પ્રાણ લીધા! આવાં કૃત્યો સાંભળીનેજ આપ-

ણા દેશના રાજભક્ત લોકોનાં હ્રદય કંપેછે, એમાં કંઇ નવાઇ પામવા જેવું નથી.

૨. રાજભક્તનાં દૃષ્ટાંતો.

ઇંગ્લંડનાજ રાજભક્ત કૅવેલીઅર્સે પોતાના રાજાને માટે પ્રાણ આપી પોતાનાં નામ અમર નથી કર્યાં ? સ્કૉટલંડની અંદર ડગલાસનું ખુન કરવા આવેલા ખુનીઓને અટકાવવા માટે આગળીઆને બદલે પોતાનો હાથ નાંખી જે રાજભક્તિ એક બાઇએ બતાવી હતી, તેના વખાણ કોણ નથી કરતું ?

આપણા દેશનાજ હવે થોડા દાખલા લઇએ. પન્ના દાસીએ પોતાના પુત્રનો ભોગ આપી ઉદેસીંગનો પ્રાણ બચાવ્યો એ શું ઓછું કર્યું છે ? સખારામહરિ ખરો રાજભક્ત હતો. જ્યારે કેદખાનાની અંદર તે મરણ પથારી ઉપર પડયો હતો, ત્યારે તે શું બોલ્યો હતો તેની તમને ખબર છે ? મરતાં મરતાં પોતાના સ્વામી રાઘોબા માટે તેણે નીચેના ઉદ્ગાર કાઢયા હતા. ' મારી તાકાત ગઇ છે, અને હું હવે મરી જાઉંછું; જ્યારે મારાથી બોલાશે નહિ કે શ્વાસ લેવાશે નહિ, ત્યારે મારા માંસ વિનાનાં હાડકાં પણ 'રાઘોબા, રાઘોબા' એમ બોલશે, આહા ! કેવી સ્વામીભક્તિ. !

આવા રાજભક્તનાં નામ અમરજ છે. શેકસપીઅરે સત્ય કહ્યુંછે કે;—

he that can endure,
To follow with allegiance a fallen lord,
Does conquer him that did his master conquer
And earns a place in history.

પોતાના રાજા માટે હિન્દના લોકોએ પ્રાણ આપ્યા છે, અને જરૂરને વખતે હજુ પણ શહેનશાહ એડવર્ડ અને હિન્દની આબરૂ માટે તેઓ મરવા તૈયાર છે.

'વસેછે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે'

૧. ક્રોધ ઉપજવાનાં કારણો. ૨. ક્રોધ એક જાતની ગાંડાઇ છે. ૩. ક્રોધ સમાવવા શું કરવું ? ૪. ક્રોધમાં સંભાળ રાખવાની જરૂર. છેવટ બોધ.

૧. ક્રોધ શાથી ઉપજે છે ?

કોઇપણ કારણને લીધે આપણી લાગણી દુઃખાય છે, ત્યારે આપણને ક્રોધ ઉત્પન્ન થાય છે. કોઇને કે આપણને અન્યાય થાય છે, તો આપણે ક્રોધે ભરાઇએ છીએ. કોઈ પણ પ્રાણી ઉપર જૂલમ થતો હોય તો આપણને પ્રાણી તરફ દયા ઉપજે છે, અને જૂલમગાર ઉપર ક્રોધ ચઢે છે. આપણું કે આપણા સ્નેહીઓનું અપમાન થાય કે આપણે જેને પવિત્ર ગણતા હોઇએ, તેનું અપમાન થાય, તો પણ આપણને ગુસ્સો ચઢે છે. અન્યાય થતો અટકાવવા ક્રોધ કરવાની જરૂર છે, પરન્તુ ક્રોધની પણ અમુક હદ હોય છે. ક્રોધ કર્યા પછી દયા કે ક્ષમાની નજરથી જોવાની જરૂર છે. ક્રોધને એટલેબધે સુધી વધવા ન દેવો કે સામાને ઉતાવળમાં અને ગુસ્સામાં ઘણું નુકસાન થાય. ક્રોધ ઉત્પન્ન થવાનો પ્રસંગ વીતી ગયા પછી પણ સામા માણસને પહેલાંની વાત મનમાં રાખી ખરાબ કરવા મથવું, એ દુષ્ટ છે. શારીરિક બળવાળા મારામારીથી, હલકા લોકો ગાળાગાળીથી, અને વિદ્વાનો શબ્દબાણથી પોતપોતાનો ક્રોધ પ્રદર્શિત કરે છે. ગુસ્સે થવાની જરૂર પડે તો ગુસ્સે થવું, પણ તેથી અન્યાય થાય નહિ અથવા અનિષ્ટ પરિણામ આવે નહિ તેની સાવચેતી રાખવી. ધર્માત્મા સેંટપૉલ કહે છે કે,—

'Be angry but sin not.'

ઘણી વેળા અજ્ઞાનને લીધે કોઇ માણસ એવું આચરણ કરે છે, કે આપણને ક્રોધ ચઢે છે, અને કેટલીક વેળા ક્રોધ ચઢવાનું કારણ કલ્પિત પણ હોય છે. જ્યારે આ પ્રમાણે છે, ત્યારે આપણે કેટલી બધી સંભાળ રાખવાની જરૂર છે !

૨. ક્રોધ એ એક જાતની ગાંડાઇ છે.

ક્રોધ એ એક જાતની ગાંડાઇ છે, કારણ કે તર્ક અને વિચારસક્તિ ઉપર લાગણીની સત્તા ચાલતી હોય છે, તેથી માણસ શું કરે છે, તેનું તેને બરાબર ભાન રહેતું નથી. ગાંડા માણસનાં અને ક્રોધીનાં લક્ષણ પણ મળતાં આવે છે. ક્રોધી નહિ બોલવા જેવું બોલે છે. તેની આંખ લાલ અને ચળકતી દેખાય છે. હૃદય અને નાડી ત્વરાથી ચાલે છે. શબ્દોના ઉચ્ચાર અશુદ્ધ અને ઉતાવળા થાય છે. વાકયો પણ અસંબદ્ધ બોલાય છે, અને શ્વાસ જોરથી ચાલે છે. બહુ ગુસ્સો ચઢે છે, ત્યારે તે માણસ એટલો બધો ઉશ્કેરાઈ જાયછે કે તે કંઇ પણ કાર્ય કરી શકવા સમર્થ હોતો નથી. આવી સ્થિતિમાં લોકો ક્રોધી માણસને જુએ છે, ત્યારે કેટલાક તેની મશ્કરી કરે છે, અને કેટલાક તેની દયા ખાય છે, અને થોડાજ ક્રોધ સમાવવા તેને સમજાવે છે. ગુસ્સો એ એક જાતની હલકાઇ છે. બેકન કહે છે કે;—

Anger is a sort of baseness.

ક્રોધી માણસને પોતાના શરીરનું ભાન રહેતું નથી, અને તેથી તેને પણ ઘણું નુકસાન થાય છે. સ્પેનના લોકોમાં એક કહેવત છે, તેની અંદર ક્રોધી માણસને દારૂ પીધેલા માણસ સાથે સરખાવવામાં આવ્યો છે. કહ્યું છે કે;—

A passionate man is a downright drunkard.

ક્રોધયુક્ત માણસને તોફાની દરીઆમાં ખલાસી વિનાના વહાણની ઉપમા આપવામાં આવે છે. ક્રોધની ખરાબ અસર ઘણી વેળા ક્રોધી માણસ ઉપરજ થાય છે. કહ્યું છે કે.—

'Anger is like ruin which breaks itself upon that it falls.

૩. ક્રોધ સમાવવા શું કરવું ?

ક્રોધમાં ને ક્રોધમાં કંઇ પગલું ભરવું નહિ, પણ કંઇ પણ કર્યા પહેલાં થોડા વખત જવા દેવો. ઇંગ્રેજીમાં 'દશ ગણો' એવી કહેવત છે. જુ-

લીઅસ સીઝર વિષે એમ કહેવાય છે, કે જ્યારે તેને ગુસ્સો ચઢતો, ત્યારે તે આખો રોમન કક્કો બોલી જતો, એટલા માટે કે તેનાથી કંઈ અન્યાય થાય નહિ. માંદા અને નબળા માણસને એકદમ ગુસ્સો ચઢી જાય છે, અને તે ઉપરથી શરીરને આરોગ્ય અને મજબુત રાખવાની કેટલી જરૂર છે, તે સમજાય છે. ક્રોધ અને વિચારને બનતું તો નથી, છતાં બને તેટલો તે વખતે વિચાર કરવા પ્રયત્ન કરવો ક્રોધી માણસનો ગુસ્સે થયલાં બાળક જેવો દેખાવ થાય છે, અને ક્રોધ સમાયા પછી ઘણી વેળા પશ્ચાત્તાપ કરવો પડે છે. આ સઘળી બાબતનો વિચાર કરી ગુસ્સો ઓછો કરવા પ્રયત્ન કરવો. ક્રોધી માણસનો ગુસ્સો શાંત કરવા માટે તેને ધીમેથી, નમ્રતાથી, અને વિવેકથી જવાબ આપવો. જો તેના સામા થઇએ છીએ, તો તે વધારે ગુસ્સે થાય છે, અને માઠાં પરિણામ આવે છે. કહ્યું છે કે;—

'A soft answer turneth away wrath.'

ક્રોધી માણસનો ગુસ્સો તેનાં વ્હાલાંઓની પ્રાર્થનાથી ઓછો થાય છે, અને વખતે તદ્દન શાંત થઇ જાય છે. ઇંગ્લંડના રાજા ત્રીજા એડવર્ડની રાણી ફીલીપાએ કેલેમાંથી શરણે આવેલા છ માણસોનો જીવ બચાવવા પોતાના પતિને વિનતિ કરી હતી. એડવર્ડ ઘણો ગુસ્સે ભરાયલો હતો, છતાં તેણે પોતાની રાણીનું માન રાખવા તે છ માણસોને માફી આપી હતી.

ધૈર્ય રાખવાથી બીજાના ક્રોધની અસર આપણને થતી નથી, અથવા ઓછી થાય છે. સૉક્રેટિસની સ્ત્રી ઝૅન્ટીપી તેના ઉપર વારંવાર ક્રોધે ભરાતી, પરન્તુ સૉક્રેટિસ ધીરજ રાખી તે બધું સહન કરતો. તે બળતામાં ઘી હોમતો નહિ, પણ તેના ઉપર પાણી છાંટવા જેવું કરતો. એક વખત એવું બન્યું કે ઝૅન્ટીપી સૉક્રેટિસ ઉપર બહુ ગુસ્સે થઇ. સૉક્રેટિસ બોલ્યા ચાલ્યા વિના ઉઠીને બહાર બેઠો. ઝૅન્ટીપીને તેથી વધારે રીસ ચઢી, અને તેના ઉપર બારીમાંથી ગંદું પાણી ફેંક્યું. સૉક્રેટિસ બોલી ઉઠયો કે, આટલી બધી ગાજવીજ પછી આવો ભારે વરસાદ આવે તેમાં કંઈ નવાઇ નથી !

ધન્ય છે તેની ધીરજ અને તેની ક્ષમાવૃત્તિને ! કહ્યું છે કે;—

क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

૪. ક્રોધમાં સંભાળ રાખવાની જરૂર.

ક્રોધી માણસ ક્રોધમાં કેટલીક ગુપ્ત વાતો કહી દે છે. આ ઘણુંજ હલકું અને શરમભરેલું છે. આવા માણસ ઉપર પછીથી કોઇ વિશ્વાસ મૂકતું નથી.

ક્રોધી માણસ ક્રોધમાં જે કંઇ બોલે છે, કરે છે, તેનાથી અનર્થ ઉપજે છે. તેનાં કુવાક્યનો કાપ કદાપિ રૂઝાતો નથી. ક્રોધી માણસ થોડા વખતમાં અનહદ નુકસાન કરી દેછે. કહ્યું છે કે;—

Rage & frenzy will pull down more in half an hour than prudence, deliberation & foresight can build up in a hundred years.

ક્રોધ પોતાને તેમજ બીજાને હાનિકારક છે. જુઓ;—

' And though it is very troublesome to others yet it is most troublesome to him that hath it.

ક્રોધને વશ રાખવો એ ડાહ્યા માણસનું કામ છે. ક્રોધને જીતવો એ મહાત્માઓનું કામ છે. છેવટે એટલુંજ કે આપણા તેમજ જનસમૂહના ભલા માટે ક્રોધને વશ રાખવાની આપણે ટેવ પાડવી જોઇએ.

' सत्यमेवजयते '

" Certainly it is heaven upon earth, to have a man's mind move in charity, rest in providence, and turn up on the poles of truth."

Bacon.

૧. સત્ય બોલવાની જરૂર. ૨. અસત્યના પ્રકાર—કવિનું, વેપારીનું, જુઠાનું, અર્ધું સાચું અને અર્ધું જુઠું. વખતે સાચું અને વખતે જુઠું. ૩ સત્યવાદી મોટા લાભને જતા કરેછે; ઇશ્વર છેતરાતો નથી; સત્યવાદીને તે તારે છે, અને જુઠાને શિક્ષા કરે છે. ૪ સત્ય છુપાવવાનો પ્રસંગ આવે ત્યારે શું કરવું? ૫. છેવટ.

૧. સત્ય બોલવાની જરૂર.

ઇશ્વરે માણસને વાચાની શક્તિ આપેલી છે. માણસો એક બીજાને પોતાના વિચાર ભાષાદ્વારા જણાવે છે. માણસો બોલે કાંઇ અને કરે કાંઇ તો જનસમૂહનો વ્યવહાર કેમ ચાલે? ઇશ્વરે જે ઉદ્દેશથી જીહ્વા આપેલી છે, તેનો અયોગ્ય ઉપયોગ કરવાથી તેના પવિત્ર ઉદ્દેશને આપણે ઉંધો પાડવાનો પાંપી પ્રયત્ન કરીએ છીએ. પોતાને લાભ થાય, જનસમૂહને લાભ થાય, અને આ લોક તેમજ પરલોકમાં સુખ મળે, માટે બધા ધર્મમાં સત્ય બોલવાનો બોધ કરેલો છે.

હવે જુઠું બોલવાથી દુનીઆમાં થતા ગેરફાયદા વિષે વિચાર કરીએ.

સત્યનો પ્રભાવ કેટલો છે! જુઠું બોલનારો પણ સાચું બોલવું એ સારૂં છે, એમ કહે છે, અને પોતાનું અસત્ય પકડાઇ ન જાય માટે બનતો પ્રયત્ન કરે છે: એટલે કે ખરૂં જોતાં તો તે એક જુઠું છુપાવવા બીજાં અનેક પાપમાં ફસાય છે. આવો માણસ પકડાય છે, ત્યારે તેની કેવી દશા થાય છે! તેના ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી, અને બધા તેને ધિક્કારે છે. બેકને યોગ્યજ કહ્યું છે કે,

There is no vice that doth so cover a man with shame as to be found false & perfedious.

રે! તે એક વખત જુઠું બોલે છે, અને પછી સાચું બોલે છે, તોપણ તેના કહેવા ઉપર કોઇ ભરોંસો રાખતું નથી. ભરવાડના છોકરાને 'વરૂ' 'વરૂ' એમ ખોટી બૂમ પાડવાની ટેવ પડી હતી, તેથી જ્યારે ખરેખરૂં વરૂ આવ્યું ત્યારે લોકોને તેના ઉપરથી વિશ્વાસ ઉઠી ગયલો હો.

વાથી તેને કેવાં માઠાં પરિણામ સહન કરવાં પડયાં ! જુઠો આ દુનીઆના લાભ મેળવવા ખાતર જુઠું બોલવા લલચાય છે, પરન્તુ અંતે તે પોતેજ છેતરાય છે, કારણ કે તેની આબરૂ હલકી પડી જવાથી આ દુનીઆના લાભ તેને મળતા નથી, એટલું નહિ પણ ઈશ્વર પણ તેને શિક્ષા કરે છે.

૨. અસત્યના પ્રકાર—કવિનું, વેપારીનું, જુઠાનું, વગેરે.

કવિનું અસત્ય વિચિત્ર પ્રકારનુ છે. તેનું અસત્ય એટલે અતિશયોક્તિ કહીએ તો ચાલે. આ અસત્ય એવું છે કે તેનાથી નુકસાન તો થતું નથી, પરન્તુ, લાભ થાય છે. કવિનો ઉદ્દેશ વાચકને રસિક બનાવવાનો હોય છે. તે ઉપરાંત પોતાની કવિતાની અસર વાચકવર્ગ ઉપર દૃઢ થાય, તેમજ તે મનોરંજક બને, માટે તે તેની અંદર મીઠું મરચું ભભરાવે છે. આ જાતનું અસત્ય ક્ષંતવ્ય છે, એટલુંજ નહિ, પણ ઉલટું સ્પૃહણીય છે.

વેપારીનું અસત્ય.

વેપારી લાભને અર્થે બીજાને જુઠું બોલી છેતરે છે. ગ્રાહક એક વખત છેતરાય છે, પરન્તુ તે વેપારીનું અસત્ય ખુલ્લું પડે છે, ત્યારે તે ગ્રાહક તેની દુકાને ચઢતો નથી, એટલુંજ નહિ, પણ બીજાઓ પણ ત્યાં આવતાં અટકી જાય છે. આથી વેપારીને સામટું ઘણું નુકસાન ખમવાને વખત આવે છે.

જુઠાનું જુઠું.

કેટલાકને જન્મથીજ જુઠું બોલવાની ટેવ હોય છે. પોતાને લાભ થતો હોય કે નહિ તોપણ આવા અધમ માણસ અસત્ય બોલવામાં રાચતા જણાય છે. આવા પાપીઓ ધિક્કાર પાત્ર છે, અને તેઓ પોતાના કર્મનાં અત્યંત માઠાં ફળ આ લોક અને પરલોકમાં ભોગવે છે.

અર્ધું સાચું અને અર્ધું જુઠું.

કેટલાક માણુસો એકજ બાબતની અંદર અર્ધી વાત ખોટી કહે છે. આ પ્રમાણે સામાને છેતરવાનો યત્ન આખું જુઠું બોલ્યા જેવોજ છે; રે! તે કરતાં પણ ખરાબ છે, કારણ કે તે પકડાય છે, ત્યારે તેનો જુઠા તેમજ દંભી તરીકે તિરસ્કાર કરવામાં આવે છે. પ્રખ્યાત રાજકવિ ટેનિસને યોગ્યજ કહ્યું છે કે;—

'A lie which is half a truth is ever the worst of lies.'

વખતે સાચું અને વખતે જુઠું.

સ્વાર્થી અને લુચ્ચો માણસ બીજાને જાળમાં ફસાવવા ખાતર વખતે સાચે સાચું બોલે છે, અને વખતે જુઠું બોલે છે. જો સામો માણસ બરાબર સાવચેત ન રહે, તો તે દુષ્ટની જાળમાં તે નક્કી ફસાઇ જાય છે. જે માણસને આપણે ગુજરાતીમાં પણ 'પૉલિસિ' વાળો એટલે કે કપટી કહીએ છીએ, તેનું વર્તન આવા પ્રકારનું હોય છે. સાચું બોલી વિશ્વાસ મેળવી, પછીથી વિશ્વાસુને છેતરવો એ મોટામાં મોટું પાપ છે, આવા માણસને જેટલો ધિક્કારીએ તેટલો થોડો.

સત્યને ચાહનારા સત્ય ખાતર મોટા લાભને જતા કરે છે.

દરેક દેશમાં થયલા સત્યવાદી પુરૂષોના ઉત્તમ દૃષ્ટાંતો ઉપરથી માલૂમ પડે છે, કે સત્યવાદી પુરૂષો પોતાને ગમે તેટલો લાભ થતો હોય, તોપણ અસત્ય બોલતા નથી. સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાનોજ દૃષ્ટાંત લઇએ. સ્મશાનમાં પોતાની પ્રિય પત્નીને મારી નાંખવા તત્પર થયલા અનુપમ સત્યવાદી રાજાને વિશ્વામિત્ર ઋષિ આવીને કહે છે કે;—"તું ધર્મથી—સત્યથી ચળીને સ્વલ્પ અસત્ય બોલ," એટલે તારાં સર્વ કષ્ટ નષ્ટ થઇ, તારી પૂર્વવત્ અવસ્થા થશે.' હરિશ્ચંદ્ર રાજા પ્રત્યુત્તર આપે છે કે:—"મહારાજા કૃપા કરી મને ધર્મથી—સત્યથી—ચળવાનું ન કહો. મને ઇન્દ્રાસન મળે તો પણ હું અસત્ય ભાષણ કરનાર નથી." પરિણામ શું આવ્યું? સત્યની

કસોટી થઇ, હરિશ્ચંદ્ર સત્યથી ચળ્યો નહિ, સત્યનો જય થયો, આ લોકનાં અને પરલોકનાં પરમ સુખ ભોગવી તે તરી ગયો–ઇશ્વરની કૃપાનું પાત્ર થયો, અમર થયો.

સાચું બોલવાથી શરૂઆતમાં કદાચ દુઃખ પડે છે, પણ તેથી હીંમત હારવી નહિ. સત્યવાદીને સત્યનો–ઈશ્વરનો–આધાર છે, તેથી તેના શરીરને થતું દુઃખ કંઈ હિસાબમાં નથી. માનસિક દુઃખ તો તેને થાયજ નહિ, કારણ કે તેને સત્યનો ટેકો છે. સત્યજ કહ્યું છે કે;—

'An innocent mind can find comfort on a bed of thorns.'
'*Virtue* exalts her favourites above the frowns of fate.'

ઈશ્વર પણ આપણાં સારાં નરસાં કૃત્યોનો બદલો આપે છે. કેટલીક વેળા દુષ્ટ માણસોને તે મહાન્ ન્યાયી પિતા તાત્કાલિક શિક્ષા કરે છે. આર્કબિશપ લીટન એક દિવસ ગ્લાસગોથી ડનબ્લેન જતો હતો. રસ્તામાં તેને બે ચોર મળ્યા. તેને લૂંટવાની ચોરની હીંમત ચાલી નહિ, તેથી તે ચોરોએ એક યુક્તિ રચી. એક જણ મરી ગયો હોય તેમ નીચે સુઇ ગયો. બીજો તે આર્કબિશપ પાસે ગયો, અને તેને વિનતિ કરી કહ્યું કે મારો સાથી વીજળી પડવાથી મરી ગયો છે, અને તેને દાટવાને થોડા પૈસાની જરૂર છે, તો જો આપ થોડા પૈસા આપશો, તો આપની મોટી મહેરબાની થશે. નિખાલસ મનના આર્કબિશપે તેને થોડા પૈસા આપ્યા, પણ જ્યારે તે ચોર પેલા ઢોંગી ચોર પાસે ગયો, ત્યારે તે ખરેખર મરણ પામેલો હતો! ખરૂંજ કહ્યું છે કે;—

'He that speaketh lies shall perish.'

૪. કેટલીક વેળા માણસ ઘણી કફોડી સ્થિતિમાં આવી પડે છે. કોઇ ગાંડો માણસ હાથમાં તરવાર લઇ કોઇને મારવા દોડતો આવતો હોય, અને રસ્તામાં અમુક માણસ ક્યાં ગયો તેવું આપણને પૂછે તો શું કરવું? માણસનો જીવ બચાવવા જતાં, જુઠું બોલવું પડે છે, અને સાચું બોલવાથી

મનુષ્યનો વધ થવાનો સંભવ છે. આવા પ્રસંગો માણસની જીંદગીમાં ક્વચિતજ આવે છે. ઉપરની શંકા ગંભીર હોવાથી તેમજ એક નિબંધમાં તેનો ખુલાસો થઇ શકે તેવી નહિ હોવાથી, આપણે છેવટમાં એટલુંજ કહીશું, કે દરેક માણસે ઇશ્વરનો ભય રાખી સાચું બોલવાનો નિયમ રાખવો. બીજાં અનેક સારાં કાર્યો કરતાં સત્ય ચઢી જાયછે; જુઓ:-

अश्वमेध सहस्रं च सत्यं च तुलया धृतम् ।
अश्वमेध सहस्राद्धि सत्यमेव विशिष्यते ॥

આપણા વેદમાં સત્યને ઇશ્વિર રૂપજ માનેલું છે, અને તેવાજ વિચાર કવિ મિલ્ટન પણ દર્શાવે છે. તે કહેછે કે;—

" God himself is truth; in propagating which, as men display a greater integrity & zeal, they approach nearer to the similitude of God, and possess a greater portion of His Love. "

પરોપકાર.

आत्मार्थंजीव लोकेऽस्मिन्को न जीवति मानवः ।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥

૧. પરોપકાર કરવો એ આપણી ફરજ છે; બધાને અણધારી વિપત્તિ આવી પડે છે. ૨. પરોપકાર કેવી રીતે કરવો ? પરોપકારી સ્ત્રી પુરૂષોના દૃષ્ટાંત. છેવટ.

૧. પરોપકાર કરવો એ આપણી ફરજ છે.

દરેક સ્ત્રી તેમજ પુરૂષે પોતાના ઉપર આધાર રાખવો જોઇએ, એ વાત ખરી, પરન્તુ આ દુનીઆમાં કેટલીક વેળા આપણા ઉપર આકસ્મિક વિપત્તિઓ આવી પડે છે. સારી સ્થિતિમાં જેઓ હોય, તેઓએ આવી વિ-

પત્તિઓમાં અચાનક સપડાયલાને મદદ કરવી એ તેઓનો ધર્મ છે. દુઃખી માણસને દેખી કયા મનુષ્યના મનમાં દયા આવતી નથી ? કેને તેનું દુઃખ ઓછું કરવાનું કે તદ્દન દૂર કરવાનું મન થતું નથી ? દુઃખી માણસોને તન, મન, કે ધનવડે મદદ થઇ શકે છે. દીલસોજી બતાવી આઘા ખસી જવું એ ઠીક નથી. કંઇક પૈસા સંબંધી પણ મદદ કરવાની જરૂર છે. એક વિદ્વાન્ કહે છે કે;—

True humanity consists not in a squeamish ear; it consists not in starting or shrinking at tales of misery, but in a disposition of heart to relieve it.

વળી ઘણીવેળા માણસ જાત ઉપર કુદરતી કોપ થાય છે. દુષ્કાળ, રેલ, આગ, ધરતીકંપ, વગેરેથી હજારો, કેટલીક વેળા લાખો માણસો નિરાધાર થઇ પડે છે. ખરેખરા પરોપકારી પુરૂષોની કસોટીનો આ વખત છે. આવે વખતે યથાશક્તિ મદદ આપવા શું દરેક મનુષ્ય બંધાયલ નથી ? નાનપણથીજ કેટલાંક બાળકો અનાથ થઈ ગયલાં અથવા અશક્ત અને ખોડવાળાં હોય છે. આવાં અનાથ અને અશક્ત બાળકોને માટે અનાથાશ્રમ કાઢી તેઓને આધાર આપવો એ મોટું પુણ્ય છે. કહ્યું છે કે;–

परोपकारः कर्त्तव्यः प्राणैरपि धनैरपि ।
परोपकारजं पुण्यं न स्यात्क्रतु शतैरपि ॥

જુઓ, કુદરતમાં સૂર્ય, ચન્દ્ર, નદી, વૃક્ષ, વગેરે પણ આપણા ઉપર ઉપકાર કરે છે, તો આપણે મનુષ્યે પરોપકાર ન કરવો એ કેટલું બધું અધમ છે ! યોગ્યજ કહ્યુ છે કે;—

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः परोपकारार्थ मिदं शरीरम् ॥

૨. પરોપકાર કરવામાં કેટલીક સંભાળ રાખવાની જરૂર છે.

શક્તિવાળા છતાં આળસુ ભીખારી ઉપર પરોપકાર કરવાથી ઘણું નુકસાન થાય છે. તેઓ વધારે આળસુ અને દુરાચારી થાય છે, અને

બીજાને પણ ખરાબ દાખલો બેસાડે છે. દુઃખી માણસને રોકડ નાણાની મદદ કરવા કરતાં અન્ન, વસ્ત્રાદિની મદદ આપવી એ વધારે સલાહભરેલું છે. આ ઉપરથી એમ ન સમજવું કે રોકડ નાણાની મદદ આપવીજ નહિ. ગરીબ વિદ્યાર્થીને ભણવાની ફી, ચોપડીઓ ખરીદવાના પૈસા, અથવા સ્કૉલરશિપો, વગેરે આપવાની જરૂર છે. પરોપકાર કીર્તિને અર્થે નહિ, પણ એક ફરજ તરીકે કરવામાં આવે તો વધારે સારૂં. પોતાના દેશના લોકો ભૂખે મરતા હોય છતાં ખોટી મોટાઈમાં તણાઇ જઈ, જે દેશના લોકો ધનાઢ્ય છે, તેવા દેશના લોકોને પૈસા ભરવા એ અયોગ્ય જ છે. જેઓ કોઇ રીતે પૈસાનો કોઇ પણ પ્રકારે સદુપયોગ કરતા નથી, જેઓની ચમડી તૂટે તે હા પણ જેઓની પાસેથી દમડી છૂટતી નથી, તેના કરતાં કીર્તિ ખાતર પરોપકાર કરનારા હજાર દરજ્જે સારા છે.

•

મુંબઇમાં ડૉકટર નીલકંઠરાયે—આંધળાંઓ ઉપર, અને અમદાવાદમાં રા. બા. લાલશંકરભાઇએ અનાથાશ્રમ કાઢી નિરાધાર બાળકો ઉપર જે ઉપકાર કર્યા છે તે કોણ નથી જાણતું? પૈસાદાર હોવા છતાં જૉન હાવર્ડે પોતાના દેશનાં તેમજ બીજા દેશનાં ગરીબ માટે કેટલું બધું કર્યું છે! એક જાતના ચેપી તાવથી પીડાતી એક રશિઅન બાઇની સારવાર કરવામાં આ મહાન્ પુરૂષે આત્મભોગ આપ્યો એ કોણ નથી જાણતું? સમૃદ્ધિવાળી અને ઉત્તમ કુળમાં જન્મેલી છતાં ફ્લોરેન્સ નાઇટીંગેલે પોતાની આખી જીંદગી માંદાની માવજત કરવામાં, અને તેઓની સ્થિતિ સુધારવામાં કાઢી એ શાથી? અનહદ શ્રમથી—પરોપકારાર્થે કરેલા શ્રમથી—તે માંદી પડી, અને અંતે પરોપકારાર્થેજ પોતાનો ભોગ આપ્યો એ કોનાથી અજાણ્યું છે? સર ફીલીપ સીડનીનો પરોપકાર તો જગજાહેર છે.

રોમનો બાદશાહ ટીટસ હમેશાં કંઇક પરોપકારનું કામ કર્યા વિના રહેતો નહિ. તેનો એક દિવસ પરોપકાર કર્યા વિનાનો ગયો, ત્યારે તેણે કહ્યું હતું કે;—

My friends, I have lost a day.

આહા ! પરોપકાર કરવાની શી એની કાળજી !

શું ઉપરનાં દૃષ્ટાંતો સ્તુત્ય ને અનુકરણીય નથી ? પરોપકાર કરનારાં સ્ત્રીપુરૂષોનાં નામ પવિત્ર છે, અમર છે. તેઓને માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં છે, કારણ કે ઇશ્વર પરોપકારી પુરૂષોને ચાહે છે. અરે ! તેઓ આ દુનીઆમાંજ સ્વર્ગનાં સુખ અનુભવે છે.

પરોપકાર કરવો એ દરેક માણસની પવિત્ર ફરજ છે.

સૌન્દર્ય.

૧. સૌન્દર્યપરીક્ષા. ૨. સ્વાભાવિક અને કૃત્રિમ સૌન્દર્ય. ૩. સૌન્દર્ય એ ઈશ્વરી બક્ષીસ; જન્મખોડ. સુન્દર તેમજ વરવાં સ્ત્રીપુરૂષોને થતા લાભ ગેરલાભ. ૪. ખરૂં સૌન્દર્ય કોને કહેવું ?

૧. સૌન્દર્યપરીક્ષા.

જુદા જુદા માણસના સૌન્દર્ય વિષેના વિચાર જુદા જુદા હોય છે. તુલનાશક્તિ અને રસજ્ઞતા કેળવાયલાં હોય, તો સૌન્દર્યપરીક્ષા કરવામાં સારી મદદ મળે છે, છતાં જુદા જુદા દેશના કેળવાયલા લોકોના સૌન્દર્ય સંબંધે વિચાર મળતા આવતા નથી. સૌન્દર્યપરીક્ષા કરવામાં દેશ, અને ત્યાંની આબોહવાની પણ કંઇક અસર થતી લાગે છે. સીદીભાઇને શ્યામ વર્ણનું પોતાનું બાળક બધાં બાળક કરતાં સુન્દર લાગે છે, અને એ ઉપરથી 'સીદીભાઈ કે બાબુડે' એવી રીતે દૃષ્ટાંત આપવામાં આવેછે. ઇંગ્રેજ લોકો સોનેરી વાળને વખાણે છે, તો આપણે કાળા વાળને વખાણીએ છીએ. ચીનના લોકો ચપટાં નાકને વખાણે છે, ત્યારે આપણે પોપટના જેવું નાક વધારે પસંદ કરીએ છીએ. આ પ્રમાણે શરીરના જુદા જુદા અવયવોના સૌન્દર્ય વિષે મત ભેદ પડે છે સૌન્દર્યની પરીક્ષા કરતીવેળા અનેક બાબતો ધ્યાનમાં રાખવાની છે. ચામડીનો રંગ, સ-

રીરનો બાંધો, તેના જુદા જુદા અવયવોની યથાપ્રમાણતા, ચાલવાની તેમજ બોલવાની ઢબ, વગેરે અનેક બાબતોનું સૌન્દર્ય એકત્ર થવાથી ખરેખર મોહક સૌન્દર્યનું કંઇક ભાન થાય છે. પોપ કવિ કહે છે;—

'Tis not a lip or eye we beauty call,
But the joint force & full result of all.

કેટલીકવેળા સામેની વસ્તુમાં એવું અનિર્વચનીય કંઇક હોય છે, કે તેથી જોનાર જોતાંજ મોહ પામે છે. બીજાની નજરમાં છો તે વસ્તુ સુન્દર ન લાગતી હોય, તોપણ તે જોનાર ઉપર તેની કંઇ જાદુની પેઠે અસર થાય છે. એક વિદ્વાન્ કહે છે કે—

Beauty is in the eye of the beholder.

આ પણ ઘણે અંશે ખરૂં છે.

૨. સ્વાભાવિક અને કૃત્રિમ સૌન્દર્ય.

દરેક દેશમાં સૌથી સુન્દર કોને કહેવું તે થોડે ઘણે અંશે નક્કી થયલું હોય છે. આથી જે સ્ત્રી કે પુરૂષ જન્મથીજ વરવાં હોય છે, તે કૃત્રિમ વાળ પહેરીને, કે કૃત્રિમ રંગ ચોપડીને કે બીજી કોઇ ટાપટીપથી સુન્દર દેખાવાનું કરે છે. કૃત્રિમ સૌન્દર્ય પકડાઈ જાય છે, અને તેવા ઉપાયોથી સુન્દર બનેલાં સ્ત્રી પુરૂષ સ્વાભાવિક સૌન્દર્યવાળાં સ્ત્રીપુરૂષના હાસને પાત્ર થાય છે. યુરોપખંડના જુદા જુદા દેશોમાં મોં ઉપર રંગ લગાવવાનો અને જુવાન તેમજ ખુબસુરત દેખાવાનો ઘણો રીવાજ છે. ફ્રાન્સમાં અને ત્યાં પણ ખાસ કરી સ્ત્રીવર્ગમાં આ હાનિકારક રીવાજ ઘણોજ પ્રસરેલો છે. આવું કૃત્રિમ સૌન્દર્ય ધારણ કરવા જતાં મયૂરનાં પીંછા પહેરેલા કાગડાના જેવી સ્થિતિ થાય છે, એટલુંજ નહિ, પણ પૈસા અને વખતનો વ્યય થાય છે, અને ચામડીને તેમજ ક્રમે ક્રમે તંદુરસ્તીને પણ નુકસાન પહોંચે છે. યોગ્ય કસરતથી, શરીરની માંસપેશી કસાઈ અવયવો સારા દેખાય છે. સ્વચ્છ ખોરાક અને સારી હવાથી લોહી સુધરે છે, અને મોં ઉપર તંદુરસ્તીની લાલી આવે છે. પોતાની સ્થિતિ અને પોતાના દેશને છાજતો

પોશાક પહેરવાથી પણ શરીર ઠીક દેખાય છે. ઈશ્વરે જેવું રૂપ આપ્યું હોય તેમાં સંતોષ માની, માત્ર સ્વાભાવિક ઉપાયોથી તેને સુધારી શોભાવવા પ્રયત્ન કરવો.

૩. સૌન્દર્ય એ કુદરતી બક્ષીસ છે. જન્મખોડ; સુન્દર અને વરવાં સ્ત્રીપુરૂષોને થતા લાભ ગેરલાભ.

સ્વાભાવિક સૌન્દર્ય એ કુદરતની બક્ષીસ છે. તેમાં મનુષ્યને ફુલાઇ જવા જેવું નથી; વળી સૌન્દર્ય અસ્થિર અને નાશવંત છે, તેવા વિચારથી પણ વરવાં માણસ તરફ તિરસ્કારની નજરે ન જોવું. કેટલાંક સ્ત્રી પુરૂષો જન્મથીજ ખોડવાળાં હોય છે, તેમાં તેનો દોષ નથી. વળી જેવી રીતે સુન્દર સ્ત્રીપુરૂષોને લાભ ગેરલાભ છે, તેમ વરવાં કે ખોડવાળાં માણસને પણ તે ખામીઓથી લાભ અને ગેરલાભ બંને છે. સુન્દર સ્ત્રી પુરૂષો બીજાને એકદમ પોતાના તરફ આકર્ષે છે, અને તેઓનું સૌન્દર્ય તેમની એક પ્રકારની ભલામણ થઇ પડે છે. બેકન કહે છે કે;—

'A pleasing figure is a perpetual letter of recommend ation.'

શોપનહૉર નામનો પ્રખ્યાત તત્ત્વવેત્તા કહે છે કે;—

'Beauty is an open letter of recommendation, predisposing the heart to favour the person who presents it.'

સુન્દર સ્ત્રીપુરૂષો કુમાર્ગે ચઢી ખરાબ થાય છે, એ પણ મોટો ગેરલાભ છે. ઉત્તમવર્તન એજ સૌન્દર્યનું ખરૂં બખ્તર છે. સુન્દર અને નીતિવાળાં સ્ત્રીપુરૂષ, વરવાં અને નીતિવાળાં સ્ત્રીપુરૂષ ઉપર સ્વાભાવિક રીતે સરસાઇ ભોગવે છે. પ્રખ્યાત લેખક બેકન કહે છે કે;—

'Beauty is as summer fruits, which are easy to corrupt and can not last; and for the most part it maketh a dissolute youth and an age a little out of countenance; but yet certainly again if it light well, it maketh virtue shine, and vices blush.'

વરવાં કે ખોડવાળાં માણસોને કેટલાક લાભ છે. તેઓ સ્વાભાવિક ખામીને લીધે વધારે ઉદ્યોગી અને ખંતીલાં બને છે, તેઓ બીજાની ઈર્ષ્યામાંથી બચી જાય છે, અને સ્પર્ધા કરનારા તેઓની ગણતરી કરતા નથી. વરવાં અને જન્મખોડવાળાં માણસો તરફ બીજાને એકદમ ભાવ ઉત્પન્ન થતો નથી અને જે માણસો ઉપરના દેખાવથીજ લોભાઇ જાય છે, તેવાં માણસોનો તેના ઉપર ભાવ થતો નથી એટલું જ નહિ, પણ તેના તરફ તિરસ્કાર ઉત્પન્ન થાય છે. વરવાં અને ખોડવાળાં માણસો ઘણી વેળા ઘણાં બુદ્ધિશાળી અને વિચક્ષણ હોય છે. પંડિતશ્રી ગટુલાલજીનો દાખલો સર્વેના જાણવામાં છે. સૉક્રેટિસ વરવો હતો, છતાં દુનીઆમાંના શિક્ષકમાંનો એક મહાન્ શિક્ષક થઇ ગયો છે; ડીમૉસ્થીનીઝમાં અનેક ખોડ હતી છતાં ખંત અને ઉદ્યોગથી તે એક ઉત્તમોત્તમ વક્તા થયો! આવા માણસોને ઇશ્વર મદદ કરે છે.

૪. ખરૂ સૌન્દર્ય કોને કહેવું ?

સ્ત્રીપુરૂષો શારીરિક સૌન્દર્યથી જેટલાં શોભે છે, તેથી અધિક માનસિક સૌન્દર્યથી શોભે છે. જો બંને હોય તો દૂધમાં સાકર ભળ્યા જેવું થાય છે. શારીરિક સૌન્દર્ય વિના ચાલે, પણ માનસિક સૌન્દર્ય વિનાનાં માણસો પશુ તુલ્યજ છે. માનસિક સૌન્દર્યમાં પણ નીતિનું સૌન્દર્ય ઇષ્ટ અને સ્તુત્ય છે. નીતિ વિનાનાં બુદ્ધિશાળી માણસો વધારે ભયાનક છે.

પોપ કવિએ સુન્દરીઓના સૌન્દર્ય વિષે યોગ્યજ કહ્યું છે કે;—

Beauties in vain their pretty eyes may roll;
Charms strike the sight, but merit wins the soul.

તેવીજ રીતે ઇંગ્રેજી કહેવત સત્ય કથે છે કે;—

'Handsome is that handsome does.'

એક પ્રખ્યાત લેખક ખરા સૌન્દર્ય વિષે કહે છે કે;—

'True beauty must come, must be grown, from within.'

શારીરિક સૌન્દર્ય કરતાં માનસિક–નૈતિકસૌન્દર્ય–પ્રશંસનીય અને સ્પૃહણીય છે.

———(૦)———

પોશાક.

૧. પોશાક પહેરવાની જરૂર. ૨. પોશાક દેશ, કાળ, અને સ્થિતિને અનુસરી પહેરવાની જરૂર. ૩. જુદા જુદા દેશમાં જુદા જુદા વર્ગમાં જુદો જુદો પોશાક પહેરવાની અગત્ય. ૪. પોશાક એ મનુષ્યનું ભૂષણ છે; પણ તે ખરેખરૂં ભૂષણ નથી.

૧. પોશાક પહેરવાની જરૂર.

તદ્દન જંગલી અવસ્થાનાં માણસો નગ્ન રખડે છે. જેમ જેમ તેઓ સુધરતાં જાય છે, તેમ તેમ ઝાડની છાલ, પાંદડાં, અથવા તો જનાવરોનાં ચામડાં શરીરની આસપાસ લપેટે છે. જ્યારે તેઓ તે કરતાં પણ વધારે સુધરે છે, ખેતી કરી, કપડાં વણી જાણે છે, ત્યારે તેઓ કપડાં પહેરવા લાગે છે. માણસને પોતાની અંગ ઢાંકવા પોશાક પહેરવાની કેટલી બધી જરૂર છે તે ખુલ્લુંજ છે.

૨. પોશાક કેવો પહેરવો ?

પોશાક દેશ, કાળ, અને સ્થિતિને અનુસરીને પહેરવો જોઇએ. ઠંડા દેશમાં ગરમ કપડાં પહેરવાની જરૂર છે, પરન્તુ ગરમ દેશમાં જેમ બને તેમ પાતળાં અને આછાં કપડાં પહેરવાની જરૂર છે. આપણામાં એવી કહેવત છે કે 'દેશ છોડવો પણ વેશ ન છોડવો.' વેશથી–પહેરવેશથી–આપણે કયા દેશના છીએ તે બીજા તરતજ પારખી શકે છે; વળી પોતાનો પોશાક છે, માટે છોડવો નહિ એવું અભિમાન પણ બધાને હોય એ ઇચ્છવા જોગ છે. આથી વિરૂદ્ધ પણ કહેવત છે કે 'દેશ તેવો વેશ' આ ઉપરથી એમ પણ સમજાય છે કે પારકા દેશમાં જવું પડે, અને ત્યાંની આબો હવા, વગેરેને લીધે વેશ બદલવો પડે તો હરકત નથી.

હિન્દુસ્તાનમાં હિન્દુ અમલ હતો, મોગલ અમલ હતો, અને બ્રિટિશ અમલ છે, છતાં હિન્દુઓએ–તેઓમાંના ઘણાએ–હજુ પોતાનોજ મૂળ પહેરવેશ જાળવી રાખ્યો છે, એથી ખુશી થવાનું છે. જેવી રીતે ધર્મ-

ની બાબતમાં હિન્દુઓ અડગ રહ્યા છે, બીજા કેટલાક રીત રીવાજમાં તેવાને તેવાજ રહ્યા છે, તેમ પોશાકમાં પણ મૂળ હતા તેવાજ રહ્યા છે. પોશાક ઋતુ પ્રમાણે બદલાવવાની જરૂર છે. શિઆળામાં આપણા દેશમાં ગરમ કપડાં પહેરવાની જરૂર છે. માત્ર ગરીબ લોકો તેમજ અત્યંત લોભીઆઓને પાતળાં અને સુતરાઉ કપડાંથી ચલાવી લેવું પડે છે.

પોતાની સ્થિતિ પ્રમાણે પોશાક પહેરવો. ફક્કડ લોકો જેવો દેખાવડો, ચળકતો, રંગબેરંગી અને કેટલીક વેળા ઘણો કીંમતી પોશાક પહેરે છે, તેવો પોશાક પહેરવાથી લોકોમાં આબરૂ ઘટે છે. ગરીબ માબાપના છોકરાઓને પણ હાલમાં કોટ, પાટલુન, કૉલર, અને નેકટાઇ, પહેરવાનો પવન લાગ્યો છે, તે ઘણો નુકસાનકારક છે. પોશાક માટે તેઓ પોતાનાં માબાપને પજવે છે, અને જો તેઓ તેમને જોઇતો પોશાક કે તે ખરીદવા પૈસા આપતાં નથી, તો તે આડે અવળે રસ્તે રે! દેણું કરી, માગી ભીખી, અને છેવટે પૈસા ચોરી પોતાનો શોખ પૂરો કરે છે. આ કેટલું બધું ખેદજનક છે !

૩. પોતાની નાત, અને જાતને અનુસરી પોશાક પહેરવાની જરૂર છે. દરેક દેશમાં અમુક માણસ અમુક વર્ગનો છે, તે ઓળખી શકાય માટે જુદા જુદા વર્ગના પોશાક જુદા જુદા રાખેલા હોય છે. જૂના કાળના હિન્દુસ્તાનમાં ઢેડ લોકો, તેમજ બીજા અધમ વર્ગના લોકોને અમુકજ જાતનો પોશાક પહેરવા દેવામાં આવતો. તેઓ પૈસાવાળા હોય તોપણ ઉચ્ચ વર્ગના લોકોનો પોશાક તેઓથી પહેરી શકાતોજ નહિ. હાલમાં તો અહીંઆં સ્થિતિ બદલાઇ ગઇ છે. ઢેડ પણ કોટ, પાટલુન અને કૉલર પહેરી શકે છે, અને બ્રાહ્મણનો છોકરો પણ તેવોજ પોશાક પહેરે છે. ધર્મ અને જાતિદર્શક બાહ્ય ચિહ્નોનો કેટલેક અંશે—ગમે તે કારણને લીધે—કંઇક ધિક્કાર ઉત્પન્ન થયલો હોવાને લીધે ઉચ્ચ અને અધમ વર્ગના છોકરાને બહારના દેખાવથી ઓળખી કાઢવાનું સાધન તો નષ્ટ થયું છે, અથવા ધીમે ધીમે થતું જાય છે.

ઈંગ્લંડમાં પણ હજુ વર્ગવાર પોશાક પહેરવાનો રીવાજ છે. પાદરીનો પહેરવેશ જુદો; ડૉકટરનો જુદો; નર્સનો જુદો; બૅરીસ્ટરનો જુદો અને રાજ્યના લશ્કરી અમલદારોનો પોશાક પણ અધિકાર પ્રમાણે જુદો જુદો હોય છે. પોશાક પોતાને છાજતો પહેરવાની જરૂર છે. એક લક્ષાધિપતિ વેપારી એક નાની અને ગંદી પોતડી પહેરે તે કેટલું બધું અઘટતું દેખાય છે! આથી વેપારીઓમાં તેમજ બીજા લોકોમાં તેની આબરૂ હલકી થાય છે. ખેડૂત અમીરવર્ગનો પોશાક પહેરે તો તે હાસપાત્ર થાય તેમાં કંઇ નવાઇ નથી. અમીર વર્ગ તો તેને નક્કી ધિક્કારીજ કાઢે.

૪. પોશાક મનુષ્યનું આભૂષણ છે, પરન્તુ તેનું ખરેખરૂં આભૂષણ બીજું છે. છાજતો પોશાક પહેરવો તેમાં તો કાંઇ ખોટું નથી. લશ્કરી અમલદારો પોશાકની બાબતમાં ઘણા ચોકસ હોય છે. નેપોલીઅન, અને નેલ્સન જેવા મહાન્ નરો પણ પોતાના અધિકારને છાજતો પોશાક પહેર્યા વિના બહાર નીકળતા નહિ. દરેક દેશમાં સ્ત્રીવર્ગ દેખાવડો અને રંગબેરંગી પોશાક પહેરવાની પુરૂષવર્ગ કરતાં વિશેષ કાળજી ધરાવે છે. સમર્થ વિદ્વાન્ બેકન કહે છે;

'Beauty is external virtue.'

યોગ્ય પોશાક એ એક જાતની ભલામણ છે. એ પણ ખરૂં કે સાધારણ માણસ ઘણીવેળા પોશાકથી ભૂલ પણ ખાય છે. 'માંહેના ગુણ મહાદેવજી જાણે' 'ઢમઢોલ અને માંહે પોલ' એવું પણ હોય છે; માટે માત્ર બહારના દેખાવથી મોહ ન પામવાની બનતી સંભાળ રાખવાની જરૂર છે.

માણસ સ્વચ્છ છે કે ગંદો, બેદકાર છે કે ચોકસ, વગેરે ગુણો પોશાક ઉપરથી પારખી શકાય છે. મહાન્ કવિ શેકસપીઅર કહે છે કે;—

Costly thy habit as thy purse can buy,
But not expressed in fancy; rich but not gaudy;
For the apparel oft proclaims the man.

માણુસ પોશાકથી કે શારીરિકસૌન્દર્યથી ખરેખરો શોભતો નથી. વિદ્યા અને સદ્‌ગુણ એજ તેનું ભૂષણ છે. સારાં કપડાં પહેરેલો મૂર્ખ જ્યાં સુધી મૌન રહે છે, ત્યાં સુધીજ સારો દેખાય છે. યોગ્યજ કહ્યું છે કે;—

केयूरा न विभूषयन्ति पुरुषं न हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ॥
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणं ॥

દારિદ્રય.

૧. અર્થ. ૨. દરિદ્ર અવસ્થા ઘણી દુઃખી અવસ્થા છે. ૩. દારિદ્રયને લીધે આવતા દુર્ગુણ. દરિદ્રદશામાં કેટલાક ગુણ કેળવાય છે. ૪. પરોપકાર કરવાનો પ્રસંગ; સ્થિતિ સુધારવાના ઉપાય.

અર્થ.

જેઓને ખાવા પીવા જેટલું મળતું હોય છે, અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા ઉપરાંત જેઓ થોડું ઘણું બચાવી શકે છે, તેવા ગરીબ માણસો વિષે અહીંઆં કહેવાતું નથી. જેઓ રોજ કમાય છે, અને રોજ ખાય છે, જેઓ બે ચાર દિવસ ખાવા જેટલું પણ બચાવી શકતા નથી, જેઓને પહેરવાને પૂરાં કપડાં નથી, અને રહેવાને ઘર કે ઝુપડું નથી, તેની સ્થિતિનો આ નિબંધમાં કંઈક ખ્યાલ આપવાનો છે. પ્રખ્યાત હોરેસ કહે છે કે;—

'That man is not poor who has the use of necessary things.'

૨. દરિદ્ર અવસ્થા એ ઘણી દુઃખી અવસ્થા છે.

અત્યંત ગરીબ માણસોને પૂરૂં ખાવાનું કે ઓઢવાનું હોતું નથી. રહેવાને ઝુપડું તો ક્યાંથીજ હોય? પેટ પૂરતું ખાવા ન મળવાથી તેઓ અશક્ત થઈ જાય છે, અને ખરાબ ખોરાકને લીધે તેઓ માંદા પડે છે. ટાઢ, તડકો, અને વરસાદથી તેઓની જે હેરાનગતિ થાય છે તે તો તેઓજ સમજે. રાત્રે નિરાધાર અવસ્થામાં, પોતે અને છોકરાં ગમે ત્યાં પડયાં રહે છે, અને પશુ કરતાં અધમ જીવન ગાળી થોડા વખતમાં અનેક રોગથી પીડાઈ મરણ પામે છે.

દરિદ્ર દશાનું દુઃખ મરણ કરતાં પણ ખરાબ છે. મરણનું દુઃખ મરતી વેળાજ લાગે છે, પણ દરિદ્ર અવસ્થા માણસને રીબાવી રીબાવી મારે છે. કહ્યું છે કે;—

दारिद्र्यान्मरणं संरोचते न दारिद्र्यं ।
अप्लक्केशं मरणं दारिद्र्यमन्तकं दुःखम् ॥

. ગરીબ માણસોના મનના મનોરથ મનમાં જ રહી જાય છે. તેઓ તરફ કોઇ નજર કરતું નથી; તેઓની મૈત્રી તો કરેજ કોણ? ઉચ્ચ સ્થિતિના લોકો તેના તરફ ધિક્કારની નજરથી જુએ છે. કહ્યું છે કે ગરીબ આખા જગતને જુએ છે, પણ ગરીબને કોઈ જોતું નથી. ' **पश्याम्यहं जगत्सर्वं न मां पश्यति कश्चन ॥**

જ્યાં ખાવા પીવાનાં સાંસાં હોય, ત્યાં મનુષ્યના ઉત્તમ ગુણનો લ્હાવો લેવાનો તે બિચારાને પ્રસંગ ક્યાંથી મળે? ઉદારવૃત્તિ, પરોપકાર, વગેરે સદ્‌ગુણોનું ભાન તેઓને ક્યાંથી હોય?

નિર્ધનને ભણવાને માટે સાધન હોતાં નથી, અને ઉદરપોષણ કરવામાં બધો વખત જતો હોવાથી તેઓને ભણવા માટે વખત પણ મળતો નથી. આખો દિવસ મજુરી કરી, અત્યંત થાકેલા હોવાથી તેઓ જ્યાં ત્યાં પડયા રહે છે, અને બાળકોનું પૂરૂં કરવા માટે રાત્રે પણ મજુરી કરે છે.

જ્યારે ગમે તે કારણને લીધે તેઓને પૂરૂં ખાવાનું મળતું નથી, ત્યારે તેઓ ઉદરપોષણ ખાતર ગમે તેવા રસ્તા લે છે. નિર્ધન માણસ અંતે મરણીઆ થાય છે, તેઓને લાજઆબરૂની દરકાર રહેતી નથી, અને તેઓ દુર્ગુણી બને છે.

નિર્ધન માણસોનાં બાળકોની સ્થિતિ પણ ખરેખર દયાજનક છે. તેઓનાં શરીર તો ઉપરનાં હાડકાં ગણી શકાય તેવાં હોય છે, અને કપડાંને અભાવે તેઓ નગ્ન અને ટાઢે મરતાં માલૂમ પડે છે. જરા મોટાં થાય કે ભરણપોષણ ખાતર અસહ્ય મજુરી કરવાની તેમને જરૂર પડે છે, અને તેઓની સ્થિતિ પણ તેનાં માબાપ જેવીજ થાય છે. ખરૂંજ કહ્યું છે કે દરિદ્ર અવસ્થાના દુઃખ જેવું બીજું એકે દુઃખ નથી. જુઓ;—

दुःखं दुःखमिति ब्रूयान्मानवो नरकं प्रति ।
दारिद्र्याद्धिकं दुःखं न भूतं न भविष्यति ॥

જેવી રીતે નિર્ધનને અનેક દુઃખ છે, તેમ થોડા ઘણા લાભ પણ છે. તેઓને ધનની વ્યવસ્થાની કે તે ચોરાઇ જવાની ફીકર હોતી નથી, તેથી તેઓ ઘસઘસાટ ઉંઘી શકે છે. જે મળે છે તે તેઓ સંતોષથી ખાય છે. ઈશ્વરની મરજીને તેઓ તાબે રહે છે. સહનશક્તિ, ધૈર્ય, ઉદ્યોગ, વગેરે ગુણો તેઓનામાં કેળવાય છે.

૪. પરોપકાર કરવાનો પ્રસંગ; ગરીબોની સ્થિતિ કેમ સુધારી શકાય?

દુનીઆમાં ગરીબ માણસો હોવાથી તવંગરને પરોપકાર કરવાનો પ્રસંગ મળે છે. કેટલાક ધનાઢ્ય આવા ગરીબને મદદ તો આપતા નથી, પણ ઉલટા તેના તરફ તિરસ્કાર બતાવે છે, એ ઘણું અયોગ્ય છે. તેઓ તેવી સ્થિતિમાં હોય તો તેઓને કેવું લાગે તે તેઓએ ધનના ઘેનમાં ભુલી જવું ન જોઇએ. દુષ્કાળ, આગ, રેલ, કે લડાઇને લીધે અ-

નાજના ભાવ ઘણા ચઢી જાય છે. આવે વખતે સાધારણ સ્થિતિના માણસોને ઉદરપોષણ કરવાની મુસ્કેલી ઉભી થાય છે, તો જે સારા વખતમાં પણ નિર્ધન છે, અને જેને તેવા વખતમાં પણ ટંકે ટંકનું ખાવાનું મળી રહે છે, તેની શી દશા ? ધનાઢ્ય, અને પરોપકારી પુરૂષોની તેમજ સરકારની આવે વખતે આવાં ગરીબડાંને મદદ કરવાની કેટલીબધી જરૂર છે તે ખુલ્લુંજ છે.

કેળવણીથી ગરીબ લોકો દુર્ગુણી અને વ્યસની થતાં અટકે છે; આથી ગરીબ લોકોને લાભ થાય છે, એટલું જ નહિ, પણ દેશની સમગ્ર પ્રજાને લાભ છે. ગરીબની સ્થિતિ સુધારવા તેઓને તદ્દન મફત અને થોડી ઘણી પણ કેળવણી આપવાની આવશ્યકતા છે.

જે ગરીબ માણસો શક્ત છે, તેવાને માટે હુનર, ઉદ્યોગનાં કારખાનાં કાઢી તેમાં તેને કામે લગાડવા, અને તેઓને ઉદ્યોગી બનાવી સ્વાશ્રયી બનાવવા એ પણ પરોપકારનું કામ છે. જેઓ તદ્દન અશક્ત હોય, અથવા જેઓ અપંગ હોય તેવાને માટે મફત રહેવાની તેમજ ખાવાપીવાની અને કપડાં, વગેરેની સગવડ કરી આપવી એ પણ મોટા પુણ્યનું કામ છે.

ટૂંકામાં એટલું જ કે દરિદ્ર અવસ્થા ઘણીજ દુઃખકર અને હલકામાં હલકી છે. પરોપકારી સ્ત્રીપુરૂષોએ ગરીબની હાલત સુધારવા બનતા પ્રયાસ કરવાની જરૂર છે. ઈશ્વરને પ્રસન્ન કરવાનો એ એક ઉત્તમ અને ખરો માર્ગ છે.

ઈર્ષ્યા.

૧. વ્યાખ્યા; ઈર્ષ્યાએ મોટો દુર્ગુણ છે. ૨. કોણ કોની ઈર્ષ્યા કરે છે ? ૩. ઈર્ષ્યાથી કોણ બચી જાય છે ? ૪. છેવટ.

૧. બીજાની સારી સ્થિતિ જોઇ મનમાં બળી જવાની જે લાગણી ઉત્પન્ન થાય છે, તેને ઈર્ષ્યા કહે છે. ઈર્ષ્યા એ મોટો દુર્ગુણ છે. ઈર્ષ્યા કરનાર માણસને તે બે રીતે નુકસાન કરે છે. બીજાનું સારૂં નહિ જોઈ શકવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે એક, અને પોતાની હલકી સ્થિતિ હોવાથી જે દુઃખ થાય છે તે બીજું. ઈર્ષ્યાથી માણસની તંદુરસ્તી પણ બગડે છે, અને ક્રમશઃ તેની જીંદગી ટૂંકી થાય છે. કહ્યું છે કે;—

'Envy & wrath shorten life.'

ઈર્ષ્યાયુક્ત માણસને સેતાનની ઉપમા આપવામાં આવે છે, તે કંઇ ખોટું નથી, કારણ કે તે બીજાનું સારૂં સહન ન કરી શકવાથી તેનું ખરાબ ઇચ્છે છે, એટલુંજ નહિ પણ તેનું ખરાબ કરવા મથે છે. બેકને યોગ્યજ કહ્યું છે કે;—

'It is also the vilest affection and the most depraved; for which cause it is the proper attribute of devil, who is called the envious man, that sewth tares amongst the wheat by night.'

૨. કોણ કોની ઈર્ષ્યા કરે છે.

પોતાને તેવું બીજાને અને મારે નહિ તો મારા પાડોશીને હજો એવી લાગણી ધરાવનારા બહુજ થોડા હોય છે. હલકા માણસો બીજાનું ખોટું જોઇ રાજી થાય છે, અને સારી સ્થિતિવાળાની ખોટી સ્થિતિ ક્યારે આવે તેની આતુરતાથી રાહ જોતા બેઠા હોય છે. 'ખોદે તે પડે' તે ન્યાય પ્રમાણે તેની ખરાબ વાસનાનાં ફળ તેનેજ મળે છે, અને તે માણસ રીબાઇ રીબાઈ અંતે મરણ પામે છે.

દુર્ગુણી સદ્‌ગુણીની, ગુણહીન ગુણીનની, ગરીબ ધનવાનની, અશક્ત શક્તની, વરવા દેખાવડાની, જૂના કાળથી સત્તા ભોગવનારા એકદમ સત્તામાં આવેલાની, એકજ સાથે ઉછરેલા પણ ચઢતા ઉતરતા દરજ્જે ગયલા તેમજ એકજ ખાતાનાં લગભગ સરખી પંક્તિનાં માણસો એક

બીજાની અને જેના હક ડૂબેલા હોય છે, તેઓ હક ડૂબાડી ઉપર ગયલાની, ઈર્ષ્યા કરે છે.

જ્યાં જ્યાં સરખામણી થાય છે, ત્યાં ત્યાં ઈર્ષ્યા ઉત્પન્ન થવાનો વધારે સંભવ છે. કેટલાક દુષ્ટ લોકો એવા હોય છે, કે ઉપરી અધિકારીને વ્હાલા થવા માટે અને પોતે બીજા કરતાં ચઢતા છે, અને બીજાનામાં બહુ માલ નથી તેવું બતાવવા ખાતર જુદા જુદા માણસોના કામમાં માથું માર્યા કરે છે. બીજાનાં છિદ્રો છુપી રીતે ખુલ્લાં કરે છે, અને પાછળથી જૂઠું બોલે છે. બીજાનું સારૂં નહિ જોઇ શકવાનું આ પરિણામ છે. બીજાને ખોટું થાય તેમાં તેઓ સંતોષ માને આવા વિઘ્ન સંતોષીને ધિક્કાર છે. વળી તેઓ એવી યુક્તિમી બીજાને હલકા પાડે છે કે પોતે પકડાતા નથી. હા, અમુક વખત સુધી પકડાતા નથી, પણ ' પાપનો ઘડો ફૂટયા વિના રહેતો નથી, અને જ્યારે તેવા અધમ અને અત્યંત કનિષ્ઠ માણસો પકડાય છે, ત્યારે ઉપરી અધિકારી, અને જેની જેની ઈર્ષ્યા કરી હોય છે, તે બધા તેવાને તુચ્છ ગણી ધિક્કારી કાઢે છે, અને આવા માણસોના કરતાં તેઓની માતાએ પત્થરને જન્મ આપ્યો હોત તો વધારે સારૂં થાત એમ તેઓથી સહજ બોલી જવાય છે.

૩. ઈર્ષ્યાથી કોણ બચી જાય છે?

જેના વડવાઓ ઉચ્ચ પદવી ભોગવતા આવ્યા હોય છે, તેઓ સારી સ્થિતિએ આવે તો લોકો તેની બહુ ઈર્ષ્યા કરતા નથી. ' ફલાણા ફલાણાના કુટંબના છે, તે તો એવા હોયજ, તેઓ તો એવી સ્થિતિએ પહોંચેજ ' તેવું કહી તેઓ મન વાળે છે. જેઓ ઘણા શ્રમથી સારી સ્થિતિએ પહોંચે છે, તેની પણ લોકો ઈર્ષ્યા કરતા નથી. જેઓ ઘણા જૂના અને અનુભવી હોવાને લીધે ઉચ્ચ પંક્તિએ પહોંચ્યા હોય છે, તેવા પણ ઈર્ષ્યાથી બચી જાય છે. માત્ર ઉપરી અધિકારીને માંખણ લગાડી તેની મ-

હેરબાની મેળવી, બીજાના કરતાં પોતે શ્રેષ્ઠ છે તેવું તેને ઠસાવી, રે! કેટલીકવેળા તેને ઉંધે રસ્તે દોરી જેઓ પાંચ પચીસ રૂપિઆનો ક્ષુદ્ર લાભ કે પદવૃદ્ધિ મેળવે છે, તેઓ ઈર્ષ્યાને પાત્ર થાય છે, તેમાં નવાઇ નથી.

ઈર્ષ્યાથી બચી જવા લુચ્ચા લોકો અનેક યુક્તિપ્રયુક્તિ વાપરતા દેખાય છે. 'આટલો લાભ છે, પણ કામ કેટલું બધું છે! જોખમ કેટલું છે! જરાએ વખત બચતો નથી, નિરાંત તો છેજ નહિ!' વગેરે છલ વચનો બોલી બીજાની ઈર્ષ્યા ઓછી કરવા, અને પોતાના તરફ દીલસોજી ખેંચવા પ્રયત્ન કરે છે. પોતાને મળેલો લાભ બીજાને મળે નહિ, અને પોતાના તરફ ઈર્ષ્યા ઓછી થાય તેવું તેઓનું વર્ત્તન હોય છે, અને આસપાસના માણસો એ બધું સમજે છે પણ ખરા.

૪ છેવટ.

ઇર્ષ્યા એ માણસ જાતને છાજે નહિ તેવી જાતનો દુર્ગુણ છે. બીજાનું સારૂં જોઇ પ્રસન્ન થવું, બીજાના દુ;ખમાં ભાગ લેવો, એજ માણસાઇ છે.

'અભિમાન'

૧. અભિમાન એટલે શું? ૨. અભિમાન અને વૃથાભિમાન વચ્ચે ફેર. ૩. અભિમાન અને વૃથાભિમાનીને થતા ગેરલાભ. ઐતિહાસિક દૃષ્ટાંત. ૪. અભિમાન ઇચ્છવા જોગ અને સ્તુત્ય છે? છેવટ.

૧. અભિમાન એટલે શું?

હુંજ મોટો છું, હુંજ બળવાન છું, હુંજ વિદ્વાન્ છું, એવા પ્રકારની લાગણીને અભિમાન કહેવામાં આવે છે. કોઇને યુવાવસ્થાનો તો કોઇને ધનનો તો કોઇને સત્તા, વગેરેનો મદ હોય છે, અને કોઇનામાં આ બધા મદ એકત્ર થયા હોય છે.

૨. અભિમાની અને વૃથાભિમાની વચ્ચેનો તફાવત.

" Pride may perpaps he termed a too high opinion of ourselves, founded on the overrating of certain qualities that we do actually possess."

Colton.

જે ગુણને માટે પોતે બડાઇ કરે છે, તે ગુણો થોડે ઘણે અંશે અભિમાનીની અંદર હોય છે ખરા. તેનામાં દોષ એટલોજ છે કે તે ગુણ પોતાનામાંજ છે, અને તે પોતે સર્વથા શ્રેષ્ઠ છે, એવી તેની માન્યતા હોય છે. આવી લાગણીને લીધે બીજાના તરફ તે બેદરકારીથી, બીજા પોતાનાથી કંઇક નીચા છે એવી નજરથી, અને જરા ધિક્કારથી પણ જુએ છે.

Vanity is more easily satisfied and can extract a feeling of self complacency from qualifications that are imaginery. Vanity can also feed upon externals, but pride must have more or less of that which is intrinsic.

Colton.

વૃથાભિમાનીનામાં સદ્ગુણરૂપી વિત્ત હોતું નથી. તે પોતાના સુન્દર ચહેરા કે પોશાક માટે ગર્વ કરે છે? અથવા જે ગુણ તેનામાં નથી, તે ગુણ પોતાનામાં છે, તેવું કલ્પી મોટી મોટી વાતો કરવા લાગી જાયછે. અભિમાનીને બીજાના મતની દરકાર હોતી નથી, પણ વૃથાભિમાની પોતાને માટે બીજા શું કહે છે, તે ઉપર વિશેષ આધાર રાખે છે, અને તેથી બીજાના મત ઉપર તેના સુખદુ:ખનો આધાર રહે છે.

૩. અભિમાની અને વૃથાભિમાનીને થતા ગેરલાભ; ઐતિહાસિક દૃષ્ટાંત.

અભિમાની પોતેજ શ્રેષ્ઠ છે, તેવું ધારે છે, તેથી તે પોતાના હિતમાં ગાફેલ રહે છે. બીજાને તે તુચ્છ ગણી કાઢે છે, તેથી તેઓ પણ તેને

ધિક્કારે છે. અભિમાની ઘણા દુશ્મનો ઉભા કરે છે, અને દુઃખની વેળા તેને કોઇ મદદ આપતું નથી, રે ! તેના તરફ કોઈ દીલસોજી પણ બતાવતું નથી. બીજા પોતાને ઘણું માન આપે, તેવું અભિમાની ઇચ્છે છે, પણ બીજાને તેવું માન આપવાની તેને કંઇ દરકાર હોતી નથી, તેથી તે દુઃખી થાય છે, અને ક્રોધે ભરાય છે, પણ તે ક્રોધ તેનેજ ભારે થઇ પડે છે.

વૃથાભિમાનીની બડાઇ ખોટી હોવાથી તે લોકોમાં હાસપાત્ર થઇ પડે છે. કોઇ તેનું કહેવું માનતું નથી, અને બધા તેને હસીકાઢી તેને જુઠો અને બડાઇખોર માને છે. ટીખળી મનુષ્યો આવા વૃથાભિમાનીને ફૂલાવી ઉંચે ચઢાવે છે, અને તે પ્રમાણે તે ફૂલણજી ચઢે પણ છે. આથી તે લોકોની અંદર હલકો અને મૂર્ખ બને છે. કવિ દલપતરામે યોગ્યજ કહ્યું છે કે;—

' અરે વૃથાભિમાનથી, સરે ન એકે અર્થ;
થાય મનુષ્યમાં મશ્કરી, ઉપજે અધિક અનર્થ. '

અભિમાનીનો અહંકાર ક્યાં સુધી ટકી શકે ? જુઓ, રાવણ, અને બાણાસુરની કેવી સ્થિતિ થઇ ? રોમ અને ગ્રીસનાં બળવાન રાજ્યો ક્યાં ગયાં ? એક વખત જ્યારે ક્રોસસે સોલનને પોતાનો બધો ખજાનો બતાવ્યો, ત્યારે સોલન મહાત્માએ તેને યોગ્યજ પ્રત્યુત્તર આપ્યો હતો. તેણે તેને કહ્યું હતું કે આ બધા સોનાના ઢગલા કરતાં જે લોઢાનો મોટો ઢગલો લાવશે, અર્થાત્ જે લોઢાના હથિઆરવાળા લડવૈયાઓ લાવશે, તે આ બધા સોનાનો ધણી થશે.

સીકંદરનો ગર્વ તોડવા માટે અને તેને આડકતરી રીતે બોધ કરવા ડાયોજીનીસ તત્ત્વવેત્તાએ એક ઠીક યુક્તિ લડાવી હતી. તે એક દિવસ એક હાડકાંનો ઢગલો તપાસતો હતો. સીકંદરે તેને પૂછ્યું કે તેમાં તમે શું શોધો છો ? તમારા પિતાના હાડકાં શોધું છું, પણ તમારા પિતાનાં અને તેના ગુલામોના હાડકાં વચ્ચે મને કશો તફાવત માલૂમ પડતો નથી, એવો ડા-

યોજીનીસે જવાબ આપ્યો હતો. કહેવાનું તાત્પર્ય એટલુંજ હતું કે ગમે તેવા મોટા માણસની પણ કોઈ દિવસે એવી સ્થિતિ થઇ જશે, માટે અહંકાર કરવો મિથ્યા છે.

૪. અભિમાન ઇચ્છવા જોગ અને સ્તુત્ય છે કે ? છેવટ.

કેટલીક વેળા અમુક હદમાં અભિમાન ઇચ્છવા જોગ પણ છે. ગમે તેવો તોપણ મારો દેશ છે, મારા બાપદાદાઓ મહાન્ પુરૂષ થઇ ગયા છે, અને હું તેનો વંશજ છું, એવા પ્રકારનું અભિમાન ઇચ્છવા જોગ અને સ્તુત્ય પણ છે; પરન્તુ માત્ર તેવી લાગણી રાખી બેસી રહેવું ઠીક નથી. મારો દેશ જેવો વિજયી, બળવાન, અને કીર્તિવાળો હતો, તેવો તેને કયારે બનાવું, અથવા છે તેના કરતાં વધારે વિજયી., વધારે બળવાન અને વધારે કીર્તિવાળો કયારે બનાવું, તેવું મનમાં હંમેશાં રાખવું જોઇએ, અને તેમ કરવા બનતો પ્રયાસ કરવો જોઇએ. કુળમોટપનું અભિમાન રાખી બેસી રહેવાથી કંઇ લાભ નથી. હું ક્ષત્રી છું, સૂર્યવંશી છું, પ્રતાપરાણાના કુળનો છું, તો મારાથી અધમ કાર્ય કે હીણું કામ થાયજ કેમ તેવો મનમાં ટેક રાખી, ક્ષત્રી તરીકેની, સૂર્યવંશી પ્રતાપરાણા જેવાના વંશજ તરીકેની કીર્તિને ઝાંખી પડવા ન દેવા બનતો પ્રયાસ કર્યા કરવો જોઇએ. જેવી રીતે દેશ, અને પ્રતાપી વંશનું અભિમાન રાખવું સ્તુત્ય છે, તેમ નિશાળ, કે તેવી કોઇ સંસ્થાનું અભિમાન રાખવું યોગ્ય અને પ્રશંસનીય છે. ઇંગ્લંડની નિશાળો, અને પાઠશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનામાં આ પ્રકારનું અભિમાન વિશેષ જોવામાં આવે છે. કેમ્બ્રિજ અને ઑાકસફર્ડના વિદ્યાર્થીઓ તે સંસ્થાને માટે મગરૂબી ધરાવે છે, અને દુનીઆદારીની ખટપટમાં પડયા પછી પણ તે સંસ્થા, અને તે વિદ્યાર્થીઓને માટે સારી લાગણી ધરાવે છે, અને તેને યથાશક્તિ મદદ કરવાનું ભૂલી જતા નથી. આપણા દેશની શાળા અને પાઠશાળાઓના વિદ્યાર્થીઓમાં પણ આવી જાતનો ભાવ ક્રમે ક્રમે ઉત્પન્ન થતો જાય છે, એ દેશોન્નતિનું એક શુભ ચિહ્ન છે.

સારા માણસો અહંકાર કરતા નથી. અધૂરો ઘડો હોય તેજ છલકાય છે. વળી આ દુનીઆમાં બધું અસ્થિર છે. અહંકાર કોઇનો રહ્યો નથી. 'ગયો પડી રાવણનો ગણ ગર્વ' ઇત્યાદિ વચનો ખરેખર ધડો લેવાજોગ છે. નમ્રતામાં લાભ છે. નમ્રતાથી ઇશ્વર પ્રસન્ન રહે છે.

યોગ્યજ કહ્યું છે કે;—

Be taught vain man, how fleeting all the joys.
Thy boasted grandeur and thy glittering store;
Death comes & all thy fancied bliss destroys;
Quick as a dream it fades, and is no more.

Beattie.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં અહંકારીનું, અને તેની અંતે કેવી સ્થિતિ થાયછે તેનું આહા કેવું તાદૃશ, [illegible] બોધક ચિત્ર ચીતર્યું છે !

જુઓ કહ્યું છે કે;—

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥

असौमया हतः शत्रुर्हनिष्येचापरानपि ।
ईश्वरोऽहमहंभोगी सिद्धोऽहंबलवान्सुखी ॥

आढ्योऽभिजनवानास्मि कोऽन्योऽस्तिसदृशोमया ।
यक्ष्येदास्यामि मोदिष्यइत्यज्ञान विमोहिताः ॥

આવા પુરૂષો અંતે નરકમાં પડે છે. કહ્યુંછે કે;—

अनेक चित्तविभ्रांता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतंति नरकेऽशुचौ ॥

વિશ્વાસ અને વિશ્વાસઘાત.

૧. વિશ્વાસ રાખવાની જરૂર પડે છે. ૨ વિશ્વાસનો ભંગ કરવો એ મોટું પાપ છે; વિશ્વાસઘાતી ભોજરાજું દષ્ટાંત. ૩. વિશ્વાસ આપ્યા પછી ગમે તેવાં અનિષ્ટ પરિણામ આવે તોપણ વિશ્વાસનો ભંગ કરવો નહિ; દષ્ટાંત; છેવટ.

૧. વિશ્વાસ રાખવાની જરૂર પડે છે.

વ્યવહારમાં માણસને બીજા ઉપર વિશ્વાસ મુકવાની જરૂર પડે છે, કારણ કે એક માણસને ઘણાં કામ કરવાનાં હોય છે, અને તે એકલો બધે પહોંચી શકતો નથી. આખી દુનીઆનું બંધારણ વિશ્વાસ ઉપરજ છે. બાળકોને માબાપનામાં વિશ્વાસ હોયછે; પતિને પત્નીમાં અને પત્નીને પતિમાં વિશ્વાસ હોયછે; એક વેપારીને બીજા વેપારીમાં વિશ્વાસ હોયછે; અને વેપારીને પોતાના ગુમાસ્તામાં વિશ્વાસ હોયછે; મિત્રને મિત્રમાં વિશ્વાસ હોયછે; મજુરને શેઠમાં, ચાકરને અમલદારમાં, અને નોકરને સરકારમાં તેમજ સરકારને પોતાના અમલદારમાં વિશ્વાસ હોયછે. આ બધા વચ્ચેનો જે અરસ્પરસ વિશ્વાસ છે, તે ન હોય તો આ દુનીઆનો વ્યવહાર એક પળ પણ કેમ ચાલી શકે ?

૨. વિશ્વાસઘાત કરવો એ મોટું પાપ છે, વગેરે.

૨. કુતરા, ઘોડા, વગેરે પ્રાણીઓ પણ પોતાના ધણીને નિમકહલાલ રહેછે. જે મનુષ્ય વિશ્વાસઘાત કરેછે, તે અધમ પ્રાણી કરતાં પણ અધમ છે. હિન્દુશાસ્ત્રમાં પણ વિશ્વાસઘાતીને મોટો પાપી ગણવામાં આવ્યો છે. અમુક કામ કરવાનું વચન આપી પછીથી તે કામ ખુલ્લી રીતે કે છાની રીતે ન કરવું, કોઇની છાની વાત પ્રકટ કરવી, ઇત્યાદિનો વિશ્વાસઘાતમાં સમાવેશ થાય છે.

ભોજરાજાની અને વાનરની વાત પ્રખ્યાત છે. ભોજરાજાએ વિશ્વાસ ઘાત કર્યો તેથી તે મુંગો થયો હતો ! વિશ્વાસઘાતી પોતાને તેમજ બીજાને નુકસાન કરે છે. લોકો તેનો વિશ્વાસ રાખતા નથી, અને તે ઘણો દુઃખી થાય છે, અને મરી ગયા પછી પણ તેની આબરૂ ઉપર જે કાળો ડાઘ લાગેલો હોય છે તે ભુંસાતો નથી.

વિશ્વાસ આપ્યા પછી તે ભંગ નહિ કરનારનાં દૃષ્ટાંતો.

એક લશ્કરની છૂપી ખબરો એક વિશ્વાસઘાતી દુશ્મનના લશ્કરને આપે છે, તો કેટલો બધો અનર્થ થઇ જાય છે ! એક વખત વચન કે વિશ્વાસ આપ્યા પછી તેનો ભંગ કરવો નહિ. જ્યારે મૂર લોકો સ્પેનમાં સત્તા ભોગવતા હતા, ત્યારે તે દેશનો એક વતની એક મૂરગૃહસ્થના છોકરાનું ખુન કરી તેજ ગૃહસ્થના બગીચામાં નાસી ગયો હતો. તે ખુની તે ગૃહસ્થને શરણે ગયો, અને અભયદાન માગ્યું. તે ગૃહસ્થે તે ખુનીને કંઇ પણ ઇજા નહિ કરવાનું વચન આપ્યું. થોડી વાર પછી તેના છોકરાના મડદાને લઇ તેના માણસો તે ગૃહસ્થ પાસે આવ્યા, ત્યારે તેણે જાણ્યું કે જે ખુનીને મે વચન આપ્યું છે, તેણેજ મારા છોકરાનું ખુન કર્યું છે. તે ગૃહસ્થે પોતાનું વચન તોડયું નહિ. તેણે તે ખુનીને કહ્યું કે તેં મારાજ છોકરાને મારી નાંખ્યો છે, પણ હું વચનથી બંધાયલો છું, માટે તું અહીંથી રાતો રાત નાસી જા; મારા છોકરાના ખુનને માટે તું ઈશ્વરને ત્યાં જવાબદાર છો, પરન્તુ હું વિશ્વાસઘાત કરીશ નહિ અને તેથી મારે ઈશ્વરના દરબારમાં જવાબ દેવો પડશે નહિ !

એક બીજો દાખલો કાશીના શૈબ્ય રાજાનો છે. એક દિવસ જેની પાછળ એક બાજપક્ષી થયું હતું, તેવો હોલો તે રાજાની પાસે આવી પહોંચ્યો. રાજાએ તેને અભયદાન આપ્યું. બાજપક્ષી થોડી વારમાં તે રાજા પાસે આવી પહોંચ્યું, અને ઘણી મહેનતે મળેલો પોતાનો આહાર માગ્યો. રાજાએ તો હોલાને બદલે પોતાના શરીરનું માંસ આપવાનું કબુલ્યુ. રાજા-

ના સત્યની કસોટી કરવા ખાતર એવો ચમત્કાર થયો કે તે હોલાના વજન કરતાં તેના શરીરના છૂટા છૂટા ભાગના માંસનું વજન ઓછું થયું! પોતાનું વચન રાખવા પોતાના આખા શરીરનો ભોગ આપવા તે તૈયાર થયો. ઇશ્વર તેના ઉપર પ્રસન્ન થયા, અને તેને સ્વર્ગ પ્રાપ્ત થયો.

ઉપરના દૃષ્ટાંત ઉપરથી જે બોધ લેવાનો છે, તે એટલોજ કે આપેલા વિશ્વાસનો કોઇ પણ પ્રકારે ભંગ કરવો નહિ.

' મિત્ર અને મૈત્રી '

Friendship ! mysterious cement of the soul !
Sweetenor of Life ! Soldier of Society !

Robert Blair.

૧. કોની કોની વચ્ચે મૈત્રી હોઇ શકે? દુર્જન વચ્ચેની મૈત્રી. ૨. મિત્રની પસંદગી; સુમિત્ર અને કુમિત્રનાં લક્ષણ. ૩. મૈત્રી શા માટે કરવી?

૧. કોની કોની વચ્ચે મૈત્રી હોઇ શકે ?

એકજ સ્વભાવના કે એકજ જાતની ટેવવાળા માણસો વચ્ચે મૈત્રી હોઇ શકે છે. દુર્જન વચ્ચેની મૈત્રી તે જુદી અને સજ્જન વચ્ચેની મૈત્રી તે જુદી. ચોર, જુગારી, દારૂડીઆ, વગેરે વચ્ચે પણ મૈત્રી જેવું કંઇક હોય છે, પણ તે મૈત્રી ખરી મૈત્રી નથી. જેમ નઠારા કામમાં સંપ કરવો એ ખરો સંપ નથી, તેમજ નઠારાં કામ સાધવા એકત્ર થઇ એક બીજા પ્રત્યે ઉપર ઉપરનો ભાવ બતાવવો તેને મૈત્રી કહી શકાયજ નહિ. સ્વાર્થ સાધવા-પૈસો, વગેરે મેળવવા-અથવા બીજાને પોતાના જેવા બનાવવા દુર્જન બીજાની સાથે મૈત્રી બાંધે છે. પોતાનું ધારેલું કામ પાર પડે છે, એટલે તે મૈત્રી તૂટી જાય છે, અથવા શુષ્ક થઇ જાય છે.

આવા માણસો બીજાને ફસાવવા તેના તરફ પ્રથમ તો ઘણો ભાવ બતાવે છે, તેઓને તન અને ધનવડે થોડો વખત મદદ પણ કરે છે, અને આવી રીતે સામા માણસનો ક્રમે ક્રમે વિશ્વાસ મેળવે છે.

જેવી રીતે માછીમારની જાળમાં માછલાં ફસાય છે, તેમ દુષ્ટ લોકોની જાળમાં, ભોળા, અજ્ઞાન, અને બિન અનુભવી ફસાય છે. માત્ર બીડી, દારૂ, કંસુઓ, વગેરે પીવા ખાતર મળનારા લોકો ઉપલકીઆ અને નામનાજ મિત્રો છે. મૂર્ખ અને દુર્ગુણી મિત્રો એકત્ર થાય છે, ત્યાં કેવો દેખાવ નજરે પડે છે, તે જુઓ.

> મૂરખ મિત્રો મળી ગાળ દઇ ગમત કરશે;
> મારી પરસપર લાત, વાતમાં મશ્કરી ધરશે;

પૈસાદારની મૈત્રી કરવા પણ ઘણા આવે છે. પૈસા હોય છે, ત્યાં સુધી સ્વાર્થીઆ અને ખુશામતીઆ લોકો ધનવાનની આસપાસ વીંટળાઇ ગયલા જોવામાં આવે છે. આજ ધનવાન લોકોની સંપત્તિનો નાશ થાય છે, ત્યારે હાજી, હાજી, કરનારા ધીમે ધીમે ખસી જવા લાગે છે, અને પછી તેના સામું પણ જોતા નથી. વિપત્તિ એજ ખરા મિત્રની કસોટી છે; યોગ્યજ કહ્યું છે કે;—

Prosperity gains friends, adversity tries them.

૨. મિત્રની પસંદગી. સુમિત્ર અને કુમિત્રનાં લક્ષણ.

મિત્રની પસંદગીનો આધાર આપણા ઉપર રહે છે, અને તેથી સારા મિત્ર પસંદ કરવાથી જે લાભ અને નઠારા પસંદ કરવાથી જે ગેરલાભ થાય છે, તેને માટે આપણે પોતેજ જવાબદાર છીએ. એક વિદ્વાને કહ્યું છે કે;—

It is chance that gives us relations, but we give friends to ourselves.

સ્વભાવ અને વલણ જુદાં હશે તો મૈત્રી ટકશે નહિ, એટલું જ નહિ પણ અરસ્પરસ કદાચ ધિક્કાર ઉત્પન્ન થશે. કોઇ પણ પ્રકારે પૈસા મેળવનાર વેપારીનો અને નીતિથી ચાલનાર વિદ્વાનનો, એકલપેટાનો અને મંડળીને ચાહનારનો, મૂર્ખ અને ડાહ્યાનો, લોભી અને પરોપકારીનો, તેમજ

ક્રૂર અને દયાળુનો કોઇ દિવસ એકરાગ થતો નથી. મૈત્રી બાંધવા પહેલાં ઘણી બાબત વિષે વિચાર કરી જોવાની, અને કેટલીક બાબતો તપાસવાની જરૂર છે. માણુસની ટેવ અને તેનો સ્વભાવ જાણ્યા વિના તેની સાથે મૈત્રીની ગાંઠ બાંધવી નહિ. કસોટી વિના મૈત્રીની પરીક્ષા નથી, તો તેવો પ્રસંગ આવે ત્યાં સુધી તે ગાંઠ દઢ થયલી સમજવી નહિ, પણ દઢ થયા પછી તે મરણુ સુધી નજીવા કારણુને લીધે તૂટે નહિ તેની પણુ સંભાળ રાખવી. કેટલીક વેળા મતભેદને લીધે લાંબા લખતની મૈત્રી એક દિવસમાં તૂટી જાય છે, તે ખરેખર ખેદજનક છે. ચાર્લ્સ જેમ્સ ફૉકસ અને એડમંડ બર્ક વચ્ચેની ૨૫ વર્ષની ગાઢી મૈત્રી ફ્રૅંચ રેવોલ્યુશન સંબંધે મત ભેદ થવાથી તૂટી ગઈ એ શું આશ્ચર્યજનક અને ખેદકારક નથી? મૈત્રી સંભાળીને કરવી, પણુ કર્યા પછી–પોતાનું હૃદય મિત્ર પાસે ખોલ્યા પછી–તે મૈત્રી તોડી નાંખવી એ ઉચિત નથી. શેકસપીઅરે તે સંબંધે જે કહ્યું છે, તે તરફ જરા નજર કરો. તે કહે છે કે;—

The friends thou hast and their adoption tried,
Grapple them to thy soul with hoops of steel;
But do not dull thy palm with entertainment,
Of each new-hatched unfledged comrade.

સજ્જન મિત્ર તે કોણુ? જેનું ચિત્ત નિર્મળ હોય છે, જે ઉદાર હોય છે, જે સુખદુઃખમાં ભાગ લે છે, જે સરળ છે, જે પ્રીતિવાળા છે, અને જે સત્ય બોલનાર છે, તેનેજ સજ્જન મિત્ર કહેવો. યોગ્યજ કહેવામાં આવ્યું છે કે;—

शुचित्वं त्यागिता शौर्यं सामान्यं सुखदुःखयोः
दाक्षिण्यं चानुरक्तिश्च सत्यता च सुहृद्गुणाः ॥

સુમિત્રનાં લક્ષણુ કેવાં કહ્યાં છે તે જુઓ.

पापान्निवारयति योजयते हिताय गुह्यानि गूहति गुणान्प्रकटीकरोति ।
आपद्गतंच नजहाति ददाति काले सन्मित्रलक्षण मिदं प्रवदन्ति सन्तः ॥

હવે કુમિત્ર કેવા હોય છે તે તપાસીએ. તેઓ ઉપરઉપરથી સારૂં બોલનારા અને પાછળથી કાપનારા હોયછે. તેઓ વિષે યોગ્યજ કહેવામાં આવ્યું છે કે;—

परोक्षेकार्यहन्तारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशंमित्रं विषकुम्भंपयोमुखं ॥

કેવાં લક્ષણવાળાને કુમિત્ર કહ્યો છે, તે હવે જુઓ;—

रहस्यभेदो याञ्चा च नैष्ठुर्यंचलचित्तता ।
क्रोधो निःसत्यता द्यूतमेतन्मित्रस्य दूषणम् ॥

૩. મૈત્રી શા માટે કરવી ?

જેને કોઇ પણ મિત્ર નહિ હોય તેવો કોણ હશે ? મિત્ર દુઃખમાં ભાગ લઈ દુઃખ ઓછું કરે છે, અને સુખમાં ભાગ લઇ આનંદમાં અભિવૃદ્ધિ કરે છે. જે વાત, માતાપિતાને, ભાઇબેનને, કે પત્નીને કહી શકાતી નથી, તે મિત્રને કહી શકાય છે. મિત્ર પાસે ઘણીજ ગુહ્યં વાત પ્રકટ કરી તેની ઉત્તમ સલાહ મેળવી શકાય છે. ભય, શંકા, વગેરે તેની સમક્ષ દર્શાવી શકાય છે. કંઈ ગુન્હો થઇ ગયો હોય તોપણ તેની સમક્ષ તે કબુલ કરી હૃદય ઉપરનો બોજો હલકો કરી શકાય છે. બેકને કહ્યું છે કે;—

'A principal fruit of friendship is the ease and discharge of the fullness & swellings of the heart, which passions of all kinds do cause & induce.'

મિત્રની સાથે ખુલ્લા દીલથી વાત કરી શકાય છે, અને તેની સાથે આપણી દલીલો રજુ કરી શકાય છે. જ્યારે લાગણીના પ્રાધાન્યને લીધે આપણી તુલનાશક્તિ મંદ થઇ જાય છે, ત્યારે મિત્રની સલાહ તેને સતેજ કરે છે. બેકને યોગ્યજ કહ્યું છે કે;—

'The second fruit of friendship is healthful and sovereign for the understanding, as the first is for the affections.'

દુનીઆદારીના અનેક કામમાં મિત્ર ઉપયોગી થઈ પડે છે. મર્યા પછી પણ આપણી કેટલીક ઇચ્છાઓ આપણા મિત્રો પૂરી પાડશે એવી આશા રહે છે. ખરા મિત્રો માથું દેવા પણ તૈયાર હોય છે. ચાંપરાજ હાડાને તેના મિત્રે જીંદગીને જોખમે જે મદદ આપી હતી તે જગજાહેર છે. સાયરાક્રુઝના ક્રૂર રાજા ડાયોનીસીઅસના વખતમાં પણ આવોજ બનાવ બન્યો હતો. તે ક્રૂર રાજાએ ડૅમન નામના માણસને ફાંસીની સજા કરી હતી, અને તેને થોડો વખત છુટો કરવા તેને બદલે કોઇ જાન આપવા તૈયાર હોય તેવાના જામીન માગ્યા હતા. પીથયસ નામના મિત્રે અમુક વખત પછી ડૅમન પાછો ન ફરે તો તેને બદલે ફાંસીએ ચઢવાનું કબુલ કર્યું. એવું બન્યું કે ડૅમનને વખતસર પહોંચતાં જરા મોડું થયું, પણ સદ્‌ભાગ્યે પીથીઅસ ફાંસીને લાકડે ચઢતો હતો, તેવામાંજ તે આવી પહોંચ્યો. ડાયોનીસીઅસના ક્રૂર હૃદય ઉપર પણ આવી શુદ્ધ મૈત્રીની અસર થઇ અને તેણે બંનેનાં વખાણ કરી તેઓને માફી આપી.

મૈત્રીના બીજા કેટલાક ગૌણ લાભ પણ છે. આપણી શક્તિનાં જાતે વખાણ કરવાં ઉચિત નથી, તેથી આપણી પ્રશંસા કરવાનું કામ મિત્રદ્વારા સાધી શકાય છે. એટલું પણ ખરૂં કે ખરો મિત્ર ખોટાં વખાણ કરી પોતાના મિત્રને નુકસાન કરતો નથી. ખરો મિત્ર ખુશામત કરતો નથી. ખરો મિત્ર મેળવવો મુશ્કેલ છે, પરન્તુ ખરો મિત્ર મળ્યા પછી તેની મૈત્રીથી જે લાભ અને સુખ મળે છે, તે ખરે અનિર્વર્ણનીય છે. ખરા મિત્ર વિનાની આ દુનીઆ ઉજડ વેરાન જેવી છે, તે પ્રમાણે બેકને જે કહ્યું છે તે યોગ્યજ છે.—

That it is a mere & miserable solitude to want true friends; without which the world is but a wilderness.

‘ જુવાની અને ઘડપણ.’

Youngmen are fitter to invent than to judge; fitter for execution than for counsel; and fitter for new projects than settled business.

Bacon.

૧. જુવાન અને ઘરડાની સરખામણી. ૨. જુવાન માણસની ફરજો; ઇશ્વર પ્રત્યે; વૃદ્ધ અને વડીલ પ્રત્યે. ૩ વૃદ્ધ અને વડીલની જુવાનીઆ પ્રત્યેની ફરજ.

૧. જુવાન અને ઘરડાની સરખામણી.

નિયમ એવો છે કે જેમ માણુસ ઉંમરમાં વધે છે, તેમ તેનામાં ડહાપણુ પણુ વધતું જાય છે. કેટલાક અસાધારણ બુદ્ધિના મહાત્માઓ નાની વયથીજ વિલક્ષણુ લક્ષણવાળા દેખાઇ આવે છે. શ્રીમત્ શંકરાચાર્ય અને મહાત્મા ગૌતમ બુદ્ધ સંસ્કારી પુરૂષો થઇ ગયા, અને જે મહાભારત કામ તેઓએ કર્યાં હતાં તે તેમની જુવાન અવસ્થામાંજ. પરન્તુ આવા સંસ્કારી પુરૂષો અપવાદ રૂપેજ ગણી શકાય.

જુવાનીઆની કલ્પનાશક્તિ અને લાગણી ઘણીજ તીવ્ર હોય છે, તેઓનું લોહી ઉછળતું અને ઉકળતું હોય છે, તેના વિચારો પણુ અસ્થિર ઉછાળા મારતા, અને ઘણીવેળા ભૂલ ભરેલા હોય છે. તેઓની તુલનાશક્તિ સુદૃઢ થયલી હોતી નથી, અને તેઓ કાર્ય કરવામાં ઉતાવળા, અધીરા, અને ધાંધલીઆ હોય છે. કાર્યમાં કેવી કેવી અને ક્યાં ક્યાં મુશ્કેલીઓ પડશે, તેનો તેઓને આગળથી વિચાર કરવાની ટેવ હોતી નથી, તેથી જે કાર્યો ટૂંક મુદતમાં અને સહેલાઇથી થઇ શકે તે તેઓ ઘણે વખતે અને મુશ્કેલીથી પાર પાડી શકે છે. કેટલીકવેળા તો તેઓના પ્રયાસ નિષ્ફળ પણુ નીવડે છે. કોઇ કાર્યને અધુરૂં મુકવું તેઓને ગમતું

નથી. 'મારૂં કે મરૂં' તેવાજ વિચારથી તેઓ ટાઢ તડકાની કે સવાર સાંજની દરકાર કર્યા વિના કાર્યની મુશ્કેલીઓ સામે લડે છે, અને તેઓ કદાચ નિષ્ફળ થાય છે તો ફરીથી લડે છે, પણ નિરાશ થઇ હાથ જોડી બેસી રહેતા નથી. ઉજળી આશાથી ભરેલા, ઉન્નતિ કરવામાં તત્પર, જય અને શ્રી મેળવવામાં સાહસ કરવાવાળા જુવાનીઆને જોઇને કોની આંખ ઠરતી નથી?

આ બધું ખરૂં, પરન્તુ જુવાની કેટલા દિવસ ટકવાની? અંતે ઘડપણ તો ખરૂંજ, અને દુર્ભાગ્યે વળી કેટલીક કુમળી કળીઓ ચુંટાઇ જવાની, કરમાઇ જવાની–નષ્ટ થવાની.

હવે ઘડપણની અવસ્થા તપાસીએ. ઘડપણ એ કેટલેક દરજ્જે બાલ્યાવસ્થા જેવીજ છે. જેમ બાળકને દાંત આવેલા હોતા નથી, તેમ ઘરડાને આવેલા દાંત પડી જાય છે. જેમ બાળકની ઇન્દ્રિયો નિર્બળ હોય છે, તેમ વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો અશક્ત થઇ જાય છે. યોગ્યજ કહ્યું છે કે;

वंदनं दशनविहीनं वाचो न परिस्फुटा गता शक्तिः ।
अव्यक्तेन्द्रिय शक्तिः पुनरपि बाल्यं कृतं जरया ॥

ઘરડાઓની વિચારશક્તિ દૃઢ થયલી હોય છે, અને તેથી તેઓ કોઇ બાબતનો સંપૂર્ણ વિચાર કર્યા પહેલાં આગળ પગલું ભરતા નથી. એ પણ ખરૂં કે તેઓ કેટલીક વેળા વિચારમાં ને વિચારમાં કંઇ પણ કાર્ય કરી શકતા નથી. આ દુનીઆમાં તેઓએ વધારે દિવસો કાઢેલા હોવાથી, તેઓને ઘણી બાબતોનો અનુભવ થયલો હોય છે, અને તેથી તેઓ જુવાનીઆના ઉત્તમ માર્ગદર્શક છે. તેઓ સ્વભાવે ઠરેલા, વ્યવહારકુશળ, આ દુનીઆનાં સુખ તેમજ દુઃખનો અનુભવ કરી લઇ અમુક નિર્ણય ઉપર આવેલા, ઓછી લાલસાવાળા, અને ધાર્મિકવૃત્તિવાળા હોય છે. બધા ઘરડા માણસો આવાજ હોતા નથી; કેટલાક તો જેમ મરણ નજીક આવતું જાય છે, તેમ વિશેષ તૃષ્ણાવાળા થતા જાય છે, અને ડાહ્યા માણ-

સોના હાસને પાત્ર થાય છે. પોતાનું અહિત કરનારા આવા ઘરડા માણસો માટે યોગ્યજ કહ્યું છે કે;—

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्न घटादिवाम्भो
लोकस्तथा प्यहित माचरतीति चित्रम् ॥

૨. જુવાન માણસની ફરજ.

જુવાનીના મદમાં છકી જઇ ઘણા જુવાનીઆઓ આડે રસ્તે જાય છે. સદ્‌ગુણ એ જુવાનીઆનું પહેલું ભૂષણ છે એ નિર્વિવાદ છે. ઇચ્છાઓ ઉપર સંયમ રાખવા માટે જુવાની એજ યોગ્યકાળ છે. પ્રખ્યાત લેખક લૉક કહે છે કે:—

'The right time to educate the will aright is in youth.'

પૈસા અને સ્ત્રીમાં મોહી જઇ ઘણા જુવાનીઆ ઇશ્વરને સંભારતા નથી એ ઘણુંજ અયોગ્ય—ખરે શરમ ભરેલું છે. જુવાની ટકવાની નથી, ઘડપણમાં ઇશ્વરભક્તિ કરવા જોઇએ તેટલી શક્તિ રહેવાની નથી, દેહ અને જગતનાં સુખ અસ્થિર અને નાશવંત છે, વગેરે બાબતોનો વિચાર કરી જુવાનીના દિવસમાં પણ ઇશ્વિરનું સ્મરણ કરવા વિસરવું નહિ. કહ્યું છે કે,—

यावत्स्वस्थ मिदं कलेवरगृहं यावच्च दूरे जरा
यावच्चेन्द्रिय शक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।
आत्म श्रेयसि तावदेव विदुषा कार्यो प्रयत्नो महान्
प्रोदीप्त भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

ઘણા જુવાનીઆની વડીલ પ્રત્યેની વર્ત્તણુક ઘણી ઉદ્ધત જોવામાં આવે છે, એ ખરેખર શોચનીય છે, માબાપ ઘરડાં થયાં એટલે તે શું સમજે

એમ તેઓ ધારે છે, અને કહે છે કે 'સાઠી બુદ્ધિ નાઠી'. ઘરડાં મા બાપ ચીડીઆ સ્વભાવનાં હોય, આપણને નહિ ફાવતા હુકમ કરતાં હોય તોપણ તેઓને માન આપી, તેઓને નમ્ર પ્રત્યુત્તર આપી, તેઓની આજ્ઞાને આધીન થવું એજ આપણી ફરજ છે. અસંખ્ય દુઃખ વેઠી તેઓએ આપણનું ભરણપોષણ કર્યું છે, તો આપણે કૃતઘ્ની થઇએ એ કેટલું બધું શરમ ભરેલું અને નીચું છે! વળી આપણે પણ કોઇ દિવસ ઘરડા થવાના, આપણી પણ તેવીજ સ્થિતિ થવાની, વગેરે બાબતોનો વિચાર કરી તેઓની સાથેનું આપણું વર્ત્તન સુધારવા બને તેટલો પ્રયાસ કરવો જોઇએ. કહ્યું છે કે;—

We ought not to speak evil of old age, for we all hope to reach it.

૩. વૃદ્ધની જુવાનીઆ પ્રત્યે ફરજ.

જુવાનીઆની ભૂલ થાય તો તેને તે સુધારી તેને રસ્તે દોરવાને બદલે તેમને માત્ર ધમકાવી કાઢ્યા એટલે પોતાની ફરજ અદા થઈ એમ કેટલાંક વૃદ્ધ માબાપ સમજે છે. 'જુવાનીઆ શું સમજે? અમે તમારા કરતાં વધારે દિવસ ગાળ્યા છે.' એવાં એવાં વાક્યોથી તેઓને નિરુત્સાહી બનાવે છે, એટલું જ નહિ પણ તેઓના હૃદયના ઉદ્દગારને સાંભળવાની દરકાર પણ કરતાં નથી. આવા સ્વભાવનાં ઘરડાં માબાપોને એટલીજ વિનતિ છે કે તમારી યુવાસ્થા જરા યાદ કરો, તે અવસ્થાના આચાર વિચાર કેટલા બધા સ્વાભાવિક છે, તે ભૂલી ન જાઓ, અને જુવાનીઆ ઉપર નકામો અંકુશ રાખી તેઓને મુંગા અને માલ વિનાના ન બનાવો, અને તમારૂં માન તમારેજ હાથે નહિ ગુમાવો. કહ્યું છે કે;—

'Youth needs counsel, sympathy, and encouragement, while its brilliancy is dimmed by neglet, restraint, and indifference.'

વખાણ.

'Praise is the reflexion of virtue.'

Bacon.

૧. સામાન્ય. ૨. હદમાં અને હદ બહાર વખાણ. ૩ વખાણ કરવાના ઉદ્દેશ. ૪. આત્મશ્લાઘા–છેવટ.

૧. સામાન્ય.

જે કંઇ સુન્દર છે ઉચ્ચ છે, તે પ્રશંસાપાત્ર છે, એ નિર્વિવાદ છે. કુદરતમાં નજરે પડતા સુન્દર દેખાવોનાં કોણ વખાણ નથી કરતું ? સુન્દર બાળકનાં સર્વે વખાણ કરવા લાગી જાય છે. ભવ્ય અને ઉંચા પ્રકારની કારીગીરીવાળાં મકાનોને બધા વખાણે છે. મહાન્ કાર્ય કરનારાઓની તેમજ સદ્ગુણીની લોકો પ્રશંસા કરી કદર કરે છે.

અજ્ઞાન લોકો ઉપરના દેખાવથી તરત અંજાઇ જઇ વખાણ કરવા લાગી જાય છે. સુન્દર ચહેરા, મોહક પોશાક, વગેરેનાં વખાણ કરવાં તેઓને ગમે છે. તેનાથી ચઢતી સ્થિતિનાં માણસો અંદરના ગુણ પણ જુએ છે. તેઓ માત્ર બહારના દેખાવથી મોહાંધ બની જતા નથી. સૌથી ચઢતી પંક્તિના ડાહ્યા માણસો જેનાં જેવાં ને જેટલાં સારાં કાર્યો તેનાં તેવાં અને તેટલાં વખાણ કરે છે.

૨. હદમાં અને હદ બહાર વખાણ.

બેકન કહે છે કે પ્રશંસા એ સદ્ગુણની પ્રતિચ્છાયા છે. સદ્ગુણની પ્રશંસા થાય એ સ્વાભાવિક છે, પરન્તુ માત્ર પ્રશંસા સાંભળી, જેની પ્રશંસા થતી હોય તે સદ્ગુણી છે તેમ એકદમ માની લેવું નહિ.

સદ્ગુણીની યોગ્ય શબ્દોમાં યોગ્ય વખતે પ્રશંસા કરવી એ સારૂં છે. કારણ કે તેમ કરવાથી તેના ગુણની આપણે કદર કરી તેને ઉત્તે-

જન આપીએ છીએ, એટલુંજ નહિ પણ બીજાને પણ તેવા થવા સૂચવીએ છીએ.

જે માણસમાં જે ગુણ હોય, તેની હદ બહાર પ્રશંસા કરવાથી, અથવા જે ગુણ ન હોય તે છે, તેમ માની પ્રશંસા કરવાથી, તેની ખુશામત કરી કહેવાય છે. ખુશામત એ એક પ્રકારનું જુઠ છે, અને ખુશામતીઆની લોકોમાં આબરૂ હલકી થાય છે.

૩. ઉદ્દેશ.

રીતસર વખાણ કરવાં યોગ્ય છે, પરન્તુ જ્યારે ખુશામત કરવામાં આવે છે, ત્યારે સ્વાર્થ સાધવાનો પ્રયાસ થાય છે તેમ નક્કી સમજવું. કાગડાભાઈના મોંમાંથી પૂરી લઈ લેવા લોંકડીએ તેના રાગનાં વખાણ કરવાની યુક્તિ શોધી કાઢી પોતાનો સ્વાર્થ સાધી લીધો, એ બધાના જાણવામાં છે. પૈસો, નોકરી, કે બીજા લાભ મેળવવા ખુશામતીઆ ખુશામત કરે છે. કેટલાક ખુશામતીઆ ખરા અક્કલબાજ હોય છે. તેઓ એવી રીતે ખુશામત કરે છે, કે સામાને તેનું કહેવું સાચું લાગે છે, અને તેના કહેવા ઉપર વિશ્વાસ બેસે છે. જેની પાસેથી સ્વાર્થ સાધવાનો હોય તેને કઇ કઇ બાબતો પસંદ છે, કઈ કઇ બાબતો થોડી પસંદ છે, કઇ કઇ બાબતો ઉપર ધિક્કાર છે, એ સઘળું ખુશામતીઆ બરાબર લક્ષમાં રાખી લે છે, અને જે વખતે જેવું વાગતું હોય તેવું નાચવા લાગી જાય છે. તેઓ લોકોમાં હાસપાત્ર થાય છે એટલુંજ નહિ પણ મીઠું મીઠું સાંભળનારને પણ અત્યંત નુકસાન કરે છે. ખુશામતીઆ કેવા અહિતકર છે તેનો સર વૉલ્ટર રૅલેએ ઉત્તમ ચિતાર આપ્યો છે. તે કહે છે કે;—

'Know that flatterers are the worst kinds of traitors; for they will strengthen thy imperfections, encourge thee in all evils, correct thee in nothing, but so shadow all thy vices & follies, as thou shalt never, by their will discern evil from good or vice from virtue.'

૪. આત્મશ્લાઘા—છેવટ.

આત્મશ્લાઘા કરવી એ ઘણું વિચિત્ર અને હલકું ગણાય છે. જેઓ વૃથાભિમાની હોયછે, તેઓ આત્મશ્લાઘા કરે છે, કારણ કે તેઓનામાં વખાણ કરવા જેવું કંઇ નહિ હોવાથી લોકો તેનાં વખાણ કરતા નથી. કવિ કાઉપરે આવા માણસોની ઠીક ઠાવકી મશ્કરી કરી છે. જુઓ:—

" And what says all the world of me ?
Of thee as far as I have heard,
They never speak a single word.
Not hear them talk of me ? that's clever !
For I talk of myself forever."

આત્મશ્લાઘાથી માણસની આબરૂ હલકી થાય છે. આપણા ગુણનાં આપણેજ વખાણ કરીએ તો તે ખરા ગુણની કીંમત પણ ઘટી જાય છે. જુઓ કહ્યુંછે કે;—

परैः प्रोक्ता गुणायस्य निर्गुणोऽपि गुणीभवेत् ।
इन्द्रोऽपि लघुतांयाति स्वयंप्रख्यापितैर्गुणैः ॥

છેવટ.

જેમ વખતસર અને અમુક માપમાં દવા પાવાથી લાભ થાય છે, તેમ રીતસર અને યોગ્યકાળે પ્રશંસા કરવાથી લાભ થાય છે. મિત્રના ગુણની પ્રશંસા પણ હદમાં રહીને કરવી, કારણ કે અત્યંત પ્રશંસાથી મિત્ર તરફ બીજાની ઈર્ષ્યા ઉત્પન્ન થશે, અને તેને નુકસાન થવાનો સંભવ રહેશે. યોગ્યજ કહેવામાં આવ્યું છે કે;—

'Too much magnifying of man or matters doth irritate contradiction and procure scorn.'

Bacon.

વખાણ કરતી વેળા એટલી પણ સંભાળ રાખવી કે માણસની પ્રશંસા કરવા કરતાં કાર્યની પ્રશંસા વિશેષ કરવી, અને તે અમુક હદમાં યોગ્ય શબ્દોમાં, અને યોગ્ય વખતેજ કરવી.

———(૦)———

સંયમ.

Self-reverence, self-knowledge, self-control,
These three alone lead life to sovereign powers.
Tennyson.

૧. મન અને ઇન્દ્રિય વચ્ચેનો સંબંધ. ૨. સંયમ ન રાખવાથી કેવાં માઠાં પરિણામ નીપજે છે તે વિષે. ૩. સંયમ રાખવાની ટેવ પાડવી જોઇએ; વારસો અને સંયમ; છેવટ.

૧. મન અને ઇન્દ્રિય વચ્ચેનો સંબંધ.

જે પ્રમાણે મન ઇન્દ્રિયને હુકમ કરે છે, તે પ્રમાણે તે કાર્ય કરેછે. કોઇ પણ ઇચ્છાને ઇન્દ્રિયદ્વારા અમલમાં મુકી શકાય છે. વિચાર, મનો-વિકાર કે ઇચ્છાને સંયમમાં રાખવાનું કામ મનને વશ રાખવાથી પાર પાડી શકાય છે. ઇન્દ્રિયરૂપી ઘોડાને મનરૂપી લગામનો સંયમ ન હોય તો તે ઇન્દ્રિય યથેચ્છા વિચરે છે, અને તે પ્રમાણે વિચરવાથી અત્યંત માઠાં પરિણામ નીપજે છે. ઇન્દ્રિયને આપણે સંયમમાં રાખીશું નહિ તો તે આપણા ઉપર સર્વ સત્તા ભોગવશે, અને તેથી ગુલામ કરતાં પણ આ-પણી સ્થિતિ ખરાબ થશે. મન એટલું બધું ચંચલ છે, કે તેને વશ રાખવાનું કામ ઘણું કઠિન છે. યોગ્યજ કહ્યું છે કે;—

यततोह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभंमनः ॥

શ્રી. મ. ભ. ગીતા.

ચિત્ત ઇન્દ્રિયને આડે રસ્તે દોરી જાય છે, માટેજ તેના ઉપર સંયમ રાખવાની જરૂર છે. પ્લેટોએ કહ્યું છે કે.—

'For a man to conquer himself is the first and noblest of all victories, where as to be vanquished by himself is the basest and most shameful of all things.'

તેજ પ્રમાણે મિલ્ટને પણ કહ્યું છે કે જે માણસ મનોવિકાર, ઇચ્છા, વગેરે ઉપર સંયમ રાખે છે, તે રાજાના કરતાં પણ ચઢી જાય છે. જુઓ;—

' He who reigns within himself, and rules passions, desires, and fears, is more than a king. '

જે ઇન્દ્રિયોને રાગદ્વેષથી વિમુખ કરે છે, અને જે મનને વશ રાખે છે, તે પુરૂષ પરંશાન્તિને પામે છે. જુઓ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે,—

रागद्वेष वियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यै र्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

૨. સંયમ ન રાખવાથી કેવાં માઠાં પરિણામ નીપજે છે તે વિષે. જીભને વશ ન રાખવાથી બધાની સાથે વૈરભાવ ઉત્પન્ન થાય છે. ગુસ્સાને વશ ન રાખવાથી નહિ કરવાનું કરી જવાય છે, અને વિષયાંધ માણસો તો સો મણ તેલે અંધારૂં દેખે છે, અને જે નાશકારક પરિણામો નીપજાવે છે, તેની તો સીમાજ નથી! કામાંધ સ્ત્રીપુરૂષો પોતાને, પોતાના કુટુંબને, રે! પોતાના દેશને ખરાબ સ્થિતિમા લાવી મૂકે છે. ટ્રૉયને ઘેરો ઘાલવાનું શું કારણ? રાવણ શાથી મરાયો? ગુજરાતનું રાજ્ય કરણના હાથમાંથી અલાઉદ્દીન ખીલજીના હાથમાં શાથી આવ્યું? આવાં અનેક ઐતિહાસિક ઉદાહરણો સંપૂર્ણરીતે અને સંતોષકારક રીતે દર્શાવી આપે છે કે મનોવિકારને સંયમમાં નહિ રાખવાથી માણસો પોતે અધમ સ્થિતિ ભોગવે છે, એટલુંજ નહિ પણ તેઓ મોટી મોટી આફતો લાવવામાં સાધનભૂત થઇ પડે છે.

૩. સંયમ રાખવાની ટેવ પાડવી જોઇએ, વગેરે.

જેમ કોઇ પણ કાર્ય ટેવને લીધે સહેલાઇથી થઇ શકે છે, તેમ મનને વશ રાખવાની ટેવ પાડવાથી તેને પણ સહેલાઇથી વશ રાખી શકાય છે.

એક વખત મનને રોકવાથી તેને બીજી વખત રોકવાનું કામ વધારે સહેલું થઇ પડશે. એક વખત તેને મરજી પ્રમાણે જવા દેવાથી બીજી વખતે તે તેજ પ્રમાણે ભટકશે. અયોગ્ય વિષયનું ચિન્તન પણ કરવું નહિ, કારણકે ચિન્તન કરવાથી તે વિષય તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે, અને તે મેળવવા ઇચ્છા ઉત્પન્ન થાય છે. ઇચ્છા ઉત્પન્ન થવાથી ગમે તેવા પ્રયાસ કરીને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવા આપણે મથીએ છીએ. પ્રયાસમાં વિઘ્ન આવે તો ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી વિવેકશક્તિનો નાશ થાય છે, અને અંતે બુદ્ધિનો નાશ થવાથી નાશકારક પરિણામ નીપજે છે. જુઓ શ્રી મદ્ભગવદ્ગીતામાં યોગ્યજ કહ્યું છે કે;—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धि नाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

ઇન્દ્રિયને સંયમમાં રાખવાનો ગુણ બાળકોમાં પણ વારસામાં ઉતરી આવે છે. ભવિષ્યની પ્રજાને સુધારવા માટે સંયમની કેટલી બધી જરૂર છે, તે આ ઉપરથી સહજ સમજી શકાય છે. મનને જીતવું એજ ખરી જીત છે, અને મન ઉપર રાજ્ય ચલાવવું એજ ખરી શક્તિ છે. મહાન્ શેકસપીઅરે મનને જીતનારાઓને શૂરવીર યોદ્ધાઓની ઉપમા આપી છે, તે ઘણીજ યોગ્ય છે. તે કહે છે કે;—

'Brave conquerors ! for so you are,
That war against your own affections,
And the huge army of the world's desires.'

પોતાના તેમજ બીજાના હિતને અર્થે સંયમ રાખવાની દરેક સ્ત્રી પુરૂષને જરૂર છે.

મોત.

चेतोहरा युवतयः स्वजनोऽनुकूलः सद्बान्धवाः
प्रणतिगर्भगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहा स्तरला स्तुरंगाः संमीलने
नयनयो र्न हि किंचिदस्ति ॥

૧. જન્મમરણ સ્વાભાવિક છે; મોતની બીક. ૨. મોતથી કોણ ડરતું નથી? ૩. વસ્તુમાત્રનો ખરેખરો નાશ થતો નથી; શરીરનો નાશ થાય છે, પણ આત્મા અમર છે. ૪. બોધ.

૧. જન્મ મરણ સ્વાભાવિક છે; મોતની બીક.

જગતમાં જન્મવું અને મરવું એ સ્વાભાવિક છે, તે છતાં પ્રાણીમાત્રને મરણની ઘણી બીક લાગે છે, એ આશ્ચર્યકારક છે. બેકને યોગ્યજ કહ્યું છે કે;—

'It is as natural to die as to be born; and to a little infant perhaps the one is as painful as the other.'

વળી તેજ વિદ્વાન્ કહે છે કે જેવી રીતે બાળકો અંધારામાં જતાં ડરે છે, તેવી રીતે માણસો મોતથી ડરે છે, અને જેમ ભૂતપ્રેતની વાતોથી બાળકોની બીકમાં વધારો થાય છે, તેમ મોત અને તે પછીની અવસ્થાની ભયંકર વાતોથી માણસોની બીકમાં વધારો થાય છે.

મોતથી આપણે શા માટે ડરવું જોઇએ? આ સૃષ્ટિમાં કઇ વસ્તુનો નાશ થતો નથી? વિચાર કરી જોવાથી આપણને તરતજ જણાઈ આવે છે, કે આપણે આ દુનીઆમાં મુસાફર જેવા છીએ. જેમ મુસાફરો મુસાફરખાનામાં થોડો વખત રહી તે છોડી ચાલ્યા જાય છે, તેમ આ દુનીઆ રૂપી મુસાફરખાનાને આપણે પણ છોડી ચાલ્યાજ જઇએ છીએ. કવિ ડ્રાયડને યોગ્યજ કહ્યું છે કે;—

'Like pilgrims to the appointed place we tend.'
'The world's an inn, and death the journey's end.'

હંમેશના અનુભવ ઉપરથી વસ્તુનો ક્રમે ક્રમે નાશ થતો આપણે જોઇએ છીએ; આપણે જેવા કાલે હતા, તેવા આજે નથી, અને આજે છીએ તેવા આવતી કાલે રહીશું નહિ. આપણા શરીરનો પણ ક્રમે ક્રમે ક્ષય–એક પ્રકારનું મૃત્યુ–થાય છે જ, પણ તે મૃત્યુ ક્રમે ક્રમે થતું હોવાથી આપણે તેને જોઇ શકતા નથી, અથવા જાણી જોઇને જોતા નથી. વિદ્વાન્ રીચર્ડસન કહે છે કે;—

'In fact life itself is a daily death.'

વળી તેજ વિદ્વાને કહ્યું છે કે;—

'Our youth must also die, and next our manhood, and when old age, says Montaigne, is carried to the tomb, it is but an additional death.'

૨. મોતથી કોણ ડરતું નથી ?

સંસારમાં અનેક આફતોથી કંટાળી ગયલા માણસો મોતથી ડરતા નથી, અને તેઓ રીબાઈ રીબાઇ મરવા કરતાં એકદમ મરવું વધારે પસંદ કરે છે, અને તેથી તેઓ આપઘાત કરે છે. પ્રેમી જોડાં નિરાશાથી, આપઘાત કરે છે, તેવા ઘણા દાખલાઓ મળી આવે છે. આબરૂ જાળવવા ખાતર, વૈર લેવા ખાતર માણસો જીંદગીની દરકાર કરતા નથી. દેશોન્નતિ કરવા માટે વીર પુરૂષો મરણને આધીન થાય છે, રે ! હર્ષથી અને પોતાને ભાગ્યશાળી માની મરવા તૈયાર થાય છે. આવા વીર પુરૂષો માટે યોગ્યજ કહ્યું છે કે;—

स जीवति यशो यस्य कीर्तिर्यस्य स जीवति ।
अयशोऽकीर्ति संयुक्तो जीवन्नपिमृतोपमः ॥

કવિ શેકસપીઅર કહે છે કે;—

'Cowards die many times before their death.'
'The valiant never taste of death but once.'

૩. વસ્તુ માત્રનો ખરીરીને નાશ થતો નથી.

મોત સંબંધે હવે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી વિચાર કરીએ. વસ્તુનો નાશ થાય છે એટલે શું ? પદાર્થમાત્રનો ખરેખરો નાશ તો થતોજ નથી. પદાર્થનાં રૂપાંતર થવાથી, અથવા તેનાં જુદાં જુદાં તત્ત્વો પૃથક્ પૃથક્ થઇ જવાથી, તે પદાર્થનો નાશ થયો એમ આપણે કહીએ છીએ. શરીરનો નાશ પણ આ પ્રકારનો છે; વળી શરીરનો નાશ થયલો માનીએ, તો પણ આત્મા–ચૈતન્યનો–નાશ થતોજ નથી. તે તો અમર છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે;—

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा
न्यन्यानि संयाति नवानी देही ॥
न जायते म्रियते वा कदाचिन्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयंपुराणो
नहन्यते हन्यमाने शरीरे ॥

૪. બોધ.

મોત કોઇને છોડતું નથી. આ ફાની દુનીઆમાં બધું અસ્થિર, નાશવંત, અને નકામું છે; માત્ર ધર્મ સ્થિર, અચલ, અને કામનો છે. યોગ્યજ કહ્યું છે કે;—

चलालक्ष्मी श्चलाः प्राणा श्चलं जीवित यौवनं ।
चलाचले च संसारे धर्म एकोहि निश्चलः ॥

માણસ મરી જાય છે, પણ તેની કીર્તિ અમર છે. મોતથી ડરવું નહિ, પણ કાળ આપણને ગમે તે વખતે ઝડપીલેશે, તે ધ્યાનમાં રાખી હંમેશાં સત્કર્મો કરવાં, કારણ કે મરી ગયા પછી પણ નઠારાં કામને માટે આપણને ઈશ્વરના દરબારમાં જવાબ દેવો પડશે.

વિભાગ બ.

પુસ્તક.

૧. પુસ્તક. ૨. પુસ્તકો કેવી રીતે વાંચવાં ? ૩. પુસ્તકો વાંચવાથી થતા લાભ.

૧. પુસ્તકો કેવાં વાંચવાં ? ૨. આપણી અને ઇંગ્રેજી ભાષાનાં પુસ્તકો. ગુજરાતી ભાષામાં તો સારાં પુસ્તકોની સંખ્યા ગણીગાંઠીજ છે; એટલે તે ભાષાની અંદર ઉત્તમ પુસ્તકો કયાં કયાં છે, તેનો નિર્ણય કરવો એ મોટી વાત નથી, છતાં ઉત્તમ પુસ્તકોની માર્ગદર્શક એક પણ યાદી હજુ સુધી થયલી નથી એ નવાઇ જેવી અને શોચનીય વાત છે. ઇંગ્રેજી ભાષામાં દરેક વિષયનાં અસંખ્ય પુસ્તકો છે, અને હંમેશાં ભિન્ન ભિન્ન વિષયપર હજારો પુસ્તકો બહાર પડ્યાંજ કરે છે; વળી સારાં પુસ્તકોની સંખ્યા પણ ઘણીજ મોટી છે, તો ઇંગ્રેજી ભાષા જાણનારને કયાં કયાં પુસ્તકો વાંચવાં એ સંબંધે ગુંચવણ ઉત્પન્ન થાય, એ સ્વાભાવિક છે. સર જૉન લબકે એક સો સારાં પુસ્તકોની યાદી તૈયાર કરેલી છે; આ પ્રયાસ સ્તુત્ય અને માર્ગદર્શક છે, તોપણ એ યાદી બધાને સંતોષકારક થઇ પડે એ અશકય છે. ગુજરાતી ભાષામાં જેટલું પદ્ય ખેડાયલું છે, તેટલું ગદ્ય ખેડાયલું નથી. વારતા, ઇતિહાસ, મુસાફરી, વિદ્યા, વગેરેનાં અને ખાસ કરી સચિત્ર પુસ્તકોની આપણી ભાષામાં જબરી ખોટ છે. જુદી જુદી ભાષા જાણનારને શું વાંચવું ને શું છોડી દેવું તેનો મોટો વિચાર થઇ પડે છે, તોપણ સાધારણ રીતે એટલું તો નિર્વિવાદ છે કે પહેલાં પોતાની ભાષાના ખજાનામાં કેટલું ને કેવા પ્રકારનું ધન છે, તે જોવું, અને પછી બીજી ભાષાના ઉત્તમ લેખકનાં પુસ્તક વાંચવાં. ખરાબ પુસ્તકો વાંચવાથી પોતાને અને દેશને પણ નુકસાન થાય છે. બાળકોના હાથમાં જે

પુસ્તકો મૂકવામાં આવે તે બોધક અને રમુજી હોવાં જોઇએ. જુવાનીઆઓ નવલકથા વાંચવાનું વધારે પસંદ કરે છે, અને ઘણા તેથી અનીતિને માર્ગે ચઢી જાય છે. સારી નવલકથા વાંચવામાં વાંધો નથી, પરન્તુ ગમે તેવી નવલકથા વાંચવાથી અનહદ નુકસાન થાય છે.

પુસ્તકોની આવી જબરી સંખ્યામાંથી સારાં કયાં ને નઠારાં કયાં તે વાંચ્યા વિના કેમ ખબર પડે? આવી બાબતમાં હંમેશાં ગુરૂ, માબાપ, કે અનુભવીની સલાહ લઇ, તે જે પુસ્તકો વાંચવાની સલાહ આપે તે વાંચવાં. મોટી ઉંમરે દરેક માણસની અમુક વિષયને લગતાં પુસ્તકો વાંચવાની વૃત્તિ થાય છે. પોતાને જે વિષયનો શોખ હોય તેવાં પુસ્તકો વાંચવાની દરેક માણસની વૃત્તિ થાય એ સ્વાભાવિક છે, પરન્તુ બહુશ્રુત થવાને, મનની ભિન્ન ભિન્ન શક્તિઓને કેળવવાને, નવીનતા ખાતર તેમજ નવીન રસને અનુભવવાને, સાહિત્ય, ઇતિહાસ, વિદ્યા, તત્ત્વજ્ઞાન, વારતા, વગેરે અનેક વિષયને લગતાં પુસ્તકો કોઇ કોઇ વાર વાંચવામાં આવે તો સારૂં.

પુસ્તકો કેવી રીતે વાંચવાં ?

બધાં સારાં પુસ્તકો વાંચવાનો માણસને વખત મળતો નથી, અને તેટલી માણસમાં શક્તિ પણ હોતી નથી; તેથી કેટલાંક પુસ્તકો પૂરાં વાંચવાં અને ધ્યાનપૂર્વક વાંચવાં; બીજાં કેટલાંક વાંચી જવાં પણ તે પુસ્તકમાં આવતી બાબતોનું મનન કરવા થોભવું નહિ અને બીજાં કેટલાંક તો ઉપર ઉપરથી જોઇ જવાં, કે તેના અમુક અમુક ભાગ સંપૂર્ણ વાંચી જવા. સારાં પુસ્તકો વાંચતી વેળા ઉત્તમ ફકરા, વગેરેની નોંધ કરતા જવું, અને લેખકના વિચાર વિષે મનન કરતા જવું. મનન કર્યા વિના બહુ વાંચવાથી લાભ નથી. મનન કર્યા વિના બુદ્ધિનો વિકાસ થતો નથી. વધારે ખોરાક ખાવાથી લાભ નથી. ઉલટો અપચો થાય છે. જેટલું જ્ઞાન પચાવી શકાય તેટલુંજ સારૂં છે, બીજું માત્ર ભાર રૂપ છે.

સારાં અને મનન કરવા યોગ્ય પુસ્તકો એકથી વધારે વખત વાંચવાં, અને વાંચવા કરતાં તેની અંદરના વિષય સંબંધે વિચાર કરવામાં વધારે વખત ગાળવો.

પુસ્તક વાંચવાથી થતા લાભ.

એકાંતમાં પુસ્તક મિત્રની ગરજ સારે છે. મૈત્રી ભંગ થવાનો સંભવ છે, પણ પુસ્તકની મૈત્રીનો ભંગ સંભવતોજ નથી. દુઃખના વખતમાં પુસ્તક દીલાસો આપી મનને શાંત કરે છે. ગરીબ તેમજ તવંગરને એક સરખી શિખામણ આપે છે, અને પોતાનો ખજાનો બધી સ્થિતિના માણસો સમક્ષ, જાતિ, પદવી, રંગ, વગેરેનો ભેદ ગણ્યા વિના ખુલ્લો મૂકી દેછે. જૂના કાળની અને હાલની સ્થિતિ સરખાવવાનો પ્રસંગ મળે છે. ઉપયોગી અને મનોરંજક જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને બુદ્ધિ તેમજ નીતિને પુષ્ટિ મળે છે.

શરીર બગડે તેટલે દરજ્જે પુસ્તકો વાંચવાનો શોખ હાનિકારક છે. પુસ્તકનાજ કીડા બનવાથી દુનીઆદારીનું જ્ઞાન મળતું નથી. પુસ્તકના વાચન ઉપરાંત ગમત-રમતની, અનુભવની, વાતચીત કરવાની, અને વિદ્યા સંબંધે પ્રયોગો કરી જ્ઞાન અને આનંદ વધારવાની ઓછી આવશ્યકતા નથી.

નિબંધમાં દાખલ કરી શકાય તેવા ઉપયોગી ઉતારા.

Books give the best and greatest thoughts,
Of all the good and wise;
Books treasure human knowledge up,
And thus it never dies.

E. W. Cole.

A man may usually be known by the books he reads, as well as by the company he keeps; for there is a companionship of books as well as of men; and one should always live in the best company, whether it be of books or of men.

Smiles.

Reading makes a full man; + + +

Bacon.

Studies serve for delight, for ornament, and for ability; their chief use for delight is in privateness and retiring; for ornament, is in discourse; and for ability, is in the judgment & disposition of business.

Bacon.

Some books are to be tasted, others to be swallowed, and some few to be chewed and digested; that is some books are to be read only in parts; others to be read but not curiously and some few to be read wholly, and with diligence & attention.

Bacon.

Some read to think–these are rare;
Some to write–these are common;
And some read to talk and these,
Form the great majority.

Colton.

Many people are great readers. Now, reading does not build the mind; thought alone builds it.

We should read less & think more, if we would have our minds grow, and our intelligence develope.

Annie Besant.

In reading authors when you find,
Bright passages, that strike your mind,

And which, perhaps you may have reason
To think on, at another season,
Be not contented with the sight,
But take them down in black & white:
Such a respect is wisely shown,
As makes another sense one's own.

Byron.

Learning is acquired by reading books; but the much more necessary learning; the knowldge of the world, is only to be acquired by reading men, and studying all the various editions of them.

Lord Chesterfield.

મુસાફરી કે દેશાટણ.

૧. દેશાટણ કરવાનાં સાધન. ૨. દેશાટણ વિના શાળાની કેળવણી અપૂર્ણ છે. ૩. મુસાફરી વધારે ફળપ્રદ ક્યારે થાય? ૪. મુસાફરીમાં શું જોવું? ૫. મુસાફરી કરી આવ્યા પછીનું વર્તન.

દેશાટણ કરવાનાં સાધન.

પહેલાં કરતાં હાલ મુસાફરી કરવાનાં સાધન ઘણાં છે, અને એવાં સસ્તાં થયાં છે કે ગરીબ લોકો પણ તેનો લાભ લઇ શકે છે. આગગાડી, આગબોટ, વગેરે.

દેશાટણ વિના શાળાની કેળવણી અપૂર્ણ છે.

મુસાફરી વિના 'ભણ્યા પણ ગણ્યા' નહિ તેવું થાય છે. ઇંગ્લંડ, વગેરે યુરોપ ખંડના બીજા દેશોના લોકોમાં મુસાફરી કરવાનો વિશેષ શોખ છે. યાત્રા કરવાનું આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે, તેથી એક પંથ ને દો

કાજ સરે છે. મુસાફરી કરવાથી બીજા પણ અનેક લાભ થાય છે. દેશ દેશનાં પાણી પીવાથી શરીર મજબુત થાય છે. જાત જાતના લોકો, તેના સ્વભાવ, તેઓની રીતભાત, તેઓની હુનરકળા, વગેરેનું અવલોકન કરવાથી બુદ્ધિ ખીલે છે અને દેશને પણ લાભ થાય છે. નિર્બલ માણસને ગયલી તંદુરસ્તી પાછી મેળવવા ડૉકટર પરદેશ મુસાફરી કરી હવા બદલ કરવાની સલાહ આપે છે. મુસાફરી કરવાની બધાને જરૂર છે; પંડિત, વેપારી, વિદ્યાર્થી કે બીજાને મુસાફરી લાભજનક થઇ પડે છે. હાલમાં જૂના કાળની શોધ ખોળ કરવા, તેમજ દેશ દેશના રીતરીવાજની સરખામણી કરવા કે સૃષ્ટિસૌન્દર્ય નીહાળવા લોકો મુસાફરી કરવા નીકળી પડે છે.

મુસાફરી વધારે ફળપ્રદ કયારે થાય ?

પહેલાં આપણા દેશમાં મુસાફરી કરવી, જેથી બીજા ને આપણા દેશમાં શું છે, ને શું નથી તેનો ખ્યાલ આવે. સરખામણી કરવાનું ઠીક પડે. બીજા દેશમાં મુસાફરી કરતી વેળા સાથે તે દેશનો ભોમીઓ હોય તો વધારે ઠીક. ભોમીઆની મદદથી વખતનો બચાવ થાય છે; દુષ્ટ સ્ત્રીપુરૂષોનાથી સાવધાન રહી શકાય છે. જે દેશની મુસાફરી કરવી હોય તેની ભાષા જાણવી જોઇએ. ભાષા જાણ્યા વિના મુસાફરીથી થતા ઘણા લાભ મળી શકતા નથી. જે દેશની મુસાફરી કરવી હોય, તે દેશ સંબંધે વર્ણન કરનારૂં એકાદ પુસ્તક સાથે રાખવું; તેમજ એક નોંધપોથી પણ સાથે રાખવી. આ નોંધપોથીમાં જે જે નોંધ કરવા યોગ્ય હોય તેની નોંધ કરી લેવી. નોંધનો આધાર નોંધ લેનારની કેળવણી ઉપર રહે છે.

મુસાફરીમાં શું જોવું ?

સૃષ્ટિસૌન્દર્ય નીહાળવા ખાસ કાળજી રાખવી. મોટી રાજધાનીનાં કે બીજાં મોટાં સહેરોમાં ઘણું ઘણું સુન્દર અને નવાઇ જેવું જોવાનું હોય છે. ઐતિહાસિક સ્થળો, સંગ્રહસ્થાન, કિલ્લાઓ, રાજદરબાર, રાજ-

સભાઓ, ન્યાયમંદિરો, દેવસ્થાનો કે દેવળો, સ્વાભાવિક કે કૃત્રિમ નૌકાશય, પુસ્તકાલય, વિદ્યાલય, પાઠશાળા, બાગબગીચા, લશ્કરની કવાયત, લડાઈનો દારૂગોળો બનાવવાનાં અને રાખવાનાં સ્થળો, તિજોરીઓ, કીંમતી જવાહીરો, વગેરે અનેક વસ્તુઓ જોવા જેવી હોય છે. મોટા શહેરમાં પંકાયલા માણસોની મુલાકાત લેવા ચૂકવું નહિ. તેઓની ખાનગી રહેણી કરણી કેવી છે, તેનું બરાબર અવલોકન કરવું.

મુસાફરી કરી આવ્યા પછીનું વર્તન.

મુસાફરી કરી આવ્યા પછી મુસાફરીમાં થયલી માણસોની ઓળખાણ પત્રદ્વારા નિભાવી રાખવી. દેશમાં આવી પોશાક કે આચારમાં મોટો ફેરફાર કરવો નહિ. પોતાના દેશમાં કંઇ સુધારો કરવા જેવું જણાતું હોય તો સમજાવીને અને ધીમે ધીમે કામ લેવું. પોતાનું વર્તન ઉચ્ચ રાખી બીજા ઉપર છાપ પાડવી. મુસાફરીનું વૃત્તાંત છપાવીને કે ભાષણોદ્વારા દેશજનોને બીજા દેશની રાજ્યપદ્ધતિ, રીતરીવાજ, લોકો, વગેરેથી વાકિફ કરવા. કોઇ બાબતમાં આપણા દેશજન ઉતરતા હોય, તો તે તરફ તિરસ્કાર બતાવવાની તોછડાઇ કરવી નહિ. મોટા દીલથી, યુક્તિથી, અને ગૃહસ્થને છાજે તેવી વર્તણુકથી કામ લેવું.

ઉતારા.

Travel, in the younger sort, is a part of education, in the elder a part of experience.

Bacon.

And let it appear that he doth not change his country manners for those of foreign parts; but only prick in some flowers of that he hath learned abroad in to the customs of his own country.

Bacon.

'Nothing is more beneficial to health than a complete change of air and scene, while travel is itself an education.'

यो न संचरते देशान्यो न सेवेत पण्डितान् ।
तस्य संकुचिता बुद्धि घृतबिन्दुरिवाम्भसि ॥

तीर्थानामवलोकनं परिचयः सर्वत्र वित्तार्जनं
नानाश्चर्य निरीक्षणं चतुरता बुद्धेः प्रशस्तागिरः ।

एते सन्ति गुणाः प्रवास विषये दोषोऽस्ति चेको महान्य न्मुग्धामधुराधराधरसुधा पानं विना स्थीयते ॥

વકતૃત્વશક્તિ અને વક્તા.

૧. વકતૃત્વ શક્તિની કેળવણી. ૨. સુવક્તાના ગુણ. ૩. સુવક્તા થવાથી શા લાભ છે?

વકતૃત્વશક્તિની કેળવણી.

વકતૃત્વશક્તિને કેટલેક દરજ્જે કેળવી શકાય છે. ડીમોસ્થીનીઝનો દાખલો ઘણું આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો છે, કારણ કે કુદરત તેને દરેક રીતે પ્રતિકૂળ હોવા છતાં, માત્ર રાક્ષસી પ્રયાસથી તેજ કુદરતને અનુકૂળ કરી તે મહાન્ સુવક્તા થયો. આવા દૃષ્ટાંતોથી પ્રયાસ કરવા માટે ઉત્તેજન મળે છે, પણ એટલું પણ કહેવું જોઇએ કે ઉત્તમ વક્તા થવાને માટે કેટલીક સ્વાભાવિક બક્ષીસોની પણ જરૂર છે. પ્રયાસથી ઘણું થઇ શકે છે, પરન્તુ અવાજની સ્વાભાવિક મીઠાશ, તેમજ ઇશ્વરદત્ત ઉચ્ચ કલ્પનાશક્તિ, હૃદયનું નિખાલસપણું, આદિ ગુણો અભ્યાસથી મેળવી શકાતા નથી. અભ્યાસથી ભાષા ઉપર કાબુ મેળવી યોગ્ય વિચારોને યોગ્ય શબ્દોમાં ગોઠવી શકાય છે. સભાની સમક્ષ કેમ ઉભવું, આંખ અને હાથનો કેવી રીતે ઉપયોગ કરવો, કઇ બાબત કેવી રીતે શરૂ કરવી અને તેનો કેવી રીતે અંત આણવો, વગેરે ઘણી ઘણી બાબતો અભ્યાસથી શીખી શ-

કામ છે, પરન્તુ ' કવિ થતો નથી, પણ જન્મે છે ' તે પ્રમાણે ' સુવક્તા થતો નથી પણ જન્મે છે ' તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

સુવક્તાના ગુણ.

બુલંદ અને મીઠો અવાજ, બહુ શ્રુતપણું; ભાષા ઉપરનો કાબુ; જનસ્વભાવનું અચ્છું જ્ઞાન; ઉચ્ચ પ્રકારની કલ્પનાશક્તિ. તર્કશકિત સારી સ્મરણશકિત અને હાજર જવાબીપણું; ભાષણ શરૂ કરી મધ્ય અને અંતમાં તેની વિશેષતર અને વિશેષતમ છાપ પાડવાની આવડત; ભવ્ય દેખાવ; અસર કરવા ખાતર યોગ્ય કાળે આંખ, ને હાથનો યોગ્ય ઉપયોગ કરવા સંબંધે જ્ઞાન; તર્ક અને ન્યાય શાસ્ત્રનું ઊંડું જ્ઞાન; હીંમત; વગેરે અને ક ગુણો સુવક્તામાં હોવા જોઇએ.

સુવક્તા થવાની કોને જરૂર છે ?

ખાસ કરી ધર્મના ઉપદેશકોને, બૅરીસ્ટર, વકીલ, વગેરેને અને રાજ્ય કાર્યભારની મંડળીના સભાસદો અને ખાસ કરી તેવી મંડળીના નેતા ને સુવક્તા થવાની જરૂર છે. ધર્મના ઉપદેશક વક્તૃત્વશકિતને અભાવે શ્રોતા ઉપર ધર્મની ગંભીર અને પવિત્ર છાપ ઊંડી પાડી શક્તા નથી; બૅરીસ્ટર આ શક્તિ વિના સારી અસર ઉત્પન્ન કરી શકતા નથી, અને નેતા કે સભાસદો પોતાના ઉદ્દેશો આ શકિતના અભાવે જોઇએ તેવી સારી રીતે પાર પાડી શકતા નથી.

સુવક્તા થવાથી શા લાભ છે ?

સુવક્તા પોતાના દેશને ઘણો લાભ કરી શકે છે. ખરી બાબતો જનસમૂહને સારી રીતે ઠસાવી શકે છે. જે દેશોમાં--ઇંગ્લંડ, ફ્રાન્સ, વગેરેમાં–લોકોના હાથમાં સત્તા છે, ત્યાં સુવક્તા આખી પ્રજા ઉપર કાબુ મેળવે છે. કીર્તિ, માન અને ઉચ્ચ પદવી મેળવવાનું તે દેશમાં વક્તૃત્વશકિત ઉ-

ત્તમમાં ઉત્તમ સાધન છે. ઉત્તમવકતા ઉત્તમ કાર્યો પાર પાડવામાં પોતાની બધી શકિત અજમાવે છે. ઉતરતી પંકિતના વકતા પોતાની શકિતનો ઉપયોગ ઘણીવેળા લોકોને આડે રસ્તે દોરવામાં વાપરે છે. આવા વકતા લાભને બદલે મોટું નુકસાન કરેછે. આવા વકતાઓ ભાષણમાં ખોટી અને આડે રસ્તે દોરનારી દલીલો વાપરી, લોકોની લાગણી ઉશ્કેરી ઘણી વેળા જય મેળવતા જણાય છે; માટે ભાષણો સાંભળી કોઇ પણ પ્રકારનું પગલું ભરતા પહેલાં દરેકે બહુ વિચાર કરવાની જરૂર છે.

ઉતારા.

The man who speaks with culture & ability will always command willing listners.

Locke.

Begin low,
Speak low,
Take fire,
Rise higher.
When most impressed,
Be self possessed.

James Fleming.

A man may be called eloquent, who transfers the passion or sentiment with which he is moved himself, in to the breast of another.

Goldsmith.

Eloquence is the best speech of the best soul; the right eloquence needs no bell to call the people to-gether, and no constable to keep them.

Emerson.

True eloquence is the art of placing truth in the most advantageous light for convincing & persuading men.

Sheridan.

All eloquence, which is affected or over laboured or merely imitative, though otherwise excellent, carries with it an air of servility, nor is it free to follow its own impulses.

Bacon.

कामान्दुग्धे विप्रकर्षत्य लक्ष्मीं
कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति ।
तां चाप्येतां मातरं मङ्गलानां
धेनुं धाराः सूनृतां वाच माहुः

अल्पाक्षर रमणीयं यःकथयति निश्चितं सः खलु वाग्मी ।
बहु वचनमल्प सारं यः कथयति विप्रलापी सः ॥

' વાતચીત '

૧. વાતચીત. ૨. વાતચીત કરતી વેળા રાખવી જોઇતી સંભાળ. ૩. વાતચીત કરવાથી થતા લાભ.

બે ચાર મિત્રો, ઓળખીતા, કે એકજ ધંધાનાં કે વર્ગનાં માણસો એકત્ર થાય છે, ત્યારે તેઓ અરસપરસ વાતચીત કરી આનંદ લે છે. સારી રીતે વાતચીત કરવી એ સહેલી વાત નથી. કાળ, સ્થળ, અને પાત્રને અનુસરીને વાતચીત કરવામાં ખુબી સમાયલી છે. જેમ અમુક માણસમાંજ વાતચીત કરવાની સારી શક્તિ હોય છે, તેમ જુદી જુદી પ્રજામાં પણ આ શક્તિ ઓછા વત્તા પ્રમાણમાં જોવામાં આવે છે ફ્રેન્ચ અને ઈટાલીઅન, ઇંગ્રેજ કરતાં વાતચીત કરવામાં આગળ પડતા અને મીઠા હોય છે. વાતચીત કરવાની શક્તિ જ્ઞાન, અનુભવ, અને ટેવથી કેળવાય છે.

વાતચીત કરતીવેળા રાખવી જોઈતી સંભાળ.

નકામાં ગપ્પાં મારવાથી કંઇ લાભ નથી, પણ નુકસાન છે. વખત નકામો જાય છે, એટલુંજ નહિ, પણ પારકી નિન્દા કરવાનું મન થાય છે, અને તેવી રીતે વખત નકામો ગાળવો એ ઘણું નિંદ્ય છે.

વાતચીત કરતીવેળા સામા માણસને બોલવાનો વખત આપવો. બધો વખત પોતેજ લઇ લેવો કે વચમાં બોલી ઉઠવું એ ઠીક નથી. કેટલાકને ગમે તે પ્રકારે પોતાનો એકડો ખરો કરવાની ટેવ હોય છે. આવા માણસ તરફ મંડળીના બીજા માણસને અણગમો ઉત્પન્ન થાય છે. કેટલાક વાતચીત કરતી વેળા ખરૂં શું છે, તે નક્કી કરવાની દરકાર કરતા નથી, અને ખોટી ખોટી દલીલો કરી ખળભળાટ મચાવી મૂકે છે. આવી ટેવ પણ સારી નથી. વાતચીત કરતાં કેટલાક ગરમ થઇ જાય છે, એ ઠીક નથી. કોઇ વિષયની ચર્ચા ચાલતી હોય, અને તે વેળા પોતાના મતની કોઇ વિરૂદ્ધ જાય, તો તેમાં ગુસ્સે થઈ જવાની જરૂર નથી, પરન્તુ સામાનું કહેવું શું છે, તે શાંતિથી અને ધૈર્યથી સાંભળવાની જરૂર છે. ઉદ્ધતાઈથી, તોછડાઈથી કે નાદાનીથી, બીજાનું અપમાન કરવું કે ઉશ્કેરાઈ જવું, એ હલકું છે. કહેવતોથી, ટુચકાથી, અને તેવા બીજા નિર્દોષ ઉપાયથી, મંડળીને હસાવવામાં વાંધો નથી, પરન્તુ વાતચીત કરવામાં કોઇની મશ્કરી નહિ કરવાની, તેમજ સભ્ય શબ્દો વાપરવાની ખાસ સંભાળ રાખવી.

વાતચીત કરવાથી થતા લાભ.

નવીન શોધ કે વર્તમાનપત્રની અંદર આવેલા વિષયપર છૂટથી ચર્ચા ચલાવી શકાય છે. એક બીજા વચ્ચે મૈત્રીભાવ વધે છે. નિયમિત અને હંમેશાં કરવાના કામથી ઉપજેલા કંટાળાને દૂર કરી શકાય છે. કંઈક વિશેષ સ્વાતંત્ર્યથી અને કંઈક વધારે ખુલ્લા હૃદયથી બીજાને વિ-

ચાર જણાય શકાય છે, અને બીજાના વિચાર જાણી શકાય છે. ટૂંકામાં વિવેકથી સભ્ય અને નિર્દોષ વાતચીત કરવાથી બુદ્ધિનો વિકાસ થાય છે, અને અરસપરસ હૃદયના ઉભરા ખાલી કરવાનો પ્રસંગ મળે છે, અને મન પ્રફુલ્લિત રહે છે.

ઉતારા.

For discourse ought to be as a field,
without coming home to any man.

Bacon.

One of the greatest pleasures of life is conversation;--
and the pleasures of conversation.
are of course enhanced by every increase of knowlege.

The Rev. Sydney Smith.

Study gives strength to the mind;
Conversation, grace.

Sir. W. Temple.

Society and conversation are the most powerful remedies for restoring the mind to its tranquility, if, at any time, it has unfortunately lost it: as well as the best preservatives of that equal and happy temper, which is so necessary to self-satisfaction and enjoyment.

Adam Smith.

Hail, conversation, soothing power,
Sweet goddess of the social hour !
* * *
Hail, conversation, heavenly fair.
Thou bliss of life, and balm of care !

Hannah More.

વર્ત્તમાનપત્રો.

૧. પુસ્તકો અને વર્ત્તમાનપત્રો. ૨. વર્ત્તમાનપત્રો વાંચવાથી થતા ખાસ લાભ. ૩. સુધરેલા દેશોમાં વર્ત્તમાનપત્રોએ એક જબરી શક્તિ છે. ૪ સારાં અને ખરાબ વર્ત્તમાનપત્રો. ૫. વર્તમાનપત્રોના વિભાગ. ૬ ચેતવણી.

પુસ્તકો અને વર્ત્તમાનપત્રો.

કેટલાક એવી દલીલ કરે છે કે લોકો જેટલો વખત ચોપાનીઆં વાંચવામાં કાઢે છે, તેટલો વખત સારાં પુસ્તકો વાંચવામાં તેઓ કાઢતા હોય તો વિશેષ લાભ થાય. વર્ત્તમાનપત્રો વાંચવાથી જે ખાસ લાભ મળે છે, તે પુસ્તક વાંચવાથી મળતા નથી; વળી માણસજાતને કંઇક રમુજી અને સરળ તેમજ નવીન વાંચવાનું મન થાય એ સ્વાભાવિક છે. વર્ત્તમાનપત્રો વાંચવાનો શોખ ઇંગ્રેજી, અમેરિકન, વગેરે પ્રજાઓમાં ઘણો છે. ઇંગ્લંડ અને અમેરિકાનો મજૂરવર્ગ પણ વર્ત્તમાનપત્રો વાંચવાનો શોખ ધરાવે છે. આપણા દેશમાં કેવી સ્થિતિ છે, તે તરફ નજર કરો. આપણા દેશના ઘણા વિદ્યાર્થીઓ પણ વર્ત્તમાનપત્ર વાંચવાની દરકાર કરતા નથી એ ઓછું શોચજનક છે ? આપણા દેશમાં સાધારણ લોકોમાં વર્ત્તમાનપત્રો વાંચવાનો શોખ વધતો જતો જોવામાં આવે છે, એથી ભવિષ્યમાં એ શોખ બધા વર્ગમાં ફેલાઈ જશે, તેવી આશા રાખી શકાય છે.

વર્ત્તમાનપત્રો વાંચવાથી થતા ખાસ લાભ.

ચાલુ જમાનાની દૂરની પ્રજાઓના આચાર, વિચાર, તેઓનાં કર્ત્તવ્ય, તેઓની શોધખોળ, વગેરે જાણવા માટે વર્ત્તમાનપત્રો ઉત્તમ સાધન છે. વર્ત્તમાનપત્રોદ્વારા વિદ્યાને લગતી તેમજ બીજા વિષયોને લગતી નવીન શોધોથી તરત માહિતગાર થઈ શકાય છે. વર્ત્તમાનપત્રો રાજકીય બાબતો વિષે ચર્ચા ચલાવતાં હોવાથી લોકોનામાં રાજકીય બાબતોનું જ્ઞાન

ફેલાય છે, અને તેટલે દરજ્જે રાજકીય વિષયોમાં પોતાનો મત આપવા લાયક બને છે. વેપાર, વગેરેની જાહેર ખબર આપી વર્ત્તમાનપત્રો એક ઘણુંજ ઉપયોગી અને સાર્વજનિક કામ બજાવે છે.

સુધરેલા દેશોમાં વર્તમાનપત્રો એ એક જબરી શક્તિ છે.

ઉત્તમ વર્તમાનપત્રોની અંદર ગંભીર વિષયો લખવા ઉત્તમ લેખકો અને રાજદ્વારી માણસોને સારા પૈસા આપવામાં આવે છે. વર્તમાનપત્રો દ્વારા અમુક બાબત ઉપર પ્રજાનું વલણ કેવું છે તે જાણી શકાય છે. ઈંગ્લંડ અને અમેરિકાના રાજદ્વારી માણસો ત્યાંનાં ઉત્તમ વર્તમાનપત્રોનાં લખાણથી બરાબર વાકિફ રહે છે.

સારાં અને ખરાબ વર્તમાનપત્રો.

સારાં વર્તમાનપત્રો ગંજાવર ખરચથી દેશપરદેશથી પત્ર માટે હકીકત મંગાવે છે. સાર્વજનિક લાભ ખાતર તે કોઇ વ્યક્તિ ઉપર કટાક્ષ કરે છે. ખાનગી લાભ ખાતર કોઇ વ્યક્તિનાં છિદ્ર ખુલ્લાં પાડવાનું કે બીજી કોઇ રીતે સતાવવાનું હલકું કામ તે પત્રો કરતાં નથી; ઉત્તમ પત્રોની અંદર ગંભીર વિષયો ગંભીર અને કસાયલી કલમથી લખાયલા હોય છે, એટલું જ નહિ પણ બીજી પરચુરણ હકીકત પણ ઘણે ભાગે ખરીજ આપ- માં આવે છે. નઠારાં વર્તમાનપત્રો ખાનગી લાભ ખાતર વ્યક્તિ ઉપર ક- ટાક્ષ કરે છે, સાચી ખોટી ખબર છાપે છે, રાજદ્રોહી લખાણ કરે છે, અને અંતે ગ્રાહક વિનાનાં થઇ છપાતાં બંધ પડે છે.

વર્તમાનપત્રોના વિભાગ.

લડાઈ કરવી કે ન કરવી, સલાહ કરવી કે નહિ, અમુક કર નાં- ખવો કે નહિ અમુક કાયદો પસાર કરવો કે નહિ, તે સંબંધે લોકોના

હમેશાં બે પક્ષ પડી જાય છે. રાજ્ય કાર્યભારીઓ વચ્ચે પણ તડ પડી જાય છે. આ વખતે વર્તમાનપત્રો પણ સામસામાં ગોઠવાઈ જાય છે. એક વિભાગ એક પક્ષનું ખેંચે છે, ત્યારે બીજો વિભાગ બીજા પક્ષનું ખેંચે છે; વળી કેટલાંક વર્તમાનપત્રો તટસ્થ પણ રહે છે. દરેક વિભાગ સામા પક્ષની નબળાઈ પ્રકટ કરે છે, અને પોતાના પક્ષના ગુણ ગાય છે. આવે વખતે સત્ય શોધી કાઢવામાં આપણી બુદ્ધિની કસોટી થાય છે.

વર્તમાનપત્રોની ફત્તેહનો આધાર શાના ઉપર છે? જે દેશમાં સસ્તા અને સારા કાગળ બનાવવાનાં પુષ્કળ કારખાનાં હોય છે, જ્યાં છાપવાનાં સાધન સસ્તાં હોય છે, અને જ્યાં છાપવાની કળામાં સારો સુધારો થયલો હોય છે, જ્યાં આખા દેશમાં આગગાડી જાળની પેઠે પથરાઇ ગયલી હોય છે, જ્યાં ટપાલના દર ઘણાજ થોડા હોય છે અને જ્યાં કેળવણીનો બહોળો પ્રચાર થયલો હોય છે, ત્યાં વર્તમાનપત્રો ઘણાં નીકળે છે, અને દેશની આબાદીમાં વધારો કરે છે.

વર્તમાનપત્ર કાઢવાનું કામ જોખમ ભરેલું પણ છે; કારણ કે જે જાતનાં લખાણ તેમાં દાખલ કરવામાં આવે છે તે જાતનાં લખાણની અસર લોકો ઉપર થાય છે. નીતિને ભ્રષ્ટ કરનારાં કે રાજદ્રોહી લખાણો કરવાવાળાં પત્રો લાંબો વખત ટકી શકતાં નથી. સારાં પત્રો કાઢવામાં શરૂઆતમાં ઘણું ખરચ લાગે છે, પણ અંતે તેજ સારો નફો આપે છે.

ચેતવણી.

વર્તમાનપત્ર વાંચવામાં કેટલાકને ઘણો વખત ગાળવાની ટેવ પડી ગયલી હોય છે, તે સારી નથી. આખું વર્તમાનપત્ર દરરોજ વાંચી જવાની જરૂર નથી. નવીન વિષય કે ઉપયોગી સમાચારજ વાંચી જવાય તો બસ છે.

ગાયન.

૧. ગાયન સર્વેને પ્રિય છે. ૨. ગાયનનું માહાત્મ્ય. ૩. ગાયનનો ઉપયોગ, અને તેનાથી થતા લાભ. ૪. સંગીતની કેળવણી.

ગાયન સર્વેને પ્રિય છે.

મનુષ્યજાતિ ગાઇને કે ગાયન સાંભળીને પ્રસન્ન થાય છે. કુદરતમાં ગાયન એવી વસ્તુ છે કે જેનાથી પશુઓ પણ રીઝે છે. વાદી વાંસળી વગાડી સર્પ જેવાં ચંચળ પ્રાણીને સ્થિર કરી વશ કરે છે. શિકારી હરણ જેવાં ચાલાક પ્રાણીને તેના સ્વભાવ વિરૂદ્ધ મીઠા સ્વરથી સ્તબ્ધ બનાવી દે છે. ગ્રીક લોકોની દંતકથામાં કહ્યું છે કે તેના ઑારફીઅસ દેવે ગાયનથી પશુપક્ષીને સ્તબ્ધ બનાવ્યાં હતાં એટલુંજ નહિ, પણ ગાયનના પ્રભાવથી વૃક્ષોને અને નિર્જીવ પદાર્થોને નચાવ્યાં હતાં! જંગલી લોકો પણ ગાયન ગાય છે, અને તેઓ પણ નાચી કુદી આનંદ મેળવે છે.

ગાયનનું માહાત્મ્ય.

હિન્દુશાસ્ત્રો ગાયનની સ્તુતિ અને તેના પ્રભાવનાં વર્ણનથી ભરપૂર છે. શંકર ભીલડીના ગાયનથીજ મોહ પામ્યા હતા; શ્રી કૃષ્ણ ભગવાનની મોરલીનો નાદ સાંભળી ગોપીઓ ઘેલી થઇ હતી. નારદ મુનિ તો વીણા વગાડતા ફરતા ફરે છે. દેવ, દાનવ, યક્ષ, ગંધર્વ, કિન્નર, માનવ, બધા ગાયનમાં લુબ્ધ છે.

ગાયનનો ઉપયોગ, અને તેનાથી થતા લાભ.

માતા રડતાં બાળકને છાનું રાખવા હાલરડાં ગાય છે. ભક્ત પોતાની ભક્તિ ગાયનદ્વારા પ્રદર્શિત કરે છે. ગાયનની ધૂનમાં ભક્ત ઈશ્વર ભજનમાં એકચિત્ત થઇ આનંદમાં મગ્ન થઈ જાય છે. કવિ ગાયનમાં પોતાના ઉદ્ગાર કાઢી તેને વિશેષ દીપાવે છે, અને વિશેષ અસરકારક

અને મોહક બનાવે છે. ગાયન, એ રોગની મૃતસંજીવની માત્રા, વિરહી જનોની મનરંજન કરનારી પ્રિય વસ્તુ, દુઃખી માણસોનું વિશ્રાંતસ્થાન, અને પ્રેમી લોકોની વશીકરણ કળા છે. ગાયનથી બીજા કેટલાક ગૌણ લાભ પણ મળે છે. મંડળીને રંજન કરી શકાય છે, અને સર્વત્ર સન્માન મળે છે. સંગીતના શોખીન ગૃહસ્થો અમીર ઉમરાવ અને સંગીત પ્રિય નૃપ તરફથી ધનપ્રાપ્તિ પણ થાય છે.

ગાયનના પ્રભાવનું અને તેના ઉપયોગનું યથાર્થ વર્ણન કોઈથી થઈ શકે તેમ નથી. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને ઇતિહાસ ગાયનનાં વખાણ કરી રહ્યાં છે. યાજ્ઞવલ્કય સ્મૃતિમાં યથાર્થ સંગીત જાણનારને મોક્ષ મળે છે, તેમ કહેવામાં આવ્યું છે. જયદેવ કવિએ ગાયનના પ્રભાવથી પોતાની પત્નીને સજીવન કરી હતી; એવી દંત કથા ચાલે છે.

સંગીતની કેળવણી.

જેમ બીજાં સાહિત્યનું જ્ઞાન મેળવવા સંગીન અભ્યાસ કરવાની જરૂર છે, તેમ સંગીતશાસ્ત્ર સમજવામાં પણ અભ્યાસ અને મહેનતની જરૂર છે.

સંગીતશાસ્ત્રના અભ્યાસથી સ્વાભાવિક શોખને પુષ્ટિ મળે છે, અને કંઠસ્થાન પણ કસાય છે. એટલું તો ખરૂં કે સંગીતશાસ્ત્રી શાસ્ત્રીય જ્ઞાન આપે છે, પરન્તુ એકના કંઠની કુદરતી મીઠાશ બીજાના કંઠમાં મૂકવા તે સમર્થ નથી. સ્ત્રીપુરૂષના કંઠસ્થાનની રચનામાં થોડો ઘણો ફેર હોય છે. સ્ત્રીનો કંઠ ઝીણો, કોમળ, મીઠો અને તેથી વધારે મોહજનક હોય છે.

સંગીતની પણ નાનપણથી જ કેળવણી મળવાની જરૂર છે. ગાયનના અભ્યાસથી કર્ણેન્દ્રિય કેળવાય છે, એટલુંજ નહિ પણ મન પ્રફુલ્લિત રહે છે. મનની અસર શરીર ઉપર થાય છે, એટલે શરીર પણ તંદુરસ્ત

રહે છે, અને તેથી બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિ સુધરે છે. આપણા દેશમાં હલકા લોકો ગાવાનો ધંધો લઇ બેઠેલા છે, તેથી તે કળા તરફ કંઇક બીકની અને કંઇક તિરસ્કારની નજરથી જોવામાં આવે છે. ઇંગ્લંડમાં તેવું નથી. આપણા દેશની શાળાઓમાં સંગીતનું જ્ઞાન આપવાની શરૂઆત થઇ ચૂકી છે એ શુભ ચિહ્ન છે.

ઉપયોગી ઉતારા.

" Music hath charms to smooth a savage breast,
To soften rocks or bind a knotted oak;
I' ve read that things inanimate have moved,
And as with living souls, have been informed,
By magic numbers, and persua ive sound. ,'

Congreve.

The man that hath no music in himself,
Nor is not moved with concord of sweet sounds,
Is fit for treason, stratagems & spoils;
The motions of his spirit are dull as night,
And his affections dark as Erebus;
Let no such man be trusted. "

Shakespeare.

साहित्यसंगीतकलाविहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमान
स्तद्भागधेयं परमं पशूनाम् ॥

નાટક.

૧. નાટક ભજવવાનો ઉદ્દેશ. ૨. સારાં અને નઠારાં નાટક. ૩ નાટકની સારી અને માઠી અસર. ૪. નાટકની અંદર શું આકર્ષક છે ? ૫. છેવટ.

નાટક ભજવવાનો ઉદ્દેશ.

ભાષણથી શ્રોતા ઉપર જેવી અસર થાય છે, તેના કરતાં નાટક ભજવી બતાવવાથી નાટક જોનારના ઉપર ઘણી ઊંડી અને સજડ છાપ પડે છે. નાટકની અંદર સત્યનો જય અને અસત્યનો પરાજય થયલો પાત્રદ્વારા આપણે સાક્ષાત્ જોઇએ છીએ, અને તેથી, આપણા ઉપર વધારે સારી અસર થાય છે. જનસમૂહની, અથવા અમુક પ્રજાની કે અમુક કાળના લોકોની કે અમુક વર્ગની ખામીઓનું નાટકદ્વારા ચિત્ર ખડું થાય છે. આ ખામીઓ બતાવી, તેનાથી થતાં નુકસાન વિષે ઇશારો કરી, અને મનુષ્યજાતિને ન છાજતી વર્ત્તણુકની હાંસી કરી, જનસમૂહને સુધારવાનો નાટકકારનો ઉદ્દેશ હોય છે.

કવિના પ્રયાસને દીપાવવાનું કામ પાત્રોનું છે. વસ્તુસંકલના ઉત્તમ હોય, છતાં જો પાત્રો પોતાના પાઠ યથાર્થ ભાવથી ભજવી ન બતાવે, તો કવિનો મૂળ ઉદ્દેશ પાર પડી શકે નહિ.

સારાં અને નઠારાં નાટક.

સારાં નાટક કોને કહેવાં અને નઠારાં કોને કહેવાં તે સંબંધે સંસ્કૃતમાં તો ચોકસ નિયમોજ છે. આજ કાલ ભજવાતાં નાટકો ને જો તે નિયમો લાગુ પાડીએ તો સારૂં નાટક કોને કહેવું તેનો સવાલ થઇ પડે. સંસ્કૃત અને ઇંગ્રેજી ભાષાનાં ઉત્તમમાં ઉત્તમ નાટકોની અંદર શૃંગાર કે કરૂણા રસનું પ્રાધાન્ય જોવામાં આવે છે. કેટલાક નિર્માલ્ય જોડકાં જોડનારા અને પોતાને કવિ કહેવડાવનારા, શૃંગાર રસને બીભત્સ રસમાં

ફેરવી નાંખી, લોકો ઉપર ઘણી માઠી છાપ પાડે છે. આવાં નાટકો રંગભૂમિ ઉપર ભજવવા દેવાથી લોકોની નીતિને નુકસાન પહોંચે છે.

નાટકની સારી અને માઠી અસર.

સારાં નાટક સારી રીતે ભજવવામાં આવે, તો તેની અસર સારી થાય છે. જુવાન સ્ત્રીપુરૂષોને શૃંગારનો ભાગ વિશેષ પ્રિય હોય છે, અને તેથી તે આખા નાટકનો સાર ગ્રહણ કરવાને બદલે અમુક ભાગનો સાર લઇ કોઈ વખતે ખોટે રસ્તે દોરવાઇ જાય છે. નાટકથી જૂના કાળના લોકોનું તેના આચાર વિચાર, વગેરેનું-જ્ઞાન મળે છે, અને તે ઉપરથી કેટલોક બોધ પણ મળે છે. રંગભૂમિએ ચાલુ જમાનાની ખામીઓનું ભાન કરાવનારૂં ઉત્તમ સાધન છે. વારંવાર નાટક જોવા જવાની કેટલાલાકને કુટેવ પડી ગઇ હોય છે. આ કુટેવ ઘણીજ નુકસાનકારક છે. ઉજાગરાથી શરીર બગડે છે. વળી પૈસાનો વ્યય થાય છે, તે તો જુદો. એકની એક બાબતમાં ચિત્ત રહેવાથી બીજું કામ સૂઝતું નથી; નાટક જોવાની ઘેલછાએ ઘણાં જુવાન સ્ત્રીપુરૂષોને પાયમાલ કરી નાંખ્યાં છે.

નાટકની અંદર શું આકર્ષક છે?

ભિન્ન ભિન્ન રૂચિ પ્રમાણે ભિન્ન ભિન્ન વસ્તુ તરફ પ્રેક્ષકનું ચિત્ત ખેંચાય છે. કેટલાક સીન સીનરીથી તો બીજા સંગીતથી, તો બીજા કેટલાક પાત્રોના આવભાવથી મોહિત થઇ જાય છે. ઉત્તમ વર્ગના પ્રેક્ષકો બધી વસ્તુની તુલના કરે છે, અને બધી બાબતોનું યોગ્ય સંમેલન થયું હોય છે, ત્યારેજ તુષ્ટ થાય છે.

છેવટ.

જનસમૂહ સમક્ષ જે નાટકો ભજવવાથી તેઓનું જ્ઞાન વધે, તેઓની નીતિમાં સુધારો થાય અને તેઓને નિર્દોષ પ્રકારનો આનંદ મળે, તેવાંજ નાટકો તેઓની સમક્ષ ભજવાવાં જોઇએ.

ઉતારા.

देवानामिदमामनन्ति मुनयः कान्तं क्रतुं चाक्षुषं
रुद्रेणेदमुमाकृत व्यतिकरे स्वांगे विभक्तं द्विधा ।
त्रैगुण्योद्भवमत्र लोकचरितं नानारसं दृश्यते
नाट्यं भिन्न रुचे र्जनस्य बहुधा प्येकं समाराधनम् ॥

'મોજશોખ અને સાદાઇ.'

૧. મોજશોખ માણવામાં પુષ્કળ પૈસાનો વ્યય થાય છે. ૨. મોંઘી વસ્તુ અને મોજશોખ. ૩. મોજ શોખથી થતાં નુકસાન. ૪. મોજ શોખથી થતા લાભ. ૫. પરોપકારી પુરૂષો અને સાદાઇ.

મોજશોખ માણવામાં પુષ્કળ પૈસાનો વ્યય થાય છે.

કીંમતી પોશાક, ગંજાવર હવેલીઓ, ઉત્તમ પ્રકારની ગાડીઓ, સરસ ઘોડાઓ, ઉંચા પ્રકારનો ખોરાક, અને તે ખાવાને માટે કીંમતી ધાતુઓનાં વાસણ, વગેરેનો ઉપભોગ કરવામાં ઘણા પૈસાની જરૂર પડે છે. જ્યારે કોઇ માણસ કે પ્રજા પાસે ઘણો પૈસો થઇ જાય છે, ત્યારે તે પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો તેનો વિચાર થઇ પડે છે. અને ઇચ્છાનુસાર તે પૈસાનો ઉપયોગ કરવામાં આવે છે. પહેરવાની સાડીઓમાં કીંમતી મોતી જવાહીર, વગેરે જડી લેવામાં આવે છે. શીરપેચની અંદર લાખો બલ્કે કરોડો રૂપિઆનું જવાહીર સમાવી દેવામાં આવે છે; પાણી પીવાના પ્યાલામાં રત્ન જડાવવામાં આવે છે; અને આ પ્રમાણે અનેક રીતે પૈસાનો વ્યય કરવામાં આવે છે. રશિઆના ઝારની પત્ની ઝરીનાનો રૂવાંનો એક ઝબ્બો ૧૪૦૦૦ પૌંડની કીંમતનો છે, તેવું કહેવામાં આવે છે !

મોંઘી વસ્તુ અને મોજશોખ.

એવું બને છે, કે જે વસ્તુ ઘણીજ થોડી મળે છે, તે સાધારણ

રીતે મોંઘી પણ મળે છે. જે વસ્તુ અમુક શહેરમાં કે દેશમાં તદન નવીનજ આવેલી હોય છે, તે વસ્તુ મોંઘી મળે છે, અને માત્ર પૈસાદાર તેનો ઉપભોગ લઇ શકે છે. ઇંગ્લંડની અંદર જ એક વખત એવો હતો કે જે વખતે ચાની કીંમત ઘણી બેસતી, અને માત્ર તવંગર જ તેનો ઉપયોગ કરતા. જે વસ્તુ એક વખતે મોજશોખની વસ્તુ તરીકે ગણાતી હતી, તેનો હાલ ગરીબમાં ગરીબ મજુર પણ ઉપભોગ લે છે! રેશમ અને મલમલ કોઇ સંજોગને લીધે સસ્તાં થઈ પડે, તો ગરીબ પણ તે પહેરવા લાગે, અને તે વસ્તુઓજ શોખની ચીજ તરીકે ગણાતી બંધ પડે.

મોજશોખથી થતાં નુકસાન.

મોજશોખથી જેટલા પૈસાની ખરાબી થાય છે, તેટલા પૈસા ગરીબનું પોષણ કરવામાં વાપરવામાં આવતા હોય તો કેવું સારૂ! વળી મોજશોખમાં પડેલા માણસોને સુખી થવા માટે બીજા ઉપર આધાર રાખવો પડે છે. કપડાંના શોખીનને દરજી ઉપર અને સારૂં સારૂં ખાનારને રસોયાં ઉપર આધાર રાખવો પડે છે. આ પ્રમાણે તેઓ બીજાના ગુલામ થઇ પોતાનું અમૂલ્ય સ્વાતંત્ર્ય અને સુખ ખોઇ બેસે છે. મોજ શોખમાં ડૂબેલા માણસોની બુદ્ધિ અને નીતિ હલકા પ્રકારની થતી જાય છે, અને અંતે તેઓને દેણું કરવું પડે છે, અને દરિદ્રાવસ્થા ભોગવવી પડે છે. હદ બહાર મોજશોખથી મોગલવંશની પડતી થઇ, અને રોમનું રાજ્ય પણ પાયમાલ થઈ ગયું.

મોજશોખથી થતા લાભ.

મોજશોખથી ઘણાં નુકસાન છે, તેમ થોડા ઘણા લાભ પણ છે. કોઈ એમ કહેશે કે ઝીણાં કે રેશમી કપડાં પહેરવાની કે મખમલના પોશાકની શી જરૂર છે? સાદાઈ ઇચ્છવા જોગ છે, પરન્તુ અમુક હદમાં રહી નીતિથી અને યથાશક્તિ માણસે મોજશોખ ભોગવે તો તેમાં કંઇ

મોટું નથી. વ્યાપાર હુનરને મોજશોખથી ઉત્તેજન મળે છે, શોખીનોને સંતોષવા નવી નવી યુક્તિઓ શોધી કાઢવામાં આવે છે, અને સુખસામગ્રીમાં સંગીન ઉમેરો થાય છે.

પરોપકારી પુરૂષો અને સાદાઇ.

ઘણા પરોપકારી પુરૂષો પાસે ઘણો પૈસો હોય છે, છતાં તેઓ અત્યંત સાદા હોય છે, અને પોતાનું ધન ગરીબ અને નિરાધારને અર્થે વાપરે છે. સાદાઇ એજ તેઓની મોટાઇ અને તેઓનું ધન છે. તેઓ તો 'સાધુજીવન અને ઉચ્ચચિંતન' એજ જપમંત્ર રાખી સતત સંચરે છે.

ઉપયોગી ઉતારા,

There certainly is a kind of moral excellence implied in the renunciation of all effort after display.

Archbishop Whately.

'Silks and satins put out the kitchen fire as' poor Richard says.'

Dr. Franklin.

Luxury breakfasts with Plenty; dines with Poverty, and sups with Infamy.

Dr, Franklin.

Many who imagine that all things may he bought by their riches, forget they have sold themselves.

Bacon.

Luxury weakens the understanding and vitiates the morals.

Rev. Dr. Brewer.

દેણું.

૧. દેણું શાથી થાય છે? ૨. દેણદારની સ્થિતિ. ૩. દેણું કરવાની કોઇ વખત જરૂર પડે છે. ૪. ઇશ્વર, માબાપ, વગેરેનું દેણું. ૫. દૃષ્ટાંત.

દેણું શાથી થાય છે?

अ. ઉપજ કરતાં ખરચ વધારે હોવાથી.

ઉપજ કરતાં ખરચ વધારે રાખવાથી દેણું થાય છે. ઉપજ જેટલું પણ ખરચ રાખવું નહિ; થોડું ઘણું બચાવવાની જરૂર છે. કંઇ અકસ્માત્ થાય, ત્યારે બચાવેલું ધન ઉપયોગી થઇ પડે છે.

ब. ખોટી મોટાઇ મેળવવા જવાથી કે નિંદ્ય રીવાજને અનુસરવાથી પોતાની શક્તિ ન હોય છતાં મોટામાં ખપવા ખાતર પૈસા ઉડાવી કેટલાક વ્યર્થાભિમાની અને મૂર્ખ લોકો દેણું કરે છે. દેખાદેખીથી ચડાઉ માણસો મોટા મોટા નાતવરા કરે છે અને વરઘોડા કાઢે છે.

क. લડાઇ થવાથી એક રાજ્યને પણ કેટલીક વેળા બીજા રાજ્ય પાસેથી પૈસા લેવા પડે છે. લડાઇ પૂરી થયા પછી લોકોને કરદ્વારા કરજ ભરી આપવું પડેછે.

ड. સટ્ટો કરવાથી એકાએક અને મોટું દેણું થઇ જાય છે. સટ્ટો કરવાવાળા લેણદારને પૈસા આપી શકતા નથી અને નાદાર નીવડે છે.

દેણદારની સ્થિતિ.

દેણદારની સ્થિતિ દયાજનક છે. લેણદારનાથી તેને દૂર દૂર નાસતા ભાગતા ફરવું પડે છે, અને જ્યારે લેણદારનો અને તેનો ભેટો થાય છે, ત્યારે તેને બાનાં કાઢવાં પડે છે, જુઠું બોલવું પડે છે, નીચું જોવું પડે છે, અને આડે દિવસે જે લેણદારના સામું જોવાની તેને જરૂર પડતી નથી, તેને માન આપી તેની દયાના પાત્ર થવું પડે છે. લેણદાર બે શબ્દ કહે તે પણ સહન કરવા પડે છે. લેણદાર ફરિઆદ કરશે, તો આબરૂ જશે, વગેરે વિચારોથી તેને રાતે પૂરી નિદ્રા પણ આવતી નથી. દેણ-

દારને અંતે કેદમાં જવાનો પણ વખત આવે છે, અને તેની આબરૂને બટ્ટો લાગે છે. તેની સ્થિતિ દરેક રીતે ખરેખરી દયામણી છે.

દેણદાર બીજાને પણ નુકસાન કરે છે. દેણું વિષ કરતાં પણ ખરાબ છે. વિષ ખાવાથી એક માણસ મરી જાય છે, પણ દેણું કરવાથી દેણું કરનાર અને તેની પ્રજાને પણ સહન કરવું પડે છે. દેણદાર છોકરાંને વારસામાં દેણાનો બોજો મૂકી જાય છે.

દેણું કરવાની કોઇ વખત જરૂર પડે છે.

જ્યારે કોઇને દુર્ભાગ્યે લાંબો વખત માંદગી ભોગવવી પડે છે, ત્યારે કમાણી બંધ હોય છે, અને દવા, વગેરેનું ખરચ ચઢતું હોય છે. આવે વખતે થોડું ઘણું દેણું કરવાની જરૂર પડે છે. વેપાર, વગેરે કંઇ ધંધો કરવા શરૂઆતમાં કોઇની પાસેથી પૈસા લેવાની જરૂર પડે છે. કેળવણી લેવા પણ વખતે દેણું કરવું પડે છે. જેનું દેણું કર્યું હોય, તેને તેના પૂરા પૈસા જેમ બને તેમ જલદી વાળી આપવા ભૂલવું નહિ. તેનો ઉપકાર તો ક્યાંથીજ વાળી શકાય ?

ઈશ્વર, માબાપ, વગેરેનું દેણું.

ઈશ્વર આપણી સંભાળ લે છે, આપણા ઉપર અનંત ઉપકાર કરે છે, તો તેનું દેણું કેવી રીતે વાળવું ? તેની ભક્તિ કરીને. માબાપનું દેણું પણ તેની સેવા કરી વાળવું.

દૃષ્ટાંત.

ડ્યૂક ઑાવ વેલિંગટનનો પિતા હજારો પૌંડનું દેવું મૂકી મરી ગયો હતો. ડ્યૂક ઑાવ વેલિંટને પોતાના બાપનું દેણું કરકસર કરી ચૂકવી આપ્યું હતું.

ઉપયોગી ઉતારા.

'Owe no man anything.'

St. Paul.

Who goeth a borrowing;
Goeth a sorrowing.

T. Tusser.

At some time to borrow, account it no shame,
If justly thou keepest thy touch for the same;
Who quick be to borrow, and slow be to pay,
Their credit is naught, go they never so gay-

Tusser.

न विषं विषमित्याहु ब्रह्मस्वं विषमुच्यते ।
विषमेकाकिनं हन्ति ब्रह्मस्वं पुत्र पौत्रिकम् ॥
पापं कर्तुमृणं कर्तुं मन्यन्ते मानवाः सुखम् ।
परिमाणेऽति गहनो महतामपि नाशकृत् ॥

વ્યસન. (ખાસ કરી દારૂ વિષે)

૧. નુકસાનકારક પદાર્થો. ૨. વ્યસન શાથી થાય છે ? ૩. વ્યસન શા માટે ન કરવું ? ૪. લોકોને વ્યસન કરતાં કેવી રીતે અટકાવી શકાય ? ૫. વ્યસન શાનું કરવું !

નુકસાનકારક પદાર્થો.

દારૂ, અફીણ, ભાંગ, ગાંજો, તમાકુ, વગેરે. આ બધા પદાર્થો હંમેશાં અને ખાસ કારણ વિના મોજશોખ ખાતર લેવાથી ઘણું ઘણું નુકસાન થાય છે.

વ્યસન શાથી થાય છે ?

અ. ખરાબ સોબતથી. ખરાબ સોબતથી માણસ દારૂ પીતાં, અફીણ ખાતાં, તમાકુ ચાવતાં, સુઘતાં કે પીતાં શીખે છે.

બ. માંદા માણસને શરૂઆતમાં થોડો લાભ થાય છે, અને તેથી કેટલીક વેળા દારૂ, અફીણ, વગેરેનું વ્યસન ચોટી જાય છે. રોગ મટી ગયા પછી તે પદાર્થો તંદુરસ્તીને લાભ કરવાને બદલે નુકસાન કરે છે. કેટલાએક એમ કહે છે કે દારૂ, ભાંગ, વગેરે અમુક પ્રમાણમાં પીવાથી

પાચનશક્તિ સતેજ થાય છે. આ ખરૂં હોય તો પણ અંતે તે પદાર્થોની અસર નાશકારક છે એ બધા વિદ્વાન્ ડૉક્ટરોનું મત છે.

क. અજ્ઞાનથી પણ વ્યસન ચોટી જાય છે; પ્લેગ, કૉલેરા, વગેરે દુષ્ટ રોગો ચાલતા હોય છે, ત્યારે લોકોની એવી મૂર્ખાઇ ભરેલી માન્યતા હોય છે કે દારૂ, અફીણ, તમાકુ વગેરેનું સેવન કરવાથી તે રોગો લાગુ પડતા નથી; જે દારૂડીઆ, અફીણીઆ, અને બીડીપીનારા મરી જાયછે, તેની તરફ તેઓની નજર જતી નથી. આવા લોકો હાથમાં દીવો લઇ કૂવામાં પડવા જેવું કરે છે. મજુરવર્ગ થાક ઉતારવા દારૂ પીએ છે. દારૂની અસર ઉતરી જાય છે, ત્યારે તેઓને થાક વિશેષ જણાય છે.

વ્યસન શામાટે ન કરવું ?

શરીર, બુદ્ધિ અને નીતિનો ક્ષય થાય છે. વખતે ગાડી નીચે કચરાઇ જવાથી કે ગટરમાં પડી જવાથી જીંદગી જોખમમાં આવી પડે છે. દુર્વ્યસની બેભાન અવસ્થામાં બીજાને નુકસાન કરે છે. દારૂડીઆઓ બેભાન સ્થિતિમાં વખતે ખુન કરી નાંખે છે. તેનાં છોકરાંને પૂરૂં ખાવા પીવાનું કે ઓઢવાનું મળતું નથી, અને તેની બાયડીઓ તેવા ધણીને શાપ દઇ માથાં કુટે છે. દારૂડીઆ, અફીણીઆ, વગેરેની પ્રજા નિર્બળ અને કેટલીક વેળા ગાંડી ઉત્પન્ન થાય છે. તેઓ પૈસાનો ક્ષય કરે છે, અને તેથી આખા કુટુંબને ગરીબ અવસ્થા ભોગવવી પડે છે. દુર્વ્યસની જીભ કે બીજી ઇન્દ્રિયને વશ રાખી શક્તા નથી; તેથી તેઓ ફાવે તેમ બોલે ચાલે છે. તેઓની આબરૂ ઘટે છે, તેઓ ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી. જુઠું બોલવાની અને લાચારી કરવાની તેઓને ટેવ પડી જાય છે. હિન્દુ, મુસલમાન, પારસી કે ખ્રિસ્તી ધર્મમાં વ્યસન કરવાની મના છે.

લોકોને વ્યસન કરતાં કેવી રીતે અટકાવી શકાય ?

કેફી ચીજો ઉપર ભારે જકાત નાખવાથી; કેફી ચીજોની આયાત કાયદો પસાર કરી બંધ કરવાથી; લોકોમાં કેળવણીનો પ્રચાર કરી, તેઓને કેફી ચીજોથી થતાં નુકસાન સમજાવવાથી; મિતાહારી અને દારૂનિષેધક મંડળીઓ સ્થાપવાથી.

વ્યસન શાનું કરવું ?

ઇશ્વરભક્તિ કરવાનું, સજ્જનની મૈત્રી કરવાનું, નીતિથી વર્તવાનું, વિદ્યાભ્યાસ કરવાનું, વગેરેનું.

ઉપયોગી ઉતારા.

'Oh ! that men should put an enemy in to their mouths to steal away their brains.'

Shakespeare.

'Wine maketh the hand quivering, the eyes watery, the night unquiet, bad dreams, a stinking breath in the morning and an utter forgetfulness of all things.

Pliny.

Touch not, taste not, handle not intoxicating drinks.

Baron Rothchild.

Drink brings the accumulated evils of war, pestilence, and famine.

Gladstone.

The stimulating effect of alcohol, when the brain is depressed is but transitory; if even that, the depression after is greater, since in no possible way does alcohol feed the brain.

Dr. Yorke-Danies.

वैकल्यं धरणीपातमयथोचित जल्पनम् ।
संनिपातस्य चिह्नानि मद्यं सर्वाणि दर्शयेत् ॥

अयुक्तं बहु भाषन्ते यत्र कुत्रापि शेरते ।
नग्ना विक्षिप्य गात्राणि बालका इव मद्यपाः ॥

मत्तो हिनस्ति सर्वं मिथ्या प्रलपति हि विकलया बुध्या ।
मातरमपि कामयते सावज्ञं मद्यपानमत्तः सन् ॥

' જીભને વશ રાખો '

૧. જીભને વશ રાખવાની જરૂર છે. ૨. કોણે અને કયાં વશ રાખવી ? ૩. બહુ બોલા અને થોડા બોલા. ૪. જાણી જોઇને જીભને કોણ વશ રાખે છે ? ૫. જીભ વશ રાખવાના લાભાલાભ.

૧. જીભને વશ રાખવાની જરૂર છે.

ગુસ્સામાં કે અજ્ઞાનથી જે શબ્દો બોલવામાં આવે છે, તે અત્યંત નુકસાનકારક થઇ પડે છે. ' કુવાકયનો કાપ કદી ન રૂઝે ' તેમજ ' કુવાકયથી કલેશ હંમેશ લાવે ' વગેરે વાકયો વિચારવા જેવાં છે. જીભને વશ નહિ રાખવાથી પારકી નિંદા કરવા માણસ લલચાય છે, અને નહિ બોલવાનું બોલી દે છે. કોઇની છુપી વાત ખુલ્લી કરી દેવાય છે, અને તેથી વિશ્વાસનો ભંગ થાય છે.

૨. કોણે અને કયાં જીભ વશ રાખવી ?

જયાં માબાપ, ગુરૂ, વૃદ્ધ માણસો વાતો કરતાં હોય ત્યાં વચમાં બહુ બોલવું નહિ. જુવાનીઆઓ જુસ્સામાં ગમે તે વખતે ગમે તેવું બોલી દે છે, તેથી તેમની તોછડાઇ જણાઇ આવે છે. થોડું બોલવું, જરૂર પડે તોજ બોલવું, અને તે યોગ્ય શબ્દોમાં બોલવું, એ ગૃહસ્થનાં લક્ષણ છે. નોકરચાકર સાથે હદમાં રહી વાત કરવી; નહિ તો પાછળથી તેઓ હાંસી કરશે, અને બોલનારની કીંમત થઈ જશે, અને તેનું માન જળવાઇ રહેશે નહિ. મૂર્ખે પંડિતો પાસે, નમ્ર માણસે ક્રોધીની સમક્ષ, ગંભીર માણસે વૃથાભિમાની અને તોછડાની પાસે મૌન ધારણ કરવું, ઉચિત છે. રાજકીય વિષયો જેમાં ઊંડા જ્ઞાન, પાકા અનુભવ, અને વિચારની જરૂર છે, તેમાં માથું મારવા પહેલાં બધી બાબતોનો પહેલેથી સંપૂર્ણ વિચાર કરી જોવો. કોઈ કહે છે કે ' સાચું કહી દેવા-

માં શો દોષ ' ? સાચું કહી દેવામાં દોષ નથી, એટલુંજ નહિ પણ સાચું ન કહેવું એ ઘણુંજ ખોટું છે, પણ બોલવા બોલવામાં ફેર હોય છે. એકજ વાત જુદા જુદા રૂપમાં કહી શકાય છે. મિત્રનો વાંક હોય, કુટુંબને કે દેશને નુકસાન થતું હોય, તો તે વખતે મૌન ધારણ કરવાથી ઘણું નુકસાન થાય છે.

૩. બહુ બોલા અને થોડા બોલા.

બહુ બોલા બોલે છે વધારે, પણ કરતા કંઇ નથી. થોડા બોલા બોલે છે થોડું, પણ કરે છે વધારે. આ નિયમને ઘણા અપવાદ હોય છે ખરા.

૪. જાણી જોઇને જીભને કોણ વશ રાખે છે ?

રાજ્યકારભારની ખટપટમાં પડેલાઓ, મોટા રાજદ્વારી માણસોના સેક્રેટરીઓ, પ્રધાન, સેનાધિપતિ, વગેરે જીભને વશ રાખે છે. તેઓ બોલવામાં ઘણી સંભાળ રાખે છે, વાતચીત કરવામાં પણ જોઇએ તેટલી સાવચેતી રાખે છે, કારણ કે તેઓને ભય રહે છે કે રખેને તેઓ વાત ચીત કરતાં પોતાના અંતઃકરણના વિચાર કે છાની યુક્તિઓ બહાર પાડી દે. સંગીન જ્ઞાનવાળા વિદ્વાનો વિના કારણ બહુ બોલતા નથી. અધુરો ઘડો હોય તેજ છલકાય છે.

૫. જીભ વશ રાખવાના લાભાલાભ.

જીભ વશ રાખવાથી ફાયદા છે, તેમ ગેરફાયદા પણ છે. જેને થોડું બોલવાની ટેવ છે, તેને બીજા માણસો ઊંડો, કપટી, અને બીકણ, તરીકે જાણે છે. કોઇ તેને કળી શકતું નથી, એટલે તેનામાં બીજા એક દમ વિશ્વાસ મૂકતા નથી, કે તેને મદદ કરતા નથી. હવે ફાયદા વિષે:—

પોતાનું કામ કોઈના જાણ્યા વિના કરી શકાય છે. કામ નિષ્ફળ નીવડે તો પણ શરમાવું પડતું નથી. ઈર્ષ્યા ઉત્પન્ન થતી નથી. લોકોને એકાએક આંજી નાંખવાનો પ્રસંગ મળે છે.

ઉતારા.

'Be swift to hear, but cautious of your tongue, lest you betray your ignorance.'

Watts.

It is necessary to one's personal happiness to excscise control over one's words as well as acts; for there are words that strike even harder than blows; and men may may speak 'daggers' though they use none.

Smiles.

'Give every man thy ear but few thy voice.'

Shakespeare.

'We will not stand to prate,
Talkers are no great doers.'

Shakespeare.

'How shall the praise of silence be told;
To speak is silver, to hold peace is gold.'

Trench.

आत्मनो मुखदोषेण बध्यन्ते शुकसारिकाः ।
बकास्तत्र न बध्यन्ते मौनं सर्वार्थसाधनम् ॥

रूपवांश्चापि मूर्खोऽपि गत्वा च विपुलां सभाम् ।
संरक्षेच्च स्वकां जिह्वां भार्यां दुश्चारिणीं यथा ॥

'રજનું ગજ'

૧. રજનું ગજ શાથી થાય છે? ૨. નજીવી બાબતો કેટલીક વેળા ફળદાતા થઇ પડે છે. ૩. કુદરતમાં પ્રાણી તેમજ વનસ્પતિનું શરૂઆતમાં સૂક્ષ્મ રૂપ હોય છે. ૪. છેવટ.

રજનું ગજ શાથી થાય છે ?

अ. બેદરકારીથી. ઘાની, ફોલ્લાની બરાબર સંભાળ નહિ રાખવાથી સડો પેસે છે, અને અંતે મૃત્યુ પણ નીપજે છે. કેટલીક બાબતો નજીવી જાણી જતી કરીએ છીએ, પણ વખત જતાં તેજ નિર્જીવ બાબતોનાં ભયંકર પરિણામ આવે છે. બેદરકારીથી સળગતી બીડી ફેંકી દેવાથી મોટી મોટી વખારો બળી જાય છે, અને લાખો રૂપિઆનું નુકસાન થાય છે. આગગાડીની સડક ઉપર પત્થર મૂકવાથી ગાડી ઉંધી પડે છે, અને માણસોના જીવ જોખમમાં આવી પડે છે. દારૂ ઉપર તણખો પડવાથી કે કોલસાની ખાણમાં ખુલ્લો દીવો રાખવાથી કેટલી બધી હોનારત થાય છે, તે પણ દાખલા તરીકે આપી શકાય.

ब. કામ મુલતવી રાખવાથી. ઘરનો કે જીંદગીનો વીમો ઉતરાવવામાં ઢીલ કરીએ, અને જો કંઈ અકસ્માતને લીધે ઘરને આગ લાગે છે, કે આપણે મરી જઇએ છીએ, તો કેટલું બધું નુકસાન લાગે છે ! કામ મુ-લતવી રાખવાથી જે નુકસાન થાય છે, તેનું અત્રે દાખલા આપી થોડું ઘણું વિવેચન કરવું. ઘોડેસવારે ઘોડાની નાળનો ખીલો નંખાવવાનું કામ મુલતવી રાખ્યું, તો તેનું પરિણામે મોત નીપજ્યું. ફ્રાન્સમાં જરૂર પડતા સુધારા ઢીલ વિના કરવામાં આવ્યા હોત, તો ' ફ્રેંચ રેવોલ્યુશન ' અટકાવી શકાત. બીજા પણ દાખલા આપી શકાય.

૨. નજીવી બાબતો કેટલીક વેળા ફળદાતા થઇ પડે છે.

अ. વિદ્યામાં મળેલી મોટી ફત્તેહો. આર્કીમીડીઝ પાણીના વાસણમાં ન્હાવા પડ્યો, ત્યારે પાણી નીચે ઢળી ગયું. આ સાધારણ અને નજીવી જેવી દેખાતી બાબત ઉપર તેણે વિચાર કરી વિશેષગુરૂત્વનો અગત્યનો નિયમ શોધી કાઢ્યો. ન્યૂટને ફળના પડવાથી ગુરૂત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો. વરાળથી તપેલીનું ઢાંકણું હાલવાથી, વરાળની શક્તિ ઉપર વિચાર કરી વરાળયંત્રનો શોધ થયો.

ब. ઐતિહાસિક દૃષ્ટાંત. શિવાજીને નાનપણથી રામાયણ અને મહાભારતના વીરપુરૂષોનાં વૃત્તાંત સંભળાવવામાં આવતાં હતાં, અને તેથી મોટી ઉંમરે તે વીરોનું અનુકરણ કરવા તેની ઇચ્છા થઇ. નેપોલીઅન બોનાપાર્ટને નાની ઉંમરમાં એક નાની પિત્તળની તોપ ભેટ આપવામાં આવી હતી. આ વખતથી તેનામાં લડાઇનો શોખ ઉત્પન્ન થયો, અને તે એક મહાન્ યોદ્ધો નીવડયો.

૩. કુદરતમાં પ્રાણી તેમજ વનસ્પતિનું શરૂઆતમાં સૂક્ષ્મ રૂપ હોય છે.

વીર્યના સૂક્ષ્મ બિન્દુમાંથી મોટાં પ્રાણી અને ઝીણા બીજમાંથી મોટી વનસ્પતિ ઉત્પન્ન થાય છે. પરવાળાના બેટો અત્યંત સૂક્ષ્મ જંતુઓ બનાવે છે.

૪. છેવટ.

આ ઉપરથી ઇશ્વરની સત્તા અને તેની શક્તિનું ભાન થાય છે.

૫. ઉપયોગી ઉતારા.

अ. Life is a bundle of accidents.

ब. Delays are dangerous.

क. A very small incident will occasionally lead to the most brilliant results, and sometimes produce the most dismal misfortunes. (R. Chambers.)

ग. There is a tide in the affairs of men,
Which taken at the flood, leads on to fortune,
But once omitted all the rest of life
Is bound in shallows and in misery.

Shakespeare.

સંસ્કૃત ઉતારા.

शीघ्रमुत्तिष्ठ भद्रं ते नियतं कर्ममाचर ।
न काल मतिवर्त्तन्ते महान्तः स्वेषुकर्मसु ॥

श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
न हि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम् ॥

———(०)———

‘ સંતોષ ’

૧. સંતોષના પ્રકાર. ૨. સંતોષી માણસ સુખી છે. ૩. દૃષ્ટાંત. ૪. આપણા દેશના લોકો અને યુરોપખંડના જુદા જુદા દેશની જુદી જુદી પ્રજા. ૫. છેવટ.

સંતોષના પ્રકાર.

મનુષ્યમાત્ર પોતાની સ્થિતિ સુધારવા ઇચ્છે છે. આ ઇચ્છા સ્વાભાવિક છે. પોતાની શક્તિ છતાં, પોતાની પાસે સાધન છતાં, ગમે તેવી સ્થિતિમાં પડયા રહેવામાં જે સંતોષ માને છે, તે ખોટા સંતોષ છે, અને તે ઇચ્છવા જોગ નથી. તંદુરસ્તીને ખરાબ કરનારા ભેજવાળા ઘરમાં–ઘર બદલાવી શકાય તેવી સ્થિતિ છતાં–પડયા રહેવામાં સંતોષ માનવો એ મૂર્ખાઇ છે.

પોતાની શક્તિ અજમાવ્યા પછી, પોતાની પાસેનાં સાધનોના યોગ્ય ઉપયોગ કર્યા પછી, જે સ્થિતિમાં ઇશ્વર આપણને મૂકે તે સ્થિતિમાં સંતોષ માનવો તેજ ખરો સંતોષ. ખરો સંતોષી પોતાની ચાલુ સ્થિતિમાં ઇશ્વર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી આનંદ માને છે. પોતાનાથી ચઢતી સ્થિતિનાં માણસો સાથે તે પોતાની સરખામણી કરી ઇશ્વરને દોષ દેતો નથી. તે તો પોતાનાથી હલકી સ્થિતિનાં માણસો સાથે પોતાની સરખામણી કરી ઇશ્વરનો ઉપકાર માને છે.

સંતોષી માણસ સુખી છે.

સંતોષીને સુખ છે, કારણ કે;—

૧. તેની ઇચ્છાને હદ હોય છે.

૨. આ લઉં, પેલું લઉં, તેવો તેનો સ્વભાવ નથી.

૩. ઈશ્વરના ડહાપણમાં તેને આસ્થા છે. આ આસ્થાથી સંતોષ ઉત્પન્ન થાય છે, અને સંતોષથી, મન શાંત રહે છે, અને ઈશ્વરની ભક્તિ તરફ ચિત્ત દોરાય છે.

૪. તે કોઇની ઈર્ષ્યા કરતો નથી, અને કોઇ તેની ઈર્ષ્યા કરતું નથી.

૫ ઉચ્ચ પદવીએથી પડવાની, કે ધનના નાશની તેને ફીકર નથી. ખરો સંતોષી ઘણા ધનને કે ઉંચી પદવીને ઇચ્છતો નથી, કારણ કે તે દુઃખકર છે, તેમ તે અનુભવ અને જ્ઞાનથી જુએ છે.

અસંતોષી માણસનું ચિત્ત હંમેશાં અસ્થિર અને ચિન્તાગ્રસ્ત હોય છે. એક ચીજ મળે, એટલે થોડો વખત તેને સંતોષ, અને આનંદ થાય છે, પરન્તુ ક્રમે ક્રમે તે ઉપર તેને કંટાળો આવેછે, અને બીજી વસ્તુ મેળવવા તેનું ચિત્ત દોડે છે. જેની તૃષ્ણાનો અંત નથી, તેના દુઃખનો પણ અંત નથી.

દૃષ્ટાંત.

શિકંદર વિષે એવું કહેવાય છે કે જ્યારે તેણે તેના વખતમાં જણવામાં આવેલા દેશો જીતી લીધા, ત્યારે તેને કંઈ વધારે જીતવાનું બાકી ન રહ્યું, અને તેથી તે રડયો હતો! લીડીઆના રાજા ક્રીસસે તત્ત્વવેત્તા સોલનને પૂછ્યું કે ‘ આ દુનીઆમાં સૌથી સુખી કોણ ?’ ગ્રીસદેશનો એક ગરીબ અને સંતોષી ખેડુત’ એવો સોલને પ્રત્યુત્તર આપ્યો હતો.

આપણા દેશના લોકો અને યુરોપખંડના જુદા જુદા દેશની જુદી જુદી પ્રજા.

સંતોષી રહેવું, એટલે નિરૂદ્યમી થવું એમ કંઇ નથી. જેવી કેળવણી મળે છે, તે પ્રમાણે કેટલેક દરજ્જે માણસની ઇચ્છાઓનું વલણ

હોય છે. પ્રવૃત્તિમાં રહી આ દુનીઆનાં સુખ મેળવવા પાછળ આપ- ણી શક્તિનો વ્યય ન કરવો એવું આપણા દેશીજનનું વલણ છે.

યુરોપખંડના જુદા જુદા દેશના લોકો ઐહિક સુખ મેળવવા પાછળ વધારે મચ્યા રહ્યા દેખાય છે.

છેવટ.

દરેક ધર્મના આચાર્યોએ અને મહાન્ પુરૂષોએ સંતોષ એજ ખરૂં સુખ માન્યું છે. ગમે તેટલો પૈસો હશે, ગમે તેવી ઉંચી પદવી મળી હશે, તોપણ સંતોષ વિના ખરૂં સુખ નથી.

ઉતારા.

I content myself in having sufficient for my present & ordinary expense, for, as to extraordinary occasions all the laying up in the world would never suffice; and 'tis the greatest folly imaginable to expect that fortune should, ever sufficiently arm us against herself.

Montaigne.

Content is a pearl of great price, and whoever procures it at the expense of ten thousand desires, makes a wise & happy purchase!

Balguy.

Content is natural wealth.

Socrates.

'Tis better to be lowly born,
And range with humble livers in content,
Than to be perk'd up in a glistering grief,
And wear a golden sorrow.

Shakespeare,

We are angry with the Gods because any one is superior to us forgetting how many are beneath us.

Seneca.

And, happen what may, the strange fact will remain,
It's our nature to growl and to grumble,
Should each his most cherished prerogative gain,
We should still be heard fiercely to mumble,
' I wonld I were ' this, and ' I would I were ' that,
And ' I would I were '—goodness knows what !

' My conscience is my crown;
Contented thoughts my rest;
My heart is happy in itself;
My bliss is in my breast. '

Southwell.

अर्थी करोति दैन्यं लब्धार्थो गर्वमपरितोषं च ।
नष्टधनश्च सशोकं सुखमास्ते निःस्पृहः पुरुषः ॥

सर्पाः पिबन्ति पवनं न च दुर्बलास्ते शुष्कै-
स्तृणैर्वनगजा बलिनो भवन्ति ।
कन्दैः फलैर्मुनिवरा क्षपयन्ति कालं
संतोष एव पुरुषस्य परं निधानं ॥

वयमिह परितुष्टा वल्कलैस्त्वं च
लक्ष्म्या सम इह परितोषो निर्विशेषोविशेष ।
स हि भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान्को दरिद्रः ॥

गन्धाढ्यां नवमल्लिकां मधुकरस्त्यक्त्वा
गतो यूथिकां तां दृष्ट्वाशुगतः
स चन्दनवनं पश्चात्सरोजंगतः ।
बद्धस्तत्र निशाकरेण सहसा रोदित्यसौ
मन्दधीः संतोषेणविना पराभवपदं
प्राप्नोति सर्वोजनः ॥

——(०)——

મોટું મન.

૧. સાંકડા મનના માણસો. ૨. મોટા મનના માણસો. ૩. દૃષ્ટાંત, વગેરે. ૪. મોટું મન રાખવું એ ઈશ્વરી ગુણ છે.

સાંકડા મનના માણસો.

સાંકડા મનવાળા માણસો બીજાનું સારૂં જોઇ શકતા નથી. તેઓ બીજાનું ખોટું જોઇ પ્રસન્ન થાય છે. આપણાથી તેઓનું ભૂલથી નજીવું નુકસાન થયું હોય, તો આપણને તે પાછું નુકસાન કરે છે, ત્યારેજ સંતોષ પામે છે. ઘણો વખત વીતી ગયા છતાં તે પોતાના મનમાં ડંખ રાખે છે, અને લાગ ફાવે આપણને હેરાન કર્યા વિના રહેતા નથી. સાંકડા મનના માણસો દયા, ક્ષમા, વગેરે ગુણોથી રહિત હોય છે. વિપત્તિમાં તેઓ ગભરાઇ જાય છે, અને સંપત્તિમાં તેઓ ફુલાઇ જાય છે; છલકાઇ જાય છે, અને ગર્વિષ્ટ બની જાય છે.

મોટા મનના માણસો.

બીજાનું સારૂં જોઇ તેઓ રાજી થાય છે. તેઓ સામા પક્ષના માણસને પણ તેના ઉચ્ચ ગુણને માટે ધન્યવાદ આપે છે. કોઇ ભૂલથી તો શું

પણ જાણી જોઇને, તેઓને નુકસાન કરે છે, તો સામા માણસને તેઓ માફી આપે છે, અને તેવા માણસને સુબુદ્ધિ આપવા ઇશ્વરની પ્રાર્થના કરે છે. ક્ષમા એજ તેઓનું શસ્ત્ર અને દયા એજ તેઓનું ભૂષણ છે. સુખથી તેઓ મોહ પામતા નથી, અને દુઃખમાં તેઓ ગભરાતા નથી. તેઓનો તો બંને વખતે એકજ રંગ હોય છે. આવા ગુણવાળા મહાજનો આ દુનીઆમાં થોડા હોય છે.

દષ્ટાંત, વગેરે.

દેશાભિમાનીએ દેશના કલ્યાણ માટે, પરોપકારીએ પરોપકાર કરતાં, ધર્માત્માઓએ ધર્મનું રક્ષણ કરતાં, અને પુણ્યાત્માઓએ સદર્થે પોતાનાં મોટાં મન બતાવી આપ્યાં છે એની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

નાદીરશાહ અને તૈમુરે શરણે આવેલાનો નાશ કરાવ્યો એ બતાવી આપે છે કે તેઓ સાંકડાં મનના હતા. ઔરંગજેબે સાંકડું મનં રાખી પોતાનીજ પ્રજાને પીડી હતી.

અકબરના રાજ્યકાર્યભાર તરફ દષ્ટિ કરો. શું, તેણે ઓછાં રાજ્ય સર કર્યાં હતાં? શું તેણે દુશ્મનોને કાપી નાંખવા ધાર્યા હોત તો તે ન કાપી શકત? તેણે એક મોટા મનના પાદશાહ તરીકે પોતાના દુશ્મનોને માફી આપી પોતાના મિત્ર બનાવ્યા! શિકંદરે પૌરસને તેનું રાજ્ય પાછું આપ્યું, સર ફીલીપ સીડનીએ પડખેના સિપાઇના પ્રાણ બચાવવા પોતાના પ્રાણ આપ્યા, પન્નાએ પોતાના પુત્રનો ભોગ આપ્યો, અને પોતાના શરીર ઉપર વાઢ કાપ કરતાં પ્રાણઘાતક ભૂલને માટે ફ્રેંચ બાઇ વીલાસર્ફે ડૉકટર ફેરર્ટોને માફી આપી, એટલુંજ નહિ પણ મરતી વેળા, પોતાની બધી દોલત તેને આપી દીધી, આ બધા દષ્ટાંતો મોટાં મન સિવાય બીજું શું દર્શાવે છે?

મોટું મન રાખવું એ ઈશ્વરી ગુણ છે.

ઈશ્વર નિર્બળ અને અપરાધી ઉપર દયા લાવે છે, અને અજ્ઞાન તેમજ પાપીઓની ભૂલ માફ કરે છે. મોટું મન રાખવું એ ઈશ્વરી ગુણ છે, અને તે ગુણ જેના ઉપર ઈશ્વરની કૃપા હોય છે, તેનામાં જોવામાં આવે છે.

ઉપયોગી ઉતારા.

Bless them that curse you.

The Bible.

Forgive & ye shall be forgiven.

The Bible.

To err is human to forgive divine.

Addison.

Wilt thou draw near the nature of the Gods ?
Draw near them then in being merciful;
Sweet mercy is nobility's true badge.

Shakespeare.

Turn, fortune, turn thy wheel with smile or frown;
With that wild wheel we go not up or down,
Our hoard is little but our hearts are great.

Tennyson.

Who noble ends by noble means obtains,
Or failing, smiles in exile or in chains,
Like good Aurelius let him reign, or bleed
Like Socrates, that man is great indeed.

संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ।
समुद्रश्चैकरूपो हि सदा भाति धरातले ॥

घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकाण्डम् ।
दग्धं दग्धं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम्
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते चोत्तमानाम् ॥

क्षमा बालमशक्तानां शक्तानां भूषणं क्षमा ।
क्षमा वशीकृतिर्लोके क्षमया किं न सिद्ध्यति ॥

વૈદ્ય કે ડૉકટર.

૧. માંદગી અને વૈદ્ય. ૨. વૈદ્ય કે ડૉકટરનો ધંધો ઘણો જોખમવાળો છતાં પવિત્ર અને આબરૂદાર છે. ૩. વૈદ્ય કે ડૉકટરમાં હોવા જોઇતા અગત્યના થોડા ગુણ.

માંદગી અને વૈદ્ય.

જ્યારે શરીર બગડે છે, ત્યારે વૈદ્યની જરૂર પડે છે. શરીરની બને તેટલી સંભાળ રાખો, તેને બગડવાનો વખત ન આવે તેવો પ્રયાસ કરવો એ ઉત્તમ છે, છતાં કેટલીક વેળા ખાવા પીવામાં ભૂલ થવાથી, તેમજ અનિયમિતપણાથી શરીર બગડે છે, ત્યારે વૈદ્ય કે ડૉકટરની સલાહ લઇ દવા ખાવાની જરૂર પડે છે. કેટલાક માંદા પડે છે, ત્યારે લોભને લીધે કે પછી અજ્ઞાનને લીધે વૈદ્ય કે ડૉકટરની સલાહ લેતા નથી. 'મેળે મટી જશે' એમ તેઓ કહે છે. કુદરતના નિયમનો ભંગ કરી, પછી સારા થવાને કુદરત ઉપર આધાર રાખવો એ ઠીક નથી. કુદરત તો ભૂલને માટે શિક્ષા કરેજ છે. વૈદ્ય કે ડૉકટરનું કામ શરીરને તંદુરસ્ત હાલ-

તમાં લાવવાનું, અને કુદરતી નિયમના ભંગને લીધે થતું વધારે નુકસાન અટકાવવાનું છે. કેટલીક વેળા ઉડતા રોગના પંજામાં આપણે સપડાઇ જઇએ છીએ. આવા રોગમાં બાહોશ વૈદ્ય કે ડૉકટરની સલાહ તરતજ લેવી જોઇએ, કારણ કે કેટલાક રોગો એવા છે કે થોડા કલાકનીજ અંદર તે ગંભીરરૂપ ધારણ કરે છે. પ્લેગ, કૉલેરા, વગેરે ગંભીર પ્રકારના રોગછે.

કેટલાક અજ્ઞાન એમ કહે છે કે વૈદ્યને કે ડૉકટરને બોલાવવાની શી જરૂર છે? તે માંદા માણસમાં જીવ મૂકી શક્તા નથી. જો તેઓમાં આવી શક્તિ હોય તો તેઓજ શા માટે માંદા પડે છે! આમ કહેવું મૂર્ખાઇ ભરેલું છે.

વૈદ્ય ઇશ્વર નથી, પણ ઇશ્વરના ઘરના મનુષ્યજાતિનું દુઃખ ઓછું કરનારા દૂત છે. વૈદ્ય જીવ મૂકી શકતા નથી, પણ જેમ બને તેમ વેદના ઓછી કરવા બનતા પ્રયાસ કરે છે, અને જેમ બને તેમ શાન્તિમાં જીવ જાય તેવા રસ્તા લે છે.

વૈદ્ય કે ડૉકટરનો ધંધો ઘણો જોખમવાળો છતાં પવિત્ર અને આબરૂદાર છે.

દવા આપતી વેળા વૈદ્ય કે ડૉકટરને બહુ સંભાળ રાખવાની જરૂર છે. 'મુંડયો જોગી અને વાટયું ઓસડ' તે કહેવત પ્રમાણે વૈદ્ય કે ડૉકટર પણ ભૂલથી–બેશક કવચિતજ–એકને બદલે બીજી દવા આપી દેછે. આ દવા ઝેરી હોય છે, તો દરદીનો જીવ જાય છે. આ પ્રકારની ભૂલ કંપાઉન્ડર–દવા મિશ્રણ કરનાર–વધારે કરતા જણાય છે. દવા આપવામાં કેટલી જોખમદારી સમાયલી છે, તે આ ઉપરથી સમજાયું હશે. વાઢકાપની અંદર અશુદ્ધરક્તવાહિનીને બદલે શુદ્ધરક્તવાહિની કપાઇ જાય તો મૃત્યુ નીપજે છે. ફ્રાન્સમાં ડૉકટર ફેરટૉએ ભૂલથી એક ફ્રેન્ચ બાઇની શુદ્ધરક્તવાહિની કાપી નાંખી હતી, અને તેથી તે બાઇ મરણ પામી હતી.

ખુનના કેસ, ઝેરના કેસ, વગેરે ડૉકટર તપાસી નિર્ણય કરે છે, અને તેની જુબાની ઉપર ન્યાયાધીશ મોટો આધાર રાખે છે. ડૉકટર ખોટી જુબાની આપે તો કેટલો મોટો અન્યાય થાય!

ડૉકટરનો ધંધો જેટલો જોખમવાળો છે, તેટલોજ પવિત્ર અને આબરૂદાર છે. ડૉકટર કીંમતી સલાહથી કે દવાથી કેટલા બધાના જીવ બચાવી શકે છે? ગરીબ અને નિરાધારનાં દુઃખ ટાળી તેઓનો તે આર્શીવાદ મેળવે છે. આથી ઇશ્વર પણ તેઓ ઉપર પ્રસન્ન રહે છે. આ ધંધામાં પરોપકાર કરવાના ઘણા પ્રસંગ મળે છે.

વૈદ્ય કે ડૉકટરમાં હોવા જોઈતા અગત્યના થોડા ગુણ.

વૈદ્ય કે ડૉકટર દરદીને હીંમત અને આશા આપે તેવા જોઇએ. બોલવાની છટાથી દરદીને મનમાં સંતોષ થાય છે, અને તેથી તેને એક જાતની દવા તો મળી ચૂકે છે. મનમાં ફીકર હોય છે, તો દવાથી લાભ થતો નથી, અથવા નામનો થાય છે. માત્ર બોલકા વૈદ્ય કે ડૉકટર કંઈ કામના નથી. તેઓ પોતાના ધંધામાં તો પ્રવીણજ હોવા જોઇએ.

તેઓ ચીડીઆ સ્વભાવના કે ઉતાવળીઆ ન જોઇએ. વળી તેનાં આંખ, હાથ, ઠરેલાં જોઇએ. તેઓ પાસે સ્ત્રી તેમજ પુરૂષ દરદીઓ આવે છે. પુરૂષ તરફ ભાઇ અને સ્ત્રી તરફ બેનની દૃષ્ટિએથી જોવાની તેઓની પવિત્ર ફરજ છે.

ઉતારા.

Accuse not Nature, she hath done her part;
Do thou but thine.

Milton.

Man violates the laws of nature in his own person, and he suffers accordingly.

Smiles.

There would be better health, less sickness and longer life if all were to make it a practice never to take a dose of physic without the advice of an educated physician.

Dr. W. W. Hall.

વૈદ્ય પ્રશંસા.

गुरोरधीताखिलवैद्यविद्यः पीयूषपाणि कुशलः क्रियासु ।
गतस्पृहो धैर्यधरः कृपालुः
शुद्धोऽधिकारी भिषगीदृशः स्यात् ॥

કુવૈદ્ય નિન્દા.

वैद्यराज नमस्तुभ्यं यमराज सहोदर ।
यमस्तु हरति प्राणान्वैद्यः प्राणान्धनानि च ॥

'તંદુરસ્તી.'

૧. પહેલું સુખ તે જાતે નર્યા. ૨. તંદુરસ્તી જાળવવાની જરૂર છે. ૩. તંદુરસ્તી જાળવવાના નિયમો.

'પહેલું સુખ તે જાતે નર્યા'

હુનર-ઉદ્યોગની વૃદ્ધિ અને તંદુરસ્તી.

જ્યાં જ્યાં હુનર-ઉદ્યોગની વૃદ્ધિ થતી જાય છે, ત્યાં ત્યાં સાધારણ લોકોની સુખાકારીમાં ઘટાડો થતો જોવામાં આવે છે. મજૂર વર્ગને, મીલ, ખાણ, વગેરેમાં કામ કરવાનું હોય છે, અને તેથી તેઓની તંદુરસ્તી બગડે છે, એ સ્વાભાવિક છે. ઉદ્યોગની વૃદ્ધિ સાથે વસ્તીની પણ વૃદ્ધિ થાય છે, અને શહેરમાં વસ્તી ગીચ થવાને લીધે ગંદકી પણ વધે છે, અને તેથી શહેરીઓની તંદુરસ્તી ખરાબ થાય છે. ગામડામાં વસ્તી થોડી હો-

વાથી, તેમજ ઘરો બહુ નીચ ન હોવાથી, તેમજ શુદ્ધ હવાની પુષ્કળ આવજાથી, ગામડીઆની તબીઅત સારી રહે છે.

તંદુરસ્તી જાળવવાની જરૂર છે.

આ દુનીઆમાં શરીર સારૂં હોય, તોજ કામકાજ કરી શકાય છે, અને પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકાય છે. માનસિક શક્તિનો આધાર પણ શારીરિક શક્તિ ઉપર છે. શરીર બગડે છે, ત્યારે મન પણ પોતાનું કામ બરાબર કરી શકતું નથી. માંદા માણસ બીજા ઉપર ભાર રૂપ થઇ પડે છે, અને આ દુનીઆમાં અવતર્યા છતાં તેઓ તેનો લ્હાવો લઇ શકતા નથી.

તંદુરસ્તી જાળવવાના નિયમો.

શરીરના બાંધામાં ફેર હોવાથી એકનો ખોરાક તે બીજાનું ઝેર થાય છે, એ વાત સત્ય છે, છતાં બધાને માટે તંદુરસ્તી જાળવવાના સામાન્ય નિયમો નથી એવું કંઇ નથી. ખોરાક નિયમિત વખતે અને માપસર અને બરોબર ચાવીને ખાવો; ખાતી વેળા ઉતાવળ કરવી નહિ, અને મન આનંદમાં રાખવું. મોટા માણુસો, બહુજ ઉદ્યોગી અને ધાંધલીઆ માણસો, ખાતી વેળા વિચારમાં ગુંથાયલા હોય છે. પરિણામ એ આવે છે, કે તેઓ પોતાની તંદુરસ્તી ખોઇ બેસે છે. પાણી પણ સ્વચ્છ પીવું. બને ત્યાં સુધી તે ગાળી અને ઉકાળીને પીવું. દારૂ, વગેરે હાનિકારક પેય પીવા નહિ.

કસરત. કસરત પણ નિયમિત રીતે કરવી. ખુલ્લી હવામાં ફરવા જવું.

નિદ્રા. નિદ્રા નિરાંતે કરવી. ચિન્તા કે વિચારથી સારી નિદ્રા આવતી નથી. ભારે ખોરાક ખાવાથી થયલા અપચાને લીધે સ્વપ્નાં આવે છે, અને તબીઅત બગડે છે. જૂના કાળમાં અપરાધીઓને રીબાવી રીબાવી મારવા માટે તેઓને લાગ લાગટ ઉજાગરા કરાવવામાં આવતા.

ખોરાકની અંદર એકાએક ફેરફાર કરવાથી શરીર બગડે છે. જરૂર પડે તો તેવો ફેરફાર ક્રમે ક્રમે કરવો. હંમેશાં ઓછું કે ખરાબ ખાવાનું મળતું હોય ને પછી વધારે અને સારૂં ખાવાનું મળે તો અકરાંતીઆની પેઠે ખાવાથી અજીર્ણ થાય છે, અને મોત પણ નીપજે છે. શીઆળામાં વધારે કામ થઇ શકે છે, તેથી અને ઋતુ પણ તંદુરસ્તી વધારવામાં અનુકૂળ હોવાથી પુષ્ટિકારક ખોરાક ખાવાની જરૂર છે. શરીર બગડે તો સારા વૈદ્ય કે ડૉક્ટરની તુરતજ સલાહ લેવી. ઉંટવૈદ્ય કે લેભાગુ વૈદ્ય ઘણા ભયંકર છે. સારા વૈદ્ય કે ડૉક્ટર કદાચ ફાયદો કરી શકતા નથી, એ ખરૂં, પરન્તુ નુકસાન તો કરતાજ નથી. કેટલાક ગૃહસ્થ કલ્પિત રોગોથી પીડાય છે, અને દવા અને ડૉક્ટરના ગુલામ બનેલા જોવામાં આવે છે. દવા તેનો ખોરાકજ બની જાય છે, અને તેથી ખરો રોગ આવે, ત્યારે તે દવા તેના ઉપર અસર કરી શકતી નથી.

ઉતારા.

To be free-minded and cheerfully disposed at hours of meat and of sleep and of exercise, is one of the best precepts of long-lasting.

Bacon.

If you fly physic in health altogether, it will be too strange for your body when you shall need it.

Bacon.

I commend rather some diet for certain seasons. + + +

Bacon.

In sickness respect health principally and in health, action.

Bacon.

We can not use the mind aright, when the body is filled with excess of food and drink.

Cicero.

Ah ! *What* avails the largest gift of heaven,
When drooping health and spirits go amiss ?
How tasteless then whatever can be given !
Health is the vital principle of bliss.

Thomson.

A sound mind in a sound body is a fitting foundation for all that is high & noble in human achievement.

Dr. W. W. Hall.

Health, without which life is not worth living, you will hardly fail to secure by early rising, exescise, sobriety, and abstemiousness as to food.

Cobbett.

Joy, Temperance and Repose,
Slam the the door on the doctor's nose.

Longfellow.

નિદ્રા કે ઉંઘ.

૧. નિદ્રાની જરૂર. ૨. રાત્રિ નિદ્રા માટે સરજેલી છે. ૩. નિદ્રા શાથી આવતી નથી ? નિદ્રા લાવવા શું શું કરવું ? ૪. કેવા કેવા સંજોગો વચ્ચે ઉજાગરો કરીએ છીએ, કે કરવો પડે છે ? ૫. કેટલા કલાક ઉંઘવું ?

નિદ્રાની જરૂર.

દિવસે કામ કરવાથી શરીરને જે ઘસારો લાગે છે, તે પૂરો પાડવા અને બીજે દિવસે કામ કરવા તાજા થવા માટે નિદ્રાની જરૂર છે. નિદ્રાથી માંસપેશી અને જ્ઞાનતંતુ તાજાં અને બળવાન થાય છે, અને મગજ શાંત થાય છે.

નિદ્રા નહિ આવવાથી શરીર ફીક્કું પડી જાય છે, અને લાગલાગટ નિદ્રા નહિ આવવાથી માણસ ગાંડા બની જાય છે. ઘણા ઉપાયો કર્યા છતાં કેટલાક દુર્ભાગીને બીલકુલ નિદ્રા આવતી નથી. આવી રીતે રીબાવા કરતાં એકદમ મરીજવું બહેતર ધારી તેઓ આત્મઘાત કરે છે. જેને નિદ્રા આવતી નથી, તેનેજ તેની કીંમત છે. જૂના કાગળમાં કેદીઓને રીબાવી મારી નાંખવા માટે બળાત્કારે લાગલાગટ ઉજાગરા કરાવવામાં આવતા હતા. નિદ્રાથી શરીર તંદુરસ્ત રહે છે. દુઃખી માણસો પોતાનાં દુઃખ વિસરી જાય છે. કેદી કે ગુલામ નિદ્રામાં સ્વતંત્ર માણસ જેટલાજ સુખી છે. નિદ્રાથી ગુસ્સો ઓછો થઇ જાય છે. નિદ્રામાં રાજા અને ગરીબ મજુર એક સરખા સુખી છે. રાજાને તો અનેક ચિન્તા હોવાથી નિદ્રાદેવી તેના ઉપર પ્રસન્ન થતી નથી; પરન્તુ થાકેલા મજુર ઉપર તો તે સંપૂર્ણ તુષ્ટ રહે છે. નિદ્રા એ ગરીબનું ધન છે.

રાત્રિ નિદ્રા માટે સરજેલી છે.

દિવસે કામ કરવું અને રાત્રે આરામ લેવો એ ઇશ્વર તરફથી નિર્મિત થયલું લાગે છે. દિવસે સૂર્ય પ્રકાશે છે, અને સાંજે આથમે છે, એજ ઇશ્વરની ઇચ્છા સ્પષ્ટ રીતે બતાવી આપે છે. કુદરતની વિરૂદ્ધ જે રાત્રે પણ કામ કરે છે, તે ઇશ્વરના નિયમ તોડે છે, અને તેના ગુન્હેગાર બને છે. જે શહેરોમાં વેપાર–ઉદ્યોગની ધમાલ ચાલી રહી હોય છે, જ્યાં મીલ, વગેરે રાત્રે પણ ચાલે છે, ત્યાં લોકો રાત્રે કામ કરતા જણાય છે. ખુલ્લુંજ છે કે આથી શરીરને તો નુકસાન છે, પરન્તુ વિત્તસંચય કરવાનો દુષ્ટ લોભ માણસોને ઇશ્વરના નિયમની વિરૂદ્ધ જવા લલચાવી અધમ બનાવે છે.

નિદ્રા શાથી આવતી નથી? નિદ્રા લાવવા શું શું કરવું?

ગમે તે કારણને લીધે શરીર અસ્વસ્થ હોય છે, તો નિદ્રા આવતી નથી. ભારે ખોરાક ખાધા પછી તરત નિદ્રા આવતી નથી. અત્યંત તાપ

કે ઉકળાટને લીધે પણ નિદ્રા આવતી નથી. શ્રમ કર્યા પછી નિદ્રા આવે છે, પરન્તુ અત્યંત શ્રમને લીધે નિદ્રા આવતી નથી, અને શરીરના અવયવો દુઃખવા લાગે છે. માનસિક સ્થિતિ અને નિદ્રાને ગાઢ સંબંધ છે. '**चिन्तातुराणां न सुखं न निद्रा**' એ યોગ્યજ કહ્યું છે. રાજાઓને, મોટા અધિકારીઓને, ધનસંચય કરવાનું રાત દિવસ રટણ કરનારાને, પૈસાનો સંગ્રહ કરી રાખેલા બીકણ લોભીઆને, વિયોગીને, શોકાતુરને, વગેરેને નિદ્રા આવતી નથી.

નિદ્રા લાવવા માટે કેટલાક નિયમો પાળવાની જરૂર છે. મિતાહારી થવું. દિવસે સારી રીતે કામ કરવું. નિયમિત વખતે સુવું. સાંજે ન્હાવું. સુતાં સુતાં વિચાર કરવા નહિ. જમીને કે વાંચીને તરતજ સુવું નહિ. ઉંઘ ન આવતી હોય તો ડૉકટરની સલાહ લેવી, પણ કેફી પદાર્થોનો ઉપયોગ કરવો નહિ. ઈશ્વરનું સ્મરણ કરતાં કરતાં સુઈ જવું. સ્વચ્છ, અને ભીનાશ વિનાના ઘરમાં રહેવું. પથારીમાં માકડ, વગેરે ભરાઇ રહી નિદ્રાનો નાશ ન કરે તેને માટે, તેમજ મચ્છરનો ઉપદ્રવ ઓછો કરવા મચ્છરદાની રાખવા માટે સાવચેતી રાખવી.

કેવા કેવા સંજોગો વચ્ચે ઉજાગરો કરીએ છીએ, કે કરવો પડે છે ?

નાટક, કથા, કે રમુજી ખેલો જોવા ખાતર રાજી ખુશીથી ઉજાગરો વેઠીએ છીએ. લગ્ન પ્રસંગે કે તેવા શુભ પ્રસંગે બીજે દિવસ માટેની ખાસ તૈયારી કરવા માટે ઉજાગરો કરીએ છીએ. રસિક નવલકથા, કે તેવું બીજું કોઇ પુસ્તક પૂરૂં કરવા ખાતર મોડી રાત સુધી જાગીએ છીએ. પરીક્ષાના વખતમાં પુનરાવર્ત્તન કરવા ખાતર મોડી રાત સુધી વિદ્યાર્થીઓ ઉજાગરો કરે છે. ઘરમાં કોઈ માંદુ હોય, ત્યારે તેની સારવાર કરવા જાગવું પડે છે. ઘરમાં કોઇ મરી ગયલું હોય છે, સર્પ જેવું કોઇ ભયંકર પ્રાણી ભરાઇ બેઠું હોય છે, તેવે પ્રસંગે જાગવું પડે છે.

કેટલા કલાક ઉંઘવું ?

જુદા જુદા માણુસને ઓછી વત્તી નિદ્રાની જરૂર પડે છે. ઉંમર, દિવસે કરેલા શ્રમ, શારીરિક શક્તિ અને અને જાતિ ઉપર નિદ્રાનો આધાર રહે છે. બાળકને વધારે કલાક–લગભગ ૧૦ થી ૧૨–ઉંઘવાની જરૂર છે. તેથી મોટી ઉમરનાંઓને તેથી થોડી ઉંઘની–એટલે લગભગ ૮ થી ૧૦ કલાક–જરૂર છે, જુવાન સ્રીપુરૂષોને ૬ થી ૮ કલાક ઉંઘવાની જરૂર છે; અને ઘરડા માણુસોને તેથી પણ ઓછા કલાકની ઉંઘથી ચાલે છે. પુરૂષ કરતાં સ્રીઓને વધારે ઉંઘવાની જરૂર છે.

તંદુરસ્તી જાળવવા વ્હેલા સુઈ વ્હેલા ઉઠવાની ટેવ રાખવી. દિવસે સુવાની ટેવ નિંદ્ય અને નુકસાનકારક છે.

ઉતારા.

Come sleep, O sleep, the certain knot of peace,
The baiting place of art, the balm of woe,
The poorman's wealth, the prisoner's release;
The indifferent judge between the high & low.

Sir Philip Sidney.

It is well, when it can be managed, to have the mind off the stretch, some little time before retiring to rest. The heavier part both of work & eating should be over in the early part of the day.

Dr. W. W. Hall.

Who goes to bed & doth not pray,
Maketh two nights to everyday.

Herbert.

Women require more sleep than men, & fat people more than thin.

Dr. W. W. Hall.

One hour sleep before midnight is worth more than two hours after that time.

Dr. Dwight.

Early to bed & early to rise,
Makes a man healthy wealthy & wise.

Franklin.

Care keeps his watch in every old man's eye;
And where care lodges sleep will never lie.

Shakespeare.

શારીરિક કસરત.

૧. સ્ત્રીપુરૂષને કસરતની આવશ્યકતા. ૨. કસરત શા માટે કરવી? ૩. કસરતનાં મુખ્ય બે પ્રકાર. ૪. કસરત કરતી વેળા સંભાળ રાખવાની જરૂર. ૫. છેવટ.

સ્ત્રીપુરૂષને કસરતની આવશ્યકતા.

ખાસ કરી જેઓને વધારે માનસિક શ્રમ પડે છે, તેઓને શારીરિક શ્રમની ઘણી જરૂર છે; જેમકે-લેખક, વિદ્યાર્થી, ન્યાયાધીશ, વકીલ, વગેરેને. ગરીબ કરતાં તવંગરને કસરતની વિશેષ જરૂર છે. તવંગરને ગાડી, વગેરેમાં બેસી ફરવાનું હોય છે, અને આજીવિકાને માટે શારીરિક શ્રમ સહન કરવાની થોડી જરૂર પડે છે, અથવા બીલકુલ પડતી નથી. ગરીબ લોકોને મજુરી કરી પેટ ભરવું પડે છે, તેથી તેઓને પૂરતી કસરત મળે છે, તેઓને જોઇએ તે કરતાં વધારે શ્રમ પડે છે, તેમ પણ કહેવામાં વાંધો નથી.

સ્ત્રીઓને દળવાથી, ખાંડવાથી, વગેરે અનેક પ્રકારનાં ગૃહકાર્યોથી કસરત મળે છે. તવંગર વર્ગની સ્ત્રીઓ ઘણે ભાગે નિર્બળ અને અનેક રોગથી પીડાતી હોય છે. સાધારણ અને ગરીબ વર્ગની સ્ત્રીઓ મજબુત, ચાલાક અને તંદુરસ્ત રહે છે, કારણ કે તેઓને એક કે બીજે પ્રકારે શારીરિક શ્રમ વેઠવો પડે છે.

બાળકો સ્વભાવથીજ ચંચળ હોય છે. તેઓ રમતગમતમાં ઘણો વખત ગાળે છે. આ પ્રકારના સ્વાભાવિક વલણથી તેઓની માંસપેશી કેળવાઇ તેઓ મજબુત અને ચાલાક બને છે.

કસરત શા માટે કરવી ?

જેમ પડી રહેલું લોઢું કાટથી ખવાય છે, તેમ શરીર આળસથી ખવાય છે. કસરત કરવાથી શરીર મજબુત અને ચાલાક થાય છે. શ્વાસક્રિયા ત્વરાથી ચાલે છે, તેથી લોહી હવામાંહેનો ઑક્સિજન વાયુ વિશેષ પ્રમાણમાં લઇ વધારે સ્વચ્છ થાય છે, અને પરસેવાદ્વારા નુકસાનકારક પદાર્થો બહાર નીકળી જાય છે. કસરત વિના ખોરાક બરાબર પચતો નથી; શરીર અનેક રોગનું ઘર બને છે, અને શરીરનો બાંધો બગડ્યો એટલે માનસિક શક્તિઓ પણ સાથે બગડે છે. શરીર અને મનનો અરસ્પરસ ઘણોજ ગાઢ સંબંધ છે.

કસરતના મુખ્ય બે પ્રકાર.

કસરતના મુખ્ય બે પ્રકાર છે;—શરીરને મજબુત બનાવવાની, અને ચાલાક બનાવવાની. દંડ પીલવાથી, મગદળ ફેરવવાથી, કે સૅન્ડોની કસરત કરવાથી શરીર દૃઢ અને મજબુત થાય છે. તેમજ વજન ઉપાડવાની શક્તિ વધે છે. ક્રિકેટ, ફુટબૉલ, ટેનિસ, વગેરે રમતો રમવાથી શરીર વધારે ચાલાક બને છે.

કસરત કરતી વેળા સંભાળ રાખવાની જરૂર.

અત્યંત શ્રમ લાગે તેટલી કસરત કરવી નહિ. જમ્યા પછી કે ભૂખ્યા કસરત કરવી નહિ. કસરત કર્યા પછી શરીરને પવન લાગવા દેવો નહિ. કેટલાક પ્રકારની કસરતો શિક્ષકની દેખરેખ નીચેજ કરવી. કસરત

નિયમિત કરવી જોઇએ. શરીરને તંદુરસ્ત રાખવું, એ કસરત કરવાનો ઉદ્દેશ છે. કસરતના ખેલાડીઓ જે કસરત કરે છે, તેઓ ઉદરપોષણાર્થે કરે છે.

છેવટ.

દેશજનનાં શરીર તંદુરસ્ત અને કસાયલાં હોય છે, તો દેશને લાભ છે. સ્પાર્ટામાં દરેક યુવાનને રાજ્ય તરફથી શારીરિક કેળવણી આપવામાં આવતી. આથી દરેક યુવાન લડાઇના વખતમાં સ્વદેશસેવા બજાવી શકતો. શરીર તંદુરસ્ત રહે એ મોટું સુખ છે. નિર્બળ માણસો બીજાને ભારરૂપ થઇ પડે છે, અને પોતાનું કે દેશનું હિત કરી શકતા નથી. કસરત કરવી એ દરેક રીતે લાભકારક છે.

ઉપયોગી ઉતારા.

Exercise should always be proportioned in amount to the age, strength, state of the constitution and former habits of the individual.

Andrew Combe M. P.

As I am a compound of soul and body I consider myself as obliged to a double scheme of duties; and think I have not fulfilled the business of the day when I do not thus employ the one in labour and exercise as well as the other in study & contemplation.

Addison.

Bowling is good for the stone & reins; shooting for the lungs & breast; gentle walking for the stomach; riding for the head, and the like.

Bacon.

સ્વચ્છતા.

૧. સ્વચ્છતા રાખવી એ દરેક માણસની ફરજ છે. ૨. સ્વચ્છતાના પ્રકાર. ૩. સ્વચ્છતા રાખવાથી થતા લાભ. ૪. સરકાર અને લોકો. ૫. ગરીબ વર્ગ અને અસ્વચ્છતા.

સ્વચ્છતા રાખવી એ દરેક માણસની ફરજ છે.

સ્વછતા રાખવી એ દરેક માણસની ફરજ છે. સ્વચ્છતા રાખવાથી આપણને લાભ છે, એટલું જ નહિ પરન્તુ આપણી આસપાસ રહેનારને પણ લાભ છે, અને ઇશ્વિર પણ તેથી રાજી રહે છે. દરેક ધર્મમાં પણ ન્હાઇ, સ્વચ્છ કપડાં પહેરી, પવિત્ર ક્રિયા કરવા ફરમાવેલું છે.

સ્વચ્છતાના પ્રકાર.

શરીરની સ્વચ્છતા રાખવી એ સારૂં છે; પરન્તુ બગલાની માફક માત્ર બાહ્યસ્વચ્છતા રાખવી એ મનુષ્યનું ખરૂં ભૂષણ નથી. મનની સ્વચ્છતા રાખવી એ પહેલી અને અગત્યની ફરજ છે. એટલું પણ ખરૂં છે કે શારીરિક સ્વચ્છતા અને માનસિક સ્વચ્છતાને અરસપરસ ઘણો સંબંધ છે. બહારની સ્વચ્છતા રાખવામાં માત્ર શરીર સાફ રાખવું એ પૂરતું નથી. કપડાં અને રહેવાનું ઘર પણ સ્વચ્છ હોવાં જોઇએ.

સ્વચ્છતા રાખવાથી થતા લાભ.

સારી રીતે ન્હાવાથી આપણે તંદુરસ્ત રહીએ છીએ. પરસેવાથી શરીર દુર્ગંધ મારે છે; ધુળ, વગેરેથી ચામડીનાં છિદ્ર પૂરાઇ જાય છે. જો ખૂબ ચોળીને ન્હાઇ ચામડી સાફ ન રાખીએ તો તંદુરસ્તી બગડે છે; મેલ અને પરસેવાથી ચામડીના રોગ–જેવા કે ખસ, દરાજ, ખરજવું, ફોલ્લા, વગેરે–થાય છે. ન્હાવાથી પાચનશક્તિને મદદ મળે છે, અને તેથી ખોરાક સારી રીતે પાચન થઇ શકે છે. ન્હાઇને ખાવું એ શારીરિકશાસ્ત્રના નિયમાનુસારજ છે.

સ્વચ્છતાથી માન મળે છે, અને બીજાનો આપણા તરફ ભાવ ઉ-ત્પન્ન થાય છે. કવિ એડિસન કહે છે કે સૌન્દર્ય પ્રેમ ઉપજાવે છે, પરન્તુ તેને જાળવી રાખનાર સ્વચ્છતા છે. સ્વચ્છતાથી શરીર ચાલાક થાય છે, અને તેથી આપણે આપણું કામ સારી રીતે કરી શકીએ છીએ.

ગંદા માણસો પોતે માંદા પડે છે, પીડાય છે, અને આસપાસ રહે-નારને પણ નુકસાન કરે છે. ગંદા માણસોના ચેપી રોગના બીજા પણ ભોગ થઇ પડે છે. ગંદવાડથી ઘરમાં વ્યાલ, ખજૂરા, વીંછી, વગેરે ઉત્પન્ન થાય છે, અને આપણને તેમજ આડોશી પાડોશીને કરડે છે. મધમાખી, કીડી, વગેરે પણ ચોકખાં રહી પોતાનાં ઘર ચોકખાં રાખે છે, તો પછી આપણે ગંદા રહીએ એ કેટલું બધું શરમ ભરેલું છે !

સરકાર અને લોકો.

મોટાં શહેરોમાં સરકાર તરફથી શહેરને સ્વચ્છ રાખવા માટે યોગ્ય ગોઠવણ કરવામાં આવેલી હોય છે, પણ સ્વચ્છતા રાખવી એ દરેક મા-ણસની પોતાનીજ ફરજ છે. પ્લેગ, વગેરે ભયંકર પ્રકારના રોગોનો ઉપ-દ્રવ ચાલતો હોય, તે વખતે નમુનેદાર સ્વચ્છતા રાખી લોકોની તંદુર-સ્તી જાળવવા સરકાર તરફથી જે પ્રયાસ કરવામાં આવે છે, તે પ્રયાસને ઉત્તેજન આપવું, એ દરેક શહેરીની ફરજ છે.

ગરીબવર્ગ અને અસ્વચ્છતા.

ગરીબવર્ગ, અજ્ઞાન હોવાથી સ્વચ્છતાની કીંમત સમજતા નથી. અત્યંત ગરીબ લોકો પાસે બદલવાનાં બીજાં કપડાં પણ હોતાં નથી, અને તેથી તેઓ અત્યંત ગંદા રહે છે. કેટલેક સ્થળે પીવાનું પૂરતું પાણી મળી શકતું નથી, તો પછી ન્હાવાને માટે જોઇતું પાણી મળેજ ક્યાંથી ? આવા સ્થળના લોકો ગંદા રહે તેમાં શી નવાઇ ?

ઉતારા.

Cleanliness is next to Godliness. Cleanliness promotes both health of body and delicacy of mind.

Addison.

The country has a right to expect that each citizen will use his best endeavours to promote the causes of justice and public health.

Sir. W. Lee. Warner.

Honest courage is of greater worth than any amount of grace; purity is better than elegance and cleanliness of body, mind and heart than any amount of fine art.

Smiles.

વિભાગ ક.

મેળો.

૧. જૂના કાળથી બધે મેળા ભરાય છે. ૨. યુરોપખંડમાંહેના દેશોમાં અને આપણા દેશોમાં ભરાતા મેળા. ૩. મેળા ભરવાનો ઉદ્દેશ. ૪. આપણા દેશમાં મેળા ક્યારે ભરાય છે ? ૫. વર્ણન.

૧. જૂના કાળથી બધે મેળા ભરાય છે.

હિન્દુસ્તાનમાં ઘણા જૂના કાળથી મેળા ભરાય છે. અશોકના શિલાલેખ ઉપરથી માલૂમ પડે છે, કે તે વખતમાં પણ મેળા ભરાતા હતા.

૨. યુરોપખંડમાંહેના દેશોમાં અને આપણા દેશોમાં ભરાતા મેળા.

યુરોપખંડના જુદા જુદા દેશોમાં જૂના કાળમાં મેળા ભરાતા હતા, અને હજુ પણ ભરાય છે. પહેલાં તો ત્યાં પણ આપણા દેશની પેઠે તહેવારોના દિવસોમાં મેળા ભરાતા હતા, અને ત્યારે વેપારને પણ ઉત્તેજન મળતું. હાલમાં ત્યાં એકલા વેપાર માટેજ વધુ મેળા ભરાય છે. આપણા દેશમાં યાત્રા માટે લોકો એકઠા થાય છે. આવા મેળાઓમાં વેપારને સારૂં ઉત્તેજન મળે છે.

૩. મેળા ભરવાનો ઉદ્દેશ.

જ્યારે જુદાં જુદાં સ્થળોમાં બનતા માલને વેંચવાની સારી સગવડ ન હતી, એટલે કે સારા રસ્તા તથા આગગાડી, વગેરેનો અભાવ હતો, ત્યારે વેપાર અર્થે મેળા ભરવામાં આવતા. આવા મેળાઓ યાત્રાના સ્થાન ઉપર ભરાતા, તેથી યાત્રા પણ થતી, અને વેપારીઓના માલનો મોટો ઉઠાવ પણ થતો.

૪. આપણા દેશમાં મેળા ક્યારે ભરાય છે ?

આપણા દેશમાં હિન્દુ તેમજ મુસલમાનના તહેવાર ઉપર મોટા મોટા મેળા ભરાય છે. અમદાવાદ જેવા શહેરમાં દર શુક્રવારે ગુજરી

ભરાય છે, તે પણ એક પ્રકારનો મેળાજ છે. આવા મેળાને ધર્મની સાથે બીલકુલ સંબંધ નથી; માત્ર તે વેપાર અર્થેજ ભરાય છે. ઈંગ્લંડનાં મોટાં શહેરોમાં આઠ આઠ દિવસે વેપારને માટે મેળા ભરવાનો હજુ ચાલ છે. હુનર–ઉદ્યોગનું પ્રદર્શન ભરવામાં આવે છે, તે પણ એક જાતનો મેળાજ છે.

૫. વર્ણન.

મેળામાં ગામડાંના તેમજ શહેરી લોકો જોવામાં આવે છે. લોકોના ચિત્ર વિચિત્ર ને રંગબેરંગી પોશાક જોઇ મનને આનંદ થાય છે. લોકો તેમજ ગાડી, ઘોડા, વગેરેની ઘણી ભીડ હોય છે, તેથી ઘણી સંભાળ રાખવાની જરૂર પડે છે. ગાડી, ઘોડા, વગેરેથી કચરાઇ જવાની કે ખીસ્સા કાતરૂની બીક રહે છે. દુકાનદારો જાત જાતની વસ્તુઓ,–મીઠાઇઓ, રમકડાં, વગેરે યુક્તિથી ગોઠવી રાખે છે. લોકોના આનંદને માટે ચકડોળ, જાદુઇ ખેલ, વગેરે અનેક રમતગમતનાં સાધનો તૈયાર રાખવામાં આવ્યાં હોય છે. જુદા જુદા ધર્મના ધર્મોપદેશક આવા પ્રસંગનો લાભ લઈ ધર્મ સંબંધે ચર્ચા ચલાવતા દેખાય છે. ખાસ કરી ખ્રિસ્તી પાદરીઓ વિશેષ જોવામાં આવે છે. વખત વિચારીને તેઓની કામ કરવાની આવડત કેવી છે તે આવે વખતે દેખાઇ આવે છે.

‘ માતા ’

૧. માતાના ઉપકાર. ૨. માતાની નાનપણમાં થતી અસર. ૩. માનો પ્રેમ. ૪. છોકરાંની ફરજ.

૧. માતાના ઉપકાર.

આપણું પોષણ કરવા આપણો જન્મ થયા પહેલાં પણ માતાને ખાવા પીવામાં કેટલી બધી સંભાળ રાખવી પડે છે! કેટલું બધું અસહ્ય

દુઃખ વેઠવું પડે છે! જન્મ થયા પછી પણ પળે પળે આપણી તે સંભાળ રાખે છે. રાત્રે આપણે માટે ઉજાગરા વેઠે છે. પોતે ભીનામાં સુઈ, આપણને સુકામાં સુવાડી, અમૃત જેવું સ્તનપાન કરાવી આપણને ઉછેરે છે. આપણને જરા દુઃખી જોઇ તે દુઃખી થાય છે, અને આપણું સારૂં થાય તેને માટે પોતે અનેક અગવડો વેઠે છે. કવિ દલપતરામે 'હતો હું સુતો પારણે પુત્ર નાનો' ઇત્યાદિ વચનોથી માતાના ઉપકારનું ઉત્તમ ચિત્ર પાડયું છે.

૨. માતાની નાનપણમાં થતી અસર.

નાનાં બાળક ઘણે ભાગે માતા પાસેજ રહે છે, અને તેથી માતા તેના આદર્શ રૂપ હોય છે. આ ઉપરથી બાળકની બુદ્ધિ અને નીતિનો સુદૃઢ પાયો નંખાય, માટે માતાઓને કેળવવાની કેટલી જરૂર છે એ સહજ સમજી શકાય તેવું છે. બાળકોનાં સ્વાભાવિક વલણોનું–ટૂંકામાં બાળ સ્વભાવનું–તેમજ આરોગ્યવિદ્યાનાં મૂળતત્વોનું જ્ઞાન માતાઓને અતીવ ઉપયોગી છે એ ખુલ્લું છે. દેશની ઉન્નતિનો આધાર સુશિક્ષિત માતા ઉપરજ છે.

૩. માનો પ્રેમ.

માનો પ્રેમ બધાના કરતાં કંઈ અજબ છે! પોતાના બાળક માટે માતા કડવાં ઓસડ પીએ છે, ભૂખી રહે છે, અરે રે! કેટલીક વેળા બાળકનો જીવ બચાવવા ખાતર પોતાનો ભોગ આપે છે! મરી ગયલાં છોકરાંઓ માટે માને કેટલું દુઃખ થાય છે, તે તો મા વિના બીજું કોઈ સમજી શકેજ નહિ. જેને વીતી હોય તેજ જાણે.

૪. છોકરાંની ફરજ.

માતાના અસંખ્ય ઉપકારનો, અને તેના અનુપમ પ્રેમનો બદલો વાળવો એ અશક્ય છે; તોપણ તેની ભક્તિ કરી, તેને પ્રસન્ન રાખો,

તેનું ઘડપણમાં પોષણ કરી, તેના ઋણમાંથી છૂટવા પ્રયત્ન કરવો. આપણા શાસ્ત્રમાં માતાને ઈશ્વર જેટલું માન આપવા કહેવામાં આવ્યું છે. શિકંદર જેવો મહાન્ નર પણ પોતાની માનું માન જાળવી રાખતો હતો. માતાના આશીર્વાદથી આપણું ભલું થાય છે, અને તેની સેવા કરવાથી ઈશ્વર રાજી રહે છે.

' માબાપ અને છોકરાં '

૧. છોકરાંથી માબાપને સુખ તેમજ દુઃખ છે. ૨. અન્યોન્ય પ્રેમ અને ફરજ.

૧. છોકરાંથી માબાપને સુખ તેમજ દુઃખ છે.

છોકરાં હોય તેને સુખ તેમજ દુઃખ છે, અને જેને નથી તેને પણ સુખ તેમજ દુઃખ છે. દુર્દશામાં, છોકરાંઓ બોજા રૂપ થઇ પડે છે. ગરીબ માણસો દુષ્કાળમાં બાળકોને રઝળતાં મૂકી ચાલ્યાં જાય છે. ગરીબ અવસ્થામાં કમાનાર એક હોય ને બે ચાર છોકરાં હોય તો ખાવાનું પણ પરાણે પૂરું થાય છે. સારી દશામાં છોકરાંઓ સુખમાં વૃદ્ધિ કરે છે, સંસારમાં સુખસામગ્રીનો ઉપભોગ કરી, કાલું કાલું અને મીઠું મીઠું બોલી માબાપના મનને આનંદ પમાડે છે. ભવિષ્યમાં દુઃખની વખતે કે ઘડપણમાં ટેકા રૂપ થશે તેવી આશાથી અંતઃકરણમાં વર્ણવી નહિ શકાય તેવો કંઇક આનંદ થાય છે. જો મોટી ઉંમરે છોકરાં માબાપ કરતાં શ્રેષ્ઠતર નીવડે છે, તો તેઓ માબાપની આબરૂમાં વધારો કરે છે, એટલુંજ નહિ, પણ કુટુંબનાં શણગાર અને આધાર બને છે. જેઓ દુષ્ટ નીવડે છે, તેઓ પોતાની અને કુટુંબની આબરૂને બટ્ટો લગાડે છે. જેઓ સમૃદ્ધિવાળા છે, અને જેને છોકરાં હોતાં નથી, તે છોકરાં માટે કેટલું કેટલું કરે છે, તે બધાના જાણવામાં છે. કેટલાક છોકરાં

વિનાના માણસો પૈસાનો સારો ઉપયોગ કરી જાય છે. મોટી સખાવત કરી દેશજન ઉપર મોટો ઉપકાર કરી જાય છે. કેટલાક ધનનો પોતે ઉપભોગ કરતા નથી, અને બીજાને આપી જતા પણ નથી. છોકરાં વિનાનાં માણસો છોકરાંવાળાની ઈર્ષ્યા પણ કરતા જણાય છે.

૨. અન્યોન્ય પ્રેમ અને ફરજ.

માબાપનો છોકરાં પ્રત્યે પ્રેમ હોય છે, પણ કેટલાંક માબાપ અમુક છોકરાં તરફ વિશેષ પ્રેમ બતાવે છે, અને અમુક તરફ થોડો બતાવે છે, એ સારૂં નથી. આથી છોકરાંઓનો તેમના તરફ ઓછો વત્તો પ્રેમ થાય છે, એટલુંજ નહિ, પણ તેઓનો સ્વભાવ હલકો બને છે.

છોકરા તેમજ છોકરીઓ શરીરે તંદુરસ્ત રહે તેવી રીતે માબાપે કરવું જોઇએ. છોકરા, તેમજ છોકરીને યોગ્ય કેળવણી આપવી તે પણ માબાપની ફરજ છે.

જે છોકરાંઓ તંદુરસ્ત, બુદ્ધિશાળી અને નીતિવાળાં હોય છે, તેવાં છોકરાંને અને તેઓનાં માબાપને ધન્ય છે !

છોકરાંઓએ માબાપની આજ્ઞા પાળવી એ તેઓની મુખ્ય ફરજ છે. તેઓનું હિત સમજનાર, તેઓને ખરે રસ્તે દોરનાર માબાપજ છે. જેટલું માબાપને છોકરાં માટે દાઝે છે, તેટલું બીજા કોઇને દાઝતું નથી. માબાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, એ ઘણું નીચું કામ છે. આજ્ઞાનો ભંગ કરવાથી ઘણાં બાળકો આડે રસ્તે ગયાં છે ને દુઃખી થયાં છે. કવિ દલપતરામે માખીના બચ્ચાનો, અને જક્કી પાડાનો દષ્ટાંત આપી સારો બોધ કર્યો છે. છોકરાં ઉપર માબાપના એવા અને એટલા બધા ઉપકારો થાય છે, કે જે વાળવા તેઓ કોઇ દિવસ સમર્થ થઇ શક્તાં નથી. તેની ભક્તિ કરી, તેને સંતોષવાથીજ કંઈક અંશે તે ઉપકારનો નજીવો બદલો વાળી શકાય છે.

વિદ્યાર્થી અને તેઓના ધર્મ.

૧. જૂનાઃ કાળના અને હાલના વિદ્યાર્થીઓ. ૨. શાળાની અંદર રહેતા અને બહાર રહેતા વિદ્યાર્થી. ૩. ફરજ–શરીર; અભ્યાસ; નીતિ; ઈશ્વર પ્રાર્થના.

૧. જૂના કાળના અને હાલના વિદ્યાર્થીઓ.

જૂના કાળમાં વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કર્યા પછીજ પરણતા, તેથી તેઓનું શારીરિક અને માનસિક બળ ઉંચા પ્રકારનું હતું. આપણા દેશમાં નાની ઉંમરમાં લગ્ન કરી દેવાનો દુષ્ટ રીવાજ પડી ગયલો હોવાથી વિદ્યાર્થીઓનાં તન અને મન નિર્માલ્ય જોવામાં આવે છે.

૨. શાળાની અંદર રહેતા અને બહાર રહેતા વિદ્યાર્થી.

કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને રહેવાની ગોઠવણ હોય છે. આવે સ્થળે કેટલાક નિયમો પ્રમાણે કામ કરવાની તેઓને ફરજ પાડવામાં આવે છે. અમુક વખતે ખાવું, અમુક વખતે કસરત કરવી, અમુક વખતે સુવું, અને ઉઠવું, વગેરે નિયમોથી તેઓની રહેણી નિયમિત થઇ ગયલી જોવામાં આવે છે. બહાર રહેતા વિદ્યાર્થીઓને કેટલીક વધારે છૂટ મળે છે, પરન્તુ તે છૂટનો સદુપયોગ થાય તોજ સારૂં, નહિ તો યુવાવસ્થામાં તેવી છૂટથી લાભ કરતાં હાનિ થવાનો વધારે સંભવ છે. ઘણા વિદ્યાર્થીઓ સાથે રહે છે, તેમાં બીજા પણ અનેક લાભ છે.

૩. ફરજ.

અ. શરીર. શરીરને આરોગ્ય રાખવું, એ વિદ્યાર્થીની અગત્યની ફરજ છે. શરીર બગડવાથી અભ્યાસમાં પણ ખલેલ પહોંચે છે. નિયમસર ખાવાથી, મિતાહારી થવાથી, ગજા પ્રમાણે ને નિયમિત કસરત કરવાથી, રમતગમતમાં ભાગ લેવાથી, શરીર સારૂં રહે છે.

સારી રીતે ન્હાઇ શરીરને સ્વચ્છ રાખવાનું તેમજ સ્વચ્છ પોશાક પહેરવાનું વિદ્યાર્થીઓએ વિસરી જવાનું નથી.

ब. અભ્યાસ.

પરીક્ષાના વખતમાં થોડા દિવસ લાગલાગટ ઘણા કલાક વાંચવાથી, શરીર બગડે છે. હંમેશાં નિયમિત વખતે અભ્યાસ કરવાની ટેવ રાખવી. ઉદ્યમ, ખંત, અને ધૈર્યથી અભ્યાસ કરવો. નવરો બેઠો નખોદ કાઢે છે, એટલે ઉદ્યમ વિના માણસની બુદ્ધિ અને નીતિ બંને બગડે છે. અભ્યાસ કરતી વેળા એકચિત્ત રાખવાની બહુજ જરૂર છે. જેમ મગજના તંતુ બળવાન તેમ ધ્યાન રાખવાની શક્તિ પણ બળવાન હોય છે. વ્હેલા સુઈ વ્હેલા ઉઠી અભ્યાસ કરવાથી સ્મરણશક્તિને પુષ્ટિ મળે છે. અભ્યાસ કરવામાં વર્ગના પાઠો સારી રીતે કરવા ઉપરાંત બીજા વિષયોનાં સારાં પુસ્તકો, વર્તમાનપત્રો, વગેરે વાંચવાની ટેવ રાખવી. પુસ્તકના કીડા થઇ રહેવાથી પરીક્ષા પસાર કરી શકાય છે; પરન્તુ ભણ્યા પણ ગણ્યા નહિ તેના જેવું થાય છે.

क. નીતિ.

બધા સાથે હળીમળી રહેવું. સ્વાશ્રયી થવું, અને નબળા વિદ્યાર્થીઓને બને તેટલી મદદ આપવી. સભ્યતાથી બોલવું, સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું, વગેરે વિદ્યાર્થીના મુખ્ય ધર્મ છે. શિક્ષકની પણ ઘણીજ અદબ રાખવી, અને ઉદ્ધતાઇથી કે તોછડાઇથી જવાબ આપવા નહિ. શાળાની અંદર તેના જેવો બીજો કોઇ હિતેચ્છુ નથી. શાસ્ત્રમાં ગુરૂને પવિત્ર માની માન આપવાની આજ્ઞા છે. માબાપ જન્મ આપે છે, પરન્તુ શિક્ષક બુદ્ધિ, નીતિ, વગેરેનો વિકાસ કરી મનુષ્યત્વ આપે છે.

ड. ઈશ્વરપ્રાર્થના.

વિદ્યાર્થીઓએ વ્હેલા ઉઠી ઈશ્વરપ્રાર્થના કર્યા પછીજ કોઇ પણ કામનો આરંભ કરવો. વિદ્યાર્થીઓની પહેલી અને અગત્યની ફરજ

એ છે કે તે મહાન્ પિતાનું, જગત્‌ના પાલનકરનારનું પ્રાતઃકાળમાં સ્મરણ કરવું. હે, ઇશ્વર, તું મને સારી મતિ આપ; મારી બુદ્ધિ, નીતિ, વગેરેને સુધાર; તારી ભક્તિ કરવાની, મારા ઉદ્યમમાં સતત મચ્યા રહેવાની, અને સત્ય બોલવાની મતિ મારામાં પ્રેર; હું નિર્બળ છું, અનાથ છું, નાદાન છું, અને તું સર્વશક્તિમાન, સર્વનો પાળનાર અને દયાળુ પિતા છો, તો તું મારૂં રક્ષણ કર, અને મારી ભૂલો અને પાપોની મને માફી આપ, ઇત્યાદિ પ્રકારે તેની પ્રાર્થના કરવા કોઇ દિવસ વિસરી જવું નહિ.

શાળાઓમાં પાડવામાં આવતી લાંબી રજા શી રીતે ગાળવી ?

૧. લાંબી રજા પાડવાની જરૂર. ૨. ઉદ્યોગી વિદ્યાર્થીઓએ લાંબી રજા કેમ ગાળવી ? ૩. આળસુ અને રમતીઆળ વિદ્યાર્થીઓએ શું કરવું ? ૪. મુસાફરી કરવામાં લાંબી રજાનો અમુક ભાગ ગાળવો જોઇએ.

૧. લાંબી રજા પાડવાની જરૂર.

વિદ્યાર્થીઓએ એકચિત્તથી ઘણા દિવસ કામ કરેલું હોવાથી, તેઓને આરામની જરૂર છે. મગજના જ્ઞાનતંતુ ઉપર વધારે બોજો પડવાથી તે નિર્બળ બની જાય છે. રજામાં તેઓને આરામ મળવાથી તે શક્ત બને છે.

૨. ઉદ્યોગી વિદ્યાર્થીઓએ લાંબી રજા કેમ ગાળવી ?

જે વિદ્યાર્થીઓએ શાળાનો અભ્યાસ નિયમિતપણે કર્યો હોય છે, તેઓએ તો રજાની શરૂઆતમાં સંપૂર્ણ આરામ લેવો. સાંજ સવાર હરવું ફરવું, કસરત કરવી, મિત્રો સાથે રમતગમત કરવી, અને નિર્દોષ વાતચીત કરવામાં કેટલોક વખત ગાળવો. હંમેશાં થોડું ઘણું વાંચવું તો ખરૂં,

પરન્તુ શાળામાં ચાલતાં પુસ્તકો તદ્દન ભૂલી ન જવાય માટે તે ઉપર ઉપ-રથી જોઈ જવાં, અને બીજા નવીન વિષયનાં અથવા શાળામાં ચાલતા વિષયને લગતાં પુસ્તકો વાંચવાં.

રજામાં શરીર અને મનને બળવાન બનાવી, રજા ઉઘડે વધારે ઉ-લ્લાસથી, વધારે ભાવથી અભ્યાસ કરવાનું મન થાય, તેવી સ્થિતિમાં શા-ળાઓમાં દાખલ થવું જોઇએ.

૩. આળસુ અને રમતીઆળ વિદ્યાર્થીઓએ શું કરવું ?

જે વિદ્યાર્થીઓએ શાળામાં ભણવાનો વખત રમતમાં કાઢેલો છે, તેઓ અભ્યાસમાં પાછળ રહી ગયલા હોય છે. લાંબી રજાના દિવસોમાં તેઓએ કામ કરવું જોઇએ. જ્યારે બીજાઓ રમતગમતમાં દિવસ ગા-ળતા હોય છે, ત્યારે આળસુ છોકરાઓને કામ કરવાનો વખત હોય છે. આ અમૂલ્ય વખત જેઓ નકામો જવા દે છે, તેઓને વર્ષની આખર પસ્તાવાનોજ વખત આવે છે. જે વિદ્યાર્થીઓ ચાલી ગયલા અભ્યાસમાં કાચા હોય તેઓને માટે પણ નહિ આવડતા વિષયો પાકા કરી લેવાનો લાંબી રજા એ ઉત્તમ વખત છે.

૪. મુસાફરી કરવામાં લાંબી રજાનો અમુક ભાગ ગાળવો જોઇએ.

જે વિદ્યાર્થીઓનાં માબાપ તવંગર હોય છે, તેણે તો રજાના કેટલાક દિવસો મુસાફરી કરવામાં ગાળવા તેના જેવું બીજું કંઇ ઉત્તમ નથી; આપણા દેશના તવંગર માબાપના છોકરાઓ પણ રજાના દિવસોમાં ઘેર પડયા રહે છે, અને મુસાફરીથી થતા લાભ સમજતા નથી, કે સમજે છે, છતાં કેટ-લીક ઉપાધિને લીધે બહાર જઇ શકતા નથી.

ઇંગ્લંડમાં રજાના દિવસોમાં માબાપ, વિદ્યાર્થીઓને મુસાફરી કરવા જવા દેવા ખુશી હોય છે, અને તેથી તે વિદ્યાર્થી ભણેલા તેમજ ગણેલા

થાય છે, અને તેઓનાં શરીર અને મન બંને કસાય છે. આપણા દેશમાં તેવું વલણ થવાની બહુ જરૂર છે. આગગાડી, વગેરે સાધન થઈ જવાથી આપણા દેશમાં સાધારણ સ્થિતિના વિદ્યાર્થી પણ દેશાટણ કરવાનો લાભ લઇ શકે તેમ છે, છતાં આપણા લોકોની અચપળ વૃત્તિ જ્યાં સુધી દૂર થશે નહિ, ત્યાં સુધી આપણા દેશના વિદ્યાર્થીઓને સંગીન કેળવણી મળી કહેવાશે નહિ.

હાથી.

૧. દેખાવ. ૨. અવયવો અને તેનો ઉપયોગ. ૩. હાથીને પકડવાની રીત. ૪. ક્યાં ક્યાં મળી આવે છે? ૫. ઉપયોગ. ૬. ખોરાક, ખાસયત વગેરે.

૧. દેખાવ.

મોટામાં મોટું પ્રાણી; દેખાવ ઘણોજ ભવ્ય.

૨. અવયવો અને તેનો ઉપયોગ.

સૂંઢ ઘણીજ લાંબી, અને વાળવી હોય તેમ વળે તેવી; તે વડે ટાંકણી જેવી ઝીણામાં ઝીણી અને મોટાં મોટાં ઝાડનાં થડ, વગેરે ઉંચકી શકાય છે. ઘાસ, વગેરે પકડીને સૂંઢથી મોંમાં મૂકવામાં આવે છે. પાણી પીવામાં પણ તેજ કામમાં લાગે છે. પગ થાંભલા જેવા ટૂંકા, પણ મજબુત હોય છે. પૂંછડી ઘણીજ ટૂંકી હોય છે. કાન પહોળા અને મોટા હોય છે. કાનવડે મચ્છર, વગેરે ઉડાડવામાં આવે છે. હાથીને બે પ્રકારના દાંત હોય છે. બહારના બે ધોળા દંતુશળ અને અંદર ચાવવાના; આ ઉપરથી જે માણસ ધારે છે કંઇ અને દર્શાવે છે કંઇ તેવા કપટીને માટે (હાથીના ચાવવાના દાંત જુદા અને દેખાડવાના જુદા) એ કહેવત લાગુ પાડવામાં આવે છે.

હાથીદાંત—દંતુશળ ઘણાજ કામના છે. તેમાંથી ચૂડા, ચૂડી, બંગડી તથા બીજી અનેક ઉપયોગી વસ્તુઓ બને છે.

૩. હાથીને પકડવાની રીત.

પાળેલા હાથી ઘણા નમ્ર દેખાય છે; પરન્તુ જ્યારે તેને ગુસ્સે કરવામાં આવે છે, ત્યારે તે કચરઘાણ વાળી નાંખે છે. જંગલી હાથીને પકડવા માટે ખાડા કરી તેના ઉપર લીલું ઘાસ પાથરવામાં આવે છે. હાથી ભુલ ખાઇ ઘાસ ખાવા જાય છે, તેવો ખાડામાં પડે છે. ત્યાં તેને ભૂખ્યો રાખવામાં આવે છે, અને નરમ પડે છે, ત્યારે બહાર કાઢી પાળવામાં આવે છે.

૪. કયાં કયાં મળી આવે છે?

હિન્દુસ્તાન તેમજ આફ્રિકાના મધ્ય ભાગમાં ઘણા હાથીઓ મળી આવે છે. સાધારણ રીતે હાથીની ચામડી ઘણીજ જાડી, ખડબચડી અને કાળાશ પડતા રંગની હોય છે. બર્મામાં જે હાથી થાય છે, તેની ચામડીનો રંગ ધોળો હોય છે.

૫. ઉપયોગ.

પહેલાં શત્રુઓના કિલ્લા તોડી પાડવામાં, અને દુશ્મનોનાં લશ્કરમાં ભંગાણ પડાવવા હાથીનો ઉપયોગ કરવામાં આવતો. ખાસ પ્રસંગે મોટી અસવારીઓમાં પણ તેને શણગારી કાઢવામાં આવતા. હાલ ભારે વજન ઉંચકાવવામાં, વાઘ, વગેરેનો શિકાર કરવામાં કે મોટી અસવારી વખતે શણગારી રાજા કે અમીર ઉમરાવને બેસવા માટે હાથીનો ઉપયોગ કરવામાં આવે છે.

૬. ખોરાક, ખાસયત, વગેરે.

પાંદડાં, લીલું ઘાસ, ડાળીઓ, વગેરે હાથીનો ખોરાક છે, પાળેલા હાથી રોટલા, ઘી, ગોળ, વગેરે ખાય છે.

હાથી એ ઘણું બુદ્ધિશાળી પ્રાણી છે. તેની બુદ્ધિ વિષે ઘણી અ-જાયબી ઉત્પન્ન કરે તેવી વારતાઓ કહેવામાં આવે છે. તેનું ભલું કર્યું હોય તો તેનો વખત આવે બદલો વાળવા તે ચૂકતો નથી. અજમેરમાં એક હાથીએ જે બાઈ તેને હંમેશાં ખાવાનું આપતી હતી તે બાઇના નાના બાળકને રસ્તામાંથી સૂંઢવડે ઉંચકી બીજે સ્થળે કંઇ ઇજા કર્યા વિના મૂકયું હતું. પૂલ નબળો હોય તો તેનું જોર તપાસ્યા પહેલાં હાથી તેના ઉપર ચાલતો નથી. હાથીને ચીડવવામાં આવે તો તે ઘણું નુકસાન કરી દે છે. એક દરજીએ તેની સૂંઢમાં સોઇ મારી હતી, તેથી તેની દુ-કાન તેણે કાદવથી ભરી નાંખી હતી! હાથી એટલો બધો કામનો છે કે જીવતાં તેની કીંમત લાખની અને મરી ગયા પછી સવા લાખની ગણ-વામાં આવે છે. મરી ગયા પછી પણ તેનાં હાડકાંમાંથી ચપ્પુના હાથા, દંતીઆ, છત્રીના હાથા, વગેરે અનેક વસ્તુઓ બનાવવામાં આવે છે.

ઘોડો.

૧. દેખાવ. ૨. ઘોડાની જાત. ૩. તેની કીંમત, ગતિ, ઉપયોગ. ૪. ખાસયત, ગુણ વગેરે.

૧. દેખાવ; શરીરના અવયવો અને તેનો ઉપયોગ.

ઘોડો એ દેખાવડું પ્રાણી છે. ઘોડાની અનેક જાત થાય છે, અને તેના રંગ પણ ભિન્ન ભિન્ન હોય છે. ઘોડાના રંગ પ્રમાણે તેનો સ્વભાવ પારખી શકવાની કેટલાકમાં અચ્છી આવડત હોય છે. ઘોડાના કાન નાના છતાં ઘણા ચપળ હોય છે. ભય કે આનંદની વેળા તે કાનને ટટ્ટાર રાખે છે. પૂંછડીના વાળથી તેમજ પગની મદદથી માખી, વગેરે ઉડાડે છે. ઘો-ડાની કેશવાળી તેના સૌન્દર્યમાં વધારો કરે છે. ગરદન લાંબી હોય છે, અને તેથી ઘોડો નીચું વળી ઘાસ ખાઇ શકે છે. તેનાં નસ્કોરાં ઘણાંજ ચ-પળ હોય છે.

૨. ઘોડાની જાત.

ઇંગ્રેજી ઘોડા ઘણાજ મજબુત થાય છે. ઑસ્ટ્રેલીઆમાં થતા ઘોડા ઘણા ઉંચા અને કદાવર થાય છે. આ જાતના ઘોડાને ' વેલર્સ ' કહેવામાં આવે છે. અરબસ્તાનના ઘોડા ઘણા પંકાય છે. તે ઘણાજ બુદ્ધિવાળા, ચપળ, અને નીમકહલાલ ગણાય છે. હિન્દુસ્તાનમાં સીંધ અને દક્ષિણના નીચા ઘાટના ઘોડા મજબુત અને કાઠીઆવાડના દેખાવડા પાણીદાર અને નીમકહલાલ ગણાય છે.

૩. તેની કીંમત, ગતિ, ઉપયોગ.

ઉત્તમ ઘોડાની કીંમત હજારો રૂપિઆ અને કેટલીક વેળા હજારો પોંડ થાય છે. ઉત્તમ ઘોડાઓ દોડવામાં ઘણા ચાલાક હોય છે. ઉત્તમ ઘોડા એક મીનીટમાં એક માઇલ એટલે એક કલાકમાં ૬૦ માઇલ જઈ શકે છે. ઘોડાઓ જૂના કાળથીજ રથમાં જોડવામાં આવે છે. મહાભારતના યુદ્ધમાં રથને ઘોડા જોડયાનું આપણા જાણવામાં છે. મોટી મોટી ફત્તેહોનો આધાર સારા ઘોડેસવાર ઉપર બહુ રહે છે. ઘોડા, સરતના, બેસવાના, તેમજ ગાડીમાં જોડવાના કામમાં આવે છે. ઇંગ્લંડમાં તો ખેતી પણ ઘોડાથી કરવામાં આવે છે.

૪. ખાસયત, ગુણ, વગેરે.

સારા ઘોડા ઘણાજ નીમકહલાલ અને ધણીને માટે પ્રાણ આપે તેવા હોય છે. લડાઇમાં પોતાના મરેલા ધણી પાસે ઉભા રહી, સારા ઘોડા મરી જાય છે, પણ હઠતા નથી. રસ્તામાં કંઇ અકસ્માત્ થાય, તો બીજી મદદ આવે ત્યાં સુધી પોતાના ધણી પાસેથી તે ખસતા નથી. કેટલાક ઘોડા તો ઘેર જઇ બીજા કોઇને મદદે બોલાવી અકસ્માતની જગ્યાએ પાછા ફરે છે ! ઘોડાઓની બુદ્ધિ પણ ઉંચા પ્રકારની હોય છે. સરકસની અંદર ઘોડાઓ કેવું કામ કરે છે, તે જેઓએ સરકસ જોયું હશે તેને કહેવાની જરૂર નથી. સારો ઘોડો એક મિત્રની ગરજ સારે છે.

——(૦)——

ગાય.

૧. ગાય. ૨. જીવતી ગાય ઘણી ઉપયોગી છે. ૩. ગાય મરી ગયા પછી પણ ઉપયોગી છે. ૪. બોધ.

૧. ગાય એ ઘણું ગરીબ પ્રાણી છે.

ગાય ગરીબ પ્રાણી છે. આપણે તેની પાસે જઇએ, તેને અડકીએ તો તે આપણને મારતી નથી. તેની પાસે જવાની છોકરાં પણ હીંમત ધરે છે. કેટલીક ગાય મારકણી હોય છે, પરન્તુ સાધારણ રીતે બધી ગાયો ઘણાજ ગરીબ સ્વભાવની હોય છે. કોઇ ઘણુંજ નમ્ર હોય છે, તો તે ગરીબ ગાય જેવું છે તેમ કહેવામાં આવે છે.

૨. જીવતી ગાય ઘણી ઉપયોગી છે.

ગાય દૂધ આપે છે. દૂધમાંથી દહીં, માંખણ, ઘી, છાસ, વગેરે મળે છે. વળી ગાયનું દૂધ ઘણુંજ પુષ્ટિકારક અને હલકું ગણાય છે. હિન્દુ લોકો જૂના કાળથી ગાયને પવિત્ર ગણતા આવ્યા છે. તેનું મૂત્ર પણ અમુક જાતના રોગ ઉપર વપરાય છે. તેના છાણનાં છાણાં બાળવાના કામમાં આવે છે. છાણ લીંપવામાં વપરાય છે. આટલું બધું ઉપયોગી અને ગરીબ પ્રાણી પવિત્ર મનાય તેમાં શી નવાઇ ?

૩. ગાય મરી ગયા પછી પણ ઉપયોગી છે.

મરી ગયલી ગાય પણ આપણા ઉપર પરોપકાર કરે છે. ગાયનાં ચામડાંને કેળવી ઉત્તમ જાતનાં ચામડાં બનાવી શકાય છે. ગાયની ખરી અને શીંગડાંને ઉકાળી તેમાંથી સરેશ બનાવવામાં આવે છે.

હાડકાં, ખાતર તરીકે અને ખાંડ સાફ કરવામાં વપરાય છે. શીંગડાંના પાતળા કટકા કરી તેમાંથી કાંસકી, ચપ્પુના હાથા, વગેરે બનાવવામાં આવે છે. ગાયના વાળ પણ 'ટારફ઼લૉથ' બનાવવામાં વપરાય છે.

૪. બોધ.

ગાયને મારવી કે મારી નાંખવી નહિ. તે ઘણું ઉપયોગી અને ગરીબ પ્રાણી છે. તેવા મુંગા પ્રાણી ઉપર આપણે દયા રાખવી જોઇએ, અને તેને જોઇતો ખોરાક પૂરો પાડી તેની સંભાળ લેવી જોઇએ.

કુતરો.

૧. કુતરાની જાતો. અવયવો અને તેમાં જોવામાં આવતા તફાવત. ૨. ખાસયત. ૩. ઉપયોગ, ગુણ, વગેરે. ૪. જાત પ્રમાણે ઉપયોગ; શિકારી કુતરા, પાણીમાં તરનારા, અને રખવાળ કુતરા.

૧. કુતરાની જાતો. અવયવો અને તેમાં જોવામાં આવતા તફાવત.

કુતરાની ઘણી જાતો થાય છે. કેટલાક ઘણા નાના અને કેટલાક ઘણા જબરા થાય છે. તેઓના રંગમાં પણ ફેર જોવામાં આવે છે. ધોળા, કાળા, બદામી રંગના, એવા અનેક રંગના કુતરા થાય છે. કેટલાકનાં મોં ઘણાં પહોળાં અને મોટાં હોય છે. કેટલાકનાં ઘણાં લાંબાં અને નાજુક હોય છે. કાનમાં પણ તફાવત જોવામાં આવે છે. ઘણી ખરી જાતોના કાન લબડતા હોય છે, પરન્તુ કેટલીક જાતોમાં તે સીધા પણ હોય છે. કેટલીક જાતોમાં શરીર અને પૂંછડી ઉપર વાળના ગુચ્છા હોય છે, અને કેટલીક જાતોમાં બધે આછા વાળ હોય છે.

પૂંછડીની લંબાઇમાં પણ તફાવત જોવામાં આવે છે. કેટલીક ઘણી લાંબી તો કેટલીક બહુ ટૂંકી હોય છે.

ખાસયત.

કુતરાં પૂંછડી હલાવી પોતાની ખુશી દર્શાવેછે. બીકથી પૂંછડીને પાછલા બે પગવચ્ચે ઘાલી દે છે. ભૂલથી કંઇ ન કરવા જેવું કરે છે, અને

તેને ઠપકો આપવામાં આવે છે, તો તે માથું નીચું ઘાલી છુપાવા કરે છે. હુકમ માનવા તૈયાર છે, તેવું બતાવવા તે શેઠના સામું માથું ઉંચું કરી જોઇ રહે છે.

૨. ઉપયોગ, ગુણ, વગેરે.

કુતરાની જુદી જુદી જાત પ્રમાણે તેનો જુદો જુદો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક જાતો શિકાર કરવા માટે સારી ગણાય છે, તો કેટલીક ઘરના કે ખેતરના રક્ષણ કરવા માટે અતિ ઉપયોગી ગણાય છે.

જાત પ્રમાણે ઉપયોગ.

अ. શિકારી કુતરા. કેટલીક જાતો વાસથી શિકારને શોધી કાઢી શકે છે. કેટલાક નજરથી, શિકારને પકડવામાં હોશિઆર હોય છે.

ब. પાણીમાં તરનારા.

ઘણી ખરી જાતો પાણીમાં તરી શકે છે, પરન્તુ ' સ્પૅનીઅલ, અને ન્યુફાઉન્ડલૅન્ડ ' આ જાતો તરવામાં વધારે હોશિઆર ગણાય છે. આ કુતરા ડૂબતા માણસને બચાવી લેવાના કામમાં બહુ ઉપયોગી છે.

क. રખવાળ કુતરા.

આ જાતના કુતરા ભરવાડ, ખેડૂત તેમજ ગૃહસ્થ લોકો રાખે છે. બકરાં અને ઘેટાનાં મોટાં મોટાં ટોળાંની આ કુતરા સંભાળ રાખે છે, અને ચોરાઇ જવા દેતા નથી. ગૃહસ્થો પણ આવા કુતરા પાળે છે. તે રાત્રે જાગી ઘરમાં કીંમતી માલની ચોરી થતાં અટકાવે છે. તેઓ ઘણા જાગતા રહે છે, અને તેના કાન તીવ્ર હોવાથી જરા ખડખડાટ થવાથી જાગી ઉઠી ભસવા લાગે છે. ચોર કે અજાણ્યા માણસને ફાડી ખાધા વિના મૂકતા નથી.

કુતરાઓ બુદ્ધિમાં કંઇ કમ હોતા નથી. કુતરાએ ઘંટ વગાડી રોટલો ખાધો હતો, તે વાત ઘણાના જાણવામાં હશે. તે ઘણા નીમકહલાલ હોય છે, કારણ કે ચોર તેને લોભાવવા ખાવાનું નાંખે છે, તો પણ તેઓ

તેવી તુચ્છ લાલચની દરકાર કર્યા વિના ભસ્યાં કરે છે. તેની અનુકરણ કરવાની અને શેઠનો હુકમ માનવાની શક્તિ જબર છે. કુતરાઓને કેળવવાથી મોંમાં તેઓ છત્રી, ફાનસ, વગેરે લઇને આપણી સાથે સાથે આવે છે. હુકમ સાંભળી તરતજ દોડી આવે છે, અને દડો, વગેરે ફેંકી પાછો લાવવાનું કહેવાથી તેને તરત મોંમાં ઉપાડી લાવે છે. સુંઘવાની તીવ્ર શક્તિને લીધે તેઓ બરફમાં દટાઈ ગયલા માણસોનો પ્રાણ બચાવવાના કામમાં ઘણા ઉપયોગી થઈ પડે છે.

આપણા લોકો કરતાં ઇંગ્રેજલોકોને ઘોડા અને કુતરાં પાળવાનો વિશેષ શોખ હોય છે. તેઓ તેની ઘણીજ સંભાળ રાખેછે, અને તેઓની પાસેથી કામ પણ તેવુંજ લે છે. આવાં ઉપયોગી માયાળુ, અને નીમકહલાલ પ્રાણીઓને પાળવાનું કોને મન ન થાય ?

વિભાગ ૩.

નિબંધમાં લાગુ પાડી શકાય તેવા ઉપયોગી ગુજરાતી ઉતારા.

વરસાદના દિવસો.

* * *

જુઓ વાદળાં આમથી તેમ દોડે,
મળે કોઇ તો એક બીજાની જોડે;
દિસે જાણિએ ફોજનાં જૂથ જાય,
રૂઠયો ગ્રીષ્મની ઉપરે મેહરાય.

* * *

કરે આભમાં વીજળી ચમ્મકારા,
ઝબૂકે ઘણી જાણીએ શસ્ત્ર ધારા;
થયા આભમાં કાટકાના કડાકા,
દિસે જાણિએ તોપના તે ધડાકા.
ઉઠી મેઘની ગર્જના ત્યાં નિશંકા,
દિધા જાણિએ નોબતે ધાવ ડંકા;
ધ્વનીનો[1] વળી અર્થ એવો ઠરે છે,
મહા મેઘરાજા મુખે ઉચરે છે.

* * *

ગમત કરીને ગાય છે, ગુણીજન રાગ મલાર,
જાણે સિંધુ રાગ તે, ગાય યુદ્ધ મોઝાર.
ખેડુજનો વાવણિયો કરે છે,
વિશેષ આશા ઉરમાં ધરે છે;
જે સ્વર્ગ મદ્ધે[2] સુખને ચહે છે,

---

૧. ધ્વનિ. ૨. મધ્યે.

તે જેમ અન્નાદિક દાન દે છે.
છાઇ ધરા નીલે તૃણે, ઘન છાયો આકાશ;
સુખકારી સહુ લોકને, સુંદર શ્રાવણમાસ.

*   *   *

રહ્યા છોડ લીલા બધે ઠામ જામી,
વધી જાણીએ તે પ્રજા સૂખ પામી.
બધું વિશ્વતો નીરથી ધોઇ દીધું,
દિસે જાણિએ સૂતકી સાફ કીધું.

*   *   *

ઘણાં ઘાસને છોડ દીધા ઉગાડી,
ધરી જાણિએ ભૂમિએ લીલિ સાડી;
લલા રંગના આ થયા પર્વતો છે,
લિલી કાંચળી જેમ ઢાંક્યાં સ્તનો છે.

*   *   *

દલપતરામ

તૈયારી છે ચુપ ચુપ કહે કાગડાઓ નકીબ,
સંધું દીસે પવન ન હિલે, શાંત રડૂં ગભીર;
શોભા વર્ણું શું હું ઝટ પછી મેઘ રાજા પધાર્યા,
વૃક્ષાદીએ[1] હરખથિ નમી, સ્વસ્તિ શબ્દો પુકાર્યા.
કેવો થંડો પવન અતિસેં જોરમાં આવતો રે,
ઓ આ આવી ઝડપથિ બહુ વાદળી કાળિ જોરે;
આહા કેવું પડું પડું કરે ઘોર આકાશ ભારે,
ઓહોઃ આવ્યો ખુબ તુટિ પડયો મેઘ મોટીજ ધારે.
ચારે પાસે વિજળિ ચમકે ઊપરા ઊપરીરે,

૧. વૃક્ષાદિ.

ગાજી રેહે ગરજન થકી રાન આખું વળીરે;
વ્યાઘ્રો સિંહો અતિસ[2] તડુકે ઝાડ મોટાં પડે રે,
જોતાં ત્રાસે પ્રથમ નિકળ્યો તે પ્રવાસી મરેરે.

* * * *

ચાલ્યા જાએ ગડગડ ગડી આ ભડાકા કડાકા,
વીજે ચળકે જળ ખુબ પડે વાયુ લેતા તડાકા;
વાંસો ફૂટે તડતડ કરી રાન થાએ કરાળ
ઓથો વીના[3] સરતર તટે બુમ પાડે મરાળ.
પહાડે મોરો થન થન કરે સૂર ઊંચું લઇને,
આંબા ડાળે કરતિ ટઉકા ખુબ કોએલડી તે;
દાદૂરો તે સરવર વિષે બોલતા કૂદતા ને,
પીએ તોએ પયપય કરે આકળા ચાતકા તે.
પાણી પાણી સકળ વનની કુંજ માંહે મચે ને,
પ્હાડી ભૂમી[4] ચકચક બને સાફ ધોવાઇનેરે;
થંડી મીઠી અનુકુલ[5] હવા થાય તાંહાં પછીરે,
દર્દો જાએ દરિદ્ર જનનાં રમ્ય પાણી હવાએ.
ખેડુ લોકો શરિર ભિજવી ખેતરે કામ કર્તા,
જેને થાએ શરદિ ગરમી થોડિરે અન્ય કર્તાં.
આહા જોતા બહુ નવનવા રંગના જીવજંતો,
થાએ ડાહ્યો સમજણથકી જીવ મારો નચંતો;
પ્હાડો લાગે રમણિય[6] બહુ છેક જંગાલિ લીલા,
કોઇ ભૂરા ધુમર થકિ તો કોઇ આછાજ લીલા;
ઊંચે જોઊં પરવત[7] ચડી તો ઘણાં અભ્ર રંગી;

૨. અતિશય. ૩. વિના. ૪. ભૂમિ. ૫. અનુકૂલ. ૬. રમણીય.
૭. પર્વત.

નીચે જોઊ ભરપુર ખુલ્યાં ઝાડનાં ઝુંડ રંગી.
આડો જાતો બહુ પવનથી મેઘ ઊંચેથિ જોવો,
એતો લાગે ધુળ ઉડિ રહી વા દિસે ધૂમ્ર ગોટો;
સિંધુ પ્હાડો તરૂ નભ સહૂ એક રંગે મળ્યાંરે,
માટી રાતિ ભિનિ ભિનિ અને ઘાસ લીલાં ભિનાંરે.

ઊંચે તર્તાં વિધવિધ કહું શોભતાં વાદળાંઓ,
આકારે જે તરૂ પશુ જિવો પંખિ જેવાં ઘણાંગો;
કાંણુંવાળા ધું ધું ધું ધું ધું ધૂં વાંસ પોલા કરેરે,
તે તો કુંજે પ્રિય કરણને ખુબ લાગે ખરેરે,
કોકો ઠામે ડુંગરપરથી ધોધ મોટા પડેરે;
જેમાં રુડા સુરજ કિરણે રંગ ઝાઝા બનેરે.
એને જોતાં અચરત થઇ કાંન તૂને સીવુંરે,
ઘો ઘો ઘો ઘો મધુર સુણતાં કાં ન લ્હેરે સુઊરે.

વ્હાણે સાંજે રૂડું ધનુષ જે આસમાને જણાએ,
જોતાં તેને નિરભયતરે[૮] કો ન આનંદ માંહે;
થાએ જોતાં નદિ[૯] ભરપુરી કેમના મંન મોટૂં.
સૂણે પાણી ખળખળ થતૂં કેમ ના સ્હેજ લોટૂં,
હોડી ચાલે છર છર કરી કાપતી પાણિને તે;
ખેંચી બાંધ્યા પવનથકિ તોય ફૂલે સડો તે.

ભારાવાળી નમિ રહિ જુઓ, બાજુ પાણી ભણીરે,
સંધ્યાકાળે તટ નિરખવૂં, મોજ આહા ઘણીરે;
શોભે કેવાં બહુ ખડ અને ધાન્ય તે ખેતરોમાં,
ઝાડો લીલાં વિવિધ ફુલડાં વંન ને વાડિઓમાં,
મીઠાં ખાસાં સરવ તણાં નીરતો નિર્મળાં ને;

૮. નિર્ભય. ૯. નદી.

મેદાનોમાં હરણ બકરાં ગાય ઘેટાં ચરેરે.
આકાશે તો ચકચક થતો શ્વેત વાગો સજ્યોરે,
તારાઓ જે મુઝઈ રડતા શોક તેણે તજ્યોરે;
પીડાતો તે અતિસ કમળો ચંદ્ર સારો થયોને,
પાવા માંડી ફરિ મિઠિ સુધા, ધન્ય તેણે સહુને,

* * *

નર્મદાશંકર.

ચોમાસાના દિવસમાં આગગાડીની મુસાફરી.

* * *

હદ પેલિગમ, બે પાસે છે, રૂડાં ખેતર,
જે ચોમાસે, લીલે ઘાસે, લીલે ઝાડે, વાયુ લ્હેરમાં,
રમ્યજ લાગે, વળી પર્વતો, લિલોતરીથી, ભરેલ સુંદર,
પણ જ્યારે જુથ, નદિ દરિયાપર, પૂલોપરથી, આવતારે,
શોભા અનુપમ, વિશેષ વર્ણૂ ચોમાસામાં, ભરપૂર પાણી,
રગડો રાતો, થંડું ભારી, ખુબ વિસ્તારો, ચાદર રૂપે,
દેખાયે ને દોડે જબ્બર, રૂમઝુમ રૂમઝુમ, મેહુલો વરસે,
પર્વત ભૂરા, જણાય સારા, મીઠો લાગે શબ્દ પાણિનો,

* * *

નર્મદાશંકર.

સાગર.

રે સિંધુ શ્રેષ્ટપણુનો શિદ ગર્વ લાવે,
તારા સમાન બહુ આ મનમાં સમાવે;
જો શ્રેષ્ટ તે મન થકી જગમાં જણાય,
આકાશ કાળ કદિયે મનમાં ન માય.

રે સિંધુ શ્રેષ્ઠ મહિમા પરિપૂર્ણ પામ્યો,
રોકી વિશેષ વસુધા જગ મધ્ય જામ્યો;
પામે પિવા ન જળ આશ્રય પામિ તારો,
કૂવો કનિષ્ઠ સરખો પણ તુથિ સારો.

*　　　*　　　*

સિંધુ થકી સરસ માલ મિઠાઈ આવે,
કોઇ સમે ઉદધિ તો રિપુ ફોજ લાવે;
તે જેમ સર્વ જનને સુખ મૂળ રાય,
કોઇ સમે નૃપતિથીજ પ્રજા લુટાય.

દલપતરામ.

સિંધૂ[૧] કરેછે બહુ ઘૂઘવાટ, તરંગ આવી અથડાય ઘાટ;
જાણે જવાને રણશૂર ત્રાડે, પૃથ્વી વિષે હાથ પૂરા પછાડે.
ઘણાં ફરે ત્યાં તટ ગાડિ ઘોડાં, શોખીજનોનાં વિચરે સજોડાં;
જાણે જવા મંડપ માર્ગ ઝાલ્યો વિવા[૨] વિષે સાજન સાથ. ચાલ્યો.

\+　　　\+　　　\+

દલપતરામ.

ઉદ્યમ.

સૂરજ ચંદ્ર નવે ગ્રહો, દાનવ દેવ અનેક;
કર્મ ઉપર કો નવ રહે, જૂઓ કરી વિવેક.

શામળ.

કલ્પવૃક્ષ કાને સુણ્યું, આપે ઇચ્છિત ભોગ;
મેં મનમાં નિશ્ચય કર્યો, કલ્પવૃક્ષ ઉદ્યોગ. ૧
ઉપજે સુખ ઉદ્યોગથી, સુધરે વળી સ્વદેશ;
એ માટે ઉદ્યોગની, હીમત ધરો હમેશ. ૨

---

૧. સિંધુ. ૨. વિવાહ.

ઈશ્વર પણ ઉદ્યોગિને, દેછે બક્ષિશ દાન;
આ અવસર યૂરોપના, લોકજ ચડે વિમાન.

*　　*　　*

જનશ્રમ ને ઈશ્વર કૃપા સદૈવ જોઇએ સાથ;
ખેતર વાવે શ્રમ કરી, ઉગાડવું હરિ હાથ.

×　　×　　×

ન ખણાય કુવો ક્ષણમાં ખણતાંજ,
ખણાય કુવો ખણતાં ખણતાં;
ન ચણાય હવેલી પુરી પળમાંજ,
ચણાય પુરી ચણતાં ચણતાં;
ન વણાય પુરૂ પટ તો પળમાંજ,
વણાય પુરૂ વણતાં વણતાં;
ન ભણાય ઘણું દિનમાં દલપત,
ભણાય ઘણું ભણતાં ભણતાં.

દલપતરામ.

કરી ભરૂસો કર્મનો, કહે થશે થાનાર,
આપ તજે ઉદ્યોગને, એ પણ એક ગમાર.

×　　×　　×

દલપતરામ.

ઉજળું એટલું દૂધ નહિ.

અતિ રૂડાં ઇંદ્રવારણા, લે લક્ષણ સૌ લોક,
કોઇ રસ ચાખે નહિ, ફળ્યાં ફળો તે ફોક;
જે મોતી ઝાકળ તણાં, વારૂ દીસતાં વાન,
નાક ન પેરે નારિયો[1], કુંડળ થાય ન કાન.

શામળ.

---

૧. નારી.

અતિ લોભ તે પાપનું મૂળ.

કૃપણ મૂર્ખના કર વિશે, પૈસા પુસ્તક જાય,
પંપાળે પાસે લઇ, એ ઉપયોગિ[1] ન થાય.
સિંહ મુછ મણિધરમણી[2], સતિતન[3] કંજુસ આથ[4],
ચડે ચાર એ એટલાં, પ્રાણ ગયે પર હાથ.
લે લૂટી ધન કૃપણનું, કાં રાજા કાં ચોર;
ખંખેરાએ ખાસડે, બોરડી કેરાં બોર.
કંજુસ કેરૂં કાળજું કાળો પથ્થર કોય;
જુગ આખો જળમાં રહે, પણ પિગળીત ન હોય.

× × ×

દલપતરામ.

* • * *

ખમે લોભિયો દ્રવ્યની ભીડ ભારી.
ભમે લોભિયો નિત્ય થૈને ભિખારી;
પડ્યા હોય જો લાખ નાણાં પટારે,
અરે લોભનો થોભ રાખો લગારે.

× + +

છત ઝાઝી ઘરમાં છતાં, નામ ધરે નાદાર,
કૃપણપણું પોતે કરે, એ પણ એક ગમાર.

× × ×

લોભે લાજ ઘટે ઘણી, લોભે પ્રભુ પ્રતિકૂળ;
લોભે લક્ષણ જાય છે, લોભ પાપનું મૂળ.

× × ×

ઘણા લોભથી સભ્યતા સદ્ય તૂટે,
ઘણા લોભથી મિત્રતા છેક છૂટે;

૧. ઉપયોગી. ૨. મણિ. ૩. સતી. ૪. મૂડી.

ઘણા લોભથી ધર્મને દૂર ધારે,
અરે લોભનો થોભ રાખો લગારે.

× × ×

અતી[1] લોભિયાને ઠગારા ઠગે છે,
અતી લોભિયા ફંદમાંહી ફગે છે;
અતી લોભિયા કષ્ટને છે કિનારે,
અરે લોભનો થોભ રાખો લગારે.

× × ×

દલપતરામ.

કરે તેવું પામે.

જો સુખ ઇચ્છો જગતમાં કરો સદા શુભ કામ;
એ શીખામણુ અહરનિશ, દે છે દલપતરામ.
સરસું કરતાં વાર બહુ, નરસું તરત કરાય;
સાકર ગંધક તેલથી, તરત કોયલો થાય.
જેવા તેવા નર કહે, તે નવ કરિયે કામ;
જે વાતે વાનર કહે, તે નવ કરિયે કામ.
સારૂં નરસું કામ કરિ,[2] પછી જુઓ પરિણામ;
વિખ અમ્રત વાવી જુઓ, દાખે દલપતરામ.
દાણા વેચનાર દાણા સંઘરી દુકાળ માગે,
દેખાશે દુકાળ એવા દાણા વેચનારને;
બીજાને બુડાડવાને ખરેખાત ખોદે ખાડ;
જણાશે જોખમ એવી ખાડ ખોદનારને.
કોઇકને કષ્ટ દેવા રસ્તા વચ્ચે કાંટાવેરે,
વાગશે વિશેશ[3] કાંટા કાંટા વેરનારને.

---

૧. અતિ. ૨. કરી. ૩. વિશેષ.

ભલું સૌનું ઇચ્છશે, તેનું તો ભાઇ ભલું થશે.
બુરૂં થશે બીજાઓનું બુરૂં ઇચ્છનારને.

* * *

દલપતરામ.

‘ ભેંશ આગળ ભાગવત ’

સુંદર તો પણ શા ઉપયોગનિ,[1]
અંધની આગળ આરશી લાવ્યો;
જો ગજરાજ દીસે અતિ ઉત્તમ,
નિર્ધનને ઉપયોગ ન આવ્યો;
મર્કટ કંઠ ધર્યો મણિહાર,
અહાર ગણી અતિ દૂર ઉડાવ્યો;
કાવ્ય કળા કહી મૂરખ પાસ;
બધીરની આગળ શંખ બજાવ્યો.

દલપતરામ.

* * *

હાથી સસ્તો હોય પણ, કામ કશું કુંભાર;
મૂલ કશું તે માણશે, ભરે ગર્ધવે ભાર.
નૌતમ નાગર વેલડી, પરઠે જેનાં પાન,
ઉંટ બિચારો શું કરે, ચરે થોરિયા રાન.

* * *

નામરૂપે નવરાચિયે, જો ગુણ હીણો હોય;
કનક નામ ધંતૂરનું, કડાં ન પહેરે કોય.

* * *

શામળ.

---

[1] ઉપયોગની.

હીંમતે મર્દાં તો મદદે ખુદા.

હિમત જો હોય તો હરેક કામ કરી શકે,
હિમતથી વાઘ વડા હાથીને વિદારે છે;
હિમતથી નારી પણ હથિયાર હાથ ગ્રહી,
મહાવન માંહી મોટા મરદને મારે છે;

*   *   *

દલપતરામ.

સ્વદેશાભિમાન.

મળી રહે છે ખગ એક માળે,
કરે સહુ સંપજ કષ્ટ કાળે;
તમે બધા તેમજ પક્ષ તાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧

કહું કથા શી મધમાંખિ[1] કેરી
ઘરો બનાવે મળિને ઘણેરી;
વિચારિને વાત તમે વખાણો;
અરે, ... ૨

વનેચરો જે વનમાં વસે છે,
હળી મળી શત્રુ સમા ધસે છે;
સ્વજાતિમાં સંપ રહે રચાણો,
અરે, ... ૩

*   *   *

સ્વદેશનું સર્વ પ્રકાર સારૂં,
તમે કરો તે ગણિને તમારૂં;

---

૧. મધમાખી.

જરૂર એમાં જન ધર્મ જાણો
અરે, ... ૪

* * *

પિપીલિકા સંપ કદી કરે છે,
મહા અહીનો[1] પણ પ્રાણ લે છે;
ભલે અહીં હોય બળે ભરાણો,
અરે ૫

દલપતરામ.

રાજભક્તિ.

ખરા ઠરેલ કાયદા ઉમંગ લાવિ[2] પાળતી,
કહેલું સાનમાં લહી ખસૂસ જે બજાવતી;
સ્વદેશનાભિમાનથી ફિતૂર બંડ ના કરે,
પ્રજા સજાત જાણવી સુરાજભક્તિ આચરે.

* * *

વિયોગ રાયદીપનો સહે નહી કદી ખરે,
મુયેલવત્ પડી રહે પતંગ દીવસે અરે;
સુદીપ દેખતાંજ ઝંપલાવી તેલમાં પડે,
પ્રજા સજાત રાજભક્તિ અર્પિ આપ પ્રાણ દે.

× × ×

નર્મદાશંકર.

ક્રોધ.

ક્રોધ કરે ચિત્ત માંહિ[3] ચડાઇ, લડાઇ ન ધારિ[4] શકેજ ઉધારે;
વ્યર્થ સમર્થથી વેર વધારી, અનર્થ કરે નહિ અર્થ સુધારે:

---

૧. અહિ. ૨. લાવી. ૩. માંહી. ૨. ધારી.

પાપ અને પરિતાપ અમાપ પ્રકાશિ,[1] કરી પછી આપ પધારે,
ક્રોધ કુબોધ કરે દલપત્ત, કહે વળે ક્રોધ વિરોધ વધારે.

\+ + +

મગજ જેહનું પવન વશ, તેનો શો વિશ્વાસ:
પવન કદી વૃષ્ટી[2] કરે, કદિ વૃષ્ટીનો નાશ.

* * *

ચડે સમે જોસમાં તે શું ન કરિયે તાણ;
શિખ દેતાં [3]શેઠાણિને, મેનાના ગત પ્રાણ.
યોગ્ય રિતે[4] ઉપયોગથી, દુર્ગુણ પણ વખણાય;
કરિયે ક્રોધ અસત્યપર, તો તે ગુણ કહેવાય.

દલપતરામ.

સત્ય.

× + +

જુઠાનો જરૂર જુઓ જગમાંથી જસ જાય,
જીવ્યો તે નજીવ્યો જેને જણ જાણે જૂઠો છે;
જુઠું બોલી જગતને સમજાવે જેમ તેમ,
આ લોકમાં એવું જાણો એનો દીન ઉઠયો છે;
જુઠું બોલી જાણે તુષ્ટમાન કરી માન પામું,
ત્રિભુવનમાંહિ કહો તેને કોણ ત્રુઠયો છે;
જુઠાબોલો જન ચોર ઢોર કે હરામખોર,
કહે દલપતરામ એને રામ રૂઠયો છે.
થોડા જનો ઠગાય પણ, પ્રસિદ્ધ જ્યાં તે થાય;
લક્કડના લાડુ પછી કોઇ ન લેવા જાય.

દલપતરામ.

---

૧. પ્રકાશી. ૨. વૃષ્ટિ. ૩. શેઠાણી. ૪. રીતે.

સઘળું કરવું સોહલું, જપ તપ તીરથ દાન,
સત્ય પાળવું દોહિલું, સત્યે મોટું માન.

× + +

જનની જઠરે જન્મિને, કાં નર કે કાં નાર,
સત્ય રાખે પોતા તણું, તે જીતે સંસાર.

× + ×

શામળ.

સત્ય દીપકે નાસશે અંધારૂં અજ્ઞાન;
સાર તત્વ મળિ આવશે, જેથી સૂખ[1] નિદાન.
સત્ય દીપકે સૂઝશે, સેઝે સારાસાર;
સાર થકી સંતોષ વધે, બધે દેશ જયકાર.
સત્ય દીપકે મરિ જશે, પતંગ રૂપી વ્હેમ;
તમ અજ્ઞાન વળી ખશે, થશે જ્ઞાનથી ક્ષેમ.

નર્મદાશંકર.

પરોપકાર.

નિરધનિ[2] જન સામૂં, જોય જે રીતથીરે,
તન મન ધનથી જે, પાળવે પ્રીતથીરે;
બહુ પરઉપકારે, મોખરે થાય છેરે,
અનુપ સુખડું સાંચી, સ્વર્ગે જાય છેરે.

નર્મદાશંકર.

---

૧. સુખ. ૨. નિર્ધન.

રાખી દયા રદય[1] વિષે, કરો લોક ઉપકાર,
ઉત્તમ કારજ એજ છે, સર્વ ધર્મનો સાર;
બધા ધર્મનો સારમાં સાર એ છે,
કથા વારતા ગ્રંથકારો કહે છે;
શિખી સાંભળીને જુઓ શબ્દ સાંખી,
બનો ઉપકારી દયા દીલ રાખી.

\+ + +

દુખ દેખિ[2] દિલ ધરિ[3] દયા, દેવું સુખનું દાન,
તનમન ધન તે કારણે, કરો સકળ કુરબાન;
કરો સર્વ કુર્બાનને કષ્ટ કાપો,
નિરાશ્રીતને[4] આશરો નિત્ય આપો;
રૂડા જન્મનો સારમાં સાર લેખી,
દયા રાખજો દીલમાં દુઃખિ[5] દેખી.

* * *

એજ વિચાર ઘણો વડો, એજ વડો આચાર;
માણસ માત્રે મન ધરી, કરવો પરોપકાર.
પરમેશ્વરને પામવા, ઇચ્છો પ્રેમ અપાર;
નેહ ધરી નર નારિયો, કરો શુભ ઉપકાર.
જપ તપ તીરથ વ્રત નિયમ, સૌ સાધારણ ધર્મ;
પરોપકાર કરો સદા, એજ ધર્મનો મર્મ.
લાયક આશિષ લોકની, વિશેષ જાય ન વ્યર્થ;
આશિષ ઓષડ ફારશી, એક શબ્દનો અર્થ.

* * *

---

૧. હ્રદય. ૨. દેખી. ૩. ધરી. ૪ નિરાશ્રિત. ૫. દુઃખી.

ભગવાન લૂખી ભક્તિથી રીઝે નહિ રજ માત્ર તે,
પણ ભક્તિપર ઉપકાર સાથે થાય પ્રભુ પ્રિય પાત્ર તે;
તે વગર વાદવિવાદ કીધા કામ તેથી શું સર્યું,
શી રીત ઇશ્વર રીઝશે તેં સારૂ કોનું શું કર્યું.

દલપતરામ.

ઇર્ષ્યા.

*　　*　　*

અદેખાને ઉપદ્રવ કરે નહિ, કોય તોય,
અદેખાનું શરીર સ્વભાવથી સુકાય છે;
સુણો રૂડા રાજહંસ દાખે દલપરામ,
જેમ ફાસફરસ સ્વભાવે બળી જાય છે.

*　　*　　*

કોઇ કહે અતિ ઝેર વિંછીતણા આંકડામાં,
કોઇ કહે તેથી ઘણું સરપના તનમાં,
કોઇ કહે હોય ઝેર હડકાયા કૂતરામાં;
કોઇ કહે હોય ઝેર વેરીના વચનમાં;
કોઇ કહે ઝેર ઘણું રહે રતનાગરમાં,
કોઇ કહે ઝેરતણાં ઝાડ ઝેરી વનમાં,
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
ઝાઝુ ઝેર સૌથી ઝેરી માણસના મનમાં,

×　　×　　×

અદેખા તણી આંખમાં કમળા કેરો રોગ,
પીળું દેખે પરવિશે, રોગતણે સંજોગ.
પડતી ઇચ્છે પરતણી, ચડતી આપ ચહાય;
પણ પાપી શું કરિ શકે, ધાર્યું ધણીનું થાય.

×　　×　　×

પરંતુ બિગાડતાં પડે, જોખમ આપ જરૂર,
પ્રજાળતાં 'શિવપુત્રને'[1] પ્રજાળ્યું લંકાપૂર.

× × ×

દલપતરામ.

અભિમાન.

સદા જોબનિયૂં કોનૂં અહીં, રૂપરંગ નિત કોનાં અહીં,
કોનિ ચપળતા રોજે રહી, કોનિ મધુરતા રોજે રહી.
ફુટડું થાયે છે કદરૂપ, ગબરૂ ગાલે પડતા કૂપ,
રૂપ રંગનાં શાં અભિમાન, ખરે ખિલેલાં સાચે માન,
વસ્ત્રાભૂષણવાળી દેહ, તેને બાળી નાખે ચેહ,
આરસિમાં જોયો મુખચંદ, તે ચાડૂં થાયે દુખ કંદ.
મારા સરખો ડાહ્યો નહીં, મારા સરખો પંડિત નહીં,
એમ ગુમાન કરીને ફરે, તે અંતે પસ્તાવો કરે.

× × ×

ભલા ભલા જગમાં છે ભાઇ, તેની સાથે શી સરસાઈ,
શરમાઇ તું નીચૂં જોય, એમાં તારૂં માનજ હોય.

\+ + +

લૂલા પાયાપર શું રેહ, દુનિયામાં શું સ્થાયી કેહ,
ડોળ ઘાલવું છોડી દેય, દાખવ નર્મદ જેવું છેય.

નર્મદાશંકર.

\+ + +

ગુણ તો એક ગણાય નહિ, અવગુણનો અવતાર;
મિથ્યા માન ધરે ઘણું, એ પણ એક ગમાર.

× × ×

---

૧. હનુમાન.

માણસને અભિમાનથી, મળે ન કદિયે માન;
ઉલટું અપમાનજ મળે, નકી ઠરે નાદાન.
અભિમાને દુખ ઉપજે, અભિમાંને જસ જાય;
મિથ્યા અભિમાને કદી, જીવનું જોખમ થાય.

× × ×

જે પામે જન પૂર્ણતા તે ન કદી ફુલાય.
પૂરો ઘટ છલકાય નહિ, અધુરો ઘટ છલકાય.
જો પારકી કીર્તિ પડેજ કાને,
મિઠાશ તેમાં મનથી ન માને;
સ્વકીર્તિનાં ગાયન ગાય ગાજી,
મિથ્યાભિમાની મુરખા[1] મિજાજી.

દલપતરામ.

મિત્ર અને મૈત્રી.

પંડિત મિત્રો મળે, વદે મુખ મધુરી વાણી;
પ્રથમ કરી પરણામ,[2] પાય ગંગાજળ પાણી;
પછિ સોપારી પાન, આપી કુશળતા[3] પૂછે;
કહે પછી કરજોડી, આગમન કારણ શું છે,
કરિ ગ્રાન વાતચિત શાંત થૈ, સ્નેહ સહિત જુદા પડે;
મન મગન રહે મિત્રાઈમાં, પંડિતની પ્રીતી[4]વડે.
મૂરખ મિત્રો મળી ગાળ દઈ ગમત કરશે,
મારી પરસપર લાત, વાતમાં મશ્કરી ધરશે;
મિત્રાચારી મૂળ કેફ પીશે ને પાશે;
ખેલી બાજી ખેલ, લડાલડી કરી ઘેર જાશે.

---

૧. મૂર્ખ. ૨. પ્રણામ. ૩. કુશળતા, ૪. પ્રીતિ.

મુખ મીઠા ને મનમાં કપટ, સ્વારથ લગી સગાઇ છે;
કદિ જોખમકારી જીવને, મૂરખની મિત્રાઇ છે.

+ × +

શીખામણના શબ્દ તે, કહિયે નહિ ખળ સંગ;
પથરે કાદવ ઢાંકતાં, ઉડે છાંટા અંગ.

દુષ્ટ થકી દુર જઇ વશિયે ખશિયે ખળનો પરખી પડછાયો;
હેત નિહાળી થવું નહિ [1]હર્શિત, શું થયું જો ગુણ વર્ણવિ ગાયો;
ગર્ધવની કદિ થાય ન ગાય, ગમાર ભલે જમનાં જળ નાહ્યો;
દુષ્ટની સોબતથી દલપત્ત, નથી જગમાં સુખ કોઇ કમાયો.

દલપતરામ.

જયમ ઓળો દિન વાધતે, ઓછો થાતો જાય,
ત્યમ મિત્રાઈ ખળતણી, વ્હેલી કડવા થાય.
જયમ ઓળો દિન ઊતરે, મોટો થાતો જાય,
ત્યમ મૈત્રી સજ્જન તણી, દહાડી વધતી થાય.

* * *

નર્મદાશંકર.

સુખ દુ:ખોની વાતો બને, નહિ છાનું કંઇ કોની કને;
કોઈનું દિલ જહાં ના રહેવાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
જાત રંગથી જે જે ભેદ, તેથી નહિ કો કોને ખેદ;
જીવ એક ને જુજવી કાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
રાત્ર દિવસ પ્રીતીજ જમાય, મિત્રાચારી ત્યાં કહેવાય.
સ્વાર્થ ન બીજો પ્રીતીવનાં, પ્રીતીવણ છે સહુ અનમનાં (અળખામણાં)
એક વિચારે થાયે કામ, મન વળગેલાં આઠે જામ,
વાએક જહાં નહિ ઊથાપાય, મિત્રાચારી ત્યાં કહેવાય.

---

૧. હર્ષિત.

કરયૂં એકનું સહૂને ગમે, કોના નહીં ભમાવ્યા ભમે;
મિત્રનું ભુંડું ના સંખાય, મિત્રાચારી ત્યાં કહેવાય.
ચ્હડતો સહુ વાતે ભરપૂર, પડતાને ના મૂકે દૂર;
દેખેથી સમિ જાયે લ્હાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
લાલચમાં લપટાએ નહિ, જીવ જતે ના જુદા સહી;
અડિ વેળાએ પ્રાણુ અપાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
દુશ્મન દોડે ચારે પાસ, ના તોડે પ્રીતીનો પાશ;
પ્રેમરસે પણ નીતિ રખાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
જે મ્હોડે ચાવેલાં પાન, કાળાં થાય ન જાતે જાન;
મરણુ સુધી સાચા સોહાય, મિત્રાચારી ત્હાં કહેવાય.
નર્મદ કહે છે સાચે સાચ, સાચી પ્રીતી ને નહિ આંચ;
સાચે ભાવે ઈશ ભજાય, મિત્રાચારી ત્હાં કહેવાય.

નર્મદાશંકર.

જુવાની અને ઘડપણ.

* * *

મર્યાદામાં વૃદ્ધની, આપણુ રહિયે રોજ;
આગળ છોરૂ રાખશે, ભારબોજરે તોજ.

નર્મદાશંકર.

મોત.

* * *

જે કો જાયું તે જશે, કાળ સર્વને ખાય,
સિદ્ધ સાધ કે શાણુપણ, એનો નહિ ઉપાય.

* * *

પંચભૂતનું પૂતળું કાચી કાયા એહ;
જળ જળ માંહિ મળી ગયું, જયમ પરપોટો મેહ.

પૃથ્વીમાંથી નીપજે પૃથ્વીમાંહિ સમાય;
માટીમાં માટી મળે, અચરજ શું કહેવાય.
દુનિયા દેખે ડૂબતી, ડરે નદીલ લગાર;
એમેહ મુઆ, મરવું નથી, અચરજ એજ અપાર.

*   *   *

શામળ.

માથે પ્રાણી માત્રને, મેલે છે પગ મોત;
ભૂતળમાં મરવું ભલું, જે શાબાશી સોત.
મોત ન મેલે કોઇને, ખૂશી ધરો કે ખેદ;
તો દિલગિર દિલ શિદ થવું, ઉરમાં ધરો ઉમેદ.

+   +   +

દલપતરામ.

+   +   +

મરવું માથે મનુષને, અવશ્ય એકજ વાર;
નહિ છોડે તે નાસતાં, કરતાં કોટિ પ્રકાર;
કરતાં કોટિ પ્રકાર, એક દિન નહિ ઉગરિયે,
સનમુખ થઇ શામાટ, મરદ થઇને નહિ મરિયે;
દાખે દલપતરામ, સુજશ મેળવિયે સાથે;
અવશ્ય એકજવાર, મરણ માનવિને માથે.

*   *   *

દલપતરામ.

મુસાફરી.

વિદેશમાં વિચર્યા વિના, પેટ ન પૂર્ણ ભરાય,
પશુઓ પણ [1]પરભાતથી, જંગલ ચરવા જાય.   ૧

ઘેર રહે લક્ષ્મી ઘણી, હોશે કેમ હમેશ;
રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ. ૨
વિદ્યા સદ્દગુણ વિનયતા, હોય ચપળતા હામ;
ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ. ૩
વિદેશમાં વિચર્યા વિના મળે ન મોટું માન;
સમુદ્રમાં વખાણાત શું સીપતણાં સંતાન. ૪
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ;
પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ. ૫
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માનિ ખચીત;
મહા સમુદ્ર મથન કરો, એજ અનાદી[2] રીત. ૬
પ્રયાણ કરી પરદેશમાં, પરવરિ લાંબે પંથ;
કોટિકળા કૌશલ્યના, ગુણિજન લાવો ગ્રંથ. ૭

દલપતરામ.

રીતભાત પરદેશિ,[1] ભણતર બુદ્ધી[2] ચાતુરી,
જાત જાત પેદાશ, જાણિ પ્રવાસી આતુરી;
મુકાબલો નિજ સાથ, કરીને સરસ સ્વીકારે,
સાર વસ્તુના લાભથી, દેશ દેશી સણગારે.
શત વર્ષ શત શ્રમથકિ[3] બની, વસ્તુ આણે સ્હેજમાં,
દેશાટન આનંદકારિ,[4] સ્વદેશ લાવે તેજમાં.

નર્મદાશંકર.

વર્તમાન પત્રો.

વર્તમાનપત્રો થકી સ્વદેશ હિત થાનાર;
પણ જો તેના હોય શુભ, લાયક જન લખનાર. ૧

---

૧. પ્રભાત. ૨. અનાદિ. ૩. ગુણીજન.
૧. પરદેશી. ૨. બુદ્ધિ. ૩. થકી. ૪. આનંદકારી.

ન લખે નિંદા કોઇની, ન લખે જૂઠ વખાણ;
પક્ષપાતથી નવ કરે, કશિયે ખેંચાતાણ.
કડવાં કથન લખે નહિ, દિલ નવ રાખે દ્વેષ:
સગા ગણી સૌ લોકને, દે મધુરો ઉપદેશ.

× × ×

જેમ ભર્યા ઘરમાં નહિ, દિવા[1] વિના દેખાય,
વર્તમાનપત્રો વિના, જગચરચા ન જણાય.
સો પુસ્તક ઇતિહાસનાં, સમાચારનું એક:
તે સમજો સમતુલ્યતા, વાંચો ધરી વિવેક.

* * * *

દલપતરામ.

ગાયન.

હે પુત્રી કુદરતની ભલી! માતા અહો આનંદની!
હે દિવ્ય નારિ! દોરનારી સકળ સૃષ્ટિવૃંદની!
હે વિમળ મધુરા પ્રેમ કેરી હેમ સંયોગી કડી.
હે ગાન! તારી સાનની રે કોણને બુટ્ટી જડી?
પ્રભુતા ખરી તું ઇશની! તારૂં રહસ્ય અગમ્ય છે!
તુજ ભવ્યતા બ્રહ્માંડમાં પૂરી પ્રતાપી રમ્ય છે!
આજ્ઞા ન કોઇ તુજ ઉથાપે, તેજ એવું દૃષ્ટિમાં;
તુજ આંગળીપર નાચતું, રમતું દીસે સૌ સૃષ્ટિમાં:
આ ઉભય રવિને ચંદ્ર તો થઇ લીન ત્હારી લેહમાં,
આકાશમા ઘુમતા ફરે છે નિત્ય નિર્મળ નેહમાં,
તુજ મોહદંડ અદૃશ્ય રહી તે મારિયો એવો અરે,
અગણિત વર્ષ થયાં હજી ફરતા નહિ અટકે ખરે.

---

૧. દીવા.

વળી આ અસંખ્યજ તારલા ને ગ્રહ દીપ નભમાં ફરી,
તે એકતાન બની રમે તુજ ધ્વનિ વિશે લગની ધરી;
નહિ કો ચળે તુજથી સુણે રજની બધી સૌ ચકચકી,
તે તુજ હાલરડાં થકી દિવસે રીઝી સૂએ નકી ! !
રજની વિશે સૌ તારલા એ દેખતાં એકાંતમાં,
તુજ શક્તિ કળવા ઉર તરંગો જાય છે નભ પ્રાંતમાં;
તુજ કાવ્ય પોથીનું થશે શું પાન આ ઉઘાડિયું,
જેમાં પવિત્રજ ઝલકતું ધ્વનિ-ચિત્ર આ તુજ પાડિયું ?
કે તુજ મુખથી કે મધુર ધ્વનિ-બુંદ ઝરતાં ઝડપીને,
તેજસ્વી આ નભમાં જડયાં શું કામદેવે તલપીને ?
એવા તરંગો આવીને આ મુજ હ્રદયને ઉછળાવતા,
હે ગાન ! તો પણ મર્મ તુજ ઉકલવા નહિ ફાવતા !
તેં કૈંક કવિવર જગતમાં ઉપજાવી ઉછેર્યા અરે,
ને તેમના ઉરસ્વર્ગમાં સ્વરધાર તુજ રેડી ખરે;
એ ધારના ઉભરા થકી ઉદ્‌ગાર ફૂટી નીકળ્યા,
જે જગતને તુજ મોહમાં ઘસડી પૂઠે પંથે પળ્યા !
એ સર્વ કવિ રવિને લજાવે નવલદિન રચી એહવો,
હે ગાન ! ઘસડાઈ ગયા તુજ તાણમાં ભવના ભવો !
નહિં પાર પામ્યા કોઇ તુજ, કે પામશે નહિં કો કદી !
બલિહારી ત્હારી એવી ભારી, શું શકે જગ સૌ વદી !
આ જગતમાં દુઃખશોકની નદીઓ ભરાઇ ઉભાય છે,
તેના તરંગો આવી આ મુજ હ્રદયતટ અથડાય છે;
તે વેળ તો હે ગાન ! તુજ ઊંડા ધ્વનિ મુજ કાનમાં;
ઉતરી હઠાવી તરંગ એ, ઉર રીઝવે તુજ તાનમાં.
છે તુજ અલૌકિક શક્તિ એવી, ઠામ ઠામે વ્યાપતી,
તુજ સ્મરણ વિદ્યુત્ માત્ર જનદુઃખતિમિર તોડે કાપતી !

જન આત્મપર તુજ શીતળ છાયા છે સદા પથરાયલી,
તો દેહ બંધ રહી શકે આ આત્મ તુજ આશે ભલી !
રે પારણામાં ઝુલતું બાળક ન જગને જાણતું,
હસવું ગુલાબી હોઠપર દીસે અકારણ આણતું;
તે આત્મ તેનો મધુર ત્હારા સ્વર સુણીને રીઝતો,
કે આશ મધુરી ભાવિ–કેરી તુજ કૃપાથી સિંચતો !
હે ગાન ! તુજ ઝીણા સ્વરો જે આજ નહિ સુણીયે અમે,
તે કોઇ વધુ દીપતા દિને સુણી શું વધુ રસથી શમે.
તુજ ધ્વનિજ અહિંથી માર્ગ અમને સ્વર્ગનો દેખાડશે,
ને ત્યાં સદાય અનંત નિજ રસરેલમાંહિ રમાડશે !
આ સિંધુના ઘોંઘાટમાં કે પવનની મૃદુ ચાલમાં,
ઊંડા અનંતાકાશમાં કે પૃથ્વીમાં પાતાળમાં,
જ્યાં જોઉં ત્યાં હે ગાન ! તુજ અસ્તિત્વ તો મુજને મળે,
સૌ જગતને તું રીઝવે તુજ સર્વવ્યાપકતા બળે !
હે ગાન ! હું આ જગતમાં ભુખ્યો છું તુજ આશીષનો,
તું તો અરે છે સત્ય શ્વાસજ સર્વ–વ્યાપક ઇશનો !
તો તુજ વિના આ સૃષ્ટિ કેરી કાય કયમ નીભી શકે ?
નિશદિન મને તું કરે ઝુલંતો દિવ્ય તારે હીંચકે !
રે તારલા તુજ ધ્વનિ વિશે આ ધ્યાન નિજ પ્રોઇ રહ્યા,
ને એક તાન બની સહુ જયમ લીન આ તુજમાં થયા,
હા, ત્યમ નિમગ્ન રહીજ, હે સ્વર્ગીય ગાન ! તણાઉં હું,
તુજ મધુર ધ્વનિના સ્વપ્નમાં આ જગતથી સરી જાઉં હું !

ખબરદાર. (કાવ્યમાધુર્ય.)

ગાયનથી આનંદ બહુ, સહુ પ્રાણીને થાય,
શોક બ્હીક સંતાય ને, થાક ઊતરી જાય.

ગાયનથી રસ વાધતો, રસ શૃંગાર સુહાય;
વીર ધસે રિપુની તરફ, કરૂણા પણ ઉભરાય.
ગાયનથી થઇ શાંત જન, લ્હેરે ડોલાં ખાય.
કુમળાં બાળક લ્હેરમાં, વ્હેલાં ઊંઘી જાય.
ગાયન અદ્ભુતથી સભા, ચિત્રામણ દેખાય.
પ્રવાસ ને એકાંતમાં, ગાયન મિત્ર ગણાય.

*　　*　　*

હરણ હાથી હય ઉંટ ને, ઘણી જાતના નાગ.
એનાપર તેની અસર, થાયે જાગોજાગ.

\+　　\+　　\+

રાગ જગતનું વશિકરણ[1], ઓળખાણનો માગ.
જીવ શરિર[2] રસ રૂપ તે, મધુર વાદ્ય ને વાગ.
નાદ બ્રહ્મકેરો કદી, લાગે નહિ કંઇ થાગ;
સર્વોપરિ આનંદ એ, સમી જાય સહુ આગ.

નર્મદાશંકર.

દેણું.

અંગ ઉધારે ઉપાડતાં, દિલે ડરજોરે;
લેણદારના થઇએ ગુલામ, કરજ નવ કરજોરે.
સઘળા કથન સાંખવાં પડે, દિલે ડરજોરે;
એથી આબરૂ ખોઇએ આમ. કરજ...
બાણ જેવું તીખું બોલશે, દિલે ડરજોરે;
લોહી બાળીને લઇ જશે પ્રાણ. કરજ...

*　　*　　*

૧. વશીકરણ. ૨. શરીર.

કરજથી કંઈક કુવે પડયા, દિલે ડરજોરે;
આક્રે ખાવાં ઝંખાઇને ઝેર. કરજ...

* * *

વિપને કરજ ખાતાં સોહ્યલું, દિલે ડરજોરે;
અંત્યે અત્યંત ઉપજે ત્રાસ. કરજ...
વિષમ કરજ છે વિષથકી, દિલે ડરજોરે;
પુત્ર પૌત્રને પીડા થાય. કરજ...

* * *

નાદે નાણું વાવરે, આપે બની ઉદાર;
કરજ કર્યાનો ડર નહિ, એ પણ એક ગમાર.

* * *

ઉપજ ખરચના અંકનો, શોધે નહિ સુમાર;
નણ લેખે ધન વાવરે, એ પણ એક ગમાર.

દલપતરામ

વ્યસન.

બળ્યો બળ્યો રેહે સદા, સૂઝે નહિ કંઇ કાજ;
બાળેલા કોઠા વિષે, અફિણુ દારૂનાં રાજ.

× × ×

શરિર[1] બગાડે કેફિજન, અંત તેડતો પાસ;
લૌકિક પરલૌકિક વિના, કેમ બચે યમ પાશ.
સગાં ઇષ્ટ તે કોણુ છે, વળી પારકાં કોણુ;
સમજે નહીં ખુમારિમાં, કેફી ઘેલો ટોણુ.
ઐરી છોરૂ રડિ રહી, ચિથરે ઢાંકે જાત;
પિડિત[2] થઇ ખાવે પિવે, મુકે શીર નિજ હાથ.

---

૧. શરીર. ૨. પીડિત.

માન ન કંઇ સંસારમાં, ફિટ ફિટ કેફી થાય;
ભંગિ, અફિણિ, દારૂડિયો, તુછ નામે બોલાય.
ગુણિજન હોય ભણેલ પણ, સુણે ન તેનૂં કોઇ;
પિધલ પિધલ છાકે ભર્યો, મૂકો હાંકી બોઇ.
નીચ લોક દારૂ પિયે, કામથી આવી સાંજ;
દઇ મુસાર કલાલને, રહે રડવડી પ્યાજ.

+ + +

નર્મદાશંકર.

ગાંજો તજ ગાંજો તારાં ગાતરને ગાંજનાર,
ભાંગ તજ ભાંગ તારૂં ભવન ભમાવશે;
માજમ નહિં રે એતો દૂતી છે મહાજમની,
માજમ તો કદી તને મોતને મેળાવશે;
તાડીને લગાડી આગ, પાસેથી નસાડી મૂક;
તાડી તને કદી ઊંચા તાડથી પડાવશે;
મદિરાનો મેલ સંગ મદિરા તો મહા ભૂંડી,
મદિરા માણસપણું સઘળું મૂકાવશે.

* * *

કેફ ન કરશો કોઇ કદિ, કેફ કલેશનું મૂળ,
જુઓ કેફ કરિ–જાદવે, કર્યું નિકંદન કૂળ.[1]

* * *

કેફી વસ્તુનો ન કરો સંગ, ઉડી વળગશે આવી અંગ;
સાપ કેફને જળની રેલ, તેની સાથે ન કરો ખેલ.

દલપતરામ.

---

૧. કુળ.

જીભને વશ રાખો.

*　　　*　　　*

કથને જનનાં કાળજાં, કાપે જેમ કટાર;
ચતુરપણું ચિતમાં ગણે, એ પણ એક ગમાર.

દલપતરામ.

સંતોષ.

બધા રોષ ને દોષ સંતોષ બાળે,
તથા સુખ દે દેહનાં દુઃખ ટાળે;
નકી તાપ ત્ષ્ણા[1] તણો તે નઠારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો.
જડી જાણ સંતોષની ખાણ જેને,
ત્રિલોકી તણું તો મળ્યું રાજ તેને;
ખરેખાત લાગે બિજો[2] સ્વાદ ખારો,
સદા સર્વથી શુદ્ધ સંતોષ સારો.

*　　　*　　　*

હતો એક જોડા વિના રાંક જેવો,
વિના પાવ તેણે દિઠો[3] એક તેવો;
કહ્યું આ થકી તો ભલો જન્મ મારો,
સદા સર્વથી શ્રેષ્ઠ સંતોષ સારો.

*　　　*　　　*

દલપતરામ.

૧. તૃષ્ણા. ૨. બીજો. ૩. દીઠો.

મોટું મન.

*　　*　　*

સહજ વાતમાં સર્વપર ખોટા રાખે ખાર,
વેર વધારે વિશ્વમાં, એ પણ એક ગમાર.

*　　*　　*

નીચું મન કદિ નવ કરે, તે મોટા કહેવાય,
શત લાંઘણ જો સિંહ કરે, તોય તરણ નવ ખાય.

દલપતરામ.

વૈદ્ય.

*　　*　　*

વાત ન જાણે વૈદની, અનુભવ નહિ આજાર,
વૈદ બની વૈદું કરે, એ પણ એક ગમાર.

\+　　\+　　\+

દલપતરામ.

કસરત.

રહે ને વધે રોજ આરોગ્યતાને,
રહે ને વધે રોજ શે જોર સાને;
ધરી હામ કામો કરે જોરવાળો,
કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો.
વધી હાડકાં માંસને લોહી ઝળકે,
બધી આકૃતી[1] કાંતિ તે પૂરિ ચળકે;

---

૧. આકૃતિ.

ઠરી આંખથી જોય સૌ અંગ ચાળો,
કરી જુક્તિયે... ... ...
ભલે તંનસૂં[1] મંન[2] સંબંધ હોએ,
મળે એક તો બીજું તેવૂંજ જોએ;
ખરી તંનથી મંનની શક્તિ ભાળો,
કરી... ... ...
ચ્હડે થાકતે ઉતરી જાય વ્હેલો,
નડે રાહ તે તો કપાયેજ સેલો;
ટળી કાયરોને બન્યા શૂર ન્હયાળો,
કરી... ... ...
ભરે વીર્યતો સંતતિ સારી થાએ,
ખરે દોરિતો વ્હેલિ ના તૂટિ જાએ;
નરી ચ્હેનમાં રે' નિરોગી સુખાળો,
કરી... ... ...
રૂડી રીતની તાલિમો ખેલવાથી,
ઉડી જાય છે શોક તો દીલમાંથી;
રળીમાં[3] રહ્યો જંન લાગેજ વ્હાલો,
કરી... ... ...
કરી જોર આબાળવૃદ્ધો તમાથી,
હરે ને ફરે રંગમાં ખેતમાથી;
ભલી વાતમાં સજ્જનો ધ્યાન આલો,
કરી... ... ...

નર્મદાશંકર.

---

૧. તન. ૨. મન. ૩. આનંદ.

વિભાગ. ઈ

માની માંદગી સબબ ઘેર જવા માટેની રજાની અરજી.

મહેરબાન પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના
પ્રિન્સિપલ સાહેબ.

નીચે સહી કરનાર અમુક વર્ષના સ્કૉલર ....ની નમ્રતાપૂર્વક અરજ એ છે કે મારાં માતુશ્રી ઘણાં માંદાં છે, અને તેથી મારા પિતાશ્રીએ મને એક અઠવાડીઆની રજા લઇ ઘેર તેડાવ્યો છે, તો મહેરબાની કરી તા. .... થી તા. .... સુધી રજા મંજુર કરવા કૃપાવંત થશોજી. એજ વિનતિ.

તા. .... માસ, વગેરે. આજ્ઞાધીન સેવક

મુ. અમદાવાદ. સ્કૉલર ....

મહેરબાન હાઉસમાસ્તર સાહેબ મારફતે.

વર્ગમાં ગેરહાજર રહેવા માટે કૉલેજના વડા તરફ અરજી.

મે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાહેબ.

મુ. અમદાવાદ

જીનાબમાં નીચે સહી કરનાર અમુક વર્ષના સ્કૉલર .... ની નમ્રતાપૂર્વક અરજ એ છે કે મને ચાર દિવસ થયાં રાત્રે રાત્રે તાવ આવે છે. દવાખાનામાંથી હંમેશાં દવા લઉંછું, પણ તાવ ઉતરતો નથી,

અને આજે મને વિશેષ નબળાઇ જણાય છે, તો મે. કરી બે દિવસ સુધી વર્ગમાં ગેરહાજર રહેવા માટે મંજુરી આપશોજી. એજ વિનતિ.

આજ્ઞાધીન સેવક

તા. .... માસ, વગેરે. સ્કૉલર...............

મે. હાઉસમાસ્તર સાહેબ મારફત.

નબળી તબીઅતને લીધે પરીક્ષામાં નહિ બેસવા માટે કૉલેજના પ્રિન્સિપલને અરજી.

મે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાહેબ,

સાહેબની જીનાબમાં નીચે સહી કરનાર સ્કૉલરની સલામ સાથે નમ્રતાપૂર્વક અરજ એ છે જે હું માંદગીને લીધે મારે વતન ગયો હતો. માંદગી દોઢ મહિના સુધી રહી, તેથી મારી તબીઅત હાલ તદ્દન નબળી થઇ ગઇ છે, અને ઘણી મહેનતે હું થોડું ઘણું ચાલી શકું છું. આ કારણને લીધે આ સાલ મારાથી પરીક્ષામાં બેસી શકાશે નહિ. હું આવતે વર્ષે અમુક વરસમાં ફરીથી દાખલ થવા ખુશી છું, અને આ સાલ પણ મારો નંબર ...... હતો, તો મે. કરી કૉલેજ બંધ થતાં સુધી મારી રજા મંજુર કરવા કૃપાવંત થશોજી. એજ વિનતિ.

આજ્ઞાધીન સેવક

સ્કૉલરનું મુકામ............ સ્કૉલર ....

સ્કૉલરનું સરનામું.

તા. .... વગેરે.

(સરનામું) મે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાહેબને પહોંચે.

મુ. અમદાવાદ.

વર્ગમાં એક કલાક ગેરહાજર રહેવા માટે વર્ગના શિક્ષકની રજા માગવા માટેની અરજી.

મહેરબાન માસ્તર સાહેબ,

સેવામાં સ્કૉલર .... ની નમ્રતાપૂર્વક અરજ એ છે જે આજે મારે ગામથી મારાં સગાં મને મળવાં આવ્યાં છે, તેને માટે મારે ખાવાપીવાનો બંદોબસ્ત કરવાનો છે, તો મને આજે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી એક કલાકની રજા આપવા મહેરબાની કરશોજી.

એજ વિનતિ

તા. .... વગેરે — સેવક

મુ. .... — સ્કૉલર. ....

વધારે રજા મેળવવા કૉલેજના વડા તરફ વિદ્યાર્થીના પિતાનું પત્ર.

નડિઆદ–દેશાઇવગો.

તા. ૧૫ ઑકટોબર ૧૯૦૭

મહેરબાન ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાહેબ,

મુ. અમદાવાદ.

નડિઆદથી પટેલ ભુલાભાઇ લલ્લુભાઇના સાષ્ટાંગ દંડવત્ સ્વીકારશોજી. વિ. વિ. જે ચિ. છોટાલાલને હજુ તાવ ઉતર્યો નથી, અને તેની તબીઅત ઘણી નબળી રહે છે, તેથી તેને હજુ વધારે રજાની જરૂર છે. આપે તા. ૧૫ ઑકટોબર ૧૯૦૭ સુધીની તેની રજા મંજુર કરેલી છે, પણ ડૉકટર સાહેબ કહે છે કે તેને હજુ એક મહિનાની વધારે રજાની જરૂર છે, તો આપ મહેરબાની કરી તા. ૧૬ ઑકટોબર ૧૯૦૭ થી તા. ૧૬ નવેંબર ૧૯૦૭ સુધી તેની રજા મંજુર કરવા મે. કરશોજી. ચિ. છોટાલાલ બીજા વર્ષમાં અભ્યાસ કરે છે, અને તેનો નંબર પાંચમો છે,

તે આપ સાહેબને રોશન થવા લખી જણાવું છું. આપની ખાત્રી માટે આ સાથે ડૉક્ટર સાહેબનું સર્ટિફિકેટ પણ બીડયું છે. એજ વિનતિ.

સેવક

પટેલ ભુલાભાઇ લલ્લુભાઇના

સા. દં. પ્રણામ

સ્વીકારશોજી.

પોતાના ઍસિસ્ટંટને પરીક્ષામાં બેસવા દેવા રજા મેળવવા માટે સ્કૂલના મુખ્ય મહેતાજીની મે. ડે. એ. ઇ. સાહેબ તરફની અરજી.

અમુક વિભાગના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની હજુરમાં

મુ. ....

અમુક ગામના લોકલબોર્ડ નિશાળના મહેતાજી .... ની નમ્રતાપૂર્વક સલામ સેવામાં કબુલ કરશો. વિ. વિ. જે મજકુર સ્કૂલના બીજા ઍસિસ્ટંટ .... ચાલુ સાલમાં અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં પહેલા વરસની પરીક્ષામાં બેસવાની રજા માગે છે. સદરહુ ઍસિસ્ટંટ ગઇ સાલ મંજુરી મેળવી પરીક્ષામાં બેસેલ, પરન્તુ નાપાસ થવાથી આ સાલ ફરીથી પરીક્ષામાં દાખલ થવાની પરવાનગી માગે છે. તેમની ચાલચલગત સારી છે, અને જાતે મહેનતુ પણ છે, તો તેની અરજ રહેમ નીધામાં લઇ મંજુરી આપવા મહેરબાનીની રાહે હુકમ ફરમાવશોજી.

એજ વિનતિ.

આજ્ઞાધીન સેવક

....

મુખ્ય મહેતાજીનો પોતાના ઍસિસ્ટંટ તરફનો રિપૉર્ટ.

ઇજત આસાર ....

સલામ દિગર આ હુકમનો તુમાર લઈ મે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાહેબને તમારે મળવું. એટલે તેઓ સાહેબ તમને પહેલા વર્ષની પરીક્ષામાં દાખલ થવાની રજા આપશે. એજ.

....

તા. .... વગેરે. મહેતાજીની સહી

મુકામ............

ચોરી વિષે ફરીઆદ.

મહેરબાન અમુક તાલુકાના અમુક વર્ગના મૅજીસ્ટ્રેટ સાહેબ.

અરજદાર. ....

નામ.

ઉંમર.

ધંધો.

રહેવાશી.

સામાવાળાનું નામ, વગેરે.

હું ઉપર જણાવેલો અરજદાર .... અરજ ગુજારૂં છું કે સદર .... હું બહારગામ ગયો હતો, ત્યારે મારા ઘરમાંથી મારી જાણ કે પરવાનગી વિના મારી પેટીમાંથી રૂ. ૧૯૯૦ ની કીંમતના દાગીના, અને રૂ. ૨૭૦ રોકડા લઇ ગયો છે. દાગીના તેણે તેના ઘરમાં ચૂલા નીચે દાટેલા છે, એવું ભરૂસેદાર માણસો પાસેથી મારા સાંભળવામાં આવ્યું છે. મારા ઘરમાં તે માણસ કોઇ કોઈ વખત આવતો જતો હતો. તેના ઘરની એકદમ જડતી લેવાથી મુદ્દામાલ પકડાઇ જશે, એવી મારી ખાત્રી છે. તપાસ કરતાં જણાય છે, કે તે માણસને ચોરીના ગુન્હાને

માટે કોર્ટમાં પહેલાં ખડો કરવામાં આવ્યો હતો. તે સાહુકાર નથી, તેમ સાબીત કરવા મારા નીચે આપેલા સાક્ષીઓ છે.

સાક્ષીઓનાં નામ

૧. ....

૨. ....

૩. ...., વગેરે.

તાકીદે તેના ઘરમાં તજવીજ થશે, તોજ માલ હાથ લાગશે; તેને જરા શક જશે તો તે આજ રાત્રે બધો માલ ગમે ત્યાં મૂકી આવશે, માટે અરજદારની અરજ ધ્યાનમાં લઇ આપ મહેરબાન મહેરબાની કરી તેના ઘરની જડતી લેવરાવવા બંદોબસ્ત કરવા હુકમ ફરમાવશોજી.

એજ અરજદાર

....

સહી. દા. પોતે.

મારામારી અને મહાવ્યથાની અરજી.

મહેરબાન અમુક તાલુકાના અમુક વર્ગના મૅજીસ્ટ્રેટ સાહેબ.

હું નીચે સહી કરનાર અરજદાર અરજ ગુજારૂંછું કે અમુક તારીખે હું અને મારો ભાઇ અમુક રસ્તા ઉપરથી અમુક સ્થળે અમુક વખતે જતા હતા, ત્યારે બે પઠાણો અમારી પડખે ચડી વગર વાંકે અમોને ગાળો દેવા લાગ્યા. અમને શા માટે નકામી ગાળો દો છો, એમ અમે કહ્યું એટલામાં પઠાણ જાનમહમદે મને ધક્કો માર્યો એટલે હું નીચે પડી ગયો. હું પડયો એટલે તેણે મારા વાંસા ઉપર લાકડીના ઘા માર્યા જેનાં નિશાન હજુ છે. બીજા પઠાણ અહમદખાંએ મારા ભાઇની ગળચી પકડી તેને હેઠે પટકી પાડયો, અને તેના માથા ઉપર લાકડી વતી માર માર્યો. મારા ભાઇના માથામાં લોહી નીકળવાથી, તેને ઇસ્પીતાલમાં મોકલી દીધો છે. મારામારી વખતે નીચેના સાક્ષી હાજર હતા.

સાક્ષીનાં નામ, ઠેકાણું, વગેરે.

... ...

આ પ્રમાણે મને માર્યાની અને મારા ભાઈને મહાવ્યથા કર્યાની આપ સાહેબની આગળ ફરીઆદ નોંધાવુંછું. એજ અરજ.

અરજદાર.

... ...

ની સહી. સહીઃ દા. પોતે.

ધમકી આપ્યા બાબતની ફરીઆદ.

મહેરબાન અમુક સિટિના ચીફ કૉન્સ્ટેબલ સાહેબ.

મુ... ... ...

તા... ... ...

જીનાબમાં અરજદાર મોજે અમુક તાલુકે અમુકના રહેવાશીની સલામ દિગર અરજ એ છે જે ગઇ કાલે સાંજે ઉસમાનમીઆં અને ખાનીમુલ્લાં નામના પઠાણ મારા ઘરના ઓટલા પાસે આવી મને ઘરમાંથી બોલાવી ધમકી આપવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે આવતી કાલે રૂ. ૫૦૦ નહિ આપે તો તારૂં ખુન કરી નાંખીશું; તો સાહેબ મહેરબાનને અરજ ગુજારવાની જે આ બે પઠાણ તરફથી મને કંઇ ઇજા થાય નહિ, તેમ સુલેહનો ભંગ થાય નહિ તેવો બંદોબસ્ત કરવા મહેરબાની કરશો. આ બંને પઠાણ મારા લતામાંજ રહે છે. તેઓએ ધમકી આપી, એટલે મેં બૂમ પાડી, અને મારા આડોશીપાડોશી દોડી આવ્યા, પણ તેટલામાં તેઓ નાસી ગયા હતા. સાહેબ મહેરબાન, આ બંને પઠાણો એક વખત કેદમાં જઈ આવેલા હરામખોરો છે, તો આપ મારા જેવા ઉપર દયા કરી, અને સુલેહનો ભંગ ન થાય તે ખાતર ઘટતો બંદોબસ્ત કરવા મહેરબાની કરશોજી. એજ અરજ.

અરજદારની સહી.

... ...

કુવો તેમજ તળાવ ખોદાવવા માટે તલાટીનો રિપૉર્ટ.

મહેરબાન મામલતદાર સાહેબ.

તાલુકે. દસક્રોઇ.

સાહેબની જીનાબમાં મોજે વટવા તાલુકે દસક્રોઇના તલાટી શાહ. ચીમનલાલ મણીલાલની નમ્રતાપૂર્વક અરજ એ છે, જે મજકુર ગામમાં પાણીની ઘણી તંગાસ છે, તેથી માણસો અને ઢોરો ઘણાં હેરાન થાય છે. ગામમાં માત્ર એકજ કુવો છે, તેમાંથી લોકો પીવાનું પાણી લે છે, અને ઢોરને પણ તેમાંથીજ કાઢીને પાય છે; પરંતુ તેથી ઘણી હેરાનગતિ ભોગવવી પડે છે; માટે લોકોના સુખને સારૂ અને ઢોરને પાણી પીવા કાજે કુવા તથા તળાવ ખોદાવવાની ઘણી અગત્ય છે, તે આપ આવી મે. કરી તપાસશો તો માલૂમ પડશે. આમ લોકોને પાણીની સગવડ માટે એક વધારે કુવો તેમજ ઢોરના સુખાર્થે તળાવ ખોદાવવાની મંજુરી આપવા આપ કૃપાવંત થશો, જેથી લોકો સુખી થઇ આપને દુવા આપશે. એજ અરજ. તા. ૫-૧૦-૧૯૦૭.

તલાટી. શા. ચીમનલાલ મણીલાલ સહી.

તગાવી આપવા માટેનો રિપૉર્ટ.

મહેરબાન મામલતદાર સાહેબ.

તાલુકે. નડિઆદ.

સાહેબની જીનાબમાં મોજે ભાતેર તાલુકે નડિઆદ જીલ્લે ખેડાના ગામના પટેલ તલાટીની નમ્રતાપૂર્વક અરજ એ છે જે આ સાલે વરસાદની તાણ પુષ્કળ હોવાથી મજકુર ગામમાં નીચે મુજબ ગરીબ માણસોને તગાવી આપવાની જરૂર છે.

નામ.	જાત.	ઉંમર.	ધંધો.	રકમ.	ઉપયોગ.
લલ્લુભાઇ મોતીભાઇ	પટેલ.	૨૦.	ખેતીનો.	રૂ. ૧૫૦	કુવો સુધારવા માટે.
ગેસાભાઇ માધાભાઇ	પટેલ.	૨૦.	,,	૫૦.	કોસ વરત લાવવા માટે.
આજી વહાલા	ધારાળા.	૪૫.	મજુરીનો.	૨૫.	ઢોરને માટે ઘાસ લાવવા સારૂ.
…ાથીઆ પથલા	વાઘરી.	૩૫.	,,	૧૫	ઢોરને માટે ઘાસ લાવવા સારૂ.

ઉપરના માણસો ઘણીજ ગરીબ સ્થિતિના છે, અને પાણી વિના તેઓનું વાવેતર બળી જાય છે, તથા ઘાસ વિના ઢોર ભૂખે મરે છે, માટે તેમને વેળાસર તગાવીના રૂપિઆ મળવા અમારી ભલામણ છે, તે સાહેબ મહેરબાનને વિદિત થાય. એજ અરજ તા. ....

લાલાભાઈ નારણભાઇ પોલીસ પટેલ
મણીલાલ જીવણલાલ તલાટી.

પહેલાં વરસાદની તાણને લીધે અને પછીથી અતિ વૃષ્ટિને લીધે પાક ઉપર થયલી અસરનો રિપૉર્ટ.

મે. દસક્રોઈ તાલુકાના મામલતદાર સાહેબ.

સાહેબની જીનાબમાં મોજે ગીરમથા તાલુકે દસક્રોઇ જીલ્લે અમદાવાદના તલાટી અંબાશંકર પ્રભાશંકર ત્રિવેદીની નમ્રતાપૂર્વક અરજ એ છે જે ચાલુ વર્ષમાં બેસતે ચોમાસે એટલે જેઠ વદિમાં સહેજસાજ વરસાદ પડયો હતો. આ વરસાદથી અમારા ડાંગરીઆ ગામોમાં સામાન્ય રીતે બીજા ખરીદ પાક લેવાનો ઓછો રિવાજ હોવાને લીધે સહેજસાજ બાજરી, જુવાર, વગેરેનું વાવેતર કરેલું; પણ તે વાવેતરમાંનું પાછળથી લગભગ ૧। માસ વરસાદની તાણને લીધે કેટલુંક બળી ગયું ને અવશેખ રહેલું તે પાછળની એકદમ અતિ વૃષ્ટિને લીધે પડી કોહોવાઇ ગયું; એટલે પ્રથમ વરસાદનું વાવેતર નિષ્ફળ ગયું.

શ્રાવણ માસના પહેલા પંદર દિવસમાં વરસાદ પુષ્કળ વરસ્યો; જેથી લોકોને દરૂ ક્યાં કરવું ને કયે વખતે કરવું તેની સૂઝ પડી નહિ. કેટલાકોએ ટેકરીઆ જમીનમાં કર્યું. આ થોડા દરૂવડે વરસાદ રહ્યે થોડો ઘણો ભાગ રોપાયો. ડાંગરના દરૂને રોપ્યાથી તે ઠેઠ પાકતા સુધી પાણીની જરૂર છે; પણ આતો દરૂ રોપાવીને વરસાદ ગયો તે ગયોજ; જેથી આજે તમામ અગાશી કયારીમાંના ડાંગરના છોડ બળી જાય છે. કેટલીક કુવેતર જમીન છે પણ તેમાંના કેટલાકને બળદ

વગેરેનાં સાધન નથી, એટલે તે પણ જમીનની ડાંગર બળી જાય છે. ફક્ત સહેજ સાજ ભાગ ચાલતા હલ્લાવાળા ખેડુતો પાય છે. આથી કરીને ઓણુસાલ ડાંગરનો પાક ફક્ત ચાર આની થશે. એજ અરજ તા. ૫-૧૦-૦૭.

તલાટી અંબાશંકર પ્રભાશંકર દ્વિવેદી સહી.
ગીરમથા.

ધાડનો બંદોબસ્ત કરવા માટેની પોલીસ પટેલની અરજી.

મહેરબાન ચિફ્કૉન્સટેબલ સાહેબ.
તા. બોરસદ.

સાહેબની જીનાબમાં મોજે સુણાવ તાલુકે બોરસદના ગામના પોલીસ પટેલ ભાઇલાલ હાથીભાઇની નમ્રતાપૂર્વક સલામ દિગર અરજ એ છે જે ચાલુ સાલમાં વરસાદની તાણ હોવાથી અનાજ પાક્યું નથી. સદરહુ ગામ વહેપારી લાઇનનું હોવાથી લોકોની સ્થિતિ એકંદર ઠીક રહેલી છે, પરંતુ આજુ બાજુનાં ગામોમાં હલકા લોકોની વસ્તી પુષ્કળ હોવાથી તેમજ અનાજની તંગીના ભૂખ મરાના દુઃખથી કંટાળીને મજકુર ગામ ઉપર ગઇ એટલે તા. ૨-૧૦-૦૭ ની રાત્રિના બાર વાગ્યાને સુમારે લગભગ ૫૦ માણસના ટોળાએ ગામ ઉપર એકદમ હલ્લો કરી ગામને આશરે રૂ. ૨૦૦૦ નું તેમજ બે ત્રણ માણસના જીવનું નુકસાન કરેલું છે, માટે આપ સાહેબ મહેરબાની કરી આ બાબતની તપાસ કરી ફરીથી ગામની તેવી સ્થિતિ ન થાય માટે સરકાર તરફથી લોકોના રક્ષણને માટે બંદોબસ્ત કરશો. જો આ બાબતનો એકદમ બંદોબસ્ત કરવામાં નહિ આવે તો ફરીથી પણ તે લોકોનો હલ્લો થવાનો સંભવ છે, માટે જલદીથી બંદોબસ્ત કરી લોકોની હરકત દૂર કરવા મહેરબાની કરશો; જેથી લોકો નેક સરકારને દુવા દેશે. એજ અરજ. તા. ૩-૧૦-૦૭

ભાઇલાલ હાથીભાઇ. પોલીસ પટેલ.
સુણાવ.

ગામમાં પોસ્ટ ઑફિસ ખોલવા માટેની અરજી.

મહેરબાન પોસ્ટ માસ્તર જનરલ સાહેબ

મુંબઇ.

સાહેબની જીનાબમાં મોજે કઠલાલ તા. કપડવણુજ જીલ્લે ખેડાના વસનાર ગામ લોકોની નમ્રતાપૂર્વક અરજ છે જે અમારા ગામમાં પોસ્ટઑફિસ નહિ હોવાને લીધે નીચે પ્રમાણેની હરકતો નડે છેઃ—

(૧) સદરહુ ગામ લગભગ ૪૦૦૦ માણસની વસ્તીવાળું છે; તેથી દરરોજ લગભગ પચાસ સાઠ કાગળની આવક જાવક છે. તેમાં વિશેષે કરીને વેપારીવર્ગના કાગળોની વિશેષ આવક જાવક છે. વેપારી લોકોના કાગળો મોડા પહોંચવાને લીધે તેમને કેટલીક વખત નુકસાનમાં ઉતરવું પડે છે. કેટલીક વખતે બીજાં કારણોથી સામાન્ય લોકોને પણ અડચણ પડે છે.

(૨) મનીઑર્ડરની પણ વેપારને લીધે ઘણી આવક જાવક છે; વિલેજપોસ્ટમૅનથી સરકારી ઠરાવ મુજબ ભારે રકમોના મનીઑર્ડરો વહેંચી શકાતા નથી; તેથી પોસ્ટઑફિસવાળા પાસેના ગામમાં મનીઑર્ડરનાં નાણાં લેવા તથા રવાના કરાવવાને જવું પડે છે; તેમજ બૅંકનાં નાણાંને માટે પણ છે.

ઉપરનાં કારણોથી વાકિફ થઇ અને સદરહુ ગામલોકની નમ્રઅરજ ધ્યાનમાં લઇ આ ગામે નવી પોસ્ટઑફિસ ખોલાવશો એવી આશા છે.

એજ અરજ તા. ....

મુઃ....................

ગામના આગેવાનોની સહી.
શાહ. ફૂલચંદ લક્ષ્મીચંદ.
રાવલ. અનોપરામ હરગોવિંદ
શાહ. માણેકલાલ હીરાચંદ.
શાહ છગનલાલ હરગોવિંદ.
પા. પુરૂષોત્તમ ભુલાભાઇ.